# વિણેલા

# મોતી

## (પન્દે તારીખ)

## ભાગ 2

**ફારસી અનુવાદ : મૂસા ખૂસરવી**

**ઉર્દુ અનુવાદ : મોહમ્મદ હસન જઅફરી**

**ગુજરાતી અનુવાદ : અલ્હાજ ‘નિશાત નૂરાની**

# અનુક્રમણિકા


પ્રકરણ-૧ : વિષય :- વચન પાલન.......................... 29

(૦૧) સફવાન બિન યહ્યાનું વચન પાલન............ 29

(૦૨) સ્ત્રીનો કરાર ભંગ........................................ 32

(૦૩) જયાં કામવાસના રાજ કરે .......................... 38

(૦૪) એક રણનિવાસીની વફાદારી........................ 43

(૦૫) હાદી ઇમામો મન્નતોનું પાલન ચાહે છે......... 55

(૦૬) વચન પાલન બહાદુરીની નિશાની છે. .......... 60

**(૦૭) કરાર લખી લેવા જોઈએ. ............................ 74**

**(૦૮) અસ્મા બિન્તે ઉમૈસનો જ. ખદીજતુલ કુબરાથી વાયદો ........................................................ 77**

**(૦૯) વચન ભંગ જાએઝ નથી. ............................ 86**

**(૧૦) શાસકો આ બનાવથી બોધ ગ્રહણ કરે.......... 91**

**(૧૧) ખુદાથી કરેલો વાયદો.................................. 94**

**(૧૨) વચન પાલન અને નેઅમતોની અમરતા...... 99**

**(૧૩) સઅલબા બિન હાતિબનું વચન તોડવુ........ 102**

**(૧૪) નબીના ખાનદાનનું વચન પાલન.............. 107**

**(૧૫) વાયદાના સાચા ઇસ્માઈલ......................... 112**

**(૧૬) કેટલિક રિવાયતો...................................... 115**

**પ્રકરણ-૨ : વિષય :- પાડોશીઓ અને દીની ભાઈઓની હક્કો........................................................................ 120**

**(૧) સમરા બિન જુન્દબનું પડોશીઓ સાથે વર્તન. 120**

**(૨) સમરા બિન જુન્દબને ઓળખો...................... 123**

**(3) પડોશીના હક.............................................. 127**

**(૪) પાડોશીની સીમાઓ**........................................ 129

**(૫) આ કથાથી બોધ ગ્રહણ કરો**.......................... 131

**(૬) ચંગેઝ ખાનનો કાનૂન**.................................... 138

**(૭) પાડોશીઓના આર્થિક હક્કોનો ખ્યાલ રાખો**.... 143

**(૮) પાડોશીઓના ત્રાસથી કેવી રીતે બચાવ્યો**..... 150

**(૯) ઈમાની બંધુના હક્કો**.................................... 153

**(૧૦) મોઅમિનને ખૂશ કરવાની જઝા**................. 158

**(૧૧) દિલ જીતી લ્યો કારણ કે એ હજ્જે અકબર છે.**

.................................................................... 161

**(૧૨) મોઅમિનના હકનું મહત્વ** ............................ 168

**(૧૩) ઈમાનદાર માટે દુઆ** .................................. 175

**(૧૪) ખુદાની ખાતર કોઈને દોસ્ત બનાવવો શ્રેષ્ઠ અમલ છે** ...................................................... 178

**(૧૫) મોઅમિનને રાજી કરવો શ્રેષ્ઠ અમલ છે** ...... 183

**(૧૬) જયારે સુંદર સાથ ઇસ્લામનું કારણ છે** ........ 187

**(૧૭) ઇમામની નજરમાં સુંદર રહેવાનું મહત્વ** ..... 190

**(૧૮) એક વૃધ્ધ સાથે હ. ઇમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામનો વર્તાવ** .................................. 192

**(૧૯) પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનો સુંદર સાથ**........................193

**(૨૦) પ્રવાસનો વહેવાર શિખો**..............................195

**(૨૧) કેટલિક રિવાયતો**........................................198

***-*-*પ્રકરણ-3 : વિષય :- મહેમાનોની ખિદમત**......205

**પ્રકરણ-3 : વિષય :- મહેમાનોની ખિદમત**............206

**(૦૧) રણના રહેવાસીની મહેમાન નવાઝી**...........206

**(૦૨) વસ્ત્રોને મહેમાનોનો ખિદમતનું ધોરણ ન બનાવો**........................................................210

(03) મહેમાન કેટલો લાગણીશીલ હોય છે.......... 219

(૦૪) હ. ઇમામ હસન અલય્હિસ્સલામની મહેમાન નવાઝી ........................................................ 220

(૦૫) ઇન્સાન કેટલા દિવસ મહેમાન રહી શકે છે. 222

(૦૬) મહેમાનની ખિદમત કરવી દરેક શખ્સ પર વાજિબ છે. ...................................................... 232

(૦૭) આવી હાલતમાં પણ મહેમાનને ખાણુ ખવરાવ્યુ ........................................................................ 235

(૦૮) મહેમાનીનો તરીકો.................................... 239

(૦૯) મહેમાન નવાઝીનો ખર્ચો ઝમાનાના ઇમામે આપ્યો ........................................................ 243

(૧૦) રણના રહેવાસી કેવી રીતે મહેમાની કરે છે . 246

(૧૧) સલમાન ફારસીની મહેમાન નવાઝી........... 254

(૧૨) શ્રેષ્ઠ કોણ મહેમાન કે મેજબાન ................... 263

(૧૩) મહેમાન નવાઝીથી ભાગો નહીં................... 266

(૧૪) કેટલિક રિવાયતો......................................... 275

*-*-*પ્રકરણ-૪ : વિષય :- ક્ષમા - દરગુઝર ........... 279

**પ્રકરણ-૪ : વિષય :- ક્ષમા - દરગુઝર ................. 280**

**(૦૧) બની હાશિમ અને બની ઉમય્યાનો ફરક ..... 280**

**(૦૨) પયગમ્બરે ઇસ્લામની એક દુશ્મનથી દરગુઝર ............................................................... 284**

**(૦૩) મક્કાના વિજય ટાણે આપની આમ માફી.... 289**

**(૦૪) હ. અલી અલય્હિસ્સલામની ક્ષમા વૃતિ ....... 297**

**(૦૫) હ. અલી અલય્હિસ્સલામના ચારિત્ર ની એક બીજી ઝાંખી................................................... 301**

**(૦૬) હ. ઇમામ હુસૈન અલય્હિસ્સલામનું હુરના લશ્કરને પાણી પીવરાવવુ....................................304**

**(૦૭) શાહી માફીનું કારણ....................................313**

**(૦૮) અમીર ઇસ્માઈલ સામાનીનું માફ કરવું.......316**

**(૦૯) હ. યૂસુફ અલય્હિસ્સલામનો પોતાના ભાઈઓ સાથે વર્તાવ......................................................320**

**(૧૦) ખુદાને માફ કરવાનું બહાનુ જોઈએ............329**

**(૧૧) દુનિયાનો અઝાબ દૂર કરવાનું કારણ.........334**

**(૧૨) દોઝખમાં કોણ બળશે ?............................336**

(૧૩) અમલોનું ત્રાજવુ અને અલ્લાહની રહેમત ... 339

(૧૪) શું તમને માફીની જરૂરત નથી ?................ 342

(૧૫) લોકોને દરગુઝર કરો.................................. 349

(૧૬) કેટલિક રિવાયતો........................................ 354

*-*-*પ્રકરણ-૫ :  વિષય :- લાલચની નિંદા............. 359

પ્રકરણ-૫ :  વિષય :- લાલચની નિંદા................... 360

(૦૧) બહેલુલ દાના અને લાલચુ ચોર................. 360

(૦૨) અલ્લાહ હજાર રસ્તેથી રોઝી પહોંચાડે છે.... 367

**(૦૩) લાલચથી રોઝીમાં વધારો થતો નથી** ......... 371

**(૦૪) લાલચ મુર્ખ બનાવી દે છે** ........................... 374

**(૦૫) ઇબ્રાહીમ અધમની તૌબા** ............................ 379

**(૦૬) આ બે જણમાં બહેતર કોણ ?** ..................... 384

**(૦૭) ગરીબોના કાસિદને જવાબ** ........................ 388

**(૦૮) હ. ઈસા અલય્હિસ્સલામ અને લાલચુ પુરૂષ** 393

**(૦૯) સંતોષ શું છે ?** .............................................. 403

**(૧૦) માલ ભેગો કરવાની લાલચ** ....................... 405

**(૧૧) રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ આપણા માટે કેવી ઝિંદગી પસંદ કરતા હતા ?** ........ 410

**(૧૨) જયારે નફો ન સ્વિકાર્યો** ........ 418

**(૧૩) ખરો બાદશાહ** ........ 422

**(૧૪) જાબિર બિન અબ્દુલ્લાહે અન્સારી અને મુઆવિયા** ........ 428

**(૧૫) અબૂઝરની ગૌરવવંતી ગરીબાઈ** ........ 432

**(૧૬) ધન આવે છે, ધન જાય છે.** ........ 435

**(૧૭) કેટલિક રિવાયતો** ........................................ 439

***-*-*પ્રકરણ-૬ : વિષય :- ઇર્ષાની વિનાશકારીઓ** .... 443

**પ્રકરણ-૬ : વિષય :- ઇર્ષાની વિનાશકારીઓ** .......... 444

**(૧) ઇર્ષાળુનો અંત** ................................................ 444

**(૦૨) ઇમામ અલી નકી અલય્હિસ્સલામ પર ઇર્ષા** 452

**(૦૩) ઇર્ષાએ હ. આદમ અલય્હિસ્સલામને જન્નતમાંથી તડીપાર ક્ર્યા** ................................................ 460

**(૦૪) હ. ઈસા અલય્હિસ્સલામ અને હાસિદ ઇર્ષાખોર** ........................................................................ 466

(૦૫) ઇર્ષામાં કેટલુ બળ સમાએલુ છે. .................. 470

(૦૬) દુનિયાનો પહેલો કત્લ ઇર્ષાના કારણે થયો. 477

(૦૭) હ. ઇમામ મોહમ્મદ તકી અલય્હિસ્સલામને ઇર્ષાના કારણે શહીદ ર્ક્યા. .................................... 484

(૦૮) સ્ત્રીઓની ઇર્ષા ............................................ 495

(૦૯) હ. અલી અલય્હિસ્સલામનો ચુકાદો ............ 502

(૧૦) અસાવચેત ખુશામદી ................................. 516

(૧૧) ઇબ્લિસ ફિરઔનના દરવાજે ...................... 526

**(૧૨) કેટલિક રિવાયતો........................................ 528**

***-*-*પ્રકરણ-૭ : વિષય :- ધૈર્ય અને સહનશીલતા.. 532**

**પ્રકરણ-૭ : વિષય :- ધૈર્ય અને સહનશીલતા......... 533**

**(૦૧) ધૈર્ય અને સહનશીલતા સફળતાની ચાવી છે**
**.................................................................... 533**

**(૦૨) ઇચ્છાઓ પૂરી થવા માટે ધૈર્ય અને**
**સહનશીલતાની જરૂરત છે.................................... 542**

**(૦3) નોશેરવાન અને કઠિયારો........................... 545**

**(૦૪) કષ્ટ પર ધીરજ અને સહનશીલતા ............ 552**

**(૦૫) ગરીબાઈ પર ધૈર્ય શહાદતથી પણ ઉત્તમ છે.**
........................................................................ 556

**(૦૬) ઊતાવળ અને હરામ રોઝી**........................ 558

**(૦૭) સંકટ સહન કરવાનો બદલો**....................... 561

**(૦૮) યુવાન પુત્રના મૌત પર સબ્ર**..................... 566

**(૦૯) હ. હમ્ઝા અલય્હિસ્સલામની શહાદત અને પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની સબ્ર**........................................................ 571

**(૧૦) દરેક કષ્ટ મોઅમિન માટે સબ્રનું કારણ છે.**.. 579

**(૧૧) બીમારી ખુદાઈ ભેટ છે.**.............................. 582

**(૧૨) ઇમામ સાદિક અલય્હિસ્સલામનો પત્ર**......... 584

**(૧૩) રણમાં રહેવાવાળી સ્ત્રીની ધીરજ**................. 592

**(૧૪) બે ધીરજવાન સ્ત્રીઓની સરખામણી**............ 597

**(૧૫) કેટલિક રિવાયતો**...................................... 605

**પ્રકરણ-૮ : વિષય :- સારા સંસ્કારના ફાયદા અને ખરાબ સંસ્કારની નુક્સાની**...................................... 611

**(૦૧) પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના અખ્લાકનો એક નમૂનો**.................... 611

**(૦૨) શું પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના અખ્લાકની ગણત્રી શક્ય છે ?** .......... 614

**(૦3) આપના અખ્લાક ધૃષ્ટતાનું કારણ બન્યા.** ... 619

**(૦૪) આપને ઊંચા અખ્લાક કેટલા પસંદ હતા ?** 624

**(૦૫) ખરાબ સ્વભાવ કબ્રમાં ફિશારનું કારણ છે...** 638

**(૦૬) માલિક ખરાબ સ્વભાવનો હોય તો ગુલામ પણ ખરાબ સ્વભાવનો થઇ જાય છે** ............................ 643

**(૦૭) હ. અલી અલય્હિસ્સલામએ મઝાક ઊડાવનાર સાથે શું વર્તણુંક કરી ?** ........................................ 645

(૦૮) કારવાન ધણીનું ભાતું................................ 648

(૦૯) ઇસ્લામના પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે પોતાના અમલથી તબ્લીગ કરી ........................................................................ 653

(૧૦) ઇસ્લામના પુત્રોથી દર્દભરી અપીલ............ 657

(૧૧) કેટલિક રિવાયતો...................................... 662

*-*-*પ્રકરણ-૯ : વિષય :- સ્વછંદતાનું પરિણામ..... 667

પ્રકરણ-૯ : વિષય :- સ્વછંદતાનું પરિણામ........... 668

(૦૧) જયારે સ્વછંદતા શરમીંદગીમાં ફરી ગઈ .... 668

(૦૨) ઇચ્છાઓ સાક્ષાત થઈ ગઈ ......................... 671

(૦૩) સ્વેચ્છાચારે ઝુલેખાને કેટલી હડધૂત કરી .... 675

(૦૪) કામવાસના કેટલી બળવાન છે ................... 684

(૦૫) ઇચ્છા બળવાન છે કે કેળવણી ? ................ 688

(૦૬) કામાન્ધતાનું પરિણામ ................................ 693

(૦૭) બની ઉમય્યાની ઇસ્લામથી દુશ્મનીની એક ઝલક ........................................................ 697

(૦૮) એ જેને મરવા સમયે પણ કલમો નસીબ ન થયો........................................................ 705

(૦૯) બડે મિયાં સુબ્હાનલ્લાહ ............................ 710

(૧૦) ઇમામે હસને મુજતબા અલય્હિસ્સલામનો કિરદાર ........................................................ 720

(૧૧) વાસના પૂજા કે બુત પૂજા .......................... 726

(૧૨) વિષય વાસનાનું સૌથી ખરાબ પરિણામ ..... 730

(૧૩) કેટલિક રિવાયતો ....................................... 740

*-*-*પ્રકરણ-૧૦ : વિષય :- આત્મ નિગ્રહ (આત્મ સંયમ) ........................................................ 745

**પ્રકરણ-૧૦ : વિષય :- આત્મ નિગ્રહ (આત્મ સંયમ)** ........................................................................ 746

**(૦૧) મનના વિરોધીનું ફળ**.................................... 746

**(૦૨) મનની વિરૂધ્ધતાના કારણે કાફરને ઇસ્લામની દૌલત મળી** ........................................................... 751

**(૦3) એક આબિદનો આત્મ નિગ્રહ (આત્મ સંયમ)**756

**(૦૪) ખરા આલિમોનું વર્તન** ................................. 762

**(૦૫) એક ખુદાઈ આલિમનો કિરદાર**................... 765

**(૦૬) મનેચ્છા પર વિજય પામનાર ગુલામ**......... 768

**(૦૭) પ્રેમ અને બુધ્ધિના યુધ્ધમાં વિજેતા કોણ બન્યો ?**......................................................... 774

**(૦૮) નફસે અમ્મારાની હાર**................................ 782

**(૦૯) જેને ગરમ લોઢુ નથી બાળતું**...................... 786

**(૧૦) સુર્વણ રજની-ઘરથી રણસંગ્રામ સૂધી**......... 792

**(૧૧) કેટલિક રિવાયતો**........................................ 798

# અઊઝો બિલ્લાહે મેનશ્શયતાનિર રજીમ

# બિસ્મિલ્લા હિરરહમા નિરરહીમ

# પન્દે તારીખ (વિણેલા મોતી) ભાગ ૨

# પ્રકરણ-૧ : વિષય :- વચન પાલન

## (૦૧) સફવાન બિન યહ્યાનું વચન પાલન

શેખ તૂસી કહે છે કે સફવાન બિન યહ્યા પોતાના યુગના ભરોસાપાત્ર વ્યક્તિ હતા , તેઓ રોજ એક્સો પચાસ રકઅત નમાઝ પડતા , વરસમાં ત્રણ મહિના રોઝા રાખતા હતા અને ત્રણ વખત ઝકાત કાઢતા હતા.

આનું કારણ એ હતુ કે તેમણે અબ્દુલ્લાહ બિન જુન્દબ અને અલી બિન નોઅમાન સાથે ખુદાના ઘર

(કાબા) માં કરાર કર્યો હતો કે આપણામાં પહેલા મરનારની નમાઝ, રોઝા અને ઝકાત પાછળ જીવતો રહી જનાર શખ્સ અદા કરતો રહે.

પણ થયું એમ કે, અબ્દુલ્લાહ અને અલી પહેલા ગુજરી ગયા. સફવાન પોતાના વાયદા પ્રમાણે જયાં સૂધી જીવતા રહ્યા પોતાના બન્ને દોસ્તોની નમાઝ, રોઝા અને ઝકાત આપતા રહ્યા.

હી.સ. ૨૧૦ માં તેઓ પણ અલ્લાહના દરબારમાં પહોંચી ગયા. ત્યારે હ. ઇમામ મોહમ્મદ તકી અલય્હિસ્સલામએ તેમના માટે કપૂર અને કફન રવાના કર્યું, અને હ. ઇમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામના પુત્ર

ઇસ્માઈલને હુકમ આપ્યો કે તેઓ તેમની નમાઝે જનાઝા પડે.

તેમની પરહેઝગારીની હદ એ હતી કે તેમના એક મક્કી પાડોશીએ તેમને બે દીનાર અમાનત તરીકે આપ્યા કે આ રકમ તમે કૂફામાં ફલાણા શખ્સને પહોંચાડી દયો, તો તેમણે કહ્યું : મેં ઊંટ ભાડે લીધો છે અને ઊંટના માલિકથી મેં આની રજા નથી લીધી. ત્યાર પછી તેઓ ઊંટના માલિક પાસે ગયા અને તેનાથી રજા લેવા પછી તેમણે બે દીનાર અમાનત તરીકે લીધા.

## (૦૨) સ્ત્રીનો કરાર ભંગ

હઝરત ઈસા અલય્હિસ્સલામનું એક કબ્રસ્તાનથી પસાર થવાનું થયું. તેમણે જોયુ કે એક બુઢો એક કબર ઉપર તંબૂ બાંધીને બેઠો છે.

હ. ઇસા અલય્હિસ્સલામએ તે બુઢાથી તેનું કારણ પૂછ્યું, તો તેણે કહ્યું : આ મારી પત્નિની કબર છે. અમે એક બીજાથી વાયદો ક્ર્યો હતો કે અમારામાંથી જે કોઈ પહેલા મરશે તો બીજો પોતાનું પુરૂ જીવન એની કબર પાસે બેસીને વીતાવશે. એટલે મારી પત્નિ મરણ પામતા હું તેનાથી કરેલો વાયદો પાળી રહ્યો છું.

વીણેલા મોતી – ૨, પેજ નં. 32

હ. ઈસા અલય્હિસ્સલામએ ફરમાવ્યું : જો તુ ઇચ્છે તો હું તેને જીવતી કરી દઉં ?

બુઢાએ કહ્યું : જો આપ એમ કરી દયો તો આપની મોટી મહેરબાની.

હઝરત ઈસા અલય્હિસ્સલામએ દુઆ માંગી. તરત જ કબર ફાટી અને સ્ત્રી સજીવન થઈ અને કબરથી બહાર આવી ગઈ.

વૃધ્ધ ઘણો રાજી થયો અને પોતાની પત્નિને લઈને પોતાના ઘર તરફ રવાના થયો. તેનું ઘર કબ્રસ્તાનથી ઘણુ દૂર હતું. માર્ગમાં એક રણ આવતુ હતું. તે પોતાની પત્નિને લઈને રણમાંથી પસાર થઈ રહ્યો

હતો કે તેને એકદમ ઉંઘ આવવા લાવી , એટલે તે પત્નિના ખોળામાં માથુ રાખી સુઈ ગયો.

એ જ સમયે એક રાજકુમારનું ત્યાંથી નિકળવુ થયું, તેણે વૃધ્ધને યુવાન અને રૂપવાન સ્ત્રીના ખોળામાં આરામ કરતો જોયો તો તેની દાનત ખોરા ખોપરા જેવી થઈ ગઈ. તેણે ઓરતને કહ્યું : તુ યુવાન અને સ્વરૂપવાન છો આ વૃધ્ધ સાથે જીવન વીતાવી રહી છે ?

સ્ત્રીએ કહ્યું : હું લાચાર છું, આ મને ચોરીને લઈ આવ્યો છે.

રાજકુમારે કહ્યું : તો પછી તુ તેનું માથુ હળવેથી જમીન ઉપર રાખી દે અને મારી સાથે ચાલ.

સ્ત્રીએ વૃધ્ધનું માથુ હળવેથી જમીન પર રાખી દીધુ અને પોતે રાજકુમાર સાથે ચાલી નિકળી.

જયારે વૃધ્ધ ઉંઘમાંથી જાગૃત થયો તો પત્નિનું ક્યાંય ઠેકાણુ નહોતુ. તે પગોના નિશાનોથી માર્ગદર્શન મેળવતો અંતે તે પત્નિના ઠેકાણા પર પહોંચી ગયો. પછી શહેરના કાજી પાસે ગયો અને તેની સામે પત્નિની ફરિયાદ કરી.

કાજીએ તે સ્ત્રીને બોલાવી અને નસીહત કરી કે જો વૃધ્ધ સાચો હોય તો તેની સાથે જતા રહેવુ જોઈએ. પણ સ્ત્રીએ તેને પોતાનો પતિ હોવાનો ઇન્કાર કરી દીધો.

વૃધ્ધે કાજીને કહ્યું : આ મરીને કબરમાં ચાલી ગઈ હતી અને જનાબે ઈસા અલય્હિસ્સલામની દુઆથી તેને નવુ જીવન મળ્યુ છે. આપ જનાબે ઈસા અલય્હિસ્સલામને બોલાવો, તે જરૂર સમર્થન કરશે. જનાબે ઈસા અલય્હિસ્સલામ આવ્યા અને ઓરતને ભલામણ કરી કે વૃધ્ધ સાથે ચાલી જા. પણ સ્ત્રીએ બનાવ સાચો હોવાનો ઇન્કાર ર્ક્યો.

હઝરત ઈસા અલય્હિસ્સલામએ કહ્યું : તમે પતિ પત્નિ આપસમાં મુબાહેલા કરો, જે જુઠો હશે તે તરત જ મરી જશે. પત્નિએ વૃધ્ધની બદદુઆ કરી પણ તેની

**બદદુઆની કોઈ અસર ન થઈ. પછી વૃધ્ધે પોતાની પત્નિની બદદુઆ કરી તો તે તરત જ મરી ગઈ.**

# (03) જયાં કામવાસના રાજ કરે

ફુરાત નદીના કિનારા પર અસાતરૂન નામનો એક રાજા રાજ કરતો હતો. તેનું રાજ્ય એટલુ મજબુત હતુ કે શાપૂર ઝુલ અક્તાફ તેની આમન્યા કરતો હતો. પરંતુ જયારે રૂમીઓથી શાપૂરની સુલ્હ થઈ ગઈ , તો તેણે પોતાની દૃષ્ટ વૃતિના કારણે અસાતરૂનના શહેરને તાબે કરવાનો ઇરાદો ક્યોં. શાપૂરે અસાતરૂનના નાના ગામો જીતી લીધા અને અંતે તેના પાટનગરનો ઘેરો ઘાલ્યો.

અસાતરૂન કિલ્લામાં બંધ થઈ ગયો , જયાં કેટલાય વર્ષો સૂધી ચાલે એટલુ અનાજ અને સુકો ચારો વગેરે મૌજૂદ હતા.

શાપૂરે બધા દાવ અજમાવી લીધા પણ તે કોઈ રીતે કિલ્લામાં દાખલ ન થઈ શક્યો.

એક દિવસ અસાતરૂનની પુત્રી ગઢની દિવાલ પર ઊભી દુશ્મનના લશ્કરનો નજારો કરી રહી હતી કે તેની નજર શાપૂર પર પડી. તે તેનું પુરૂષાત સોંદર્ય જોઈ અંજાઈ ગઈ. અને તેને સંદેશ મોકલયો કે જો તુ મારાથી શાદી કરવાનો વાયદો કરે તો હું તારા માટે ગઢના દરવાજા ખોલાવી દઈશ.

શાપૂરે વાયદો ર્ક્યો કે શહેર તાબે થવા પછી તરત જ હું તારાથી શાદી કરી લઈશ.

કુંવરીએ એક રાત કિલ્લાના રખેવાળોને દરવાજો ખોલી નાખવાનો હુકમ આપ્યો. જેવો દરવાજો ઉઘડયો કે શાપૂરની ફોજ તીડની જેમ ગઢમાં દાખલ થઈ અને થોડા જ કલાકોમાં કિલ્લા પર કબ્જો કરી લીધો. યુધ્ધમાં અસાતરૂન માર્યો ગયો.

શાપૂરે અસાતરૂનની પુત્રીથી શાદી કરી લીધી. થોડા દિવસ થયા હશે કે શાપૂરે પોતાની પત્નિની પીઠ પર એક નિશાન જોયુ. તો તેણે પત્નિને એ નિશાન વિશે પૂછ્યું, તો તેની પત્નિએ કહ્યું : વાત મૂળ એ છે કે હું જે

બિસ્તર પર રાત્રે સુતી હતી તેના પર વૃક્ષનું એક પાંદડુ પડયુ હતું. એ પાંદડાનું નિશાન મારી પીઠ પર પડી ગયુ.

આ સાંભળી શાપૂરને અચરજ થઈ અને કહ્યું : તારી તો ઘણી કોમળ અને નાજુક ચામડી છે. તેની પત્નિએ કહ્યું : જી હા , મારા બાપે મને ઘણા લાલન પાલનથી ઉછેરી હતી અને તે સદા મને ખાવામાં દુમ્બાનું મગજ અને અંડાની જરદી અને મદ ખવરાવ્યા કરતો હતો, એટલે મારી ચામડી આટલી કોમળ અને નરમ છે.

આ સાંભળી શાપૂરે પોતાની ગરદન નમાવી લીધી અને ઘણી વાર સૂધી માથુ નમાવી વિચારતો રહ્યો. પછી તેણે માથુ ઊંચુ કરી કહ્યું : જયારે તે તારા આવા મહેરબાન બાપથી વફાદારી ન કરી તો મારાથી તુ કેવી રીતે વફા કરશે ?

પછી તેણે હુકમ આપ્યો કે તેના વાળોને ઘોડાની પૂંછડી સાથે બાંધી કાંટાળા સ્થળે એટલી વાર દોડાવો જયાં સૂધી તે મરી ન જાય.

# (૦૪) એક રણનિવાસીની વફાદારી

નોઅમાન બિન મન્ઝરનો સંબંધ હીરાના મલેકોથી હતો અને જે કાળમાં ઈરાન પર સાસનિયાઓનું રાજ હતુ એ જ કાળમાં અબર દ્વીપ કલ્પ પર હીરાના મલેકો રાજ કરતા હતા. નોઅમાન બિન મન્ઝર આ વંશનો પ્રખ્યાત રાજ કર્તા હતો.

એક વખત તે પોતાના થોડા સાથીઓને લઈ શિકાર કરવા નિકળ્યો , જંગલમાં તેને એક ગોરખોદિયો દેખાણો, તેણે પોતાનો ઘોડો તેની પાછળ દોડાવી દીધો. અને ઘોડાને એટલો દૂર લઈ ગયો કે બધા સાથીઓ

ઘણા પાછળ રહી ગયા. હવે તે જંગલમાં એકલો અટૂલો રહી ગયો, સાંજ પડવા વાળી હતી, તેણે વિચાર્યું કે હવે જયારે રાત પડવા વાળી છે , હું રાત ક્યાં વીતાવીશ ? એક શિખર પર ચડી તેણે આમ તેમ જોયુ તો તેને જંગલમાં દૂર એક તંબુ નઝર આવ્યો એટલે તેણે ઘોડાને એ તરફ હંકારી મૂક્યો.

ત્યાં પહોંચ્યો તો એક ઝિર્ણ ઝૂંપડી લાગેલી હતી. અને ઝૂંપડીમાં એક પુરૂષ અને સ્ત્રી બેઠા હતા.

નોઅમાને કહ્યું : શું રાતવાસો રોકાવા મને અહીં જગ્યા મળી શકે છે ?

પુરૂષ ઝૂંપડીમાંથી બહાર નિકળ્યો અને કહ્યું : મહેમાન પર અમારી હજારો જાન કુરબાન , આપ ઘોડા પરથી નીચે આવી જાઓ.

નોઅમાન ઘોડા પરથી નીચે ઊતર્યો અને એ પુરૂષનું નામ પૂછ્યું , તો તેણે બતાવ્યુ કે મારૂ નામ હન્ઝલા છે અને મારો સંબંધ તાઈના વંશથી છે.

હન્ઝલાએ નોઅમાનના ઘોડાને એક ખીલા સાથે બાંધી દીધો અને તેની સામે ચારો નાખ્યો.

એ રણવાસી પાસે માત્ર એક ભેડ હતી અને એ જ ભેડ તેની પૂરી સમૃધ્ધિ હતી. તેનું દુધ પીને તેઓ ગુજારો કરતા હતા.

હન્ઝલાએ પત્નિને કહ્યું : મને આ શખ્સ માનવંત ઇન્સાન દેખાય છે , અને અનાયાસે આજ આપણો મહેમાન થયો છે. તેના માટે આપણે શું પકાવીએ ?

પત્નિએ કહ્યું : મારી પાસે થોડો લોટ પડયો છે , એટલે આપ ભેડને દોહી દૂધ કાઢી લ્યો અને પછી તેને ઝબ્હ કરી નાખો.

હન્ઝલાએ ભેડ ઝબ્હ કરી અને તેનું દૂધ અને ગોશ્ત રોટલી સાથે નોઅમાનને પીરસ્યુ. નોઅમાને પૂરી રાત ત્યાં વિતાવી, સવાર પડી તો તેણે યજમાનને કહ્યું કે હું અરબ સુલતાન નોઅમાન બિન મન્ઝર છું. આપ

લોકોએ મારી શ્રેષ્ઠ મહેમાન નવાઝી કરી છે , હું તમને મારે ત્યાં આવવાની દાવત આપુ છું.

આ બનાવને ઘણા દિવસો વીતી ગયા. હન્ઝલાની નિર્ધનતા અને ભૂખમરાએ તેને બાદશાહ પાસે જવા મજબૂર કરી દીધો.

નોઅમાનની પ્રણાલિકા હતી કે તે વરસનો એક દિવસ શોકનો દિવસ પાળતો હતો. કેમકે એ દિવસ તેના દોસ્તોની મૌતનો દિવસ હતો. એ દિવસે તે એ કબ્રસ્તાન આવતો હતો જયાં તેના બન્ને દોસ્તો દફન હતા. એ દિવસે બહારથી કોઈ પણ આવતુ તો નોઅમાન તેને કત્લ કરાવી નાખતો હતો.

અનાયાસે એવુ થયું કે કિસ્મત હન્ઝલાને એ જ દિવસે નોઅમાન પાસે લઈ ગઈ જે તેના માટે ગમનો દિવસ હતો.

તેણે જેવો હન્ઝલાને જોયો તો ઘણો મુંઝાયો , કેમકે તે પોતાના મોહસિન (ઉપકારી) ને કત્લ કરવું પસંદ પણ નહોતો કરતો. તેણે હન્ઝલાને કહ્યું : હું ભુલતો ન હોઉં તો તુ મારો યજમાન હન્ઝલા છે. હન્ઝલાએ જવાબ આપ્યો : આપે ઠીક ઓળખ્યો , હું એ જ હન્ઝલા છું.

બાદશાહે કહ્યું : આજે મારા માટે શોકનો દિવસ છે. કદાચ તુ આ દિવસે અહીં ન આવ્યો હોત. કેમકે

મારો સિધ્ધાંત છે કે આ દિવસે જે પણ બહારથી અહીં આવે છે તો હું તેને કત્લ કરાવી નાખુ છું. ગમે તેમ તારી જે કાંઈ ઇચ્છા હોય તો મારાથી માગી લે , પછી હું તને કત્લ કરાવી નાખીશ.

હન્ઝલાએ કહ્યું : દોલત જીવનથી શ્રેષ્ઠ વળતર નથી. જો તારે મને કોઈ પણ રીતે કત્લ જ કરવો છે તો પછી મને મોહલત દે જેથી હું એક વખત મારા ઘરે જાઉં અને કૌમ કબીલાના લોકોથી વિદાય કરી લઉં.

બાદશાહે કહ્યું : એ શરતે તને રજા આપીશ કે કોઈ તારી જમાનત આપે. હન્ઝલાએ એક એક દરબારી પર નજર નાખી , પણ કોઈ પણ જામીન બનવા પર

તૈયાર ન થયો , અંતે એક દરબારીએ તેના જામીન બનવાનું કબૂલ કરી દીધુ. આ દરબારીનું નામ કરાદ બિન અજદઅ હતુ અને તેનો સંબંધ બની કલ્બથી હતો.

કરાદ બિન અજદએ બાદશાહને કહ્યું : આપ તેને જવા દયો , જો આવતા વરસે આ જ સ્થળે સૂરજ ડુબવા સૂધીમાં તે ન આવ્યો તો આપ મને તેની જગ્યાએ કત્લ કરી નાખશો.

બાદશાહે જમાનત કબૂલ કરી અને હન્ઝલાને પાંચસો ઊંટ આપ્યા, અને તે ઊંટ લઈને ચાલ્યો ગયો.

વરસ વીતી ગયુ , ફરી રાજાનો શોકદિન આવી ગયો. બાદશાહે હુકમ આપ્યો કે જામીનને હાથકડી

પહેરાવી દેવામાં આવે અને તેની ચોકીદારી કરવામાં આવે.

બાદશાહ કબ્રસ્તાન ગયો, અને જેવો જેવો સૂરજ ઢળવા લાગ્યો, લોકોની વ્યાકુળતામાં વધારો થતો ગયો. સૂરજ ડુબવાની નજીક આવ્યો , જલ્લાદ તલવાર લઈને કરાદ બિન અજદઅના માથે પહોંચી ગયો. અને બાદશાહે જલ્લાદને કહ્યું : કે હવે તું આનું માથુ વધેરી નાખ.

પણ થોડા વઝીરોએ બાદશાહને વિનંતી કરે કે આપ જલ્દી ન કરો , હજી સૂરજ પૂરી રીતે ડુબ્યો નથી ,

જેવી સૂરજની છેલ્લી કિરણ આથમી જાય તો આપ આપના ચુકાદા પર અમલ કરાવજો..

એટલામાં લોકોએ જોયુ કે એક શખ્સ દૂરથી દોડતો દોડતો આવી રહ્યો છે. અને જોર જોરથી રાડ પાડી રહ્યો છે કે જલ્દી ન કરો હું આવી ગયો છું.

તે શખ્સ નજીક આવ્યો તો તે હન્ઝલા હતો. બાદશાહને તેના આવવાથી દુ:ખ થયું. કેમકે બાદશાહ માનસિક રીતે ઇચ્છતો હતો કે જામીન કત્લ થઈ જાય અને હન્ઝલા કોઈ પણ રીતે બચી જાય. હકીક્તમાં તે પોતાના હન્ઝલાને મારવા ઇચ્છતો નહોતો. જેવો હન્ઝલા આવ્યો તો બાદશાહે કહ્યું : તુ મૌતના લોખંડી

પંજામાંથી નિકળી ચુક્યો હતો , પછી તને વચન પાળવાની શું જરૂરત હતી ? જેનું પરિણામ હર પ્રકારે મૌત છે.

હન્ઝલાએ કહ્યું : મારો ધર્મ મને વચન પાલનનો હુકમ આપે છે.

બાદશાહે કહ્યું : તમારો ધર્મ ક્યો છે ?

હન્ઝલાએ કહ્યું : હું હ.ઇસા અલય્હિસ્સલામનો અનુયાયી છું.

બાદશાહે કહ્યું : એ ધર્મના જરૂરી કાનૂનો મને બતાવો. જયારે હન્ઝલા ઈસાઈ ધર્મના જરૂરી હુકમો સંભળાવ્યા તો બાદશાહે કહ્યું : અમે આજ દિવસ સૂધી

અંધારામાં હતા. અમને પણ પોતાની સાથે ઈસાઈ ધર્મમાં દાખલ કરો.. અને આમ એક શખ્સના વચન પાલનથી બાદશાહ પોતાના સંબંધીઓ સાથે ઈમાન લઈ આવ્યો, અને શોકદિનની પરંપરા સદાને માટે ખત્મ કરી દીધી.

## (૦૫) હાદી ઇમામો મન્નતોનું પાલન ચાહે છે.

કીતાબ તઝકરએ દવલત શાહીમાં જનાબ હસન કાશીના વિશે લખાએલુ કે તેઓ અનેક ભાષા પર પ્રભુત્વ ધરાવનાર શાઈર હતા. અને તેમની વિશિષ્ટતા એ હતી કે એહલેબૈત અલય્હેમુસ્સલામની મદહ સિવાય અન્ય વિષયો પર પ્રયાસ ક્યોં નહોતો.

ઈરાનથી હજ અને ઝિયારત કરવા રવાના થયા. મક્કા અને મદીનાની ઝિયારતો કરી નજફે અશરફ આવ્યા અને અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામના પવિત્ર રોઝા સામે ઊભા રહી તેમને

એક ક્સીદો (સ્તુતિ કાવ્ય) પડયો જેની પુર્વ કડી આ હતી.

અય દીનદારોના રહેબર અને માર્ગદર્શક આપના કારણે સૃષ્ટિનું સર્જન થયું અને આપ એ પવિત્ર હસ્તી છો કે રૂહુલ અમીન (જિબ્રઈલ) આપના બાહુબળની પ્રસંશા કરે છે.

ક્સીદો પૂરો થયો. રાતના સૂતા , સ્વપ્નમાં મૌલાએ કાએનાત હ. અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામના દીદાર થયા. આપે ફરમાવ્યું : કાશી દુરથી આવ્યા છો. અને અમારા પર તમારા બે હક બને છે. તમારો પહેલો હક એ છે કે તમે અમારા મહેમાન

છો, અને બીજો હક એ છે કે તમે અમારી સમક્ષ શેર પડયા.

તમે બસરા ચાલ્યા જાઓ , ત્યાં એક પ્રખ્યાત વેપારી રહે છે. જેનું નામ મસઊદ બિન અફલહ છે. તમે એને મળો અને તેને અમારા સલામ આપો , અને તેને કહો કે હ. અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ ફરમાવે છે કે જયારે તમે વેપાર માટે માલ અમાન લઈ જવાની તૈયારી કરી હતી તો તમે મન્નત માની હતી કે જો તમારૂ વહાણ સહી સલામત ઇચ્છિત સ્થળે લાંગરી ગયુ તો તમે એક હજાર દીનાર અમારા માર્ગમાં ખર્ચ કરશો.

કાશી એ વેપારીથી એક હજાર દીનાર લઈ પોતાની જરૂરતો પૂરી કરજો.

હસન કાશી કહે છે કે હું બસરા ગયો અને એ વેપારીથી મળ્યો. અને તેને હ.અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામનો પયગામ સંભળાવ્યો. તો તે ખૂશીનો માર્યો બેહોશ થતા રહી ગયો. અને કહેવા લાગ્યો : ખુદાની કસમ કોઈ પણ જણ મારી આ મન્નતને નથી જાણતુ. તેણે મને એક હજાર દીનાર આપ્યા અને શ્રેષ્ઠ કપડા મને ભેટ ધર્યા. અને બસરાના ગરીબો અને મિસ્કીનોને ખાવાનું ખવરાવ્યુ. (રવઝાતુલ જન્નાત , પે. ૧૭૧)

હાદી ઇમામો અલય્હેમુસ્સલામના દોસ્તોથી અમારી વિનંતી છે કે તેઓ જયારે પણ કોઈ મન્નત માને તો તેને પૂરી કરે , કેમકે માસૂમીન અલય્હેમુસ્સલામ એ મન્નત અને નઝર પૂરી કરવાની ભલામણ કરી છે.

## (૦૬) વચન પાલન બહાદુરીની નિશાની છે.

અબ્બાસ નામી એક શખ્સ મામૂન રશીદ અબ્બાસીના રાજ્યકાળમાં પોલીસનો વડો હતો. તે કહે છે કે હું એક દિવસ મામૂન પાસે બેઠો હતો કે એક શખ્સ હાથકડીઓ અને તોક પહેરેલ તેના દરબારમાં પેશ થયો.

મામૂને મને કહ્યું : અબ્બાસ  આ શખ્સ મોટો ગુનેહગાર છે. હું તેને તારી સુપુર્દગીમાં આપુ છું અને તેના પર નજર રાખજે , ક્યાંક તે ભાગી ન જાય. મેં નીચેના નોકરોને કહ્યું કે તમે તેને મારા ઘરે લઈ જાઓ

અને ત્યાં એક ઓરડામાં પૂરી તાળુ મારી દયો , હું તેની તપાસ કરતો રહીશ.

નોકરોએ કૈદીને મારા ઘરે પહોંચાડી દીધો. થોડીવાર પછી હું મારા ઘરે ગયો. મેં કૈદીને મારી સામે બોલાવ્યો.

સૌ પ્રથમ મેં તેનાથી તેના શહેરનું નામ પૂછ્યું તો તેણે કહ્યું કે મારો સંબંધ દમિશ્ક શહેરથી છે.

મેં દમિશ્ક શહેરનું નામ સાંભળ્યુ તો તેને પૂછ્યું કે શું તુ ફલાણા માણસને જાણે છે ? તેણે મારો સવાલ સાંભળી ઉલ્ટો મારા પર સવાલ કરી દીધો કે આપ તેને કેવી રીતે જાણો છો ? મેં કહ્યું કે તે મારા કપરા

સંજોગોનો સાથી છે. પરંતુ હવે તુ તારૂ નામ , ઠેકાણુ અને એ ગુનોહ બતાવ.

તેણે કહ્યું : આપ ધીરજ ધરો , હું તમને તમારા બધા સવાલોનો જવાબ આપી દઈશ. પરંતુ પ્રથમ આપ મને આપની શામની વીતક સંભળાવો.

અબ્બાસે પોતાની શામની વીતક કહેવી શરૂ કરી.

હું ઘણા વરસો પહેલા શામના ગર્વનરનો સાથી હતો. લોકોએ તેની વિરૂધ્ધ બળવો કરી દીધો. અને બળવો એટલો સફળ થયો કે શામના ગર્વનરને મહેલ છોડવો પડયો અને ભાગવુ પડયુ. ગર્વનરને ભાગવા

સાથે અમે પણ મહેલ છોડી ભાગવાનો રસ્તો પકડયો. લોકો અમારી પાછળ પડયા હતા અને અમને ખાતરી હતી કે જો અમે પકડાઈ ગયા તો ઉશકેરાએલુ ટોળુ અમારો બોટી બોટી કરી નાખશે.

ભાગવા દરમિયાન મેં એક શખ્સને તેના દરવાજા પર ઊભલો જોયો. તો તેને વિનંતી કરી કે તે મને આશરો આપે. અને ઉશકેરાએલા ટોળાથી મને બચાવી લે અને તે એ કે હું તેનો આ ઉપકાર જીંદગીભર યાદ રાખીશ.

એ શખ્સે મને ઘરમાં લઈ લીધો , મને એક ઓરડામાં લઈ ગયો અને પોતાની પત્નિને હુકમ ર્ક્યો કે

તે પણ મારી સાથે આ ઓરડામાં આવી જાય. પોતાની પતિનો હુકમ માની તેની પત્નિ પણ એ જ રૂમમાં આવી ગઈ જયાં હું મૌજૂદ હતો.

થોડી વાર પછી ઉશકેરાએલુ ટોળુ આ ઘરમાં દાખલ થયું અને ઘરધણીને કહ્યું કે અમારો ગુનેહગાર તમારા ઘરમાં દાખલ થઈ ગયો છે. તેને અમારે હવાલે કરી દયો.

મારા યજમાને કહ્યું : મારૂ પુરૂ ઘર તમારી સામે છે, તમો મારા ઘરની તલાશી લઈ લ્યો. મારા ઘરમાં કોઈ ગુનેહગાર દાખલ થયો નથી.

ટોળુ વિફરેલા તોફાનની જેમ ઘરમાં દાખલ થઈ ગયુ, તેઓએ બધા કમરાઓ ખોલીને જોવાનું શરૂ ર્ક્યું. અને જયારે તેઓ એ ઓરડાના બારણે પહોંચ્યા , જેમાં હું હતો તો તેની પત્નિએ ચીખીને કહ્યું : તમને શરમ નથી આવતી ? તમે મારા ઓરડામાં દાખલ થવા માંગો છો ?

ઓરતની અવાજ સાંભળી ટોળુ પાછુ ચાલ્યુ ગયુ, અને આમ મારી જાન બચી ગઈ.

હું થોડા દિવસ એ માણસના ઘરમાં રહ્યો તેણે મારી ઘણી મહેમાન નવાઝી કરી , એક દિવસ મેં કહ્યું : હું વેશ બદલીને બહાર જવા માંગુ છું , જેથી કોઈ

જાણીતા શખ્સને શોધી શકુ. તેણે કહ્યું : એ શરતે તમને બહાર જવા દઈશ કે તમે ફરી મારા ઘરે પાછા આવશો.

હું બહાર ગયો , અને કોઈ જાણીતા શખ્સની શોધખોળ કરતો રહ્યો પણ મને કોઈ વાકિફગાર શખ્સ ન મળ્યો. હું ફરી મારા મોહસિનના ઘરે પાછો આવ્યો અને તેને કહ્યું કે હું બગદાદ જવા માંગુ છું. તેણે કહ્યું બગદાદનો કાફલો ત્રણ દિવસ પછી અહીંથી રવાના થશે. એટલે જેવો કાફલો ઉપડશે હું તમને કાફલા સૂધી પહોંચાડી દઈશ.

રવાનગીની રાત્રે હું રાત ભર વિચારતો રહ્યો કે સવારી અને વાટખર્ચી વગર બગદાદની લાંબી સફર કેવી રીતે કરી શકીશ.

સવાર થઈ તો મારા યજમાને મને કાફલો ઉપડવાની ખબર આપી , એ જ અરસામાં તેની પત્નિ આવી. તેણે મને એક જોડી કપડાની અને એક નવા જોડા આપ્યા. અને એક તલવાર પણ મને સોંપી , પછી એક પેટી લઈને આવી જેમાં પાંચ હજાર દિરહમ હતા. ત્યાર પછી એક ગધેડો અને એક ઘોડો પણ લઈ આવી. અને તેની સાથે એક ગુલામ પણ હતો. મારા યજમાને કહ્યું : મારો ગુલામ આપની સાથે બગદાદ સૂધી જાશે.

પાછા વળતી વેળા તે ઘોડો અને ગધેડો લેતો આવશે. હવે આપ નિરાંતે જાઓ , જો અમારા તરફથી મહેમાની કરવામાં કચાશ રહી ગઈ હોય તો તે માટે અમને માફ કરી દયો.

મેં મારા ઉપકારીનો આભાર માન્યો અને કહ્યું કે જો અલ્લાહે સારા દિવસો દેખાડયા તો હું તેના અહેસાનનો બદલો જરૂર ચુક્વીશ.

પછી હું બગદાદ આવી ગયો. અને અહીં ખલીફાની પોલિસમાં નોકરી કરી લીધી અને પોતાની મહેનત અને બુધ્ધિ વડે આજ હું પોલિસનો વડો છું. મને આજ પણ મારા મોહસિનને જોવાની તીવ્ર ઇચ્છા છે.

મારો કૈદી મારી પૂરી કહાની ધ્યાનથી સાંભળતો રહ્યો અને જયારે મારી વાત પૂરી થઈ તો તેણે કહ્યું : અલ્લાહે કોઈપણ મહેનત અને શ્રમ વગર તમને તમારો મોહસિન મેળવી દીધો છે. મેં કહ્યું : એ કેવી રીતે ?

તો તેણે કહ્યું : હું જ દમિશ્કમાં તમારો મેઝબાન હતો અને તમે મારે ત્યાં જ રોકાયા હતા.પછી તેણે મને કેટલાક એંધાણ યાદ દેવરાવ્યા જેનાથી મને તેની સચ્ચાઈ પર વિશ્ર્વાસ આવી ગયો.

મેં તેને પૂછ્યું કે હવે તમારા પર કઈ આપત્તિ આવી પડી કે જેના કારણે તમે આ હાલતે પહોંચ્યા છો ?

તો તેણે બતાવ્યુ કે જેવો તમારા જમાનામાં એક બળવો થયો હતો એવી જ રીતે થોડા દિવસ પહેલા દમિશ્કમાં બળવો થયો. ખલીફાની ફોજે બગાવતને નાકામ અને બાગી આગેનાનોને કૈદ કરી લીધા. કોઈ ઇર્ષાખોરે તેઓને મારા વિશે બતાવ્યુ કે હું પણ બંડખોરોમાં શામેલ છું , જયારે કે ખુદા જાણે છે કે આ બગાવતથી મારો દૂરનો પણ વાસ્તો નથી. બસ ત્યાર પછી કૈદ કરી મને બગદાદ રવાના કરી દીધો. અને આજે હું તમારી કૈદમાં છું.

મેં લુહારને બોલાવ્યો અને તેની હાથકડીઓ કપાવરાવી. પછી મેં તેને પાંચ જોડી કપડા અને દસ

હજાર દિરહમ અને ઘોડો આપી કહ્યું કે હું તને એક પળ પણ વધારે કૈદ નથી રાખી શક્તો. રાતના અંધકારનો લાભ ઉપાડો અને અહીંથી નાસી છુટો.

કૈદીએ કહ્યું : આ વીરતાના સિધ્ધાંતોની વિરૂધ્ધ છે. હું ભાગી ગયો તો ખલીફા મારા બદલે તને કત્લ કરાવી નાખશે.

મેં કહ્યું : ગમે તે થાય તમે અહીંથી ચાલ્યા જાઓ.

તેણે કહ્યું : આપ એટલા જ મહેરબાન છો તો મને કોઈ બીજી જગ્યાએ ફેરવી નાખો. સવારે જયારે તમે ખલીફા પાસે જાઓ તો તેને મારી અને તમારી

કથા સંભળાવજો અને તેને વિશ્ર્વાસ અપાવજો કે મારો બગાવતમાં કોઈ હાથ નહોતો. જો તેને   વિશ્વાસ બેસી જાય તો ઘણુ સારૂ. પછી હું ક્યાંય બહાર ચાલ્યો જઈશ. અને જો તે મને પોતાની સામે બોલાવવાનો આગ્રહ કરે, તો મને એ જગ્યાએથી દરબારમાં બોલાવી લેજો.

સવાર પડી ,  હું ખલીફાના દરબારમાં હાજર થયો, ખલીફાએ મને કૈદી વિશે પૃચ્છા કરી , તો મેં તેને પૂરી દાસ્તાન સંભળાવી. ખલીફા આ સાંભળી ઘણો પ્રભાવિત થયો અને કહ્યું : ખુદાની કસમ  એ શખ્સ ભડવીર છે. હું તેને મળવા માંગુ છું.

મેં તેને દરબારમાં બોલાવ્યો , તો તે આવી ગયો, ખલીફાએ તેને માન આપ્યુ અને પોતાની પાસે બેસાર્યો અને તેને દમિશ્કના કારભારી બનવાની ઓફર કરી. તેણે કારભારી બનવાથી ઇન્કાર ર્ક્યો. ખલીફાએ કહ્યું : તો પછી તમે અમને શામની પરિસ્થિતિથી સાવચેત કરતા રહો. તેણે ખલીફાની આ વાત માની લીધી. મામૂને તેને દસ ઘોડા , દસ ગુલામ અને દસ હજાર દીનાર ઈનામ તરીકે આપ્યા , અને શામના ગર્વનરને લખ્યુ કે ભાવિમાં તેની પાસેથી મહેસુલ ન લેવામાં આવે.

## (૦૭) કરાર લખી લેવા જોઈએ.

હ. ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામનું ફરમાન છે કે અલ્લાહ તઆલાએ હઝરત આદમ અલય્હિસ્સલામને આધ્યાત્મિક જગતમાં તેમની અવલાદમાં થનારા નબીઓ બતાવ્યા. જયારે હ. આદમ અલય્હિસ્સલામએ જનાબ દાવૂદની વય જોઈ તો તેમને ઘણો અફસોસ થયો , અને અરજ કરી : પરવરદિગાર મને મારો આ પુત્ર ઘણો વહાલો છે , પણ તેની વય ઘણી ઓછી છે અને હું તેને મારી ઉમરના ત્રીસ વરસ

આપુ છું. મારા આયુષ્યના ત્રીસ વરસ કાપી તેના આયુષ્યમાં આ દિવસોનો વધારો કરી દે.

ખુદાવંદે આલમે હ. આદમ અલય્હિસ્સલામની દુઆ કબૂલ ફરમાવી, અને તેમના જીવનના ત્રીસ વરસ દાવૂદ અલય્હિસ્સલામના જીવનમાં લખી લીધા. (અને યમહુલ્લાહો મય્યશાઓ વ યુસ્બેતો વ ઇન્દહુ ઉમ્મુલ કેતાબ'' ના ભાવાર્થ પણ આ જ છે.)

દિવસ વીતતા ગયા , ત્યાં સૂધી કે આદમ અલય્હિસ્સલામની મૃત્યુનો સમય આવી ગયો , મલેકુલ મૌત તેમની પાસે પહોંચ્યા તો આદમ અલય્હિસ્સલામએ ફરમાવ્યું : હજી તો મારી ઝિંદગીના

ત્રીસ વરસ બાકી છે. ઇઝરાઈલે કહ્યું : આપે એ ત્રીસ વરસ પોતાના પુત્ર દાવૂદ અલય્હિસ્સલામને આપી દીધા છે, અને તે સમયે આપ દખનાની ખીણમાં હતા.

આદમ અલય્હિસ્સલામએ ફરમાવ્યું : મને તો એવી કોઈ વાત યાદ નથી.

ઇમામ બાકિર અલય્હિસ્સલામએ ફરમાવ્યું : ખુદાની કસમ, આદમ જુઠા ન હતા. તેમને હકીકતમાં પોતાનો વાયદો ભુલાઈ ગયો હતો. ત્યાર પછી અલ્લાહ તઆલાએ હુકમ કર્યો કે જયારે પણ કરાર કરવામાં આવે તો તેને લખી લેવામાં આવે , જેથી કોઈ પક્ષ વાયદાને ભૂલી ન શકે.

વીણેલા મોતી – ૨, પેજ નં. 76

# (૦૮) અસ્મા બિન્તે ઉમૈસનો જ. ખદીજતુલ કુબરાથી વાયદો

હઝરત ઉમ્મુલ મોઅમેનીન ખદીજતુલ કુબરા સલામુલ્લાહે અલય્હા બીમાર પડયા , અને તેમની બીમારી જોર પકડી ગઈ તો હ. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ તેમના માથા પાસે આવીને બેઠા.

ખદીજતુલ કુબરા સલામુલ્લાહે અલય્હાએ અરજ કરી : યા રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ મારી કંઈક વસીય્યતો છે. આપ તેને

સાંભળો, મારી પહેલી વસીય્યત એ છે કે જો આપની સેવામાં કંઈ કચાશ રહી ગઈ હોય તો કનીઝને માફ કરી દયો.

રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : તમે કોઈ કચાશ રાખી નથી , તમે સંપૂર્ણ રીતે મારી સેવા કરી છે. પોતાનું ધન ખુદાના માર્ગમાં ખર્ચ કર્યું અને મારા ઘરમાં તમે થીગડા મારેલા કપડા પહેર્યા, જયારે કે તમે અરબની શાહઝાદી હતા.

બીબી ખદીજા સલામુલ્લાહે અલય્હાએ કહ્યું : મારી બીજી વસીય્યત એ છે કે મારા પુત્રી જ. ફાતેમા

ઝહેરા સલામુલ્લાહે અલય્હા નાના છે , મારા પછી યતીમ થઈ જશે. તેને કોઈ દુ:ખ ન આપે.

મારી એક ત્રીજી વસીયત છે , પરંતુ હું આપની સામે કહેતા શરમાઉં છુ , તે વસીયત મારી બેટી જ. ફાતેમા સલામુલ્લાહે અલય્હાને સંભળાવુ છુ અને એ જ આપને સંભળાવશે. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ઓરડામાંથી બહાર ચાલ્યા ગયા અને પોતાના પુત્રીને ખદીજા સલામુલ્લાહે અલય્હા પાસે મોકલ્યા.

જનાબે ખદીજા સલામુલ્લાહે અલય્હાએ પોતાની પુત્રી જનાબે ફાતેમા સલામુલ્લાહે અલય્હાને કહ્યું : બેટા

તમારા પિતાજીને કહો કે મારી મા કહે છે કે હું કબરથી ઘણી ડરૂ છું. આપ વહીના સમયે જે વસ્ત્રો પહેરો છો તે મને કફન તરીકે એ જ ચાદર પહેરાવી દેજો.

હઝરત ફાતેમા સલામુલ્લાહે અલય્હાએ માની વસીય્યત માનવંત પિતાશ્રીને સંભળાવી , રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ એ પોતાની રિદા ઊતારી જ.ફાતેમા સલામુલ્લાહે અલય્હાને આપી , અને કહ્યું : આ આપની માની પાસે લઈ જાઓ. હઝરત ખદીજા સલામુલ્લાહે અલય્હા રિદા જોઈને ઘણા ખૂશ થયા.

જયારે તેમની વફાત થઈ તો પયગમ્બરે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ તેમને ગુસ્લ આપ્યુ, કફન પહેરાવવાનો ઇરાદો ર્ક્યો તો જિબ્રઈલ નાઝિલ થયા અને કહ્યું : અલ્લાહ તઆલા આપને સલામ કહે છે અને ફરમાવે છે કે ખદીજાએ પોતાનો માલ અમારા માર્ગમાં ખર્ચ ર્ક્યો આજ તેના માટે અમે પોતે કફન મોકલીએ છીએ. આમ કહી જિબ્રઈલે અમીને જન્નતનું કફન હુઝુર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના હાથમાં મૂક્યુ. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ પ્રથમ પોતાની રિદાનું કફન પહેરાવ્યુ, પછી બેહિશ્તી કફન પહેરાવ્યુ.

વીણેલા મોતી – ૨, પેજ નં. 81

જે દિવસોમાં જ. ખદીજા સલામુલ્લાહે અલય્હા બીમાર હતા અસ્મા બિન્તે ઉમૈસ તેના ખબર અંતર પૂછવા આવ્યા તો જોયુ કે ખદીજા સલામુલ્લાહે અલય્હા રડી રહ્યા છે.

અસ્મા બિન્તે ઉમૈસે કહ્યું : આપ શા માટે રડો છો, આપની ગણના વિશ્ર્વની શ્રેષ્ઠ નારીઓમાં થાય છે. આપે આપની બધી દૌલત ખુદાના માર્ગમાં ખરચ કરી છે. આપ અંતિમ નબીના પત્નિ છો અને રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વઆલેહી વસલ્લમ આપને જન્નતની વધાઈ આપી ચૂક્યા છે.

હઝરત ખદીજા સલામુલ્લાહે અલય્હાએ ફરમાવ્યું : અસ્મા  હું એટલા માટે નથી રડતી. હું માત્ર એટલા માટે રડુ છુ કે હું દુનિયાથી જઈ રહી છું. મારા પુત્રી યતીમ થઈ રહ્યા છે અને શાદીની રાત્રે દરેક છોકરીને કોઈ વડીલ સ્ત્રીની જરૂરત હોય છે. મારા જવાના કારણે મારા પુત્રી પાસે કોઈ પાકટ વયની સ્ત્રી નહીં રહે.

અસ્મા બિન્તે ઉમૈસે કહ્યું : હું વાયદો કરૂ છુ કે જો ખુદાએ મને તે દિવસ સૂધી જીવતી રાખી તો હું આપના બદલે ફાતેમા સલામુલ્લાહે અલય્હાની મા બનીશ.

અસ્મા કહે છે કે જયારે હઝરત સય્યદા સલામુલ્લાહે અલય્હાની શાદી થઈ તો ઓરડામાં ઘણી સ્ત્રીઓ મૌજૂદ હતી. રસૂલે કરીમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ હુકમ આપ્યો કે બધી સ્ત્રીઓ અહીંથી ચાલી જાય. આ સાંભળી બધી ઔરતો ચાલી ગઈ, પણ હું બેઠી રહી.

થોડી વાર પછી હ. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ તશરીફ લાવ્યા તો મને બેઠેલી જોઈને ફરમાવ્યું : તમે કોણ છો ?

મેં કહ્યું : હું અસ્મા છું.

આપે ફરમાવ્યું : તો શું તમે મારો હુકમ નથી સાંભળ્યો કે બધી ઔરતો મારી પુત્રીના કમરામાંથી ચાલી જાય.

મેં અરજ કરી : મેં આપની આજ્ઞા સાંભળી ,
પરંતુ મેં ખદીજા સલામુલ્લાહે અલય્હાને વાયદો ક્યોં હતો કે હું સય્યદા સલામુલ્લાહે અલય્હાની શાદીની રાત્રે તેની પાસે પસાર કરીશ. અને તેની જરૂરતો પૂરી કરીશ. અને આ રાત ખદીજા સલામુલ્લાહે અલય્હા બની જ. ફાતેમા સલામુલ્લાહે અલય્હાની પાસે રહીશ. આ સાંભળી આપ રોયા અને અલ્લાહના દરબારમાં હાથ ઊંચા ક્યાં અને મારા માટે દુઆ ફરમાવી.

વીણેલા મોતી – ૨, પેજ નં. 85

## (૦૯) વચન ભંગ જાએઝ નથી.

ઈરાનના છેલ્લા શહેનશાહ યઝદે ગર્દના શાસનકાળમાં અહવાઝનો ગવર્નર હુરમઝાન હતો.

જયારે મુસલમાનોએ અહવાઝને જીતી લીધુ તો હુરમઝાનને કૈદ કરી હઝરત ઉમર પાસે મદીના રવાના કરી દીધો.

ખલીફાએ હુરમઝાનને કહ્યું : જો જીવતા રહેવા માગતા હો તો મુસલમાન થઈ જાઓ, નહિતર હું તમને કત્લ કરાવી નાખીશ.

હુરમઝાને કહ્યું : વારૂ , કત્લ કરવા પહેલા મને પાણી પીવરાવો, હું ઘણો તરસ્યો છું.

હઝરત ઉમરે કહ્યું : તેને પાણી પીવરાવો ,

લાકડાના પ્યાલામાં તેને પાણી આપવામાં આવ્યું.

હુરમઝાને કહ્યું : હું આ પ્યાલાથી પાણી નહીં પીઉં, હું તો સદા જવાહેરાત ટાંકેલા પ્યાલામાં પાણી પીવાને ટેવાએલો છું.

હઝરત અલી અલય્હિસ્સલામએ ફરમાવ્યું : કોઈ હરજ નહીં , તેને જવાહેરત જડેલા પ્યાલામાં પાણી પીવરાવવામાં આવે. એટલે જવાહેર જડેલા પ્યાલામાં

પાણી લાવી હુરમઝાનના હાથમાં રાખવામાં આવ્યો હુરમઝાને તેને હોઠે ન લગાડયો.

હઝરત ઉમરે કહ્યું : જલ્દીથી પાણી પી લે. કેમકે હું તને વાયદો આપી ચુક્યો છુ કે પાણી પીવરાવ્યા પહેલા હું તને કત્લ નહીં કરીશ.

આ સાંભળી હુરમઝાને પ્યાલો જમીન પર ફેંકી દીધો અને પ્યાલો તડાક કરીને તુટી ગયો , અને બધુ પાણી વહી ગયુ.

હઝરત ઉમરે તેની લુચ્ચાઈ જોઈ અચરજ પામ્યા અને હઝરત અલી અલય્હિસ્સલામથી કહેવા

લાગ્યા : આપ બતાવો આની સાથે શું વર્તાવ કરવામાં આવે ?

હઝરત અલી અલય્હિસ્સલામએ ફરમાવ્યું : તમે વાયદો કરી ચુક્યા છો કે પાણી પીવરાવવા પહેલા તેને કત્લ નહીં કરો. પોતાના વાયદા પર કાયમ રહો, તમને એને કત્લ કરવાનો કોઈ હક નથી. અલબત્તા તેના પર જઝયો (વેરો) નાખી દયો.

હુરમઝાને કહ્યું : હું જઝયો દેવા રાજી નથી. અલબત્તા હવે હું નિર્ભયે અને સંતોષથી મુસલમાન બનુ છું. એટલે તેણે કલમએ શહાદત પડી અને મુસલમાન થઈ ગયો.

વીણેલા મોતી – ૨, પેજ નં. 89

**હઝરત ઉમરે મદીનામાં તેને એક ઘર આપ્યુ અને વાર્ષિક દસ હજાર દિરહમ તેનું સલયાણુ બાંધી આપ્યુ.**

## (૧૦) શાસકો આ બનાવથી બોધ ગ્રહણ કરે.

નેશાપૂર અને તેની આજુ બાજુ મોહમ્મદ તાહિર હુકૂમત હતી. યઅકૂબ લયસથી તેની દુશ્મની હતી. એક પ્રસંગે યઅકૂબ લયસ એક ભારે લશ્કર લઈને નેશાપૂર તરફ રવાના થયો.

નેશાપૂરના તક્સાધૂ વઝીરો અને અમીરોએ યઅકૂબ લયસને પત્ર લખી પોતાની વફાદારીનું યકીન દેવડાવ્યુ. પરંતુ મોહમ્મદ તાહિરના રાજ્યમંત્રી ઇબ્રાહીમ હાજીબે તેને કોઈ પત્ર ન લખ્યો.

અંતે મોહમ્મદ તાહિર પરાજિત થયો અને યઅકૂબ લયસ વિજય ડંકા સાથે નેશાપૂરમાં દાખલ થયો. તેણે મોહમ્મદ તાહિરના દરબારના બધા અમીરોને બોલાવ્યા. તેમાં ઇબ્રાહીમ હાજીબ પણ હતો. વિજયી રાજાએ ઇબ્રાહીમ હાજીબને કહ્યું કે બધા વઝીરો અને અમીરોએ પત્ર લખી મારો ઉત્સાહ વધાર્યો અને મને પોતાની વફાદારીઓનો વિશ્ર્વાસ અપાવ્યો. પણ મને તારા પર અફસોસ છે કે તેં મને કોઈ પત્ર ન લખ્યો અને છેલ્લી ઘડી સૂધી મોહમ્મદ તાહિરને વફાદાર રહ્યો.

ઇબ્રાહીમ હાજીબે જવાબ આપ્યો. બાદશાહ ! આ પહેલા મારી તમારી સાથે કોઈ ઓળખાણ નહોતી કે હું પત્ર લખી સંબંધમાં વધારો કરત. અને પોતાના આકાની નમક હરામી કરવાનું મને મારૂ દિલ રજા આપતુ નહોતુ. એટલા માટે હું મારા રાજાની અંતિમ ઘડી સૂધી તેની સાથે રહ્યો.

બાદશાહ યઅકૂબ લયસ આ જવાબ સાંભળી ઘણો ખૂશ થયો અને કહેવા લાગ્યો , ખરેખર તમે નમકનું ઋણ અદા કર્યું. પછી તેને વઝીરનો ઓહદો આપ્યો અને બધા નમક હરામ અમીરોને કડક સજાઓ કરી.

વીણેલા મોતી – ૨, પેજ નં. 93

# (૧૧) ખુદાથી કરેલો વાયદો

વાઈઝ કાશફી મરહૂમ અખ્લાકે મોહસિનીમાં લખે છે કે કોઈ બાદશાહને એક લડાઈ લડવી પડી અને બાદશાહે માનતા માની કે જો અલ્લાહ તઆલાએ તેને લડાઈમાં વિજય અપાવ્યો તો હુકૂમતના ખજાનામાં જેટલી દૌલત છે એ બધી અલ્લાહના નામ પર ગરીબો અને મિસ્કીનોમાં વહેંચી દઈશ.

અલ્લાહ તઆલાએ તેની મદદ કરી અને પોતાની લડતમાં વિજયી બની પાછો ફર્યો. તેણે ખજાનચીને બોલાવ્યો અને ખજાનાની આંકણી કરાવી ,

જયારે હિસાબ લગાવ્યો તો ખજાનો દોલતથી ભર્યો પડયો હતો.

બાદશાહે કહ્યું : આ બધી દોલત ગરીબો અને મિસ્કીનોમાં વહેંચી દેવામાં આવે. પણ વઝીરોએ બાદશાહના મતનો વિરોધ ર્ક્યો અને કહ્યું : બાદશાહે આમ કરવું ન જોઈએ. કેમકે તેનાથી આર્થિક સંકટ ઊભુ થશે. અને ફોજને પગાર આપવા માટે રકમ મૌજૂદ નહીં રહે. અને આમ પણ ખજાનો ફૌજે ભેગો કરેલો છે અને કુરઆનની આયત વલ આમેલીન અલયહા પ્રમાણે પણ ગરીબો અને મિસ્કીનોમાં તેઓ શામેલ છે. અને

ખજાનાથી તેઓનો પગાર ચુક્વવો પણ માનતામાં શામેલ છે.

બાદશાહ મુંઝાણો , એક દિવસ તે આ જ મુંઝવણમાં હતો અને બેઠો હતો કે એક પરેશાન અને વિખરાએલા વાળ વાળો ફકીર શખ્સ ત્યાંથી પસાર થયો. બાદશાહે તેને બોલાવી કહ્યું : તુ મારા આ પ્રશ્ન વિશે શું કહે છે ?

તે શખ્સે કહ્યું : જયારે બાદશાહે માનતા માની હતી અને એ સમયે તેની કલ્પનામાં ગરીબો અને મિસ્કીનો સાથે ફૌજ પણ હતી તો તેણે માનતામાં ફૌજને

પણ સમાવી લેવી જોઈએ. બાદશાહે કહ્યું : નહીં એ સમયે મારા દિલમાં ફૌજની કોઈ કલ્પના જ ન હતી.

ત્યારે એ શખ્સે કહ્યું : તો બાદશાહે પોતાની માનતા ગરીબો અને મિસ્કીનો પૂરતી જ રાખવી જોઈએ. તેમાં કોઈ પણ જાતનો ફેરફાર ન કરવો જોઈએ.

એક દરબારીએ કહ્યું : મુરખ  ફૌજી પણ ગરીબ અને મિસ્કીન હોય છે. તેને આ માનતામાં કેમ ભેળવવામાં ન આવે ?

એ શખ્સે દરબારી તરફથી મોં ફેરવીને બાદશાહને સંબોધતા કહ્યું : બાદશાહે જેની સામે મન્નત માની છે, જો ભવિષ્યમાં તેની જરૂરત હોય તો પોતાની

માનતા એવી રીતે પુરી કરે જેવી રીતે માની છે. અને જો તેને ભવિષ્યમાં ખુદાની જરૂરત નથી તો પછી માનતા પૂરી ન કરવી જોઈએ. ફકીરની આ વાતથી બાદશાહના દિલ ઉપર ઊંડી અસર થઈ અને તેણે એ જ વખતે પૂરો ખજાનો ગરીબો અને મિસ્કીનોમાં વ્હેંચી દીધો.

# (૧૨) વચન પાલન અને નેઅમતોની અમરતા

કોઈ શખ્સ પાસે એક પરહેઝગાર ગુલામ હતો. એક વખત એ શખ્સ ઘણો બીમાર પડયો અને ખુદા પાસે માનતા માની કે જો તે તંદુરસ્ત થઈ ગયો તો એ પોતાના ગુલામને આઝાદ કરી દેશે.

અલ્લાહ તઆલાએ તેને શફા આપી. અને તે હાલવા ચાલવા લાગ્યો પણ તેનું દિલ ગુલામને આઝાદ કરવામાં માન્યુ નહીં. એટલે એ માનતા પછી પણ ગુલામ નિયમ પ્રમાણે ગુલામ જ રહ્યો.

થોડા દિવસ પછી એ શખ્સ ફરી બીમાર પડયો. જયારે તેનામાં હાલવા ચાલવાની શક્તિ ન રહી તો તેણે ગુલામને કહ્યું કે તબીબને બોલાવી લાવ.

ગુલામ થોડી વાર પછી પાછો આવ્યો અને કહ્યું કે તબીબ કહે છે કે હું તેનો ઇલાજ નહીં કરૂ કેમકે તે પોતાના વચન પર કાયમ નથી રહેતો. આ શખ્સ વચન ભંગ કરે છે.

આ શબ્દો સાંભળી માલિકનું મૂળ વાત તરફ ધ્યાન ગયુ અને કહ્યું કે તબીબને કહો કે હું હવે વચન ભંગ નહીં કરૂ.

ગુલામે કહ્યું : વારૂ ! તો સાંભળો તબીબ કહે છે કે જો તેણે વચન પાળ્યુ તો અમે પણ તેને તંદુરસ્તીનું પીણુ પીવરાવશુ.

ઇન્સાનને જોઈએ કે તે જયારે પણ ખુદાથી વાયદો કરે તો તેને પૂરો કરે અને ખુદાથી કરેલા વાયદા પર હર સંજોગોમાં કાયમ રહે. સઅલબાની જેમ વચન ભંગી ન બને.

## (૧૩) સઅલબા બિન હાતિબનું વચન તોડવુ

સઅલબા બિન હાતિબ અન્સારી જે ઘણો મોટો આબિદ અને પરહેઝગાર હતો. એક દિવસ ભૂખથી તંગ આવી હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ પાસે આવ્યો અને અરજ કરી : આપ દુઆ કરો કે ખુદા મને માલ અને દૌલત આપે. આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : તુ એ રહેવા દે, પણ તેણે એક ન માની અને કહેવા લાગ્યો કે મેં ખુદાથી વાયદો કર્યો છે કે તેના બધા હકો અદા

કરીશ અને રિશ્તેદારોનું ધ્યાન રાખીશ અને કોઈ વાતની કચાશ નહીં રાખુ.

છેવટે આપે તેની ઇચ્છા પ્રમાણે દુઆ કરી, દુઆ કબૂલ થઈ. તેની દૌલત રાત દિવસ વધવા લાગી. તેણે જે દુબળી પાતળી બકરીઓ પાળી હતી તેમાં એટલી વૃધ્ધિ થવા લાગી કે મદીનામાં તેને રાખવાની જગા ન રહી એટલે જંગલમાં રહેવા લાગ્યો. અને તેની પાસે એટલી ફુરસદ ન રહી કે જમાઅતની નમાઝમાં હાજર થાય. પછી તે જુમ્મા નમાઝમાંથી પણ ભાગવા લાગ્યો અને અંતે ઈદની નમાઝમાં પણ હાજર ન થયો.

આપે બે માણસોને તેની પાસે ઝકાત ઉઘરાવવા મોકલ્યા અને એક પત્ર પણ લખ્યો. આ લોકો પહોંચ્યા, પત્ર આપ્યો અને ઝકાતની આયત પડી. તો તેણે કહ્યું : રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ મારી પાસે જઝીયો માંગે છે. તમે હમણા બીજે ઉઘરાણી કરો ત્યાં સૂધીમાં હું વિચાર કરી લઉં. આ લોકો ફરી પાછા તેની પાસે ગયા , તેણે પાછો એ જ જવાબ આપ્યો. અંતે એ લોકો રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની પાસે પાછા આવ્યા તેના સંબંધમાં આ આયત ઊતરી. અને તેઓમાંથી જેઓ ખુદા અને રસૂલથી કૌલ કરાર કરી ચુક્યા હતા કે જો તે

અમને પોતાની કૃપાથી મહેરબાનીથી અમને કંઈક માલ આપશે તો અમે જરૂર ખૈરાત (દાનધર્મ) કરશુ અને નેકુકાર બંદા બની જાશુ , પણ જયારે ખુદાએ તેમને પોતાની કૃપા માયાથી આપ્યુ તો તેમાં કંજુસાઈ કરવા લાગ્યા, અને મોં ફેરવી ક્તરાવા લાગ્યા. એટલે અલ્લાહે તેઓના દિલમાં ક્યામત સૂધીનો નિફ્રાક નાખી દીધો કેમકે તેમણે અલ્લાહથી વાયદો કરી વચન ભંગ ક્યોં અને એટલા માટે પણ કે તેઓ ખોટુ બોલ્યા.

આ આયતો સાંભળી રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું : સઅલબા પર અફસોસ થાય અને એક શખ્સને આપે આ આયતો

આપી મોકલ્યો કે જઈને સઅલબાને આ આયતો સંભળાવો. જયારે સઅલબાએ પોતાના વિશે આ આયતો સાંભળી તો રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ પાસે હાજર થઈ કહ્યું કે હવે હું ઝકાત આપવા તૈયાર છું. આપે તેની પાસેથી ઝકાત લેવાનો ઇન્કાર કરી દીધો અને પછી આ જ સઅલબા હઝર અબૂ બકર , હઝરત ઉમર અને હઝરત ઉસ્માન પાસે તેમના શાસનકાળ દરમિયાન ગયો કે તેની પાસેથી ઝકાત લેવામાં આવે પણ કોઈએ તેની પાસેથી ઝકાત વસુલ ન કરી.

## (૧૪) નબીના ખાનદાનનું વચન પાલન

ઇબ્ને અબ્બાસથી રિવાયત છે કે એક વખત હઝરત હસનૈન અલય્હિસ્સલામ બીમાર પડયા , એટલે હ. રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ અમુક લોકો સાથે ખબર અંતર પૂછવા પધાર્યા. અને જનાબે અમીર અલય્હિસ્સલામને ફરમાવ્યું : સારૂ થાય તો તમે પોતાના બાળકોની તંદુરસ્તી માટે કોઈ માનતા માનો.

જનાબે અમીર અલય્હિસ્સલામ, હઝરત ફાતેમા ઝહેરા સલામુલ્લાહે અલય્હા અને તેમની કનીઝ જ. ફીઝઝાએ ત્રણ રોઝા રાખવાની માનતા કરી.

વીણેલા મોતી – ૨, પેજ નં. 107

જયારે બન્ને સુકુમારો સાજા થયા અને માનતા પૂરી કરવાનો સમય આવ્યો તો ઘરમાં કંઈ ન હતું.

હઝરત અલી અલય્હિસ્સલામએ શમઊન યહૂદીથી ત્રણ સાઅ (૯ કીલો) ઘઉં ઉધાર લીધા, જનાબે સય્યદા સલામુલ્લાહે અલય્હાએ ત્રણ કીલો ઘઉં પીસી પાંચ રોટીઓ પકાવી , અને સાંજના ઇફતાર કરવા માંગતા હતા કે એક સાઈલે અવાજ આપી , અય મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના એહલેબૈત અલય્હેમુસ્સલામ, તમારા પર સલામ઼ હું એક મુસલમાન મિસ્કીન છુ, મને ખાવાનું આપો. ખુદા તમને જન્નતનો થાળ મોકલશે.

વીણેલા મોતી – ૨, પેજ નં. 108

આ અવાજ સાંભળી બધાએ પોતાના ભાગની રોટલીઓ આપી દીધી. અને માત્ર પાણીથી રોઝો ખોલ્યો અને રાતના સુઈ રહ્યા.

બીજા દિવસે ફરી રોઝા રાખ્યા , નિયમ મુજબ જનાબે સય્યદા સલામુલ્લાહે અલય્હાએ ફરી પાંચ રોટલીઓ પકાવી અને ખાવા બેઠા કે યતીમે અવાજ આપી. અને બધાએ પોત પોતાની રોટલીઓ તેને આપી દીધી અને પાણીથી રોઝો ખોલ્યો.

ત્રીજે દિવસે ફરી રોઝો ખોલવા બેઠા તો એક કૈદીએ અવાજ આપી. અવાજ સાંભળી બધાએ પોત પોતાની રોટલીઓ આપી દીધી.

અલ્લાહ તઆલાએ તેમની પ્રશંસા અને વખાણમાં દહેરની સૂરા ઊતારી , જેમાં તેમના વચન પાલનનો ઉલ્લેખ કરતા ફરમાવ્યું : “યૂફેનુન બિન્નઝરે વ યખાફૂન યવ્મન કાન શર્રોહુ મુસ્તતીરન. વ યુતએમૂનત તઆમ અલા હુબ્બેહી મિસ્કી  નવ યતીમવ અસીરા. ઇન્નમા નુત્એમોકુમ લે વજહિલ્લાહે લા નોરીદો મિ ન્કુમ જઝાઅવ વ લા  શોકૂરા.” - “આ એ લોકો છે જેઓ માનતા પૂરી કરે છે અને એ દિવસથી ડરે છે  , જેની સખ્તી બધે પ્રસરેલી હશે. અને તેની (ખુદાની) મોહબ્બતમાં મિસ્કીન ,  યતીમ અને કૈદીને ખાવાનું ખવરાવે છે. અમે તો તમને બસ માત્ર ખુદાના ખાતર

ખવરાવીએ છીએ. ન તો તમારાથી કોઈ વળતર માંગીએ છીએ અને ન આભાર દર્શન.”

## (૧૫) વાયદાના સાચા ઇસ્માઈલ

ઇસ્માઈલ નામના બે નબી થઈ ગયા છે. એક તો હઝરત ઇબ્રાહીમ ખલીલ અલય્હિસ્સલામના પુત્ર ઇસ્માઈલ છે. અને તેઓ ઉપરાંત એક બીજા નબી પણ ઇસ્માઈલ નામના થઈ ગયા છે. અને કુરઆને મજીદમાં તેમને 'વાયદાના સાચા ' ના નામથી યાદ કરવામાં આવ્યા છે , જેમકે : કિતાબમાં ઇસ્માઈલ અલય્હિસ્સલામનો ઝિક્ર કરો , બેશક તેઓ વાયદાના સાચા હતા.

હ. ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામએ ફરમાવ્યું કે એક શખ્સે તેમને એક જગ્યાએ ઊભા રાખીને કહ્યું કે આપ અહીં મારી રાહ જુઓ હું હમણા આવુ છું.

હઝરત ઇસ્માઈલ અલય્હિસ્સલામ એજ સ્થળે પુરૂ એક વરસ રાહ જોતા રહ્યા , જયારે કે એ શખ્સ પોતાનો વાયદો ભૂલી ગયો. તેમની ઉમ્મતના લોકો તેમને શોધતા શોધતા એ સ્થળે પહોંચ્યા અને અરજ કરી કે અમે તો આપના પછી નિરાધાર થઈ ગયા છીએ અને લાંબા સમયથી આપને ગોતી રહ્યા છીએ.

આપે ફરમાવ્યું કે તાઈફ વાળાઓમાંથી ફલાણા શખ્સે મને અહીં રાહ જોવાનું કહ્યું છે અને હું તેનાથી વાયદો કરી ચુક્યો છું. પણ એક વરસ વીતી ગયુ છે તે અહીં આવ્યો નથી. તે લોકો એ શખ્સ પાસે ગયા અને તેને કહ્યું : ખુદાના દુશ્મન ! તારા ખાતર નબીને આટલો શ્રમ ઊઠાવવો પડયો છે. તેણે કહ્યું : ખુદાની ક્સમ ! હું તો વાયદો તદ્દન વીસરી ગયો હતો. એટલે તે આવ્યો અને પછી આપ પોતાના સ્થળેથી હઠયા. એટલા માટે અલ્લાહે આપને 'સાદેકુલ વઅદ' (વાયદાના સાચા) નો લકબ અતા ર્ક્યો.

## (૧૬) કેટલિક રિવાયતો

હ. અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામએ માલિકે અશ્તરને શાસનના નિયમો લખીને આપ્યા. તેમાં આપ અલય્હિસ્સલામએ એ પણ લખ્યુ કે પ્રજા પર ઉપકાર જતાવવાથી દૂર રહો. અને પોતાના કોઈ સારા કામને વધારે કામ ન સમજો અને તેઓ થી વાયદો ભંગ ન કરો. કેમકે ઉપકાર જતાવવાથી ઉપકાર નથી રહેતો. અને વચન ભંગ અલ્લાહ અને લોકોની નારાજગીનું કારણ બને છે. અલ્લાહ તઆલાએ કલામે મજીદમાં ઇરશાદ ફરમાવ્યું છે કે અલ્લાહને આ વાત અત્યંત ના

પસંદ છે કે તમે એ વાત કહો કે જેના પર તમે અમલ ન કરો.

ઇબ્ને અલ ખમિયા કહે છે : મેં નબુવ્વતના એલાન પહેલા હુઝુરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની સાથે લે વેચનો વહેવાર ર્ક્યો હતો. મેં હિસાબ કરવા માટે એક સ્થળ નક્કી ર્ક્યું અને હું એ વાત ભુલી ગયો. જયારે હું ત્રીજા દિવસે ત્યાં ગયો તો રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ત્યાં મૌજૂદ હતા અને મારી રાહ જોઈ રહ્યા હતા. મને જોઈને તેમણે ફરમાવ્યું : તમે તો મારા માટે સંકટ ઊભુ

કરી દીધુ. હું ત્રણ દિવસથી લગાતાર તમારા આવવાની રાહ જોઈ રહ્યો છું.

હઝરત રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલચ્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું : જેમાં ત્રણ લક્ષણો જોવામાં આવે તો તે મુનાફિક છે , ભલે તે નમાઝ રોઝાની પાબંદી કરે અને ખુદ પોતાને મુસલમાન સમજે.

(૧) તેના પાસે અમાનત રાખવામાં આવે તો ખયાનત કરે.

(૨) જયારે વાત કરે જુઠુ બોલે.

(3) જયારે વાયદો કરે તો વચન ભંગ કરે.

વીણેલા મોતી – ૨, પેજ નં. 117

અલ્લાહ તઆલાએ પોતાની કિતાબમાં ફરમાવ્યું છે : "નિ:શંક અલ્લાહ ખયાનત કરનારાઓ ને પસંદ નથી કરતો. " અને અલ્લાહ તઆલાએ ફરમાવ્યું : "જુઠાઓ પર અલ્લાહની લઅનત છે. " અને અલ્લાહ તઆલાએ ફરમાવ્યું : "કિતાબમાં ઇસ્માઈલનો ઉલ્લેખ કરો, તેઓ વાયદાના પાબંદ હતા."

હ. ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામએ હ. રિસાલત મઆબ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમથી રિવાયત કરી. આપે ફરમાવ્યું : જે અલ્લાહ અને ક્યામતના દિવસ પર ઈમાન રાખે છે તેને જોઈએ કે વચન પાલન કરે.

**હ. ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામએ ફરમાવ્યું : મોઅમિન ભાઈ સાથે વાયદો કરવો એવી મન્નત છે, જેનો કફ્ફારો નથી. જે મોઅમિનથી વચન ભંગ કરે તો તેણે અલ્લાહથી વચન ભંગ ક્યોં અને પોતાને તેના ગઝબનો હકદાર (કોપને પાત્ર) બનાવી દીધો.**

***-*-***

# પ્રકરણ-૨ : વિષય :- પાડોશીઓ અને દીની ભાઈઓની હક્કો

## (૧) સમરા બિન જુન્દબનું પડોશીઓ સાથે વર્તન

ઝરારા બિન અઅયોને હ. ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામથી રિવાયત કરી છે કે એક અન્સારીના બાગમાં સમરા બિન જુન્દબનું એક ખજૂરનું વૃક્ષ હતું.

સમરા સારો ઇન્સાન ન હતો , તે અન્સારીની રજા વિના ખજુરના વૃક્ષ પર ચડી જતો. અન્સારીનું ઘર

એ વૃક્ષની પાસે હતું.જેનાથી તેના ઘરની બેપર્દગી થતી હતી.

તેણે ઘણી વાર સમરાથી કહ્યું કે જયારે પણ તારે વૃક્ષ પર ચડવુ હોય તો પહેલા રજા લઈ લીધા કર, જેથી અમારા ઘરનો પર્દો રહી જાય. પણ સમરા ન માન્યો.

લાચાર થઈને અન્સારીએ હ. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ પાસે ફરિયાદ કરી.

આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ સમરાને બોલાવ્યો અને ફરમાવ્યું : તારે ઝાડ પર

ચડવા પહેરા અન્સારીની રજા લેવી જોઈએ. સમરાએ ઇન્કાર ક્ર્યો.

પછી આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું : તો તુ ઝાડ વેચી નાખ , આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ તેના વૃક્ષની કિંમત અનેક ગણી વધારે બતાવી પણ તે વેચવા પર રાજી ન થયો.

આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું : તુ આ ઝાડ અન્સારીને દઈ દે અને તેના બદલે જન્નતમાં ખજુરનું વૃક્ષ લઈ લે. સમરા તો પણ રાજી ન થયો.

પછી રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ અન્સારીને ફરમાવ્યું : જાઓ , વૃક્ષને કાપી ફેંકી દયો , કેમકે ઇસ્લામમાં નુક્સાન આપવુ અને નુક્સાન સહન કરવું જાએઝ નથી.

## (૨) સમરા બિન જુન્દબને ઓળખો

ઇબ્ને અબીલ હદીદ મોઅતઝલી નહેજુલ બલાગાહની શરહમાં લખે છે કે મુઆવિયાએ સમરા બિન જુન્દબને એક લાખ દિરહમ ઈનામનો વાયદો ક્ર્યો,

એ શરતે કે તે લોકોને બતાવે કે આ આયત હ. અલી ઇબ્ને અબી તાલિબ અલય્હિસ્સલામ માટે ઊતરી હતી.

"લોકોમાં એવો શખ્સ પણ છે જેની દુન્યવી જીવન કથા તને આશ્ર્ચર્યમાં નાખે છે, અને જે કંઈ તેના દિલમાં છે તેના પર અલ્લાહને ગવાહ બનાવે છે, જયારે કે તે સખત ઝઘડાળુ છે. અને જયારે તે હાકિમ બનશે તો જમીનમાં ફસાદ બર્પા કરવાની કોશિશ કરશે અને ખેતી તથા નસલનો નાશ કરશે અને અલ્લાહને ફસાદ પસંદ નથી. અને જયારે તેને કહેવામાં આવે છે કે ખુદાથી ડરો તો ગુનાહનો સ્વાદ તેને ખુદાના ડરથી રોકી

લે છે. બસ તેનું ઠેકાણુ દોઝખ છે , અને તે સૌથી ખરાબ ઠેકાણુ છે.”

તેની સાથે મોઆવિયાએ એ પણ કહ્યું કે તમે લોકોમાં એ પણ બયાન કરો કે આ આયત હ. અલી અલય્હિસ્સલામના કાતિલ અબ્દુર રહેમાન બિન મુલજિમ (લાનતી) ના હકમાં ઊતરી છે.

“વ મેનન્નાસે મંય યશરી નફસહુબ્તેગાઅ મરઝાતિલ્લાહે વલ્લાહો રઊફુમ બિલ એબાદ ” - “અને લોકોમાં એવા શખ્સ પણ છે જેઓ પોતાની જાન વેચી અલ્લાહની રઝાને શોધે છે અને અલ્લાહ બંદાઓ પર મહેરબાન છે.”

મોઆવિયાએ એક લાખ દિરહમની પેશકશ સમરા બિન જુન્દબને કરી તે કબૂલ ન કરી. પછી તેણે બે લાખની ઓફર કરી તે પણ સમરાએ સ્વિકારી નહીં , પછી તેણે ત્રણ લાખની ઓફર કરી તે પણ સમરાએ ઠુકરાવી દીધી. અંતે મોઆવિયાએ ચાર લાખ દિરહમની ઓફર કરી જે સમરાએ કબૂલ કરી લીધી અને મિમ્બર પર ઊભા રહી એલાન કર્યું કે પ્રથમ આયત (નઉઝોબિલ્લાહ) હ. અલી અલય્હિસ્સલામના હકમાં અને બીજી આયત તેમના કાતિલ અબ્દુર રહેમાન બિન મુલજિમના હકમાં ઊતરી હતી.

## (3) પડોશીના હક

**સઈદ બિન જુબેરથી નકલ થએલ છે કે અબ્દુલ્લાહ બિન અબ્બાસ , અબ્દુલ્લાહ બિન ઝુબેરની પાસે ગયા. ઇબ્ને ઝુબેરે કહ્યું : ઇબ્ને અબ્બાસ તમે મને સદા કાયર અને કંજુસ કહો છો.**

**ઇબ્ને અબ્બાસે કહ્યું : જી હા , મેં રિસાલત મઆબ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમથી સાંભળ્યુ કે આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ એ ફરમાવ્યું : એવો શખ્સ ઇસ્લામના ઘેરાથી**

બહાર છે, જે પેટ ભરીને ખાય અને તેનો પાડોશી ભુખ્યો રહે.

ઇબ્ને ઝુબેરે કહ્યું : ઇબ્ને અબ્બાસ ! મારા દિલમાં તમો એહલેબયતથી કપટ ચાલિસ વરસથી ઊછરી રહ્યુ. એ બન્ને વચ્ચે બીજી ઘણી વાતો થઈ. અંતે ઇબ્ને અબ્બાસ તેની બુરાઈથી બચવા માટે મક્કા છોડી તાઈફ ચાલ્યા ગયા.

# (૪) પાડોશીની સીમાઓ

હ. ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામએ ફરમાવ્યું : એક અન્સારી જનાબે રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની ખિદમતમાં હાજર થયો અને અરજ કરી, મેં ફલાણા મોહલ્લામાં મકાન ખરિદયુ છે, મારો નજીકનો પાડોશી એવો છે કે મને તેનાથી સારાપણાની આશા નથી અને હું તેના રંજાડથી સુરક્ષિત નથી.

હ. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ હ.અલી અલય્હિસ્સલામ , સલમાન રઝી. ,

અબૂઝર રઝી., અને મિકદાદ રઝી.ને હુકમ આપ્યો કે તેઓ મસ્જિદમાં મોટા અવાજે એલાન કરે કે જેની રંજાડથી પાડોશી સુરક્ષિત ન હોય તે ઈમાનદાર નથી.

પછી આપે ફરમાવ્યું : પાડોશીપણાની સીમા ચાલીસ ઘરો સૂધી છે , અર્થાત ચાલીસ ઘર સામે , ચાલીસ ઘર પાછળ , ચાલીસ ઘર જમણી બાજુ અને ચાલીસ ઘર ડાબી બાજુ સૂધી પાડોશીપણાનું વર્તુળ વિસ્તૃત છે.

## (પ) આ કથાથી બોધ ગ્રહણ કરો

કિતાબ એઅલામુન્નાસમાં આપેલુ છે કે અબ્બાસી ખલીફા મોઅતસ્સિમના વઝીરે એક ભવ્ય ઊંચો મહેલ ચણાવ્યો, તે એ મહેલની બારીઓમાંથી પાડોશીઓની વહુ દિકરીઓને જોયા કરતો હતો.

એક વખત તેની નજર એક સુંદર , સ્વરૂપવાન કુંવારી છોકરી પર પડી. પ્રથમ દ્રષ્ટિએ જ તે પોતાનું દિલ એને આપી બેઠો. અને છોકરી વિશે માહિતી એકઠી કરવા લાગ્યો.

તેને ખબર પડી કે છોકરી કુંવારી છે અને તેનો બાપ એક વેપારી છે.

તેણે તે વેપારીના ઘરે માગુ મોકલ્યુ , પણ વેપારીએ એમ કહીને માગુ પાછુ ઠેલ્યુ કે હું મધ્યમ વર્ગનો વેપારી છું. હું વઝીરથી સગપણ કરવું પસંદ નથી કરતો. હું જયારે પણ સગાઈ કરીશ તો મારા જેવા લોકોથી કરીશ.

વઝીરે ઘણા પ્રયત્નો કર્યા પણ વેપારી કોઈ પણ રીતે સંમત ન થયો.

અહી વઝીર ઇશ્કના હાથે વિવશ હતો. તેણે એક ભરોસાપાત્ર શખ્સને બોલાવી ભેદથી પરિચિત ર્ક્યો. અને તેનાથી કોઈ માર્ગ શોધી કાઢવાની વિનંતી કરી.

એ શખ્સે કહ્યું : જો આપ મને એક હજાર દીનાર આપો તો હું આપનું કામ કરી દઈશ.

વઝીરે કહ્યું : એક હજાર તો કંઈ નથી હું તો કેટલાય લાખ ખરચવા તૈયાર છું.

એ શખ્સે વઝીરથી એક હજાર દીનાર લીધા અને દસ એવા જણાને તૈયાર ર્ક્યા જેની ગવાહી કાઝીની અદાલતમાં સ્વિકાર્ય હતી અને તેઓને બતાવ્યુ કે આપ એટલી ગવાહી આપો કે વેપારીએ પોતાની

દીકરીના નિકાહ વઝીર સાથે આટલી મહેર પર કરી દીધા છે. અને મહેરની ચુકવણી રૂખ્સતી સમયે રાખી છે.

તે ઉપાય સાધકે ગવાહોને સમજાવ્યુ કે આવી સાક્ષી આપવામાં કંઈ વાંધો નથી , કેમકે વઝીર રાત દિવસ પ્રેમાગ્નિમાં સળગે છે, તેનાથી તેના પ્રેમની આગ ઠરી જશે, વેપારીને એક સારો જમાઈ મળી જશે અને છોકરીને મહેરમાં ઘણી કિમતી દોલત મળી જશે.

આ તૈયારી પછી વઝીરે કાઝીની અદાલતના બારણા ખટખટાવ્યા , દસ સાક્ષીઓએ કાઝી સામે ઝુબાની આપી કે અમારી સામે આટલી મહેરના

બદલામાં નિકાહ થયા હતા, પણ હવે વેપારી રૂખ્સતમાં આનાકાની કરે છે.

કાઝીએ વેપારીને અદાલતમાં બોલાવ્યો અને કહ્યું કે તમે તમારી પુત્રીને વઝીરના ઘરે કેમ નથી મોકલતા ?

વેપારીએ ઘણો ઇન્કાર ર્ક્યો, પણ કાઝીએ તેની એક ન માની અને તેની દીકરીને જબરદસ્તી વઝીરના ઘરે પહોંચાડી દીધી.

વેપારી મુંઝાયો અને તે કોઈપણ રીતે ખલીફાને મળવા માંગતો હતો, પરંતુ ખલીફાને મળવુ ઘણુ અઘરૂ કામ હતું. અંતે એક મિત્રે તેને સલાહ આપી કે

ખલીફાનો મહેલ ચણાઈ રહ્યો છે. તુ જો તેને મળવા માગે તો મજૂરોના કપડા પહેરી વહેલી સવારે મહેલમાં ચાલ્યો જા. ખલીફા રોજ ફજરની નમાઝ પછી પોતાના ચણાતા મહેલને જોવા આવે છે.

વેપારીએ મજૂરના કપડા પરિધાન કર્યા અને વહેલી સવારે ખલીફાના ચણાતા મહેલમાં દાખલ થઈ ગયો. ખલીફા નિયમ પ્રમાણે મહેલને જોવા માટે આવ્યા તો વેપારીએ તેની પાસે પોતાની ફરિયાદ રજુ કરી દીધી.

ખલીફાએ દરબારમાં વઝીર અને તેના ગવાહોને બોલાવ્યા , અને ગવાહો વિશે તેણે હુકમ

આપ્યો કે તેઓને સૂળીએ લટકાવી દેવામાં આવે અને વઝીરના માટે હુકમ આપ્યો કે તેને બળદની ખાલમાં નાખી લોઢાના સળીયાઓથી એટલો મારવામાં આવે કે તેના હાડ માંસ એક થઈ જાય. પછી વેપારીને કહ્યું કે તુ તારી પુત્રીને પોતાના ઘરે લઈ જા. અને મહેરની જે હક રકમ જે વઝીરે આપી છે તે તારી પુત્રીની છે.

## (૬) ચંગેઝ ખાનનો કાનૂન

ચંગેઝ ખાને પોતાની હુકુમતના સમયમાં કાયદો બનાવ્યો હતો કે કોઈ શખ્સ ઉઘાડે છોગે જાનવરને ઝબ્હ ન કરે અને જેને ગોશ્ત ખાવાની જરૂરત હોય તે જાનવરનું ગળુ ટુંપાવી મારી નાખે. આ કાનૂનથી મુસલમાનો ઘણા મુંઝાણા કેમકે ઇસ્લામમાં આવુ ગોશ્ત ખાવુ હરામ છે.

એક મોગલનું ઘર મુસલમાનના ઘરની લગોલગ હતુ, તે મોગલ તેનાથી અત્યંત નફરત કરતો હતો. એક દિવસ મોગલે પોતાના મકાનની છત પરથી

જોયુ કે તેનો મુસલમાન પાડોશી પોતાના ઘરના આંગણામાં બેસી મેંઢો ઝબ્હ કરી રહ્યો છે. તેણે આ તકનો લાભ ઉપાડી પોતાના કબીલાના થોડા લોકોને લઈને મુસલમાનના ઘરમાં દાખલ થયો અને તેને ઝબ્હ થએલ મેંઢા અને છરી સમેત પકડી ચંગેઝ ખાનની સામે રજૂ ર્ક્યો. અને ચંગેઝને કહ્યું કે આ શખ્સે આપના કાનૂનનો ભંગ ર્ક્યો છે. એટલે તેને સજા મળવી જોઈએ.

ચંગેઝ ખાને પૂછ્યું : તે એને ક્યાં ઝબ્હ કરતા જોયો ?

તેણે કહ્યું : અમે તેને તેના ઘરમાં ઝબ્હ કરતા જોયો.

ચંગેઝખાને કહ્યું : જયારે તે પોતાના ઘરમાં ઝબ્હ કરી રહ્યો હતો ત્યારે તમે એના ઘરમાં બેઠા હતા.

તેઓએ કહ્યું : નહીં , અમે તેને અમારી છતથી તેને ઝબ્હ કરતો જોયો તો તેને પકડી આપની પાસે લઈ આવ્યા.

ચંગેઝખાને કહ્યું કે બે વાર પોતાના વાક્યોનું પુનરાવર્તન કરો. તેણે બે વાર પોતાના વાક્યોનો પુનરોચ્ચાર ર્ક્યો.

ચંગેઝખાને કહ્યું કે તેણે મારા હુકમનું સંપૂર્ણ પાલન ર્ક્યું છે કેમકે મેં હુકમ આપ્યો હતો કે જાહેરમાં કોઈ શખ્સ આમ ન કરે. એ શખ્સે જાહેરમાં મેંઢો ઝબ્હ

નથી ક્ર્યો. અને મારો કોઈ કાનૂન ખુદાના કાનૂનની ઉપરવટ તો નથી. અલ્લાહે ઘણી ચીઝોની લોકોને મના કરી છે, પણ લોકો પોતાના ઘરોમાં છુપાઈ એ કામ કરે છે તેઓને એ છતા સજા આપી નથી શકાતી. કેમકે તેઓએ લોકોની સામે એ કામ ક્ર્યું નથી.

મૂળ ગુનેહગાર એ નથી , મૂળ ગુનેહગાર તુ છે કેમકે તે પોતાના મકાનની છત પર બેસીને લોકોના ઘરોમાં તાંક ઝાંક કરી છે.

પછી ચંગેઝ ખાને જલ્લાદને હુકમ આપ્યો કે તેનું માથુ જુદુ કરી દેવામાં આવે. જેથી કરીને આ પછી

કોઈને બીજાઓના ઘરોમાં તાક ઝાંક કરવાની હીંમત ન રહે.

મુસલમાનોને જોઈએ કે તેઓ પોતાના પાડોશીઓના ઘરોમાં તાકે ઝાંકે નહીં , અને તેમના ભરમનો ખયાલ રાખે. ઇસ્લામનો કાનૂન એ છે કે જો કોઈ કોઈના ઘરમાં તાકે ઝાંકે તો એ ઘરનો ધણી તેને રોકવા માટે કોઈ પત્થર વગેરે મારે અને તેનાથી તેની આંખ ફુટી જાય તો તેના માટે મુબાહ છે.

## (૭) પાડોશીઓના આર્થિક હક્કોનો ખ્યાલ રાખો

મૂસા બિન ઈસા અન્સારી કહે છે કે અમે અસરની નમાઝ પડી હ. અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામની સાથે બેઠા હતા કે એક શખ્સે આવી અરજ કરી : મૌલા ! આપ મહેરબાની કરી મારી સાથે ચાલો, કેમકે મને આપનાથી કામ છે.

હ. અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામએ મને પણ પોતાની સાથે લીધો અને એ શખ્સને પૂછ્યું : તમારૂ શું કામ છે ? તેણે કહ્યું કે ફલાણો શખ્સ મારો પાડોશી છે, તેના ઘરમાં ખજૂરનું ઝાડ છે. જયારે હવા

ચાલે છે તો ખજૂરના કંઈક પાકા દાણા અને કંઈક કાચા દાણા મારા ઘરમાં આવી પડે છે. આપ તેને ભલામણ કરો કે અમે જે અમારા ઘરમાં પડેલા દાણા ખાઈએ છીએ તે અમને મુબાહ કરી દે. અને અમે કદી પણ પત્થર અથવા લાકડા મારી ખજૂરના દાણા નથી તોડતા.

હ. અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ એ શખ્સની પાસે ગયા. સલામ કરી , અને તેણે સલામનો જવાબ આપ્યો અને હ. અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામએ એ શખ્સથી કહ્યું કે તમે પોતાના ખજૂરના દાણા પોતાના પાડોશી માટે હલાલ અને

મુબાહ કરી દયો જે હવાથી અથવા પંખીઓના કારણે તેના આંગણામાં પડે છે.

તે શખ્સે ઇન્કાર ર્ક્યો. આપે બીજી વાર તેને એજ કહ્યું : પણ તેણે બીજી વાર પણ ઇન્કાર ર્ક્યો.

પછી આપે ફરમાવ્યું : હું પયગમ્બરે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ના તરફથી જમાનત આપુ છુ કે તેના બદલામાં અલ્લાહ તને જન્નતનો બાગ આપશે.

પણ તેણે તો પણ સ્વિકાર ન ર્ક્યો તો આપે ફરમાવ્યું : પછી તમે એમ કરો કે તમારૂ મકાન પોતાના

પડોશીને આપી દયો અને તેના બદલે મારાથી ફલાણો બાગ લઈ લ્યો.

તેણે કહ્યું : મને આ સોદો કબૂલ છે , હું ખુદા અને મૂસા બિન ઈસાને ગવાહ રાખી કહુ છુ કે હું મારૂ આ પુરૂ મકાન ફલાણા બાગના બદલે વેચુ છું.

હઝરત અલી અલય્હિસ્સલામએ નજીકના પાડોશીને કહ્યું તમને આ મકાન મુબારક થાય. એટલામાં મગરીબની અઝાન થઈ. અમે બધા નમાઝ પડવા મસ્જિદે નબવીમાં ગયા અને રાત વીતવા પછી સવાર પડી તો હ. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફજરની નમાઝ પડાવી અને

નમાઝ પતાવ્યા પછી આપ તાકીબાતમાં પ્રવૃત થઈ ગયા કે આપ પર વહી ઊતરી.

આપે પોતાના સહાબીઓ તરફ રૂખ કરી ફરમાવ્યું : કાલ સાંજે કોણે નેક કામ ર્ક્યુ છે ? તમે પોતે બતાવો છો કે હું બતાવુ ?

હઝરત અલી અલય્હિસ્સલામએ અરજ કરી : આપ જ બતાવો , આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું : હમણા જિબ્રઈલે આવી મને ખબર આપી છે કે તમે ઘણુ સારૂ કામ ર્ક્યુ છે અને અલ્લાહે તમારા હકમાં આ સૂરા ઊતારી છે.

બિસ્મિલ્લાહિ રૅહમાનિ રૅહીમ

"વલ્લયલે એઝા યગ્શા , વઝજહારે એઝા તજલ્લા , ફ અમ્મા મન અઅતા વ ત્તકા, વસદ્દક બિલ હુસ્ના , ફ સોનયસ્સેરોહૂ લિલ યુસરા."

આપે હ. અલી અલય્હિસ્સલામની તરફ

પ્રકાશિત રૂખ કરી પૂછ્યું : તમે જન્નતનું સમર્થન કર્યું , અને ઘરના બદલામાં પોતાનો બાગ આપ્યો ? હઝરત અલી અલય્હિસ્સલામએ અરજ કરી : જી હા , તો આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું : તમને મુબારક થાય , અલ્લાહે તમારા હકમાં આ સૂરા ઊતારી છે. પછી આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ઊભા થઈ હ. અલી અલય્હિસ્સલામના

**ગાલને ચૂંબન ક્યું અને ફરમાવ્યું : હું તારો ભાઈ છુ અને તુ મારો ભાઈ છે.**

## (૮) પાડોશીઓના ત્રાસથી કેવી રીતે બચાવ્યો

હ. ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામએ ફરમાવ્યું : એક શખ્સે હ. રિસાલત મઆબ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની સેવામાં હાજર થઈ પોતાના પાડોશીના રંજાડની શિકાયત કરી.

આપે તેને સબ્ર કરવાનો હુકમ આપી પાછો ફેરવ્યો. થોડા દિવસ પછી ફરીવાર પાડોશીની ફરિયાદ લઈ આપની પાસે આવ્યો. આપે ફરી તેને સબ્ર કરવાની ભલામણ કરી.

**ત્રીજી વાર ફરી એ શખ્સ પાડોશીની ફરિયાદ કરવા આપની પાસે આવ્યો. આ વખતે આપે ફરમાવ્યું કે તમે જુમ્માના દિવસે જુમ્માની નમાઝ પહેલા ઘરનો સામાન બહાર કાઢી શેરીમાં રાખી દેજો , જયારે લોકો તમને પૂછે કે ઘરનો બધો સામાન બહાર કેમ નિકાળ્યો ? તો તેઓને કહેજો કે ફલાણા શખ્સના લગાતાર ત્રાસથી કંટાળી મેં સામાન નિકાળ્યો છે. એ શખ્સે આપના કહેવા પ્રમાણે અમલ કર્યો. જ્યારે લોકોએ તેનો સામાન બહાર કાઢેલો જોયો તો તેનું કારણ પૂછ્યું તેણે બતાવ્યુ કે મેં મારા પાડોશીની લગાતાર રંજાડથી**

કંટાળી પોતાનો સામાન કાઢયો છે. હવે હું આ ઘર છોડી કોઈ બીજુ ઘર ગોતી કાઢીશ.

થોડી વાર થઈ હતી કે રંજાડનાર પાડોશી આવ્યો અને પોતાના પાડોશીથી આજીજી કરી કહ્યું : તમને ખુદાનો વાસ્તો પોતાનો સામાન અંદર રાખો. મને વધારે લજ્જિત ન કરો. હું ખુદાને સાક્ષી રાખીને કહુ છુ કે હવે તમને ફરી મારાથી કોઈ શિકાયતનો મોકો નહીં મળે.

## (૯) ઈમાની બંધુના હક્કો

ઉસૂલે કાફીમાં લખેલુ છે કે મોઅલ્લા બિન ખનીસે હ. ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ થી પૂછ્યું કે એક મુસલમાનનો બીજા મુસલમાન પર શું હક છે ?

આપે ફરમાવ્યું : દરેક મુસલમાનના બીજા મુસલમાન પર સાત હક્કો છે જે વાજિબ છે. જો તેમાંથી કોઈ એકની બજાવણીમાં કોઈ ઉણપ રાખી તો ખુદાની બંદગી અને રખેવાળીમાંથી નિકળી જશે.

મોઅલ્લાએ આપની વિગત પૂછી તો આપે ફરમાવ્યું : મોઅલ્લા તુ મને વહાલો છે , ડરૂ છુ કે ક્યાંક જાણવા પછી ફરજ બજાવણી ન કરી શકે.

મોઅલ્લાહે કહ્યું : હું અલ્લાહથી તેની બજાવણી માટે મદદ અને શક્તિ માગીશ. આપે ફરમાવ્યું : તો સાંભળ !

૧. તમારા મુસલમાન હોવાના કારણે બીજા મુસલમાન પર હલકામાં હલકો હક એ છે કે જે પોતા માટે પસંદ કરો છો, પોતાના ભાઈ માટે એ જ પસંદ કરો અને જે પોતાના માટે ના પસંદ કરો છો પોતાના ભાઈ માટે એ જ ચીજ નાપસંદ કરો.

૨. પોતાના ભાઈને નારાજ ન કરો. ભાઈની સંમતિ મેળવવાની કોશિશ કરો અને તેની વાતનું અનુકરણ કરો.

૩. પોતાના જાન માલ , જીભ, હાથ અને પગથી તેની મદદ કરો.

૪. પોતાના મુસલમાન ભાઈઓ માટે અરીસા સમાન બનો અને તેના ઐબો દૂર કરવાની કોશિશ કરો.

૫. પોતાના ભાઈને ભૂખ્યો, પ્યાસો અને વસ્ત્ર વિહોણો ન રહેવા દયો. એવુ ન થાય કે તમારૂ પેટ તો ભરેલુ હોય અને તે ભૂખ્યો હોય અને તમે વસ્ત્રો પહેર્યા હોય અને તે નવસ્ત્રો હોય.

૬. જો તમારી પાસે સેવકો અને નોકરો હોય અને તમારા ભાઈ પાસે સેવક ન હોય તો તેનું ખાવાનું પકાવવા, કપડા ધોવા અને બીજા કામો માટે પોતાના નોકરને તેના ઘરે મોકલો જેથી તેની જરૂરત પણ પૂરી થઈ શકે.

૭. તેની ક્સમને પૂરી કરો, અને સમર્થન કરો. જયારે તે બીમાર થાય તો તેની ખબર પૂછો. અને જયારે મરી જાય તો તેના જનાઝામાં જાઓ અને તમે સમજતા હો કે તેને કોઈ વસ્તુની જરૂરત છે તો તેના માગવાની વાટ ન જુઓ. માગવા પહેલા તેની જરૂરત પૂરી કરો. અને જો એવુ ર્ક્યું તો મુસલમાનોમાં પરસ્પર સંબંધો જાળવી

**રાખ્યા અને ઈમાનના સગપણને મજબૂત કર્યુ. (બેહાર , જિ. ૧૬ પે. ૬૬)**

# (૧૦) મોઅમિનને ખૂશ કરવાની જઝા

ઉસુલે કાફીમાં હ. ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામથી નકલ કરવામાં આવ્યું છે , આપે ફરમાવ્યું : અલ્લાહ તઆલાએ હ. મૂસા અલય્હિસ્સલામ પર વહી ઊતારી : મેં મારા અમુક બંદાઓ માટે જન્નતમાં જગ્યા રાખી છે , અને તેઓને વગર હિસાબે જન્નતમાં દાખલ કરી દઈશ.

હઝરત મૂસા અલય્હિસ્સલામએ અરજ કરી : પરવરદિગાર એ ભાગ્યશાળી કોણ છે ?

સદા આવી : જે મોઅમિનને રાજી કરે , જે કોઈ એવા મોઅમિનને આશરો આપે જે કોઈ ઝાલિમ બાદશાહના ડરથી ભાગેલો હોય.

જો કોઈ મોઅમિનને એક કાફર પણ આશરો આપે તો તેના મૃત્યુ સમયે તેને સંબોધી કહીશ : મને મારા જલાલ અને ઇઝઝતની કસમ જો તારા જેવા લોકો માટે જન્નતમાં જગ્યા હોત તો હું જરૂર તને જન્નતમાં દાખલ કરત. મારી જન્નત એ લોકો માટે હરામ છે , જે મૃત્યુ સમયે કાફરની હાલતમાં મરે. હવે દોઝખ પોતાના બીહામણા અવાજથી તને ડરાવશે જરૂર , પરંતુ તને

નુક્સાન નહીં પહોંચાડે. તને સવાર સાંજ ખાવાનું મળતુ રહેશે.

રાવી કહે છે કે મેં ઇમામ અલય્હિસ્સલામને પૂછ્યું : તો શું તેને જન્નતમાંથી ખાવાનું મોકલવામાં આવશે ?

ઇમામે ફરમાવ્યું : ખુદા જયાંથી પણ ઇચ્છશે તેને રોઝી પહોંચાડશે.

## (૧૧) દિલ જીતી લ્યો કારણ કે એ હજ્જે અકબર છે.

રય શહેરનો એક રહેવાસી બયાન કરે છે કે યહ્યા બિન ખાલિદ બરમકીના તરફથી એક શખ્સ અમારા શહેરનો વહીવટદાર બની ગયો. મને હુકુમતનું મહેસૂલ અને વેરો એટલો બધો દેવાનો હતો કે જો મારાથી એ બધા લેણા લઈ લેવામાં આવે તો હું નિર્ધન થઈ જાઉં. મને હંમેશા એ ચિંતા સતાવતી હતી કે નજીકમાં જ મારો વારો આવવાનો છે. મને કેટલાક મિત્રો મારફત ખબર પડી કે વહીવટદાર શીઆ છે. પણ મારી હીંમત થતી ન હતી કે તેનાથી મુલાકાત કરૂ.

કેમકે હું ડરતો હતો કે શક્ય છે કે તે શીઆ ન હોય અને મને પકડીને જેલમાં નાખી દે.

મેં દિલમાં વિચાર્યું કે મારે પોતાના ખુદાનો આશરો લેવો જોઈએ અને ઝમાનાના ઇમામથી સંબંધ જોડવો જોઈએ.

આમ વિચારી હું બયતુલ્લાહની હજ કરવા મક્કા ચાલ્યો ગયો. અને હરમમાં મારી મુલાકાત ઇમામે સાબિર હ. ઇમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામથી થઈ.

મેં ઇમામ અલય્હિસ્સલામ થી પોતાની નિરાધારતા અને સરકારી લેણાનો ઉલ્લેખ ર્ક્યો અને આપથી ઉપાય બતાવવાની વિનંતી કરી.

ઇમામ અલય્હિસ્સલામએ વહીવટદારના નામે એક ચીઠ્ઠી લખીને મને આપી અને ફરમાવ્યું : મારી ચીઠ્ઠી વાલી સૂધી પહોંચાડજો. આ ચીઠ્ઠીમાં આપે માત્ર આટલુ લખ્યુ હતુ :

"જાણી લ્યો કે અર્શની નીચે અલ્લાહે રહેમતનો છાયોં પાથર્યો છે , એમાં માત્ર એ જ રહી શકે છે જેણે પોતાના ભાઈ સાથે ભલાઈ કરી હોય અથવા તેનું કષ્ટ દૂર કર્યુ હોય અથવા તેના દિલને ખૂશ કર્યુ હોય. આ તમારો ભાઈ છે. વસ્સલામ"

હું હજથી પરવારી પોતાના શહેર પહોંચ્યો અને એક રાત ઇમામ  આલી મકામ અલય્હિસ્સલામ નો પત્ર

લઈ તેના ઘરે ગયો અને તેના નોકરોને કહ્યું કે ઇમામ કાઝિમ અલય્હિસ્સલામથી એક કાસિદ તમને મળવા આવ્યો છે.

નોકરે જેવી અંદર જઈને મારી ખબર આપી તો તે ઉઘાડે પગે દોડતો દોડતો દરવાજા પર આવ્યો અને મને ગળે મળી મારૂ મોં ચુમવા લાગ્યો અને વારંવાર મારૂ કપાળ ચુમવા લાગ્યો.

પછી મને પોતાના ઘરમાં લઈ ગયો , ઊંચી બેઠક પર મને બેસાર્યો અને પોતે નીચે બેસી ઇમામ અલય્હિસ્સલામના ખબર અંતર પૂછવા લાગ્યો. હું જેમ જેમ ઇમામ અલય્હિસ્સલામના ક્ષેમ કુશળતા તેને

બતાવતો ગયો તેમ તેનું વદન ફૂલની જેમ ખીલતુ ગયુ. પછી મેં ઇમામ અલય્હિસ્સલામની ચીઠ્ઠી તેને આપી. તેણે વારે વારે ઇમામ અલય્હિસ્સલામના પત્રને ચુમ્યો અને પત્ર વાંચ્યો. પછી નોકરને બોલાવ્યો અને કહ્યું કે મારા બધા વસ્ત્રો લઈ આવ. નોકર તેના બધા વસ્ત્રો લઈ આવ્યો , તો તેણે અર્ધા વસ્ત્રો મને આપ્યા અને અર્ધા વસ્ત્રો પોતા પાસે રાખ્યા. અને તેના ઘરમાં જેટલા પણ દિરહમ અને દીનાર હતા તેણે બધા મારા અને તેની વચ્ચે સરખા વહેંચી દીધા. અને જે વસ્તુઓ વહેંચી શકાય એવી નહોતી , તેની અર્ધી કીંમત મને સોંપી. અને સરકારી લેણાનું રજીસ્ટર મંગાવી મારૂ બધુ

કરજ માફ કરી દીધુ. અને માફીનું લખાણ લખી આપ્યુ. અંતમાં મને પૂછ્યું કે શું મેં તમને રાજી કરી દીધા.

મેં કહ્યું : બેશક, તમે મને રાજી કરી દીધો.

હું તેની પાસેથી ચાલ્યો આવ્યો , અને મનમાં વિચાર્યું કે વાલીની નેકીનો હું કઈ બદલો આપી શકુ એમ નથી. સારૂ એ છે કે તેના માટે હજ કરૂ અને ઇમામ અલય્હિસ્સલામથી તેના હકમાં દુઆ કરવા કહુ.

બીજા વરસે ફરી હું હજના માટે રવાના થયો અને ઇમામ અલય્હિસ્સલામથી મુલાકાત કરી. મેં રયના વહીવટદારની બધી વાતો ઇમામ અલય્હિસ્સલામને સંભળાવી. ઇમામ અલય્હિસ્સલામ તેના સદ વર્તનની

વાતો સાંભળી ઘણા ખૂશ થયા , તો ઇમામ અલય્હિસ્સલામથી મેં પૂછ્યું શું આપ ખૂશ થયા ? તો ઇમામ અલય્હિસ્સલામએ ફરમાવ્યું : ખુદાની કસમ, તેણે મને ખૂશ કર્યો , મારા દાદા હ. અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામને ખૂશ કર્યા. પરવરદિગારની કસમ, તેણે હ. રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને ખૂશ કર્યા. તેણે પાલનહારને પણ ખૂશ કર્યો.

## (૧૨) મોઅમિનના હકનું મહત્વ

ઇબ્રાહીમ સારબાન આલે મોહમ્મદ અલય્હેમુસ્સલામનો પયરવ અને તેમનો ખાલિસ શીઆ હતો. તેણે કોઈ કામના અંગે અલી બિન યક્તીનના પાસે જવાનું થયું, જે એ સમયે હારૂન રશીદનો વઝીર હતો.

અલી બિન યક્તીને તેને મુલાકાતની રજા ન આપી. તે બીચારો નિરાશ થઈ પોતાના ઘરે કૂફા પાછો ફર્યો.

વીણેલા મોતી – ૨, પેજ નં. 168

એ જ વરસે અલી બિન યક્તીન હજ માટે મક્કા ગયો, અને હજની વિધિઓ પતાવી મદીના મુનવ્વરા ગયો, અને હ. ઇમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામના પવિત્ર ચોખટે હાજરી આપી. ઇમામ અલય્હિસ્સલામએ તેને મળવાથી ઇન્કાર કરી દીધો.

અલી બિન યક્તીને ગુલામ મારફત પૂછાવ્યુ : આખર મારાથી શું ભૂલ થઈ ગઈ છે કે મારા મૌલા મને મળવા નથી માગતા ?

ઇમામ અલય્હિસ્સલામએ જવાબમાં કહેરાવ્યુ : તમે તમારી વઝારતના ગર્વમાં અમારા ગરીબ શીઆથી મળવાનો ઇન્કાર ક્ર્યો. તો અમને પણ તમને મળવાની

કોઈ ઇચ્છા નથી. જો તમે તમારા હજને કબૂલ કરાવવા માગો છો તો પહેલે ઈમાની ભાઈ ઇબ્રાહીમ સારબાનને રાજી કરો.

અલી બિન યક્તીને અરજ કરી : ભલા એ કેવી રીતે શક્ય છે કે હું મદીનામાં છુ અને તેનું ઘર કૂફામાં છે.

ઇમામ આલી મકામ અલય્હિસ્સલામએ કહેરાવ્યુ : જો તારી ઇચ્છા તેને રાજી કરવાની હોય તો તેના સાધન અમે કરી દઈએ છીએ. આજ રાત ઈશાની નમાઝ પછી તમે એકલા જન્નતુલ બકીમાં જાઓ. ત્યાં તમને એક ઊંટ બેઠેલુ દેખાશે, જેના પર પલાણ રાખેલી

હશે. તમે તેના પર સવાર થઈ જજો, પછી અલ્લાહ તઆલાનો મોઅજિઝો જો જો. અલી બિન રાતના જન્નતુલ બકીમાં ગયા ત્યાં ઊંટ તૈયાર હતું. તે તેના પર સવાર થયા. અને થોડીવારમાં ઊંટ એક કાચા ઘરની સામે જઈ બેઠુ, હવે જો અલી બિન યક્તીને ધ્યાન ર્ક્યુ તો તેને લાગ્યુ કે આ બીજુ શહેર છે. તેમણે કોઈ વટેમાર્ગુને શહેરનું નામ પૂછ્યું તો બતાવવામાં આવ્યું કે આ કૂફા છે.

પછી અલી બિન યક્તીને પૂછ્યું કે આ કોનું ઘર છે ? તો તેને બતાવવામાં આવ્યું કે આ ઇબ્રાહીમ સારબાનનું ઘર છે.

અલી બિન યક્તીને ઇબ્રાહીમનો દરવાજો ખટખટાવ્યો, તેણે પૂછ્યું : કોણ ? તો તેણે બતાવ્યુ : હું અલી બિન યક્તીન છું.

ઇબ્રાહીમે તરત જ દરવાજો ઉધાડયો અને આશ્ર્ચર્ય ચક્તિ થઈ પૂછ્યું કે મારી નજરો શું જોઈ રહી છે. આટલો મોભાશાળી વઝીર મારા જેવા રંકના દરવાજે કેવી રીતે આવી ગયો ? અલી બિન યક્તીને કહ્યું : તારા પાસે આવવુ મારા માટે અવશ્ય થઈ ગયુ કેમકે જયાં સૂધી તુ મારાથી રાજી નહીં થાય મારા ઇમામ પણ મારાથી રાજી નહીં થાય. અને મારી હજ પણ કબૂલ નહીં થાય.

ઇબ્રાહીમ સારબાને કહ્યું : મેં તમને માફ ક્ર્યું , ખુદા તમને માફ કરે.

અલી બિન યક્તીને પોતાનો ગાલ ઝમીન પર રાખ્યો અને ઇબ્રાહીમથી ઇચ્છા વ્યક્ત કરી કે તે પોતાનો પગ તેના ગાલ પર રાખે , જેથી ધૂળ વાળા ગાલને રાજી થયાના પ્રમાણ રૂપે ઇમામ અલય્હિસ્સલામની સામે રજુ કરી શકાય.

ઇબ્રાહીમે ગાલ પર પગ રાખવાની મના કરી , પણ અલી બિન યક્તીને તેને વાસ્તો આપી અંતે રાજી કરી લીધો. ઇબ્રાહીમે તેના ગાલ પર પોતાનો પગ

**રાખ્યો, તો અલી બિન યક્તીને કહ્યું : "અલ્લાહુમ મશ્હદ" , અય અલ્લાહ ગવાહ રહેજે.**

**પછી અલી બિન યક્તીન ઊંટ પર સવાર થયા. ઇમામતના મોઅજિઝાથી થોડીવારમાં મદીના પહોંચી ગયા. પછી ઇમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામ તેનાથી રાજી થઈ ગયા અને મુલાકાતનું માન આપ્યુ.**

## (૧૩) ઈમાનદાર માટે દુઆ

ઇબ્રાહીમ બિન હાશિમ કહે છે કે મેં અરફાતમાં અબ્દુલ્લાહ જુન્દબથી વધારે દુઆ માંગવાવાળો કોઈને નથી જોયો, મેં જોયુ કે હર વખત તેના હાથ આસમાન તરફ ઊંચા ઊઠેલા છે અને તેમની આંખમાંથી આંસુ ના રેલા વહી રહ્યા છે.

મેં તેમને કહ્યું કે મેં અરફાતમાં કોઈ અન્યને આવી રીતે મુનાજાતમાં ડુબેલો નથી જોયો , જેવી રીતે તમને જોયા છે.

અબ્દુલ્લાહ બિન જુન્દબે કહ્યું : ખુદાની ક્સમ ! મેં આ સ્થળે મારા માટે કોઈ દુઆ નથી માગી , મેં જેટલી પણ દુઆઓ કરી તે પોતાના મોઅમિન ભાઈઓ માટે કરી છે. કેમકે હ. ઇમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામથી સાંભળ્યુ હતુ, તેઓએ ફરમાવ્યું : જે પોતાના મોઅમીન ભાઈ માટે તેની ગેર હાજરીમાં દુઆ કરે તો અર્શથી અવાજ આવે છે કે અમે તારા માટે એક લાખ દુઆઓ કબૂલ કરી. અને અમારા ફરિશ્તાઓએ તમારા માટે દુઆ માંગી અને મલાએકાએ આમીન કહી. એટલે હું એ વધારે સારૂ સમજુ છુ કે પોતાના પંડ માટે દુઆ કરવાથી ઉચ્ચતર એ છે કે પોતાના ભાઈઓ માટે

વીણેલા મોતી – ૨, પેજ નં. 176

**દુઆ કરે જેથી તેની પોતાની હાજતો પણ પૂરી થઈ જાય. અને ઈમાની ભાઈઓની ભલાઈ ચાહવાનો સવાબ પણ નસીબ થાય.**

# (૧૪) ખુદાની ખાતર કોઈને દોસ્ત બનાવવો શ્રેષ્ઠ અમલ છે

ખુદાવંદે આલમે હઝરત મૂસા અલય્હિસ્સલામથી ફરમાવ્યું : મૂસા ! તમે પોતાના જીવનમાં કોઈ કામ મારા માટે પણ ર્ક્યું છે ?

મૂસા અલય્હિસ્સલામએ અરજ કરી : પરવરદિગાર ! મેં તારા માટે નમાઝો પડી , અને રોઝા રાખ્યા, તારા માર્ગમાં દાન ર્ક્યા અને તારો ઘણો ઝિક્ર ર્ક્યો.

વીણેલા મોતી – ૨, પેજ નં. 178

ખુદાના તરફથી અવાજ આવી : મૂસા ! નમાઝ જન્નતનો માર્ગદર્શક છે. અને રોઝા દોઝખથી બચવાની ઢાલ છે. ઝકાત અને સદકાઓ રોશની છે. અલ્લાહની યાદ (ઝિક્ર) જન્નતના મહેલો મળવાનું કારણ છે. અને બતાવો કે તમે મારા માટે શું કર્યુ ?

મૂસા અલય્હિસ્સલામએ અરજ કરી : પરવરદિગાર ! તુ પોતે જ મને રસ્તો બતાવ કે એ ક્યો અમલ છે કે જે શુધ્ધ તારા માટે જ છે ?

માનવંત પાલનહારે ફરમાવ્યું : મુસા ! તમે કદી મારા દોસ્તને પોતાનો દોસ્ત અને મારા દુશ્મનને પોતાનો દુશ્મન સમજયો છે ?

આ સાંભળી મૂસા અલય્હિસ્સલામને ખબર પડી કે ખુદાને ખાતર કોઈથી પ્યાર કરવો અને ખુદાની ખુશનુદી માટે કોઈનાથી દુશ્મનાવટ રાખવી સૌથી શ્રેષ્ઠ અમલ છે.

હ. ઇમામ સાદિક અલય્હિસ્સલામથી નકલ કરવામાં આવેલ છે કે આપે ફરમાવ્યું : ક્યામતના દિવસે એક શખ્સને હિસાબ દેવા માટે રજુ કરવામાં આવશે તેના આમાલનામામાં કોઈ નેકી નહીં હોય.

ફરિશ્તા કહેશે : વિચારો, કદી તમે કોઈ સદકાર્ય ર્ક્યું હોય તો બયાન કરો. તે શખ્સ અરજ કરશે કે મેં જીવનમાં અન્ય કોઈતો સારૂ કામ નથી ર્ક્યું , અલબત્તા

ફલાણો શખ્સ એક દિવસ મારા ઘર પાસેથી જઈ રહ્યો હતો, તેણે મારી પાસે વઝૂ માટે પાણી માંગ્યુ , મેં તેને પાણી આપ્યુ, જેનાથી તેણે વઝૂ કરી નમાઝ પડી. એ શખ્સને સાક્ષી આપવા બોલાવવામાં આવશે તો તે કહેશે : પાલનહાર ! તારો બંદો સાચુ કહે છે.

એ સમયે એક અવાજ આવશે : મેં મારા આ બંદાને માફ કરી દીધો, તેને જન્નતમાં લઈ જાઓ.

ક્યામતના દિવસે મોઅમિનને કહેવામાં આવશે કે આ લોકોને ધ્યાનથી જો, તમે કદી કોઈને પાણી પાયુ હોય અથવા કદી કોઈને રોટી ખવરાવી હોય અથવા કોઈની સાથે કોઈ ભલાઈ કરી હોય , તો પછી તમે એ

મોઅમિનનો હાથ પકડી જન્નતમાં ચાલ્યા જાઓ. ત્યાર પછી એ મોઅમિન એવા ઘણા મોઅમિનો જેઓ સાથે તેણે ભલાઈ કરી હશે તેને લઈને પૂલે સેરાત પરથી પસાર થશે તો ફરિશ્તા કહેશે : ખુદાના દોસ્ત (વલી) ક્યાં જવા ચાહો છો ?

અવાજ આવશે : મારા ફિરશ્તાઓ ! તેને પૂલે સેરાત પરથી પસાર થવા દયો , મલાએકા તેને પસાર થવાની રજા આપી દેશે.

## (૧૫) મોઅમિનને રાજી કરવો શ્રેષ્ઠ અમલ છે

હ. ઇમામ હુસૈન અલય્હિસ્સલામએ ફરમાવ્યું કે મારા નાના હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનું ફરમાન છે : નમાઝ પછી શ્રેષ્ઠ અમલ એ છે કે મોઅમિનને એવા સાધનોથી ખૂશ કરવામાં આવે જે ખુદાની નાફરમાનીમાં ન ગણાતા હોય. હું મારા નાનાના આ ફરમાનનો અનુભવ કરી ચુક્યો છું. મેં એક દિવસે એક ગુલામને જોયો કે તે રોટી ખાઈ રહ્યો છે , એક કોળિયો તે પોતે ખાઈ રહ્યો છે અને એક કોળિયો કુતરાને ખવરાવી રહ્યો છે. મેં તેને આમ કરવાનું કારણ

પૂછ્યું તો તેણે કહ્યું : ફરઝંદે રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ! હું ગમઝદા ઇન્સાન છુ અને ઇચ્છુ છુ કે મને આનંદ મળે. એટલા માટે આ પ્રાણીને ખવરાવવાથી મને આનંદ મળે છે. મેં તેને પૂછ્યું : તું ગમગીન શા માટે છે ?

તેણે બતાવ્યુ કે હું એક યહૂદીનો ગુલામ છું અને ઇચ્છુ છું કે તેનાથી મુક્તિ મેળવું.

એટલે હું (ઇમામ અલય્હિસ્સલામ) તેના યહૂદી માલિક પાસે ગયો અને તેને કહ્યું કે તમે મને તમારો ગુલામ વેચી દયો. અને બસો દીનાર એની કીંમત મારાથી લઈ લ્યો.

યહૂદીએ કહ્યું : ગુલામ આપના નામ પર કુરબાન છે, હું તેને આઝાદ કરૂ છું. અને આ બાગ પણ તેને ભેટ આપુ છું. અને બસો દીનાર આપની સેવામાં ભેટ ધરૂ છું.

મેં તેને કહ્યું : તમે મારી પાસેથી બસો દીનાર લઈ લ્યો તો તેણે મારી પાસેથી બસો દીનાર લઈને ગુલામ મને આપી દીધો.

આ ઇમામ અલય્હિસ્સલામની યહૂદી સાથે થતી વાતચીત યહૂદીની પત્નિ સાંભળી રહી હતી. તે ઇમામ અલય્હિસ્સલામની ઉદારતા જોઈ બોલી ઊઠી : હું

**ઇસ્લામ મઝહબ અંગીકાર કરૂ છુ અને મારી મહેરનો હક પતિને માફ કરી દઉં છું.**

**યહૂદીએ આ સાંભળી કહ્યું : હું પણ ઇસ્લામ મઝહબમાં દાખલ થાઉં છું , અને મારી પત્નિને મહેરના બદલામાં આ મકાન ભેટ આપુ છું.**

## (૧૬) જયારે સુંદર સાથ ઇસ્લામનું કારણ છે

હ. ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામએ ફરમાવ્યું : હ. અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ કૂફા જઈ રહ્યા હતા. રસ્તામાં એક એહલે કિતાબ ઝીમ્મી તેમનો સહ પ્રવાસી બન્યો , જે હ. અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામને ઓળખતો ન હતો. તેણે આપને પૂછ્યું : આપ ક્યાં જશો ? આપે ફરમાવ્યું : હું કૂફા જઈશ. જયારે થોડે દૂર ચાલવા પછી તેઓ એ જગ્યા ઉપર પહોંચ્યા, જયાંથી બે માર્ગ પર થતા હતા. એટલે

ઝિમ્મીએ બીજો રસ્તો પકડયો. કેમકે તેને કૂફા જવુ ન હતું.

હ. અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ પણ તેની સાથે એ માર્ગે ચાલવા લાગ્યા. તેણે આશ્ચર્યથી પૂછ્યું : આપ તો કૂફા જવાના હતા , આપ આ રસ્તે કેમ ચાલ્યા આવ્યા ? જયારે કે આ રસ્તો કૂફા નથી જતો.

હ. અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામએ ફરમાવ્યું : હું જાણુ છુ આ માર્ગ કૂફા નથી જતો , તમે થોડો સમય મારા સહ પ્રવાસી રહ્યા છો અને અમને ઇસ્લામના પયગમ્બરે એ નસીહત કરી છે કે સહપ્રવાસીને થોડા પગલા સૂધી આગળ વળાવવા જવુ

જોઈએ એટલે હું તારા સહપ્રવાસી હોવાનો હક અદા કરવા માટે તારી સાથે ચાલી રહ્યો છું.

તેણે કહ્યું : ઇસ્લામે ખરેખર ઉચ્ચ સંસ્કારનો હુકમ આપ્યો છે. અને હું આપને ગવાહ બનાવીને કહુ છુ કે હું મુસલમાન થઈ ગયો છું.

પછી તેણે પોતાનો માર્ગ તજી કૂફાનો રસ્તો લીધો, જેવો તે કૂફા પહોંચ્યો તો તેને જાણ થઈ કે તેનો સહ પ્રવાસી હ. અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ છે. આ જાણી તેણે કુફ્રથી તૌબા કરી. અને આપના હાથ પર ઇસ્લામની બયઅત કરવાનું માન પ્રાપ્ત કર્યું.

## (૧૭) ઇમામની નજરમાં સુંદર રહેવાનું મહત્વ

ઉસૂલે કાફીમાં લખેલું છે કે હાજીઓના રહેબર અબૂ હનીફા અને તેમના જમાઈ વચ્ચે કોઈ વારસા અંગે ઝઘડો થયો. સાસરો જમાઈ આપસમાં લડી રહ્યા હતા, કે હ. ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામના ખાસ શિષ્ય મુફઝઝલ બિન ઉમર કૂફીનું ત્યાંથી નિકળવુ થયું. અને તેમણે તેઓને પરસ્પર ઝઘડતા જોયા. તો એ બંનેને આપ પોતાની સાથે પોતાના મકાન પર લઈ આવ્યા, તેઓથી લડવાનું કારણ પૂછ્યું . તો ખબર પડી કે ચારસો દિરહમ તેમના ભાગમાં નથી આવતા એટલે

લડી રહ્યા છે, તો મુફઝઝલ બિન ઉમરે ચારસો દિરહમ પોતાના ઘરમાંથી લાવી તેઓ વચ્ચે સમાધાન કરાવી દીધુ. અને કહ્યું કે આ રકમ હું મારા ખીચામાંથી નથી દેતો, મારા આકા અને મૌલા હ. ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામએ કંઈક રકમ મને સોંપી હતી કે તેના વડે હું લોકોમાં સમાધાન કરાવી આપું.

## (૧૮) એક વૃધ્ધ સાથે હ. ઇમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામનો વર્તાવ

ઝકરિયા અઊશ બયાન કરે છે કે મેં જોયુ કે હ. ઇમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામ નાફેલા નમાઝો પડી રહ્યા છે , અને તેમની બાજુમાં એક વૃધ્ધ શખ્સ બેઠેલા છે. વૃધ્ધ ઊઠવા લાગ્યા અને ઊભા થઈ પોતાની લાકડી ગોતવા લાગ્યા , ઇમામ અલય્હિસ્સલામએ નમીને તેની લાકડી ઉપાડી અને તેના હાથમાં થંભાવી અને ફરી નિય્યત કરી નાફેલા પડવા લાગ્યા.

વીણેલા મોતી – ૨, પેજ નં. 192

# (૧૯) પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનો સુંદર સાથ

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ કેટલાક સહાબીઓ સાથે પ્રવાસ કરી રહ્યા હતા. રસ્તામાં એક ઝરણા પર ઊતારો કર્યો. તો સહાબીઓએ ઇચ્છયુ કે બકરી ઝબ્હ કરી ખાવાનું તૈયાર કરવામાં આવે. એક સહાબીએ કહ્યું : હું બકરી ઝબ્હ કરીશ.

બીજાએ કહ્યું : હું ખાલ ઊતારીશ.

હ. રસૂલે અકરમ સલ્લલ્લાહો અલચ્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું : હું લાકડીઓ વીણી લાવીશ.

સહાબીઓએ અરજ કરી : યા રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલચ્હે વઆલેહી વસલ્લમ ! આપના સેવકો મોજૂદ છે, આપ જરાય શ્રમ ન ઊઠાવો.

આપે ફરમાવ્યું : હું મારા સાથીઓ પર બોજો બનવા નથી માંગતો, હું મારા હાથે કામ કરીને ખોરાક ખાવા માંગુ છુ, અલ્લાહના નબી દાવૂદ અલચ્હિસ્સલામ પણ મહેનત કરી રોટી ખાતા હતા.

## (૨૦) પ્રવાસનો વહેવાર શિખો

હ. ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ અરજ કરે છે કે મારા દાદા જનાબે અલી ઝયનુલ આબેદીન અલય્હિસ્સલામ જયારે સફરનો નિર્ણય કરતા તો એ લોકો સાથે સફર કરતા , જેઓ તેમનાથી અજાણ હોતા હતા. અને પોતાના માટે તેઓથી એ વાયદો લઈ લેતાં કે તેઓ પણ બીજા મુસાફરની જેમ કામ કરશે.

એક વખત આપ એક અજાણ્યા ટોળા સાથે સફર કરી રહ્યા હતા કે એક શખ્સે આપને ઓળખી લીધા, તો પોતાના સાથીઓને કહ્યું કે આપણાથી એક

મોટી ભુલ થઈ ગઈ કે આપણે ઇમામ ઝયનુલ આબેદીન અલય્હિસ્સલામને આપણા કામમાં સાથે કરતા રહ્યા.

આ સાંભળી બધા સાથીઓ આપની પાસે આવ્યા અને આપના હાથ ચૂમવા લાગ્યા અને માફી માંગવા લાગ્યા : ફરઝંદે રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ! ખુદાના વાસ્તે આપ અમને માફ કરી દયો. અમે આપને ઓળખ્યા નહીં , નહિંતર અમે આપને કોઈપણ કામનો શ્રમ ન આપતે.

ઇમામ અલય્હિસ્સલામએ ફરમાવ્યું : કાંઈ વાંધો નહીં, હું એટલા માટે તો અજાણ્યા લોકો સાથે સફર કરૂ

છુ, જેથી હું પણ તેઓ સાથે હળી મળીને તેઓ જેટલુ કામ કરી શકુ. હું પ્રવાસ દરમિયાન કદાપિ એ પસંદ નથી કરતો કે હું મારા સાથીઓ પર બોજ બનું.

## (૨૧) કેટલિક રિવાયતો

હ. રિસાલત મઆબ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું : જેણે પોતાના પાડોશીને રંજ પહોંચાડયો તો અલ્લાહે તેના પર જન્નતની ખૂશ્બુ હરામ કરી દીધી. અને તેનું ઠેકાણુ દોઝખ છે. અને તે ઘણુ ખરાબ ઠેકાણુ છે. અને જેણે પોતાના પાડોશીનો હક બરબાદ ર્ક્યો તો તેનો અમારી સાથે કોઈ સંબંધ નથી. જિબ્રઈલે પાડોશી વિશે મને એટલી વાર તાકીદ કરી છે કે મને એમ લાગવા લાગ્યુ કે તેઓ પાડોશીને વારસામાં ભાગીદારમાં બનાવી દેશે.

વીણેલા મોતી – ૨, પેજ નં. 198

અને જિબ્રઈલે મને મિસ્વાક (દાંત સાફ કરવા) વિશે એટલી તાકીદ કરી કે હું સમજવા લાગ્યો કે મિસ્વાક વાજિબ કરી દેશે અને રાતના જાગતા રહેવાની જિબ્રઈલે મને એટલી તાકીદ કરી કે મને લાગ્યુ કે મારી ઉમ્મતના નેક લોકો સૂઈ નહીં શકે.

રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું : લોકો તમને પાડોશીઓના હકો વિશે કોઈ જ્ઞાન છે ? તમે પાડોશીઓના હકો વિશે ઘણુ ઓછુ જાણો છો. એ શખ્સનું અલ્લાહ અને આખેરત પર ઈમાન નથી જેનો પાડોશી તેની વર્તણુકથી નચિંત નથી.

જયારે પાડોશી કરજ માગે તો તેને કરજ આપો. અને જયારે પાડોશીને ત્યાં કોઈ ખૂશી હોય તો તેને મુબારકબાદ આપો. અને જો કોઈ ગમીનો પ્રસંગ આવે તો તેમને દિલાસો આપો. અને તેની રજા વગર પોતાનું મકાન ઊંચુ ન કરો કે તેની હવા રોકાઈ જાય. અને જયારે કોઈ ફળ ખરિદયા કરો તો તેના ઘરે પણ ભેટ તરીકે મોકલો અને જો તમે ભેટ ન દઈ શકો તો પછી ફળ સંતાડીને પોતાના ઘરમાં લાવો અને પોતાના બાળકોને ખવરાવો અને તેમને સમજાવો કે તેઓ એના બાળકોને ચિડાવવા તેમની સામે ફળ ન ખાય.

પછી આપે ફરમાવ્યું : પાડોશી ત્રણ પ્રકારના છે. પ્રથમ પાડોશી એ છે જેના તમારા પર ત્રણ હક છે. ઇસ્લામનો હક, પાડોશીનો હક અને સગપણનો હક અને બીજો પાડોશી એ જેના બે હક છે. ઇસ્લામનો હક અને પાડોશીનો હક અને ત્રીજો પડોશી એ છે જેનો એક હક છે અને તે છે પાડોશીનો હક અને આ હક કાફરનો છે.

હ. ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામએ નજાશીના પત્રના જવાબમાં લખ્યું : તમને ખબર હોવી જોઈએ કે મેં મારા પવિત્ર વડવાઓ અને તેમણે હ. અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામથી સાંભળ્યુ છે કે હ. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી

વસલ્લમએ પોતાના સહાબીઓને સંબોધી ફરમાવ્યું : એ શખ્સનું અલ્લાહ અને ક્યામતના દિવસ પર ઈમાન નથી જે રાતે પેટ ભરીને સૂએ અને તેનો પાડોશી ભૂખ્યો હોય.

આ સાંભળી સહાબીઓએ અરજ કરી : યા રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ પછી તો અમે હલાક થઈ ગયા.

આપે ફરમાવ્યું : પોતાનો વધારાનો ખોરાક , પોતાની બચેલી ખજૂરો અથવા થોડી રકમ અથવા જૂના કપડાથી પાડોશીની જરૂર મદદ કરવી જોઈએ. આ તમને ખુદાના કોપથી બચાવી લેશે.

વીણેલા મોતી – ૨, પેજ નં. 202

રસૂલે કરીમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની ખિદમતમાં અરજ કરવામાં આવી કે ફલાણી સ્ત્રી દિવસના રોઝા રાખે છે અને રાત્રે નાફેલા નમાઝો પડે છે , પણ પોતાના પોડોશીઓને જીભથી સતાવે છે. તો આપે ફરમાવ્યું : તેમાં કોઈ ભલાઈ નથી. તે સ્ત્રી જહન્નમી છે. પછી કહેવામાં આવ્યું કે ફલાણી સ્ત્રી માત્ર વાજિબ નમાઝો પડે છે, અને રોઝા માત્ર રમઝાન માસમાં રાખે છે , પણ તે પોતાના પાડોશીઓને સતાવતી નથી . તો આપે ફરમાવ્યું : તે જન્નત વાળાઓમાંથી છે.

મુફઝઝલ બિન ઉમર કહે છે કે હું હ. ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની સેવામાં હાજર થયો , આપે મને પૂછ્યું : તમારો સહ પ્રવાસી કોણ હતો ? મેં કહ્યું : મારો એક દીની ભાઈ મારો સાથી હતો. આપે ફરમાવ્યું : પછી તે ક્યાં ગયો ? મેં કહ્યું : જયારે હું અહીં આવ્યો તો મેં તેને તેના રહેવાના ઠેકાણા વિશે નથી પૂછ્યું.

આપે ફરમાવ્યું : જે કોઈ મોઅમિનની સાથે ચાલીસ ડગલા પ્રવાસ કરે તો ક્યામતના દિવસે અલ્લાહ તઆલા તેનાથી તેના પ્રવાસી સાથી વિશે જરૂર પ્રશ્ન કરશે. (વસાઈલ કિતાબે હજ, પે. ૨૬૭)

હ. ઇમામે મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામએ ફરમાવ્યું : મુનાફિકની સાથે જીભથી સારા સારી રાખો અને ઈમાની બિરાદરો માટે પોતાની મોહબ્બત શુધ્ધ રાખો. અને જો કદી યહૂદી તમારો દોસ્ત હોય તો તેની સાથે સારો વર્તાવ કરો.

બન્ને જગતનું સુખ આ બે શબ્દોના વિવરણમાં છે.

દોસ્તો સાથે પ્રેમ અને દુશ્મનોથી વિવેક.

*-*-*

# પ્રકરણ-૩ : વિષય :- મહેમાનોની ખિદમત

## (૦૧) રણના રહેવાસીની મહેમાન નવાઝી

ક્યસ બિન સઅદ બિન એબાદા અરબનો મશહૂર મહેમાન નવાઝ. કોઈએ તેને પૂછ્યું કે તમે તમારાથી પણ ચડિયાતો કોઈ મહેમાન નવાઝ જોયો છે ?

તેણે કહ્યું : જી , હા. અમે એક રણના રહેવાસી શખ્સના મહેમાન બન્યા. ઘર ધણી મોજૂદ ન હતો. તેની પત્નિએ અમારા મહેમાન ખાનાનો દરવાઝો ખોલ્યો.

જયારે તેનો પતિ આવ્યો તો તેને તેણીએ બતાવ્યુ કે બે મહેમાન આવેલા છે , તો તેણે એક ઊંટ નહેર ર્ક્યો. અને અમારા માટે ખાવાનું તૈયાર ર્ક્યું. પછી બીજા દિવસે તેણે બીજો ઊંટ કાપ્યો અને ભોજન તૈયાર ર્ક્યું. અમે કહ્યું કે આપ શ્રમ ન ઊઠાવો , હજી તો કાલના ઊંટનું ગોશ્ત વધેલુ છે. તેણે કહ્યું : નહીં , અમોને મહેમાનોને વાસી ખાવાનું ખવરાવવાની આદત નથી.

અમને વરસાદના કારણે થોડા દિવસ ત્યાં રોકાવુ પડયુ, તો એ શખ્સ રોજ અમારા માટે એક ઊંટ નહેર કરતો હતો.

જયારે અમે રવાના થયા તો બનવાકાળ અમારો મેઝબાન હાજર ન હતો. અમે તેની પત્નિને બસો દીનાર આપ્યા અને કહ્યું : આ અમારા તરફથી તુચ્છ ભેટ છે.

અમે રકમ આપી રવાના થયા , તો એ સમય સુબ્હે સાદિકનો હતો. જેવો સૂરજ નિકળ્યો તો અમે જોયુ કે એક શખ્સ અમારો પીછો કરતો ઊંટ પર આવી રહ્યો છે.અને તેના હાથમાં નેજો (ભાલો) છે અને તે બરાબર અમને રોકાઈ જવા માટે કહી રહ્યો છે.

અમે રોકાઈ ગયા , જેવો તે નજીક આવ્યો , તો તે અમારો મેઝબાન હતો. તેણે કહ્યું કે આપે ઝિયાદતી

કરી છે. તમારી રકમ પાછી લઈ લ્યો. અમે રોટી વેચતા નથી. અને જો તમે પૈસા પાછા લેવાની આનાકાની કરી તો હું આ ભાલાથી તમારી સાથે લડીશ. એટલે અમે લાચાર થઈને રકમ પાછી લઈ લીધી.

## (૦૨) વસ્ત્રોને મહેમાનોનો ખિદમતનું ધોરણ ન બનાવો

કમાલુદ્દીન મયસમ બહેરાની, એક મશહૂર અને જાણીતા આલિમ થઈ ગયા છે. તેમણે ઘણી કિતાબો લખી છે. જેમાં તેમની કિતાબ નહેજુલ બલાગાહનું વિવરણ મશહૂર છે. તેમની મહત્તા માટે આ પૂરતુ છે કે ખ્વાજા નસીરૂદ્દીન તૂસીએ તેમના વિશે આ શબ્દો કહ્યા છે : ઉસ્તાદે બ શર, અકલે હાદીએ બશર , સય્યદુલ મોહક્કેકીન. મજાલિસુલ મોઅમેનીનના કર્તા તેમના જીવન વૃતાંત બયાન કરતા લખે છે:

તેમણે તેમના જીવનના આરંભમાં એકાંતવાસ અપનાવી રાખ્યો હતો, ઈરાક અને હિલ્લાના આલિમોએ તેમને ઘણા પત્રો લખ્યા કે આપ એકાંતવાસ છોડી અમારે ત્યાં પધારો કેમકે આપ જેવા મોટા આલિમ માટે એક બાજુ બેસવુ ઠીક નથી.

આલિમોના પત્રના જવાબમાં તેમણે આ શેર લખી મોકલ્યો.

મેં મોભાશાળી બનવા માટે ઘણી વિદ્યાઓ શીખી,  પરંતુ નિર્ધનતા અને તંગદસ્તીએ મને ઉન્નત સ્થાને પહોંચવા ન દીધો. આ જોઈને મને ખબર પડી કે

બધી ખૂબીઓની કોઈ ઈજ્જત નથી. અને પૈસો આ બધા માટે ઈજ્જત સમાન છે.

હિલ્લાના આલિમોએ જવાબમાં લખ્યુ કે આપની ગેર સમજુતિ થઈ છે , પૈસો જ બધુ કંઈ નથી હોતો. ઇન્સાનનું માન ઇલ્મ અને અદબથી ઉન્નત થાય છે. એટલે આપે નિર્ધનતાના કારણે જરાએ ગભરાવુ ન જોઈએ. આપની પાસે અલ્લાહની વિશેષ ભેટ ઇલ્મ મૌજૂદ છે. આપ પધારો , અમે આપનો ઇન્તેઝાર કરી રહ્યા છીએ. તેના જવાબમાં અલ્લામા મયસબ બહેરાનીએ આ શેર લખ્યા.

અમુક લોકોએ જાણ્યા વગર કહી દીધુ કે ઇન્સાનનું માન પાન તેના ખાનદાનથી થાય છે. હું કહુ છુ કે એક ડાહ્યા પુરૂષનું કથન છે કે ઇન્સાનનું મહત્વ પૈસા ટકાથી છે. જેની પાસે ધન ન હોય તેની પત્નિ પણ તેના તરફ લક્ષ નથી આપતી.

પરંતુ આ બધા બહાનાઓ છતા આલિમોનો આગ્રહ ચાલુ રહ્યો ,  તો મયસમ બહેરાની ઝિયારતના ઇરાદાથી ઈરાક રવાના થયા. અને ફાટયા તુટયા કપડા પહેરી એક મેસામાં ચાલ્યા ગયા. મેસામાં જેટલા આલિમો અને વિદ્યાર્થીઓ હતા આપે બધાને સલામ કરી

પણ કોઈએ પણ આપની સલામનો ઉષ્માભર્યો જવાબ ન આપ્યો.

પછી આપ આલિમોના કમરામાં ગયા , જયાં આલિમો એક મસઅલા પર ચર્ચા કરી રહ્યા હતા , ત્યાં કોઈએ આપને બેસવાની જગ્યા સૂધ્ધાં ન આપી , એટલે આપ આલિમો બેઠા હતા ત્યાં છેલ્લે જઈને બેસી ગયા. મસઅલો ઘણો ગુંચવણ ભર્યો હતો , આલિમોથી કોઈ પણ રીતે તે મસઅલો ઉકેલી શકાતો ન હતો , અલ્લામા બહેરાની એ મસઅલાનો જવાબ આપ્યો જે અત્યંત દલીલથી ભરપૂર હતો. પણ કોઈએ તેમના જવાબને લક્ષમાં લેવા જેવો ન સમજયો. પછી ખાવાનો સમય

આવ્યો, અને સુફરો પાથરવામાં આવ્યો તો તેમને સુફરા પર બેસવાની કોઈએ દાવત ન આપી. બલ્કે એક અલગ પ્લેટમાં તેમને ખાવાનું આપવામાં આવ્યું.

પછી બીજા દિવસે આપે ભભકાદાર કપડા પહેર્યાં અને એક મોટો અમામો માથા પર બાંધ્યો અને એ જ મેસામાં પધાર્યાં. તેમના કપડા જોઈને હોંશભેર બધાએ તેમનાથી હાથ મેળવ્યા અને ખબર અંતર પૂછયા. પછી તેઓ આલિમના કમરામાં પધાર્યાં તો તેમને સભાના મુખ્ય સ્થાને જગ્યા આપવામાં આવી અને ચર્ચા દરમિયાન ઢંગધડા વગરના વાક્યો કહ્યા તો પણ તેમની વાહ વાહ કરવામાં આવી. અને જયારે

સુફરો પાથરવામાં આયો તો આપને શ્રેષ્ઠ વાસણમાં ભોજન પીરસવામાં આવ્યું.

કમાલુદ્દીન મયસમ બહેરાનીએ પોતાની બાંયો શાકમાં બોળી અને બાંયોને કહેવા લાગ્યા કે ખાવાનું ખાઓ, આ તમારા માટે છે.

મેસાના બધા આલિમો અને વિદ્વાનોએ આ જોઈ આશ્ચર્ય વ્યક્ત કર્યું અને આમ કરવાનું કારણ પૂછ્યું તો તેમણે કહ્યું કે આ સારૂ ખાવાનું કપડાના કારણે છે. એટલે કપડાનો હક છે કે આ ખાવાનું ખાય. હું તો કાલે પણ અહીં આવ્યો હતો પણ કોઈએ મારા તરફ ધ્યાન પણ ન આપ્યુ. અને તમે લોકોએ સુફરા પર પોતાની

સાથે બેસારવાનું પણ ઉચિત ન જાણ્યું. અને આજ જયારે હું અમીરો અને મોટા આલિમો જેવા વસ્ત્રો પરિધાન કરી અહીં આવ્યો તો દરેકે મારૂ સ્વાગત કર્યું. આ કારણ સર તો મેં તમને લખ્યુ હતુ કે આજકાલ ઇન્સાનના માન પાનનું ધોરણ ઇલ્મ નથી બલ્કે ધન દૌલત છે.પણ તમે કોઈ પણ રીતે મારી વાત માનવા તૈયાર થયા ન હતા. આજના અનુભવે આ હકીક્ત પૂરવાર કરી દીધી કે ઇલ્મ અદબની તમારે ત્યાં કોઈ કદરો કીંમત નથી. હા , તમારે ત્યાં કીંમત અને કદર હોય તો તે માત્ર અને માત્ર વસ્ત્રો અને પૈસાની છે.

**પછી બધા આલિમોએ આપની માફી માગી અને અફસોસ વ્યક્ત કર્યો**

# (03) મહેમાન કેટલો લાગણીશીલ હોય છે

મુઆવિયા બિન અબી સુફયાનના સુફરા પર એક શખ્સ બેસી ખાવાનું ખાઈ રહ્યો હતો. મહેમાને બટકુ તોડયુ તો મુઆવિયાએ અવાજ આપી કોળિયામાં વાળ છે, તે કાઢી નાખો. મહેમાન તરત જ સુફરો છોડી ઊભો થઈ ગયો અને કહ્યું : હું એવા શખ્સના સુફરા પર બેસી ખાવુ નથી ખાઈ શક્તો જે મહેમાનના કોળિયા પર એટલુ ધ્યાન પુર્વક જોતો હોય કે તેને તેમાં વાળ સુધ્ધા નજર આવતો હોય.

## *(૦૪) હ. ઇમામ હસન અલય્હિસ્સલામની મહેમાન નવાઝી*

કાળા રંગનો એક કદરૂપો શખ્સ ઇમામ હસન અલય્હિસ્સલામના સુફરા પર બેસી ખાવાનું ખાઈ રહ્યો હતો. અને બેસબરાની જેમ ઊતાવળે હાથ ચલાવી રહ્યો હતો. હ. ઇમામ હસન અલય્હિસ્સલામ મહેમાનને ખાતો જોઈ ખૂશ થઈ રહ્યા હતા.

આપે ફરમાવ્યું : આરાબી ! તમે શાદી કરી છે કે એકલા છો ?

તેણે કહ્યું : હું પરિણીત છું.

વીણેલા મોતી – ૨, પેજ નં. 220

આપે ફરમાવ્યું : તમારે કેટલા બાળકો છે ?

આરાબીએ કહ્યું : મારી આઠ પુત્રીઓ છે. રંગ રૂપે હું તેઓથી વધારે સુંદર છું. અને ખાઉધરા હોવાની દ્રષ્ટિએ તેઓ મારાથી વધારે ખાઉધરા છે.

હ. ઇમામ હસન અલય્હિસ્સલામએ આ સાંભળી સ્મિત વેર્યું અને તેને દસ હજાર દિરહમ અર્પણ કર્યા અને ફરમાવ્યું : આ તારો અને તારી પત્નિ અને આઠ પુત્રીઓનો ભાગ છે.

## (૦૫) ઇન્સાન કેટલા દિવસ મહેમાન રહી શકે છે.

હારૂન રશીદ અબ્બાસીના જોર જુલ્મથી ત્રાસી હ. ઇમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામના પુત્ર જ. કાસિમે ગુપ્તવાસ અપનાવ્યો. પોતાની જાન બચાવવા માટે એક દિવસ તેઓ નહેરે ફુરાત પાસે એક સ્થળેથી પસાર થઈ રહ્યા હતા કે તેમણે નાની નાની બે બાળકીઓને જોઈ કે જેઓ એક બીજા સાથે રમી રહી હતી. એક બાળકીએ પોતાની વાતના પુરાવા માટે આમ ક્સમ ખાધી : (બેહક્કે અમીરે સાહેબિલ ગદીર) મને

જનાબે અમીર અલય્હિસ્સલામની ક્સમ જેમની ઇમામતનું એલાન ગદીરમાં થયું.

જ. કાસિમ આ સાંભળી મનમાં ઘણા ખૂશ થયા કે આ બાળકીઓ મોઅમિન મા-બાપની ઔલાદ છે.

જ. કાસિમે એક છોકરીને પૂછ્યું : તમે જે અમીરની ક્સમ ખાધી છે તે કોણ છે ?

છોકરીએ કહ્યું : તેઓ હ   સનૈન કરીમયનના પિતા અબુલ હસન અલી બિન અબી તાલિબ અલય્હેમુસ્સલામ છે.

બાળકીનો જવાબ સાંભળી આપ ઘણા ખૂશ થયા કે પોતાના બાપદાદાના દોસ્તો પાસે આવ્યા છે.

જ. કાસિમે કહ્યું : મને આ કબીલાના સરદારથી મેળવો.

બાળકીએ કહ્યું : મારો બાપ કબીલાનો સરદાર છે.

તે જ. કાસિમને લઈને પોતાના પિતા પાસે આવી. જ. કાસિમ ત્રણ દિવસ સૂધી તેમના મહેમાન રહ્યા, ચોથે દિવસે આપે કબીલાના સરદારને કહ્યું : મેં પયગમ્બરે ઇસ્લામની એક હદીસ સાંભળી છે કે મહેમાની ત્રણ દિવસ હોય છે. ત્યાર પછી જો કોઈ કોઈના ઘરથી ખાવાનું ખાય છે તો તે ઘરનો સદકો હોય છે. એટલા માટે હું આપના ઘરનો સદકો ખાવુ પસંદ

નથી કરતો, આપ મને કોઈ કામ સોંપો જેથી હું સદકો ખાવાથી બચી જાઉં.

કબીલાના સરદારે કહ્યું : હું આપના માટે કોઈ કામ ગોતીશ. પરંતુ જનાબે કાસિમે ફરમાવ્યું : આપ આપની બેઠકમાં પાણી પીવરાવવાનું કામ મને સોંપી દયો.

તેણે સ્વિકારી લીધુ. ત્યાર પછી જ. કાસિમ કબીલાના સરદારની બેઠકમાં પાણી પીવરાવ્યા કરતા હતા. એક વખત કબીલાનો સરદાર અર્ધી રાતના ઘરની બહાર નિકળ્યો તો જોયુ કે કાસિમ અલ્લાહની બંદગીમાં તલ્લીન છે.અને અલ્લાહ તઆલાથી આ રીતે મુનાજાત

કરી રહ્યા છે કે તેમને આજુ બાજુનું કંઈ ભાન નથી. કાસિમની આ સ્થિતિ જોઈ સરદાર ઘણો પ્રભાવિત થયો.

જેવી સવાર પડીતો તેણે પોતાના કબીલાના સભ્યોને ભેગા કરી કહ્યું : હું મારી પુત્રીના નિકાહ કાસિમથી કરવા ચાહુ છું. બધા સભ્યોએ આ નિર્ણય પર ખૂશી બતાવી. અલ્લાહ તઆલાએ કાસિમને એક પુત્રી અર્પણ કરી. બાળા ત્રણ વરસની થઈ તો જ. કાસિમ બીમાર પડયા અને દિન પ્રતિ દિન તેમની બીમારી વધતી ગઈ. કબીલાનો સરદાર જ. કાસિમના માથા આગળ બેસી તેના કુટુંબ કબીલા વિશે પૂછવા લાગ્યો. જનાબે કાસિમે કંઈક એ પ્રમાણે જવાબો આપ્યા કે તેણે

અચાનક કહ્યું : બેટા , હું જાણી ગયો તુ હાશમી છે. હઝરત કાસિમે ફરમાવ્યું : જી હા, હું ઇમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામનો પુત્ર કાસિમ છું.

આ સાંભળી તે પોતાનું મોં અને માથુ પીટવા લાગ્યો કે હાય, હું મારી સભામાં આપથી ભીશ્તીનું કામ લેતો રહ્યો, હું ઇમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામને કેવી રીતે મોં દેખાડીશ ?

જ. કાસિમે ફરમાવ્યું : આપે મારી ઘણી આગતા સ્વાગતા કરી છે. ઇ.અ. આપ જન્નતમાં મારી સાથે હશો અને હું આપની શફાઅત કરીશ.

સાંભળો ! હું દુનિયાથી કૂચ કરવાવાળો છું. મારા મરવા પછી મને ગુસ્લ કફન આપી દફન કરી દેજો. અને પછી જયારે હજના દિવસો આવે તો મારી પત્નિ અને મારી પુત્રીને સાથે લઈને ખુદાના ઘરની ઝિયારત કરવા ચાલ્યા જજો. અને પાછા ફરતી વેળા મદીનાનો રસ્તો લેજો. જયારે તમે મદીના પહોંચો તો શહેરના આરંભમાં મારી પુત્રીને પગપાળા કરી દેજો. તમે પોતે તેની પાછળ પાછળ ચાલજો. મારી પુત્રી ચાલતા ચાલતા એક મોટી હવેલીના દરવાજા પર પહોંચી જશે. અને એ જ અમારૂ ઘર છે. મારી બેટી એ

ઘરમાં ચાલી જશે. એ ઘરમાં આગેવાન વિહોણી સ્ત્રીઓ છે અને મારી મા પણ ત્યાં મૌજૂદ હશે.

જ. કાસિમની વફાત થઈ ગઈ અને તેની કફન દફન વિધિ થઈ ગઈ ત્યાર પછી શોક ગ્રસ્ત ખાનદાન મક્કા ગયુ. હજ પતાવી મદીના પહોંચ્યા. જેવુ મદીના શહેર શરૂ થયું સરદારે નવાસીને મહેમિલથી ઊતારી અને પોતે તેની પાછળ ચાલવા લાગ્યો અને કહ્યું : બેટી તમે પોતાનું ઘર શોધી લ્યો. ચાલતા ચાલતા બાળકી એક મોટી હવેલીના દરવાજા પર ઊભી રહી ગઈ ત્યાં પોતાના પિતાની ખુશબૂ અનુભવી , થોડીવાર સૂધી રોતી રહી પછી હવેલીમાં દાખલ થઈ ગઈ. પવિત્ર ઔરતોએ

જયારે આ બાળકીને જોઈ તો પૂછવા લાગી , તમે કોણ છો ?

પણ બાળકીએ કોઈના સવાલનો જવાબ ન આપ્યો, બરાબર રોતી રહી. જ. કાસિમની મા આવ્યા અને બાળકીને ગોદમાં લઈ રોવા લાગ્યા અને બાળકીને પ્યાર કરવા લાગ્યા અને ફરમાવ્યું : આ મારા કાસિમની દીકરી છે.

બધી પરદાવાળી સ્ત્રીઓ હૈરાન થઈ પૂછવા લાગી : આપે કેવી રીતે જાણ્યું કે આ કાસિમની પુત્રી છે ?

બીબીએ ફરમાવ્યું : તમે બાળકીને ધ્યાનથી જુઓ, આ હુબહુ મારા કાસિમની જેવી છે. ત્યારે બાળકીએ બતાવ્યુ : મારી મા અને નાના પણ દરવાજા પર હાજર છે.

જયારે જ. કાસિમની માએ મૌતના ખબર સાંભળ્યા તો બીમાર પડી ગયા અને ત્રણ દિવસ પછી તેમની વફાત થઈ ગઈ.

જ. કાસિમની મઝાર હિલ્લા શહેરથી છ ફરસખના અંતરે બાખમરીમાં મૌજૂદ છે. અને આ શહેરનું અર્વાચીન નામ મદીનતુલ કાસિમ છે.

## (૦૬) મહેમાનની ખિદમત કરવી દરેક શખ્સ પર વાજિબ છે.

હ. ઇમામ હસન અસ્કરી અલય્હિસ્સલામએ ફરમાવ્યું : એક વખત એક બાપ બેટો હઝરત અલી અલય્હિસ્સલામના મહેમાન બન્યા. આપે તેઓને ઊંચા સ્થાને બેસાર્યા અને પોતે ખૂદ તેઓની સામે બેઠા. પછી આપે ખાવાનું લાવવાનો હુકમ આપ્યો. જયારે બન્ને મહેમાન ખાવાનું ખાઈ ચુક્યા તો કમ્બર ચલમચી, લોટો અને ટુવાલ લઈને તેઓના હાથ ધોવરાવવા આવ્યા. કમ્બર ઇચ્છતો હતો કે બાપના હાથ ધોવરાવે. હઝરત

અલી અલય્હિસ્સલામ પોતાની જગ્યાએથી ઊભા થયા અને કમ્બરના હાથમાંથી આપે લોટો લઈ લીધો અને ઇચ્છયુ કે આપ તેના હાથ ધોવરાવે. તો મહેમાને ઘણા વિનય પુર્વક કહ્યું : મૌલા ! ખુદાની ખાતર આપ આ શ્રમ ન ઊઠાવો. હું મારા ખુદાને શું જવાબ આપીશ કે અલી અલય્હિસ્સલામએ મારા હાથ ધોવરાવ્યા.

હઝરત અલી અલય્હિસ્સલામએ ફરમાવ્યું : તમને મારા હકની કસમ તમે આરામથી બેસી રહો. જેવી રીતે તમને કમ્બરના હાથ ધોવરાવવા પર વાંધો નહોતો એવી રીતે મારા હાથ ધોવરાવવા પર પણ વાંધો ન ઊઠાવો.પછી આપે તેના હાથ ધોવરાવ્યા.

વીણેલા મોતી – ૨, પેજ નં. 233

ત્યાર પછી આપે લોટો પોતાના પુત્ર મોહમ્મદે હનફિયાને આપ્યો અને ફરમાવ્યું કે મેં બાપના હાથ ધોવરાવ્યા તમે બેટાના હાથ ધોવરાવો. હું પોતે જ બન્નેના હાથ ધોવરાવત પણ એ ઇચ્છુ છુ કે બાપ બેટામાં કંઈક ફરક જરૂર રહેવો જોઈએ. પછી મોહમ્મદે હનફિયાએ બેટાના હાથ ધોવરાવ્યા.

હ. ઇમામ હસન અસ્કરી અલય્હિસ્સલામએ ફરમાવ્યું : જે આ કામમાં હ. અલી અલય્હિસ્સલામની પયરવી કરશે તો અલી અલય્હિસ્સલામનો ખરો શીઆ હશે.

## (૦૭) આવી હાલતમાં પણ મહેમાનને ખાણુ ખવરાવ્યુ

અલ્લામા મજલિસીએ બેહારૂલ અન્વારના નવમાં ભાગમાં સામાન્ય તફસીરોથી નકલ કર્યું છે કે એક શખ્સ રસૂલે કરીમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના પાસે આવ્યો અને ભૂખની શિકાયત કરી. આપે પોતાની બીબીઓને ફરમાવ્યું કે કોઈની પાસે કંઈ ખાવાનું હોય તો આ મહેમાનને આપો. બધી બીબીઓએ અરજ કરી અમારી પાસે પાણી સિવાય કંઈ નથી.

**પછી આપે મસ્જિદમાં ફરમાવ્યું : કોઈ છે જે આજે આ મહેમાનને ખાવાનું ખવરાવે ?**

**હઝરત અલી અલય્હિસ્સલામએ અરજ કરી : યા રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ! આ મહેમાન આજ રાત અમારો મહેમાન થાશે.**

**હઝરત અલી અલય્હિસ્સલામ મહેમાનને સાથે લઈ ગયા અને જનાબે સય્યદા સલામુલ્લાહે અલય્હાથી પૂછ્યું કે મહેમાન આવ્યો છે ? ઘરમાં ખાવા માટે કંઈ છે ?**

જનાબે સય્યદા સલામુલ્લાહે અલય્હાએ કહ્યું : બાળકોનું થોડુ ખાવાનું હાજર છે. પણ હું મહેમાનને મારા બાળકો પર સરસાઈ આપીશ.

હ. અલી અલય્હિસ્સલામ ખાવાનું લઈને મહેમાન પાસે આવ્યા. જેવુ મહેમાને ખાવાનું શરૂ કર્યું. આપે દીવો ઠારી નાખ્યો. અને મોઢુ ચલાવતા રહ્યા. મહેમાન એમ સમજયો કે મારો મેઝબાન પણ મારી સાથે ખાઈ રહ્યો છે. મહેમાને પેટ ભરીને ખાધુ. રાત વીતી થઈ ,  જયારે સવાર પડી તો હઝરત અલી અલય્હિસ્સલામ ફજરની નમાઝ પડવા નબવી મસ્જિદમાં પધાર્યા. પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો

અલય્હે વઆલેહી વસલ્લમએ આપની સામે જોયુ અને આપની આંખથી અશ્રુ વહેવા લાગ્યા અને ફરમાવ્યું : અલ્લાહ તઆલા તમારા રાતના વર્તનથી ઘણો ખૂશ થયો છે અને હમણા હમણા જિબ્રઈલ મારી પાસે આ આયત લઈને આવ્યા છે. "તેઓ પોતાની જાત પર બીજાઓને સરસાઈ આપે છે. જો કે તેઓ પોતે વધારે જરૂરતવાળા હોય છે."

# (૦૮) મહેમાનીનો તરીકો

હકીમ સઅદુ દ્દીન નઝારી , શેખ મુસ્લેહુ દ્દીન સઅદી શીરાઝીના સમકાલીન હતા અને બન્ને બુઝુર્ગો વચ્ચે ઘણો સ્નેહ સંબંધ હતો. શેખ સઅદી હકીમ નઝારીને મળવા માટે બે વખત કોહિસ્તાન આવ્યા. અને હકીમ નઝારી પણ શેખ સઅદીને મળવા માટે કેટલીએ વાર શીરાઝ પધાર્યા.

એક વખત હકીમ સઅદુ દ્દીન ત્યાં મહેમાન બન્યા. શેખ સઅદીએ તેમની ઘણી વધારે આગતા સ્વાગતા કરી જેના કારણે હકીમ વધારે વખત

શીરાઝમાં રોકાઈ ન શક્યા.અને વિદાય વેળા સઅદીને કહ્યું : અમે તો જઈ રહ્યા છીએ , પરંતુ આવી મહેમાન નવાઝીની રીત આ ન હતી જે તમે બજાવી લાવ્યા.

શેખ સઅદીએ માફી માગી કે હું તમારી સારી રીતે ચાકરી ન કરી શક્યો.

થોડા સમય પછી શેખ સઅદી હકીમ નઝારીને મળવા માટે કોહિસ્તાન આવ્યા અને જયારે બીરજંદ પહોંચ્યા તો તેમણે હકીમને પોતાના ખેતરમાં કામ કરતા જોયા, હકીમે શેખ સઅદીને પોતાના ઘરે મોકલી દીધા અને પોતે પોતાના કામમાં વળગી ગયા. જયારે કામ પુરૂ થયું તો પોતાના મહેમાન પાસે આવ્યા અને

બેસી ગયા અને ખાવા પીવામાં કોઈ પણ જાતનો ભપકો ન દેખાડયો. એ જ સામાન્ય અને સાદુ ભોજન જે નિયમ પ્રમાણે તેમના ઘરમાં પાક્યા કરતુ હતું. એ જ ભોજન મહેમાનને ખવરાવતા રહ્યા. શેખ સઅદી ત્રણ મહિના તેમના મહેમાન રહ્યા અને જયારે હકીમે જોયુ કે શેખ પાછા જવાનો ઈરાદો કરી રહ્યા છે તો તેમણે ઘણી આગતા સ્વાગતા કરી અને દોસ્તોને કહ્યું કે શેખ પાછા જઈ રહ્યા છે એટલે તમો પણ તેની મહેમાની કરો. પૂરો એક મહીનો શેખને દાવતો મળતી રહી. જયારે શેખ રવાના થવા લાગ્યા તો હકીમ નઝારીએ કહ્યું : મહેમાન નવાઝીની રીત એ છે કે ઠાઠમાઠથી ખાલી હોય જેથી

**મહેમાન થોડા દિવસ પોતાના યજમાન પાસે રોકાઈ શકે.**

# (૦૯) મહેમાન નવાઝીનો ખર્ચો ઝમાનાના ઇમામે આપ્યો

બેહરયનના અમુક શીઆઓએ એક બીજાથી કરાર ક્ર્યો કે તેઓ એક બીજાની મહેમાની કરશે. આ ક્રમ ચાલતો રહ્યો ત્યાં સૂધી કે એક નિર્ધન શીઆનો વારો આવ્યો. એ બીચારા પાસે મહેમાની કરવાના પૈસા નહોતા. ઘણો મુંઝાણો, પોતાની મુંઝવણ દૂર કરવા માટે જંગલમાં ચાલ્યો ગયો. એ જ અરસામાં એક શખ્સ દેખાયો અને તેણે કહ્યું કે શહેરમાં ફલાણા વેપારી પાસે જાઓ અને કહો કે તેણે જે બાર અશરફીઓને અમારા

માટે મન્નત માની હતી તે આપી દયો. તેની રકમ લઈ દોસ્તોની મહેમાની કરો.

તેણે પૂછ્યું કે જો તાજીર પૂછે કે મને કોણે મોકલ્યો છે ? તો ફરમાવ્યું : તમે કહેજો કે મોહમ્મદ બિન હસન બિન અલી અલય્હેમુસ્સલામ એ મોકલ્યો છે.

એ શખ્સ વેપારી પાસે ગયો. અને પયગામ આપ્યો. વેપારીએ પૂછ્યું : આ શબ્દો મોહમ્મદ બિન હસન અલય્હેમસ્સલામએ પોતે તમને કહ્યા હતા ?

તેણે કહ્યું : જી હા , વેપારીએ કહ્યું : તમે તેને ઓળખો છો કે તેઓ કોણ છે ? ખુદાની ક્સમ એ ઝમાનાના માલિક હતા. મેં બાર અશરફી તેમની નઝર

માટે રાખી હતી. આપ છ અશરફી લઈ લ્યો અને બાકી છ અશરફીઓ મને આપો. હું તેને મારી પાસે તબર્રૂક તરીકે રાખીશ.અને તેના બદલે તમને બીજા પૈસા આપીશ.

આમ ઇમામ સાહેબુઝઝમાન અજ્જલલ્લાહો તઆલા ફરજહુ શરીફે મહેમાન નવાઝીનો ખર્ચ પોતા પાસેથી ચુકવ્યો.

## (૧૦) રણના રહેવાસી કેવી રીતે મહેમાની કરે છે

મરહૂમ નૂરી દારૂસ્સલામ જિલ્દ બીજીમાં લખે છે કે બસરા શહેરમાં એક ઈસાઈ વેપારી રહેતો હતો. તેનો કામ ધંધો ધમ ધોકાર ચાલી રહ્યો હતો. તેના વેપારે એટલી પ્રગતિ કરી હતી કે તેના માટે બસરા શહેર નાનુ પડવા લાગ્યુ.બગદાદના વેપારીઓથી તેની દોસ્તી હતી. તેઓએ તેને સલાહ આપી કે બસરા સરખામણીમાં નાનુ શહેર છે. ત્યાં તમારો વેપાર કંઈ વધારે પ્રગતિ નહીં કરે. તમારા માટે વધારે સારૂ એ છે કે તમે બગદાદ આવી જાઓ અને અહીં ધંધો શરૂ કરો.

વીણેલા મોતી – ૨, પેજ નં. 246

વેપારીએ લોકોથી જે કંઈ લેણું હતુ બધુ વસૂલ ક્યું. પોતાનો બધો સામાન વેચ્યો અને દીનારોની થેલીઓ ભરી બગદાદ તરફ રવાના થઈ ગયો.

રસ્તામાં ડાકૂઓએ કાફલા પર હુમલો ક્યોં અને બીજા મૂસાફરો સાથે તેનો પણ બધો સામાન લૂંટી લીધો. આમ એ વેપારી રોટી પાણીનો મોહતાજ થઈ ગયો. તેણે વિચાર્યુ કે હવે બસરા પાછા જવુ બેકાર છે. અને બગદાદ જવુ શરમિંદગી ઊઠાવવા જેવુ છે.જિંદગીભરની એ મૂડી હતી જે ડાકૂ લઈ ગયા. આમ વિચારી કાફલાથી છુટો થઈ ગયો અને રણના અરબોનો મહેમાન બની ગયો.

રણના રહેવાસી અરબોનો કાયદો છે કે તેઓ પોતાના તંબુની નજીક એક મોટો તંબુ મહેમાનો માટે લગાવે છે અને જયારે કોઈ તેઓ પાસે મહેમાન આવી જાય તો તેને એ તંબૂમાં ઊતારો આપે છે.

ગમે તેમ, તે ઈસાઈ વેપારી વિવિધ ટોળાઓ સાથે મહેમાન રહ્યો, અંતે તે એક કબીલા પાસે મહેમાન બન્યો. આ કબીલાએ તેને ઘણો પ્યાર અને મોહબ્બત આપ્યા. થોડા દિવસ પછી તે કંઈક ગમગીન થઈ ગયો. કબીલાવાળાઓએ તેને ગમગીનીનું કારણ પૂછ્યું , તો તેણે કહ્યું : હું તમારા પર નકામો બોજ બની બેઠો છું. પણ આપ લોકોનો પ્રેમ જોઈને કોઈ બીજી જગ્યાએ

જવાનું મન નથી થતુ. કબીલા વાળાઓએ કહ્યું કે આપે ચિંતા કરવાની જરૂરત નથી , અમારે ત્યાં આવનારનો ખર્ચ કોઈ એક વ્યક્તિ ને ઊઠાવવો નથી પડતો. . અમે વરસના આરંભમાં એક રકમ મહેમાનો માટે ખાસ અલગ કાઢીએ છીએ અને એ રકમ કબીલાના સરદાર પાસે જમા કરાવી દઈએ છીએ. એટલે આપને ત્યાં રહેવાથી અમારા ખર્ચામાં કોઈ વધારો થતો નથી અને આપના જવાથી અમને કોઈ પ્રકારની બચત નહીં થાય. એટલે આપ આરામથી અમારે ત્યાં રહી શકો છો.

થોડા દિવસ વીત્યા હશે કે મોહર્રમનો ચાંદ નજર આવી ગયો અને આજૂ બાજૂના તંબુ વાસીઓ

પગપાળા આ કબીલા પાસે આવ્યા. પછી આ કબીલાએ પોતાના ખૈમાઓ ઉપાડી લીધા અને અઝાદારીની રસ્મો બજાવવા રવાના થઈ ગયા. આ લુંટાએલ વેપારી પણ તેઓ સાથે હતો. પ્રથમ એ લોકો નજફે અશરફ આવ્યા અને હ. અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામને તેમના સંતાનનો પૂરસો આપ્યો. પછી નજફે અશરફથી કરબલાએ મોઅલ્લા આવ્યા અને શબે આશૂર (દસમીની રાતે) ઇમામ હુસૈન અલય્હિસ્સલામના રોઝામાં દાખલ થયા. કબીલા વાળાઓએ પોતાના જોડા અને બીજા સામાન આ ઈસાઈ મહેમાનને હવાલે ર્ક્યો કે તમે અમારા સામાનની સંભાળ રાખો, અમે આજ રાત ઇમામ

હુસૈન અલય્હિસ્સલામના રોઝામાં વીતાવશુ , અને કાલે ઝોહર પછી અમે આ સામાન તમારી પાસેથી પાછો લઈ લેશુ.

ઈસાઈ વેપારી ઇમામે મઝલૂમના સહેનના એક ખૂણામાં સામાન સાચવવા બેસી ગયો. સફરમાં થાક ઘણો લાગ્યો હતો એટલે તેને ઉંઘ આવી ગઈ. સ્વપ્નમાં જોયુ કે હરમ મુબારકથી હ. ઇમામ હુસય્ન અલય્હિસ્સલામ બહાર પધાર્યા. અને તેમની સાથે બે જવાન હતા. આપે જવાનોને હુકમ આપ્યો કે તેઓ કાગળ અને કલમ પકડે અને અમારા બધા ઝવ્વારોના નામ લખી લે. જવાનોએ બધા ઝવ્વારોના નામ લખી

ઇમામ અલય્હિસ્સલામની સેવામાં રજૂ કર્યા. આપે ઝવ્વારનું સાંકળીયુ જોયુ અને ફરમાવ્યું કે નહીં , હજી અમુક ઝવ્વારના નામ લખવાના રહી ગયા છે , જાઓ, ફરી સારી રીતે અમારા ઝવ્વારોના નામ લખીને લાવો.કોઈ ઝાઈરનું નામ લખવાથી રહી ન જાય.બન્ને જવાન ઇમામ અલય્હિસ્સલામના હુકમને માન આપી ઘણી ચોક્સાઈથી ઝવ્વારના નામો લખવા લાગ્યા , અને અંતે લીસ્ટ ઇમામ આલી મકામની ખિદમતમાં રજૂ કર્યું. આપે લીસ્ટ જોઈ ફરમાવ્યું કે હજી કોઈ ઝાઈરનું નામ લખવાનું રહી ગયુ છે. આ સાંભળી જવાનોએ અરજ કરી : મૌલા ! અમે બધા ઝવ્વારોના નામો લખી લીધા

છે, પણ અમે આ શખ્સનું નામ નથી લખ્યુ કારણ કે તે ઈસાઈ છે.

આ સાંભળી ઇમામ અલય્હિસ્સલામએ ફરમાવ્યું : એ સાચુ છે કે આ ઈસાઈ છે , પરંતુ એ તો જુઓ કે તે આપણો મહેમાન છે. તેનું નામ પણ ઝવ્વારોની લીસ્ટમાં લખો કેમકે તે પણ આપણા સહેનમાં આવી ગયો છે.

જેવો ઈસાઈ ઉંઘમાંથી જાગૃત થયો તો એકાએક રડવા લાગ્યો અને એ જ સમયે મુસલમાન થઈ ગયો.

## (૧૧) સલમાન ફારસીની મહેમાન નવાઝી

સય્યદ મોહમ્મદ બાકિર કઝવીની ઈરાકના આરિફ બિલ્લાહ (અલ્લાહની મઅરેફત ધરાવનારા) આલિમોમાંથી હતા. આપ કરામતો ધરાવતા હતા. અમારો આશય અહીં કિતાબમાં તેમના ચમત્કારો લખવાનો આશય નથી. બસ તેમના એક બે ચમત્કારો જ અમે પ્યારા વાંચકો સમક્ષ રજૂ કરીએ છીએ.

સય્યદ મહેદી કઝવીની કહે છે કે અમે સય્યદ બાકિર કઝવીનીની સાથે હતા. પ્રથમ અમે કરબલા મોઅલ્લામાં મઝલૂમ ઇમામની ઝિયારત કરી , પછી

ત્યાંથી હોડીમાં બેસી નજફે અશરફ તરફ રવાના થયા. રસ્તામાં ગરજ ચમક સાથે વરસાદનું તોફાન શરૂ થયું. હોડી ઝાડની ડાંખળીની જેમ હીંચકા ખાવા લાગી. અમે બધા મુંઝાઈ ગયા. અમારા કાફલામાં એક નબળા મનનો માણસ પણ હતો. જે સૌથી વધારે ગભરાતો હતો. તે હોડીમાં ક્યારેક ડાબી બાજુ તો ક્યારેક જમણી બાજુ જતો અને ક્યારેક વરસાદની જેમ આંસુઓ વેરતો અને હ. અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામની શાનમાં શેરો બોલતો.

જયારે સય્યદ મોહમ્મદ બાકિરે આ માણસની અસીમ બેચેની જોઈ તો ફરમાવ્યું : ખુદાના બંદા તું

આટલો બધો ગભરાય છે શા માટે ? હવા અને વાદળ બધા ખુદાના હુકમના મોહતાજ છે. તારે આ કારણે જરાય ગભરાવુ ન જોઈએ.પછી આપે પોતાની અબાને સંકેલી હવા તરફ ઇશારો કરતા કહ્યું : ખુદાના હુકમથી થંભી જા. થોડી પળો પછી હવા રોકાઈ ગઈ અને એટલી થંભી કે અમારી નાવ હલી નહોતી શક્તી.

સય્યદ મુરતઝા નજફી સય્યદ બાકિર

કઝવીનીના મોટા મુરીદ હતા. તેઓ કહે છે કે હું કાઝમયનમાં હતો કે મને ખબર મળી કે સય્યદ બાકિર આઠમા ઇમામ અલચ્હિસ્સલામ ની ઝિયારત કરી પાછા ફર્યા છે. હું તેમને મળવા ગયો. તો તેમણે મને કહ્યું કે

હઝરત સલમાન ફારસીની ઝિયારત માટે કાલે મદાઈન જવા ચાહુ છું. એટલે કાલે આપ ત્રણ ઘોડા ભાડે કરી લ્યો. એક મારા માટે, એક સય્યદ સાલેહ માટે અને એક તમારા માટે, અને કાલે ફલાણા સ્થળે આવી જાઓ , હું પણ ત્યાં પહોંચી જઈશ.

પછી બીજા દિવસે હું એ સ્થળે ગયો તો સય્યદ બાકિર ઘોડા પર સવાર થયા અને અમે પણ અમારી સવારીઓ પર બેઠા. અને મને એ જોઈને ચિંતા થઈ કે તેઓ પાસે ખાવા - પીવાનો કોઈ સામાન નથી. અને મદાઈનમાં રાત રોકાવા માટે કોઈ દીવો વગેરે પણ તેમની પાસે નથી. હું દિલમાં ઝંખવાયો કે કદાચ સય્યદ

સાહેબે પોતાના દિમાગમાં આ વસ્તુઓનો બંદોબસ્ત મારા પર રાખ્યો હશે, પણ કેમકે જીભથી આ વસ્તુઓનો હુકમ આપ્યો નહોતો એટલે હું પણ કોઈ વસ્તુ મારી સાથે લાવ્યો નહોતો. ટૂંકમાં અમો મદાઈન પહોંચ્યા. સલમાન ફારસી (રઝે.) ની ઝિયારત કરી. મકબરા સાથે લગોલગ આવેલા ઓરડામાં અમે બેસી ગયા. અને સચ્યદે કહ્યું : દીવો ક્યાં છે ?

મેં ક્ષમા યાચક શૈલીમાં કહ્યું કે દીવો લાવતા ભૂલી ગયો છું. સચ્યદે ફરી પૂછ્યું : તમારી પાસે કહ્વાવો છે. મેં ફરી માફી માગતા કહ્યું : હું કંઈ પણ સાથે નથી લાવ્યો. આ સાંભળી તેઓએ કહ્યું : કોઈ હરજ નહીં.

સય્યદે સલમાનની તરફ મોં કરી કહ્યું : સલમાન ! તમે ઉદાર અને સખી ખાનદાનના સેવક છો અને હું એ જ ખાનદાનનો વંશજ છું. હું ઇમામ અલી રઝા અલય્હિસ્સલામની સેવામાં જઈને ફરિયાદ કરીશ કે અમે સલમાનના મહેમાન બન્યા હતા અને તેણે અમારી મહેમાન નવાઝી કરી નહોતી.

થોડી પળો વીતી હશે કે સલમાનના દરબારનો એક ખાદિમ એક બત્તીઘર લઈને આવ્યો અને તેની સાથે પાંચ છ મીણબત્તી હતી. અને કહ્યું કે બત્તીઘર એક એક મોઅમિને ઝવ્વાર માટે મોકલ્યુ છે. અને આપનાથી

વધારે તેનો કોઈ હકદાર નથી. એટલે આને લ્યો અને ઓરડામાં સળગાવી લ્યો.

મેં બત્તીઘર સળગાવ્યુ : પછી સય્યદે કહ્યું : સલમાન ! તમારી મહેમાનીમાં ઢીલ થઈ રહી છે. મને કહવાની તલબ છે. એટલામાં એક શખ્સ અંદર દાખલ થયો અને સય્યદને ઓળખી લીધા અને કહેવા લાગ્યો કે હું આપને વિચિત્ર કથા સંભળાવવા માંગુ છું.

સય્યદે કહ્યું : વાર્તા પહેલા એ બતાવ કે તારી પાસે કહવો પણ છે કે નહીં ?

તેણે એક મોટી થેલી સય્યદના સામે રાખી અને કહ્યું : આમાં કહાવો , ખાંડ અને ખાવા માટે રોટલીઓ હાજર છે.

અમે કહાવો તૈયાર કર્યો અને બસરી નાન ખાધા તો એ માણસે બતાવ્યુ કે હું એક ખારવો છુ , અને સદા બસરાથી વેપારનો સામાન લઈ બગદાદ પહોંચાડુ છું. આજ રાત મારી નાવ દરિયામાં મોજાઓ પર ચાલી રહી હતી અને અનુકૂળ હવા ચાલી રહી હતી. પરંતુ જેવી મારી નાવ સલમાનના મઝાર સામે પહોંચી તો રોકાઈ ગઈ. અમે તેને ચલાવવાના ઘણા પ્રયત્નો કર્યા , પરંતુ મારી નાવ કોઈપણ રીતે ચાલી નહીં.

મને એવુ લાગ્યુ કે જાણે કોઈ કહી રહ્યુ છે કે બદનસીબ તને સલમાનની ઝિયારત કરે એક ઝમાનો થઈ ગયો એટલે નાવ અહીં ઊભી રહેશે , તમે જઈને આજની રાત સલમાનની ઝિયારત કરો અને પછી સવારે નાવ પર સવાર થઈ જજો.

વે મારી નાવ સલમાનના મઝાર સામે ઊભેલી છે અને હું અહીં ઝિયારત માટે આવ્યો છું. ગમે તેમ રાત પસાર થઈ. સવારે એ નાવિક સાથે તેની નાવ સૂધી ગયો અને જેવુ નાવવાળાઓએ લંગર ઉપાડયુ , કશ્તી બગદાદ તરફ ચાલી નિકળી.

## (૧૨) શ્રેષ્ઠ કોણ મહેમાન કે મેજબાન

સેક્તુલ ઇસ્લામ કુલયની ઉસુલે કાફીમાં લખે છે કે હ. ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામએ હુસૈ ન બિન નઈમથી પૂછ્યું : પોતાના દીની બંધુઓથી મોહબ્બત રાખો છો તો તેણે કહ્યું : જી હા , પછી આપે ફરમાવ્યું : તંગદસ્ત મોઅમિનની મદદ કરો છો ? તેણે કહ્યું : જી હા , પછી આપે ફરમાવ્યું : તેમનાથી સ્નેહ રાખવો જરૂરી છે.

ત્યાર પછી આપે ફરમાવ્યું : તો શું કદી નિર્ધન અને ગરીબને પોતાના ઘરે બોલાવી ખાવાનું ખવરાવો છો ?

તેણે કહ્યું : જી હા , હું એકલો બેસી ખાવાને ટેવાએલો જ નથી. હું હમેશા બે ત્રણ મોઅમિનોને સાથે બેસારીને જ ખાવાનું ખાઉ છું.

આપે ફરમાવ્યું: જાણી લ્યો , તેઓ તમારા પર સરસાઈ રાખે છે.

હુસૈન બિન નઈમે અરજ કરી : મારા મા-બાપ આપ પર કુરબાન , હું તેઓને આમંત્રણ આપુ છું અને

ખાવાનું ખવરાવુ છું તો પણ તેઓને મારા પર સરસાઈ છે.

આપે ફરમાવ્યું : જી હા , જયારે મોઅમિન તમારા ઘરમાં પ્રવેશ કરે છે તો તમારા માટે બખ્શિશ લઈને આવે છે. અને જયારે તમારા ઘરેથી જાય છે તો તમારા અને તમારા કુટુંબના ગુનાહો લઈને વિદાય થાય છે.

## (૧૩) મહેમાન નવાઝીથી ભાગો નહીં

હ. ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામ ફરમાવતા હતા કે પયગમ્બરે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ સવાર સાંજ કંજુસાઈથી પનાહ માંગતા હતા. અને અમે પણ આપની આ સુન્નત પર અમલ કરીએ છીએ. કેમકે અલ્લાહ તઆલાનું ફરમાન છે "જે લોકો પોતાના મનને કંજૂસીથી બચાવી લઈ જાય તો એજ લોકો સફળતા પામનાર છે."

તમને જાણવુ જોઈએ કે લૂતની કૌમની બદબખ્તીનું મૂળ કંજુસાઈ હતુ, કેમકે આ કૌમ એક રાજ

માર્ગ પર રહેતી હતી. લોકોના કાફલાઓ ત્યાંથી પસાર થતા હતા અને તેઓથી ખાવાનું માંગતા હતા. આ લોકો પોતાની કંજુસાઈના કારણે મહેમાન નવાઝીથી કંટાળી ગયા. મહેમાનોથી જાન છોડાવવા માટે એ બદબખ્તોએ સૃષ્ટિ વિરૂધ્ધ કૃત્યનો રિવાજ નાખ્યો. ધીરે ધીરે આ સમાચાર બધા શહેરોમાં ફેલાઈ ગયા કે લૂતની કૌમ પ્રવાસીઓ સાથે દુષ્કૃત્ય કરે છે. આ સાંભળી મુસાફરોએ તેઓને ત્યાં આવવુ બંધ કરી દીધુ.

જો કે આ ખરાબ કામનો આરંભ તેઓ મહેમાનોથી જાન છોડાવવા માટે ર્ક્યો હતો , પણ તેનું બીજુ પરિણામ એ આવ્યું કે તેઓનું સ્ત્રીઓ તરફથી મન

હઠી ગયુ એટલે તેઓ દૂર સુદૂરથી સુંદર છોકરાઓને પૈસા આપી પોતાના શહેરમાં લાવ્યા કરતા હતા અને તેઓથી દુષ્કૃત્ય ર્ક્યા કરતા હતા.

રાવીએ ઇમામ અલય્હિસ્સલામથી માલૂમ ર્ક્યુ : તો શું શહેરના બધા લોકો આ લાનતમાં સંડોવાએલા હતા ? આપે ફરમાવ્યું : લૂત અલય્હિસ્સલામના ખાનદાન સિવાય પુરૂ શહેર આ લાનતમાં સપડાએલુ હતું.

લૂત અલય્હિસ્સલામ હ. ઇબ્રાહીમ અલય્હિસ્સલામના માસીયાઈ ભાઈ હતા , અને ઇસ્હાક અલય્હિસ્સલામની માતા હ ઝરત સારાના ભાઈ હતા.

આપ સખી અને મહેમાન નવાઝ હતા. આપની કૌમ આપને મહેમાન નવાઝીની મના કરતી હતી. આપ લગાતાર ત્રીસ વરસ સૂધી એ કુકર્મી કૌમને ઉપદેશ દેતા રહ્યા, પરંતુ પરિણામ કંઈ ન આવ્યું. જયારે આપ મહેમાનને કૌમથી છુપાવીને રાખતા જેથી મહેમાનની ફજેતી ન થાય.

અલ્લાહ તઆલાએ કુકર્મી કૌમનો નાશ કરવા માટે ઇરાદો ફરમાવ્યો , તો જિબ્રઈલ અલય્હિસ્સલામ પોતાની સાથે થોડા ફિરશ્તાઓને લઈને રૂપવાન છોકરાઓના રૂપમાં સાંજના સમયે લૂત અલય્હિસ્સલામ

પાસે આવ્યા ,  તે સમયે આપ પોતાના ખેતરમાં કામ કરી રહ્યા હતા.

ફરિશ્તાઓએ તેમને વિનંતી કરી કે આજ રાત અમને તમારા પાસે રોકાવાની રજા આપો. અમે આપના મહેમાન છીએ.

હઝરત લૂત અલય્હિસ્સલામએ ફરમાવ્યું : સારૂ તો એ છે કે તમે અહીંથી ક્યાંય દૂર ચાલ્યા જાઓ  , આ શહેરના લોકો અત્યંત દુરાચારી છે. મહેમાનોને ફજેત કરે છે અને તેઓનો સામાન પણ લુંટી લે છે.

ફરિશ્તાઓએ કહ્યું : હવે તો ઘણો સમય વીતી ગયો છે. અત્યારે અમે ક્યાંય જવાથી તો રહ્યા. એટલે આજ અમને આપના મહેમાન બનાવી લ્યો.

હઝરત લૂત અલય્હિસ્સલામએ પોતાની પત્નિને ફરમાવ્યું : આજ આપણે ત્યાં કંઈક મહેમાન આવ્યા છે. મારી તારાથી એટલી જ ઇચ્છા છે કે આ ગામના લોકોને તેઓના આવવાની ખબર ન આપજે. જો તે મારા કહેવા પર અમલ કર્યો તો હું તારી પહેલાની ભૂલો માફ કરી દઈશ.

તેમની પત્નિ નાફરમાન અને પતિત હતી. લૂતની કૌમે એક બીજાને મહેમાનનોના આવવાની જાણ કરવા માટે આટ સળગાવવાની સંજ્ઞા નક્કી કરી હતી.

ઘરમાં જેવા મહેમાન ઊતર્યા , હઝરત લૂત અલય્હિસ્સલામની પત્નિએ ઘરની છત પર આગ સળગાવી દીધી. અને આમ બદકાર કૌમને મહેમાન આવવાની ખબર આપી. આગના ભડકાઓ જોઈ ચારે તરફથી દુરાચારી લોકો લૂતના મકાન પર ઉમટી આવ્યા. તેમના ઘરને ઘેરામાં લઈ લીધુ. અને હ હઝરત લૂત અલય્હિસ્સલામને કહ્યું કે તેઓ મહેમાન એમના હવાલે કરી દે.

જનાબે લૂત અલય્હિસ્સલામએ ફરમાવ્યું : આ મારા મહેમાનો છે, મને ફજેત ન કરો. બદકાર કૌમે કહ્યું અમે તમને પહેલા જ મના કરી ચૂક્યા છીએ કે આપ પોતાને ત્યાં મહેમાનને ઊતારો ન આપો. તો આ મના કરવા છતા તમે મહેમાનને પોતાની પાસે કેમ ઊતાર્યા ?

જયારે દુષ્ટ કૌમનો શોરબકોર વધી ગયો અને દરવાજો તોડી લૂત અલય્હિસ્સલામના ઘરમાં આવવા લાગ્યા,  તો જનાબે જિબ્રઈલે ઇશારો ર્ક્યો કે બધાએ બધા આંધળા થઈ ગયા. અંતે દિવાલોના આધાર લઈ પોત પોતાના ઘરે રવાના થયા.

જિબ્રઈલ અલય્હિસ્સલામએ લૂત અલય્હિસ્સલામને કહ્યું : આપ પોતાના કુટુંબ કબીલાને લઈને દૂર નિકળી જાઓ. અમે સવારના સમયે આ શહેરને નાશ અને બરબાદ કરી દેશુ.

જનાબે લૂત અલય્હિસ્સલામ ખાનદાનને લઈને ચાલ્યા ગયા. સવાર પડી તો ફરિશ્તાઓએ જમીનના આ પટને ઉથલાવી નાખ્યો અને પછી આકાશથી એવો પત્થરોનો વરસાદ પડયો. આવો અવાજ સાંભળી લૂત અલય્હિસ્સલામની પત્નિએ પાછળ જોયુ તો એક પત્થર તેને લાગ્યો અને તેણી ત્યાં જ ઢળી પડી.

## (૧૪) કેટલિક રિવાયતો

જયારે અલ્લાહ કોઈ કૌમનુ ભલુ ઇચ્છે છે તો અલ્લાહ તેઓ તરફ ભેટ મોકલે છે. લોકોએ પૂછ્યું : યા રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ! એ કઈ ભેટ છે કે જે ખુદા મોકલે છે ? આપે ફરમાવ્યું : મહેમાન ખુદાની ભેટ છે. જયારે મહેમાન આવે છે તો પોતાની રોઝી સાથે લઈને આવે છે. અને જયારે જાય છે તો ઘરવાળાઓના ગુનાહો સાથે લઈને જાય છે.

ઇમામ રઝા અલય્હિસ્સલામએ પોતાના બાપદાદાથી રિવાયત કરી છે કે એક શખ્સે હ. અમીરૂલ

મોઅમેનીન અલય્હિસ્સલામને ખાવાની દાવત આપી.

તો આપે ફરમાવ્યું : જો મને તમે ત્રણ વાતની બાહેંધરી આપો તો હું તમારી દાવત કબૂલ કરીશ.

તેણે પૂછ્યું : યા અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ આપની ત્રણ શરતો કઈ છે ?

આપે ફરમાવ્યું : મને વચન આપો કે મારા માટે ઘરથી બહારની કોઈ ચીજ નહીં લાવો અને ઘરની કોઈ ચીજ મારાથી છુપાવશો નહીં. અને પોતાના કુટુંબીજનોને પણ મારા કારણે ઓછો ખોરાક નહિ આપો.

તેણે કહ્યું : મૌલા ! મને આપની ત્રણ શરતો મંઝૂર છે. પછી આપે તેની દાવત કબૂલ કરી.

વીણેલા મોતી – ૨, પેજ નં. 276

હ. ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામનું ફરમાન છે : જયારે તમારો ભાઈ તમારે ત્યાં આવી જાય તો ઘરમાં જે કંઈ પાકેલુ હોય તે તેની સામે રાખો અને જો તમે કોઈને દાવત આપો તો પછી તેના માટે સારૂ સારૂ પકાવો.

સફવાન કહે છે કે અબ્દુલ્લાહ બિન સનાન મારી પાસે આવ્યા. અને કહ્યું : ઘરમાં ખાવા માટે કંઈ છે ? મેં કહ્યું : જી હા, મેં મારા પુત્રને અમુક દિરહમ આપ્યા કે તે બજારમાં જઈને ગોશ્ત અને ઈંડા લઈ આવે.

અબ્દુલ્લાહ બિન સનાને મને પુછયુ : તમે પુત્રને ક્યાં મોકલ્યો ?

મેં બતાવ્યુ કે મેં ઈંડા અને ગોશ્ત લેવા બજારમાં મોકલ્યો છે. તેણે કહ્યું તેણે પાછો બોલાવો. મેં બેટાને પાછો બોલાવ્યો, તો તેમણે કહ્યું : તમારા ઘરમાં સિરકો અને ઝયતૂનનું તેલ નથી શું ?

મેં કહ્યું : હાજર છે. તેઓએ કહ્યું : પછી એ જ લાવો. મેં ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામથી સાંભળ્યુ છે કે આપે ફરમાવ્યું : એ શખ્સનો નાશ થાય , જે ઘરમાં હાજર વસ્તુને પોતાના ભાઈ માટે હલ્કી ગણે. અને એ શખ્સ પણ નાશ પામે જે ભાઈએ લાવેલી વસ્તુને હલ્કી ગણે.

**હ. ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામએ ફરમાવ્યું : જયારે તમારામાંથી કોઈ પોતાના ભાઈના ઘરે જાય, તો જયાં ઘર ધણી બેસારે ત્યાં જ બેસે કેમકે ઘરનો ધણી આંગતુકથી વધારે સારી રીતે જાણે છે કે તેના ઘરનો પરદો કેવી રીતે જળવાઈ શકે છે.**

***-*-***

# પ્રકરણ-૪ :  વિષય :- ક્ષમા - દરગુઝર

## (૦૧) બની હાશિમ અને બની ઉમય્યાનો ફરક

શેખ નસરૂ      દ્દીન મજલી સુન્નીઓના ભરોસાપાત્રોમાં ગણાય છે. તેઓ કહેતા હતા કે હું એક રાતના સૂતો તો સ્વપનમાં હ. અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામની ઝિયારત નસીબ થઈ. મેં અરજ કરી : મૌલા  આપ કેટલા કૃપાળુ અને દયાવાન હતા કે આપે મક્કાના વિજય સમયે લોકોને આમ માફી આપી દીધી. અને આપે ત્યાં સૂધી એલાન કરી દીધુ કે જે

શખ્સ અબૂ સુફયાનના ઘરમાં પણ દાખલ થઈ જાય તેને પણ અમાન છે , પરંતુ અબૂ સુફયાનની નસ્લ કેટલી નિર્લજ્જ છે કે તેઓએ આશૂરના દિવસે આપના ખાનદાન પર દયા ન કરી.

હ. અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામએ ફરમાવ્યું : તમે આ અનુસંધાનમાં ઇબ્ને સયફીના શેરો સાંભળ્યા છે ?

મેં અરજ કરી : નહીં , મેં નથી સાંભળ્યા. આપે ફરમાવ્યું : તેની પાસે જઈને શેરો સાંભળો.

હું સ્વપ્નમાંથી જાગૃત થઈ ઇબ્ને સયફીના ઘર તરફ ચાલતો થયો. અને મેં આ સ્વપ્નની વાત કરી. અને તે શેરો સાંભળવાની ઇચ્છા વ્યક્ત કરી.

ઇબ્ને સયફી આ સાંભળી અનરાધાર રોવા લાગ્યો અને ક્સમ ખાઈને કહ્યું : ખુદાની ક્સમ , મેં હજી આ શેરો કોઈને નથી સંભળાવ્યા. મેં આ શેરો આજે જ લખ્યા છે, પછી તેણે મને પોતાના શેરો સંભળાવ્યા.

જયારે અમે શા ષક હતા તો અમારી ક્ષમા દરગુજરની આદત હતી. અને જયારે તમે શાસક બન્યા તો તમે નિર્દોષ રક્તના પૂર વહાવી દીધા.

**તમે કૈદીઓને મારી નાખવા પણ જાઈઝ ઠેરવ્યા, જયારે કે અમે હમેશા કૈદીઓને દરગુજર કરતા રહ્યા.**

**આજ અમો બની હાશિમ અને તમે બની ઉમય્યામાં ફરક છે , એ આ ફરક કેમ ન હોય , કેમકે વાસણમાંથી એજ નિકળે છે જે એમાં હોય છે.**

# (૦૨) પયગમ્બરે ઇસ્લામની એક દુશ્મનથી દરગુઝર

અબ્દુલ્લાહ બિન અબ્બાસ કહે છે કે , ઇસ્લામના પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ મહારિબ અને બની અમ્મારની જંગ માટે જઈ રહ્યા હતા કે રસ્તામાં એક સ્થળે પડાવ નાખ્યો.

રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ દિશા શૌચ માટે લશ્કરની ઘણે દૂર નિકળી ગયા અને એ દરમિયાન ઘણી તેજ વર્ષા થઈ અને પહાડી નાળાઓ જોર શોરથી વહેવા લાગ્યા.

એટલા માટે હુઝુરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ઘણી વાર સૂધી રોકાઈ ગયા કેમકે તેઓ પહાડી નાળાની પેલી બાજુ હતા અને આપનું લશ્કર આ બાજુ હતું. એજ અરસામાં એક કાફર હુવેરસ બિન હારિસ મહારબીએ આપને જોઈ લીધા. અને પોતાના દોસ્તોથી કહેવા લાગ્યો આ મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ છે. અત્યારે પોતાના સાથીઓથી અલગ થઈ ગયા છે. મને ખુદા મારે જો આજ હું તેમને કત્લ ન કરૂ.

એટલે તે તલવાર લઈને આપની સામે આવ્યો અને તલવાર હવામાં ઉછાળી કહ્યું કે મોહમ્મદ

સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ! બતાવો આજ મારા હાથથી તમને કોણ બચાવશે ?

આપે ઘણા આરામથી શાંતિપુર્વક કહ્યું : મને અલ્લાહ બચાવશે. આપે જીભથી દુઆ માંગી : અય ખુદા ! મને હુવેરસ બિન હારિસના ત્રાસથી રક્ષણ આપ.

દુશ્મને જેવો આપ પર ઘા કરવા ચાહ્યુ , એક ફિરશ્તાએ તેને પાંખ મારી અને તે પીઠ ભર જમીન પર પટકાઈ ગયો અને તેની તલવાર છુટીને રહેમતુલ લિલ આલમીન સામે આવી પડી.

આપે તલવાર ઉપાડી અને ફરમાવ્યું : મને બતાવ અત્યારે તને મારા હાથથી કોણ બચાવશે ?

કાફરે કહ્યું : કોઈ બચાવવાવાળો નથી. આપે કહ્યું : કલમો પડ કે જેથી તને હું તારી તલવાર પાછી આપી દઉં.

તેણે કહ્યું : હું કલમો નથી પડતો , પણ આપને વચન આપુ છુ કે હું ભવિષ્યમાં આપ અને આપના સાથીઓથી જંગ નહીં કરૂ અને ન તો જંગમાં આપના દુશ્મનોની મદદ કરીશ.

આપે તેને તલવાર પાછી આપી દીધી તો તેણે કહ્યું : ખુદાની ક્સમ, આપ મારાથી ઉત્તમ છો. થોડીવાર પછી પહાડી નાળાનું જોર ધીમુ પડયુ તો આપ પોતાના

લશ્કરને આવી મળ્યા અને તેઓ ને પૂરો પ્રસંગ સંભળાવ્યો.

## (03) મક્કાના વિજય ટાણે આપની આમ માફી

મક્કાના વિજય ટાણે જયારે ઇસ્લામી ફૌજો મક્કામાં દાખલ થઈ તો એ સમયે ઝંડો સઅદ બિન એબાદહના હાથમાં હતો અને તેઓ આ વિજય હાંક સંભળાવી રહ્યા હતા : આજે સખત લડાઈનો દિવસ છે , આજ મક્કાવાળાઓની ગિરફતારીનો દિવસ છે, અલ્લાહે કુરયશને હડધૂત કર્યા.

હઝરત સઅદની વિજયહાંક સાંભળી અબૂ સુફિયાન રહેમતુલ લિલ આલમીનની પાસે આવ્યો અને કહ્યું : શું આપે આપની કૌમને કત્લ કરવાનો હુકમ જારી

કરી દીધો છે ? જો આપે આ નિર્ણય લઈ લીધો છે તો ખુદાના વાસ્તે આ ઇરાદો મુકી દયો કેમકે આપ સૌથી મોટા દયાળુ ઇન્સાન છો.

આપ એ સમયે સહાબીઓના મજમામાં બેઠા હતા. આપે ઊભા થઈ ફરમાવ્યું : અલ ય વમો યવમુલ મરહમા. આજ દયા અને ઉદારતાનો દિવસ છે. આપે સઅદથી પરચમ લઈ હઝરત અલી અલય્હિસ્સલામને સોંપ્યો અને ફરમાવ્યું : અલી અલય્હિસ્સલામ ! તમે પરચમ લઈને એલાન કરો કે આજ દયા અને ઉદારતાનો દિવસ છે.

પછી આપે થોડા સહાબીઓને ફરમાવ્યું : તેઓ ઊભા થઈ પૂરા મક્કામાં આ હુકમનો સાદ કરે કે જે હથિયાર ઊતારી લે તેને અમાન છે , જે પોતાના ઘરનો દરવાજો બંધ કરી બેસી જાય તેને અમાન છે, ત્યાં સૂધી કે અબૂ સુફિયાનના ઘરવાળાઓને પણ અમાન છે.

આપે સહાબીઓના લશ્કરને ફરમાવ્યું : મક્કામાંથી કોઈથી કોઈ તકરાર કરવામાં ન આવે. હા , જો કોઈ તમારાથી જંગ કરે તો તેની સાથે જંગ કરો.

પછી આકાશની આંખોએ જોયુ કે મક્કાથી અંધારી રાત્રે નિકળનારો શખ્સ ધોળે દિવસે વિજય વંતી શાજથી મક્કામાં દાખલ થયો અને મસ્જિદુલ હરામમાં

પહોંચી કાબાના દરવાજાને પકડી અતિ વિનય અને નમ્રતા પુર્વક ખુદાનો શુક્ર વ્યક્ત કરતા કહ્યું : 'લા એલાહ ઇલ્લલ્લાહો વહદહૂ વહદહૂ અન્જઝ વઅદહૂ વ નસર અબ્દહૂ વ અઅઝઝ જુન્દહુ વ હઝમલ અહઝાબ વહદહૂ'

અલ્લાહના સિવાય કોઈ બંદગીને પાત્ર નથી, તે એક છે, તે એક છે. તેણે પોતાના બંદાની મદદ કરી અને પોતાના લશ્કરને માનવંત કર્યું અને તેણે બધા લશ્કરોને એકલાએ હરાવ્યા. થોડી વાર પછી આપના બધા શત્રુઓ આપની સામે ઊભા ઊભા કાંપી રહ્યા હતા.આજ તેઓને રહી રહીને પોતાના બધા ઝુલ્મ યાદ

આવતા હતા, પણ તેઓ બધા અશક્ત અને લાચાર હતા અને અલ્લાહના નબી સર્વાધિકારી હતા. બધા મક્કાવાળાઓ નજરો નીચી કરી પોતાના ભાવિના ફેંસલાની રાહ જોઈ રહ્યા હતા.

આપે ઇરશાદ ફરમાવ્યું : એ કુરૈશ કબીલાઓ ! બતાવો આજ તમારા સાથે કેવો વર્તાવ કરવામાં આવે ?

કુરૈશ કહેવા લાગ્યા : અમે આપથી ભલાઈની આશા રાખીએ છીએ. કેમકે આપ સારા ભાઈ છો અને ઉદાર શખ્સના પુત્ર છો.

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ આ સાંભળી રોઈ પડયા અને ફરમાવ્યું : આજ હું તમને એજ કહેવા વાળો છુ જે જનાબે યૂસુફે પોતાના ભાઈઓથી કહ્યા હતા : "લા તસરીબ અલય્કોમુલ યવ્મ, યગ્ફેરૂલ્લાહો લકુમ વ હોવ અરહમુરૅ રાહેમીન " - આજ ત મને કોઈ ઠપકો આપવામાં નહીં આવે , અલ્લાહ તમને માફ કરે અને એજ સૌથી વધારે દયા કરવાવાળો છે. પરંતુ આ પણ સાંભળો ! તમે ઘણા બુરા પાડોશીઓ હતા , તમે મને જુઠલાવ્યો, મને શહેર નિકાલ ર્ક્યો.અને મને કાઢવા પર સંતોષ ન માન્યો, બલ્કે તમે મારાથી યુધ્ધો ર્ક્યા.

પછી આપે ઐતિહાસિક વાક્ય કહ્યું : “ઇઝહબૂ ફ અન્તોમુત્તોલકાઅ” - જાઓ તમે બધા અમારા આઝાદ કરેલા ગુલામો છો.

આપની જીભથી નિકળનારો શબ્દ તુલકાઅ સદા માટે તેઓના કપાળે ચોંટી ગયો. શામના દરબારમાં યઝીદ મરદૂદે પોતાના વિજયના મદમા થોડા ખૂશીના શેરો પડયા તો જનાબે ઝયનબે કુબરા સલામુલ્લાહે અલય્હાએ એ મરદૂદને સંબોધન કરીને કહ્યું અને તેને તેની મૂળ હેસિયત યાદ દેવરાવી હતી અને હઝરતે સય્યદા સલામુલ્લાહે અલય્હાએ ફરમાવ્યું :

**અમારા આઝાદ કરેલા ગુલામોના વંશજો ! શું આ ન્યાય છેકે તારી લોંડીઓ તો પરદામાં રહે અને રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની વહુ બેટીઓ બજારોમાં લાવવામાં આવે.**

# (૦૪) હ. અલી અલય્હિસ્સલામની ક્ષમા વૃતિ

હ. અલી અલય્હિસ્સલામના સત્તા પર આવવા સાથે જ ઉમ્મુલ મોઅમેનીન આએશાએ આપનો સખત વિરોધ ર્ક્યો અને તલ્હા તથા ઝુબેરની સાથે મળી આપની વિરૂધ્ધ બળવો ર્ક્યો. બસરા શહેરને લુંટી લીધુ અને આપના પક્ષકારોને ક્તલ ક  ર્યાં. અંતે હ. અલી અલય્હિસ્સલામએ તેઓના સાથે લડવું પડયું.

સખત લડાઈ થઈ, બંને પક્ષોના હજારો ઇન્સાન કતલ થઈ ગયા. અંતમાં અલ્લાહે સત્યને વિજય અપાવ્યો. તલ્હા જંગના મયદાનમાં પોતાના જ સાથી

મરવાન બિન હકમના તીરથી માર્યો ગયો. અને ઝુબેર મયદાન છોડી સબાની ખીણમાંથી પસાર થઈ રહ્યો હતો કે એક શખ્સે તેને કત્લ કરી નાખ્યો. બીબી આએશાનો ઊંટ ઘવાતા કાઠી પરથી પડી જવા લાગ્યા તો હ. અલી અલય્હિસ્સલામએ તેના ભાઈ મોહમ્મદને ફરમાવ્યું : મોહમ્મદ તમારી બહેન ઊંટ પરથી પડી રહ્યા છે , તેને જઈને ટેકો આપો.

આપે થોડા દિવસ બીબી આએશાને બસરામાં રાખ્યા, પછી તેના પાછા ફરવા માટે પડદાવાળી મહેમિલ કરાવરાવી અને બની અબ્દુલ ક યસની વીસ યુવાન સ્ત્રીઓને પુરૂષના વેશમાં સશસ્ત્ર કરી તેમના

રક્ષણ માટે તેમના સાથે મોકલી અને માનભેર તેમને મદીના પહોંચાડયા.

જયારે બીબી આએશા પોતાના ઘરમાં પહોંચી ગયા તો પોતાના ભાઈ મોહમ્મદથી શિકાયત કરી કે અલી અલય્હિસ્સલામએ સારૂ ન કર્યું. વીસ યુવાન સિપાહીઓ મારી મહેમીલ સાથે કરાવી દીધા.

આ સાંભળી મોહમ્મદ ઘરની બહાર આવ્યા અને સિપાહીઓને હુકમ આપ્યો કે અંદર દાખલ થઈને તેણીને પોતાની મૂળ હકીક્તથી ખબરદાર કરો.

સિપાહીઓ અંદર દાખલ થયા અને માથા પરથી પાઘડી ઊતારી અને કહ્યું : ઉમ્મુલ મોઅમેનીન

અલીનો શિક્વો ન કરો. અલીએ મર્દોને તમારી સાથે નથી મોકલ્યા , અમે બધી સ્ત્રીઓ છીએ. અલી અલય્હિસ્સલામએ અમને પુરૂષના વસ્ત્રો પહેરાવી આપના રક્ષણ માટે રવના ર્ક્યાં હતા.

# (૦૫) હ. અલી અલય્હિસ્સલામના ચારિત્ર ની એક બીજી ઝાંખી

સિફફીનમાં મુઆવિયાના લશ્કરે ફુરાત નદીના ઘાટ પર કબ્જો કરી હ. અલી અલય્હિસ્સલામ ના લશ્કરને પાણી લેવાથી રોકી લીધા અને કહેવા લાગ્યો : તમે ઉસ્માનની જેમ પ્યાસા રહેશો. આપે મુઆવિયા પાસે સંદેશવાહક મોકલ્યો કે તમારા લશ્કરને કહો કે તેઓ ઘાટને ખુલ્લો મૂકી દે, પાણી પર બધા પ્રાણીઓનો હક છે. પણ મુઆવિયા પોતાની જીદ પર મક્કમ રહ્યો.

વીણેલા મોતી – ૨, પેજ નં. 301

હ. અલી અલય્હિસ્સલામની ફૌજ અતિશય પ્યાસી થઈ તો આપે માલિકે અશ્તરને હુકમ આપ્યો કે તે ઘાટને આઝાદ કરાવી લ્યે. માલિકે અશ્તરે સખત લડાઈ પછી દરિયા પર કબ્જો કરી લીધો. અને શામના લશ્કરને ત્યાંથી મારી ભગાવ્યુ. હવે શામી લશ્કર પ્યાસુ થવા લાગ્યુ. તેમના સિપાહી મશ્કો લઈને આવ્યા તો હ. અલી અલય્હિસ્સલામની ફૌજે કહ્યું કે હવે ઘાટ પર અમારો કબ્જો છે. અમે તમને પાણી ભરવા નહીં દઈએ. જયારે મૌલા અલી અલય્હિસ્સલામને આ વાતની ખબર પડી તો આપે પોતાની ફૌજને હુકમ આપ્યો કે ઘાટનો એક કિનારો તેઓ માટે ખાલી કરી દેવામાં આવે , જેથી

**દુનિયા જોઈ શકે કે મુઆવિયાનો કિરદાર શું હતો અને અલી અલય્હિસ્સલામનો કિરદાર શું છે ?**

# (૦૬) હ. ઇમામ હુસૈન અલય્હિસ્સલામનું હુરના લશ્કરને પાણી પીવરાવવુ

ખાનદાને મૂસ્તુફા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનું આ સદાવ્રત રહ્યુ છે કે તેઓ હંમેશા ભુખ્યાઓને અને તરસ્યાઓને તૃપ્ત કરતા હતા , અને તેઓએ એ કદી નથી જોયુ કે અમે જેને ખાવાનું ખવરાવી રહ્યા છીએ અથવા પાણી પાઈ રહ્યા છીએ તે પોતાનો છે કે પરાયો , સાથી છે કે દુશ્મન. હા , જો તેમની દ્રષ્ટિ હતી તો એ વાત પર કે તે પણ અલ્લાહની મખ્લૂક છે. તે પણ જીવવાળો છે.

વીણેલા મોતી – ૨, પેજ નં. 304

મૌલા અલી અલય્હિસ્સલામએ સિફફીનના મયદાનમાં પ્યાસા રાખવાવાળાઓને પ્યાસા રહેવા ન દીધા, અને તેમના પુનિત પુત્રનું ચારિત્ર  એ છે કે મક્કાથી કૂફા જઈ રહ્યા છે. એક સ્થળે પડાવ ક્યોં , જયાં પાણી પુષ્કળ પ્રમાણમાં મૌજૂદ હતું. આપે ઘણા ઊંટો પર, રિવાયત મુજબ બસો ઊંટો પર પાણી લદાવ્યુ. આપના સાથીઓ પાણીના આટલા પ્રમાણને અરજની દ્રષ્ટિએ જોઈ રહ્યા હતા કે અમારી સંખ્યા તો થોડી છે પણ આપ પાણી વધારે સંગ્રહ કરી રહ્યા છે. આપનો કાફલો ચાલ્યો, ગરમી સખત પડી રહી હતી.   દ્રષ્ટિની મર્યાદા સૂધી રેતીના ટેકરાઓ સિવાય કંઈ દેખાતુ ન

હોતુ. એ જ અરસામાં આપના એક સાથી હજ્જાદ બિન મસરૂકે જોરથી તકબીર પડી. આપે તેને બોલાવી કહ્યું : અલ્લાહ ખરેખર મહાન છે , પરંતુ અત્યારે તને તકબીરનો નારો પોકારવાની કેમ જરૂરત પડી ? સાથીએ અરજ કરી : મૌલા ! મેં મારા ઘોડાના જીન પર બેસીને દૂર ક્ષિતિજમાં નજર કરી , મને કાળા કાળા ધાબા દેખાણા, મારૂ ધારવુ છે કે રણ પુરૂ થવા વાળુ છે અને નખલિસ્તાન આવવા વાળા છે. એટલે મેં તકબીર પડી.

આપે ફરમાવ્યું : અહીં કોઈ નખલિસ્તાનનું અસ્તિત્વ નથી , મારો ખયાલ છે કે દુશ્મનની ફૌજ

આપણા સાથે લડવા આવી રહી છે. પછી આપે હઝરત અબ્બાસ અલય્હિસ્સલામને હુકમ આપ્યો કે કાફલાનું રૂખ એવી બાજુ કરી દેવામાં આવે જયાં દુશ્મન આપણને ચારે બાજુથી ઘેરી ન વળે. હઝરત અબ્બાસ અલય્હિસ્સલામએ ઝૂહસમ પહાડી તરફ પોતાના કાફલાને વાળ્યો અને દુશ્મનના આવવા પહેલા રાવટીઓ ખોડી દીધી અને એહલે હરમ રાવટીઓમાં બેસી ગયા.

એટલામાં દુશ્મનની ફૌજ જેની આગેવાની હુર બિન યઝીદ રિયાહી કરી રહ્યા હતા  પહોંચી ગઈ. હુરના લશ્કરની સંખ્યા બે હજાર હતી. ગરમીની

અતિયોશક્તિના કારણે તેઓના મોં મુરઝાએલા હતા.અને તરસના માર્યા હોઠો પર છારી જામી ગઈ હતી. પુરૂ લશ્કર પ્યાસના કારણે મરવાની અણી પર હતું.

દુનિયાનો કોઈપણ લડવૈયો હોત તો પોતાના લશ્કરને હુકમ આપ કે આપણો દુશ્મન પ્યાસો છે , તેના પર હુમ્લો કરી દયો. અને માની લ્યો કે કોઈ અત્યંત દયાળુ બાદશાહ હોત તો એમ જ કહેત કે તેમને કંઈ ન કહો આ થોડી વાર પછી આપોઆપ એડીઓ રગડી મરી જશે. પણ રહેમતુલ લિલ આલમીનનો દોહિત્રો દુશ્મનને પણ પ્યાસો જોવાનું સહી ન શક્યો. આપે હુકમ આપ્યો

કે હૂરના લશ્કરને પાણી પિવરાવો. હુસૈ                 ન અલય્હિસ્સલામના સાથીઓએ પૂરા લશ્કરને પાણી પીવરાવ્યુ : એ લશ્કરનો એક સિપાહી અલી બિન તહાન મહારબી કહે છે કે હું તરસથી વ્યાકૂળ થઈ ચુક્યો હતો અને મારી આંખો સામે ધુમ્મસ છવાઈ ગયુ હતું. જયારે અમારી સવારીઓ ઇમામ હુસૈ   ન અલય્હિસ્સલામ ની સામે રોકાણી તો હ. હુસૈ      ન  અલય્હિસ્સલામએ મને ફરમાવ્યું : “તારી ઊંટણીને બેસાર” ખુદાની કમસ મને હુસૈન અલય્હિસ્સલામના હોઠ હલતા દેખાતા હતા પણ તેમની વાત મારી સમજમાં આવતી નહોતી. જયારે તેની આ સ્થિતિ જોઈ તો ઇમામ અલય્હિસ્સલામએ પોતે

જ તેની ઊંટણીની લગામ પકડી તેને બેસારી દીધી. અને તેને ટેકો આપી ઊંટ પરથી ઊતાર્યો અને ઘૂંટ ઘૂંટ કરીને તેના ગળામાં પાણી ઊતાર્યું , જયારે પુરૂ લશ્કર તૃપ્ત થઈ ગયુ તો આપે ફરમાવ્યું : તેમના જાનવરો પ્યાસા છે, ચામડાની ડોલ રાખવામાં આવી અને તેમાં પાણી નાખવામાં આવ્યું, આપે હુકમ આપ્યો જયાં સૂધી કોઈ જાનવર ત્રણ વખત મોં ન ઉપાડે તેની પાસેથી પાણી ન હઠાવવામાં આવે.

સુજ્ઞ વાચકો ! આ સ્થળે થોડીવાર થંભો , અને જરા કરબલા પર દ્રષ્ટિ નાખો કે હુસૈ ન અલય્હિસ્સલામના ખૈમાઓમાં પ્યાસ છે. ઇમામ

અલયહિસ્સલામ પોતે પ્યાસા છે. આપના યુવાનો અને નિર્દોષ બાળકો અને મહેમાન બધા પ્યાસા છે.

આપ કરબલાનો સંપૂર્ણ ઇતિહાસ વાંચી જાઓ કે ઇમામ અલયહિસ્સલામએ યઝીદના લશ્કરથી પાણી માગ્યુ પણ એમ કહીને માગ્યુ કે પાણી પર દરેક જીવવાવાળાનો હક છે. તમને પાણી રોક્વાનો કોઈ અધિકાર નથી. કરબલાના ઇતિહાસમાં તમને ક્યાંય એ શબ્દો નહીં મળે કે આપે ફરમાવ્યું હોય કે તમને શરમ આવવી જોઈએ, કાલે અમે તમને પાણી પીવરાવ્યુ હતુ, આજ તમે અમને પાણી પાઓ. આપે શહાદતની ઘડી

**સૂધી યઝીદની ફૌજને પોતાનો ઉપકાર જતાવી શરમીંદા નથી કરી.**

# (૦૭) શાહી માફીનું કારણ

હુકૂમતના એક બળવાખોરે હુકૂમતનો ઘણો વિરોધ ર્ક્યો અને બાદશાહના સંબંધિત ઘણા લોકોને મોતને ઘાટ ઊતારી દીધા. અંતે એક દિવસ તે પોતાના પગે ચાલી બાદશાહ પાસે આવી ગયો અને રાજાએ કહ્યું : મને અચરજ છે કે તારા જેવો ગુનેહગાર પોતે સામે ચાલીને અહીં કેવી રીતે આવ્યો?

તેણે કહ્યું : બાદશાહ  મેં વિચાર્યું કે મારો ગુનોહ કેટલોએ વધારે કેમ ન હોય  બાદશાહની માફી તેના કરતા વિશેષ છે. એટલે હું આપની રાજવીય ઉદારતાને

નજરમાં રાખી જરાય ખચકાયા વગર તમારી પાસે ચાલ્યો આવ્યો.

બાદશાહ તેના શબ્દોથી પ્રભાવિત થયો અને તેને માફ કરી દીધો. દરબારીઓએ બાદશાહને અરજ કરી, આપ આટલા મોટા દુશ્મન પર સફળ થયા , પરંતુ તેના થોડા શબ્દો સાંભળી આપ પીગળી ગયા. તેને માફ કરવાના બદલે તેનાથી વેર લેવુ જોઈતુ હતું.

બાદશાહે કહ્યું: જો હું આજ બદલો લેત તો મને એક પ્રકારનો સંતોષ જરૂર થાય, પણ મેં માફ કરી દીધુ તો તેના દિલને સંતોષ થયો છે. અને તેનાથી મારી

નેકનામીમાં પણ વધારો થયો છે. હું એક દુશ્મનના બદલે મારી નેકનામીને નથી ત્યાગી શક્તો.

માફી આપવામાં જે મઝા છે તે બદલો લેવામાં નથી.

## (૦૮) અમીર ઇસ્માઈલ સામાનીનું માફ કરવું

સામાના રાજાઓમાં અમીર ઇસ્માઈલ સામાની પ્રથમ શખ્સ છે , જેણે આ વંશની ઇમારત (રાજ્ય) ને મજબૂત કરી. તેમાં ચારિત્ર ની ઉચ્ચતા અને ઉમદા સદાચારના ચિહ્નો પ્રગટ હતા.

તેના મોટા ભાઈ નસર સામાનીએ તેને બુખારાનો ગવર્નર બનાવી રવાના ર્ક્યો. તેણે પોતાના ચાતુર્યની સુંદરતાથી તરત જ લોકોના દિલો જીતી લીધા, એની સાથે રાજ્યની સીમાઓ વિક્સાવી. ઇર્ષાળુ

દરબારીઓને તેની પ્રગતિ ગમી નહીં. અને તેઓએ બન્ને ભાઈઓ વચ્ચે જંગ શરૂ કરી દીધી.

અમીર નસર પોતાના ભાઈને હરાવવા માટે સમરકંદથી એક મોટુ લશ્કર લઈને આવ્યો. બંને લશ્કરોમાં યુધ્ધ થયું. જેમાં અમીર નસરનું લશ્કર હારી ગયુ. અમીર નસર રણમેદાન માંથી ભાગી ગયો.

ઇસ્માઈલ સામાનીના કેટલાક સૈનિકોએ તેને પકડી લીધો અને સાંકળો પહેરાવી ઇસ્માઈલની પાસે લાવ્યા. દરેક જણને યકીન હતુ કે ઇસ્માઈલ પોતાના ભાઈને કત્લ કરી નાખશે. પણ જેવો ઇસ્માઈલે પોતાના મોટા ભાઈને જોયો તો તેને માન દેવા આગળ વધ્યો.

તેના પગોને ચૂમી લીધા પછી તેના સાથળો પર માન આપવા બન્ને હાથ રાખ્યા અને ભાઈના હાથોને ચૂમવા લાગ્યો.

આરંભમાં તો નસર સામાની સમજયો કે ઇસ્માઈલ મજાક કરે છે. પરંતુ તેના અમલથી પૂરવાર થઈ રહ્યુ હતુ કે તે મોટા ભાઈની હરગીઝ મજાક નથી કરી રહ્યો.

ઇસ્માઈલે હુકમ ર્ક્યો કે મારા ભાઈનો તંબૂ મારા તંબુની બાજુમાં લગાવવામાં આવે. થોડી વાર પછી ઇસ્માઈલ પોતાના મોટા ભાઈના તંબૂમાં ગયો અને ધૂંટણભેર તેની સામે બેસી ગયો અને કહેવા લાગ્યો કે

ભાઈ જાન આપને ગુલામથી અગણમો હતો તો મને પોતાની પાસે બોલાવી લેતે , આ લડાઈ કરવાની આપને શી જરૂરત હતી ?

અમીર નસરે પોતાના ભાઈની માફી માગી. પછી ઇસ્માઈલે મોટા માન પાન સાથે તેને સમરકંદ રવાના કરી દીધો અને જયારે હીજરી સન ૨૭૯ માં અમીર નસરનું મરણ થયું તો ઇસ્માઈલ પૂરા મધ્ય એશીયાનો રાજા બની ગયો.

## (૦૯) હ. યૂસુફ અલય્હિસ્સલામનો પોતાના ભાઈઓ સાથે વર્તાવ

જયારે હઝરત યૂસુફ અલય્હિસ્સલામ મિસરના અઝીઝ (સત્તાધારી) બન્યા તો દુષ્કાળ વખતે તેમના ભાઈઓ તેમની ખ્યાતિ સાંભળી તેમની પાસે ઘઉં લેવા માટે આવ્યા. આ પ્રવાસમાં બિન યામીન તેઓની સાથે નહોતા. હઝરત યૂસુફ અલય્હિસ્સલામએ ભાઈઓને કહ્યું : મેં સાંભળ્યુ છે કે તમારા બીજા પણ બે ભાઈઓ હતા.

તેઓએ કહ્યું : જી હા, અમારા એક ભાઈનું નામ યૂસુફ હતુ, તેને જંગલમાં ભેડિયો ખાઈ ગયો હતો. એક

બીજો ભાઈ ઘરમાં છે અને તે યૂસુફનો સગો ભાઈ છે. એટલે અમારા પિતાશ્રી તેમને પોતાની અલગ નથી કરતા.

જ. યૂસુફ અલય્હિસ્સલામએ અનાજ આપ્યુ અને ચૂપકેથી નોકરોને હુકમ આપ્યો કે તેઓની રકમ બોરીઓમાં નાખી દે. પછી પોતાના ભાઈઓને કહ્યું : હવે જો તમે ફરી વાર આવો તો પોતાના ભાઈને પણ સાથે લઈ આવજો. જો તમે તેને ન લાવ્યા તો હું તમને ઘઉં નહીં આપુ.

યૂસુફના ભાઈઓ બાપની સેવામાં હાજર થયા અને પૂરો પ્રસંગ તેઓને કહી સંભળાવ્યો. અને બિન યામીનના રક્ષણની ક્સમ ખાધી.

થોડા દિવસ પછી બધા ભાઈઓ બિન યામીનને લઈને મિસર દેશ તરફ રવાના થયા. હઝરત યૂસુફે બધા ભાઈઓ માટે સુફરો પથરાવ્યો અને હુકમ આપ્યો કે આ સુફરા પર બધા ભાઈઓ એકઠા થઈને બેસે. થોડી વાર પછી બધા બેસી ગયા પણ બિન યામીન એકલો રહી ગયો.

હ. યૂસુફ અલય્હિસ્સલામએ કહ્યું : નવજવાન તુ કોઈની સાથે કેમ નથી બેસતો ?

બિન યામીને કહ્યું : આપે તો કહ્યું હતુ કે જેની મા એક હોય તે એક બીજાથી હળી મળીને બેસે. તેઓની મા એક હતી એટલે તેઓ બેસી ગયા અને મારી મા જુદી છે એટલે હું તેઓ સાથે કેવી રીતે બેસું?

હ. યૂસુફ અલય્હિસ્સલામએ ફરમાવ્યું : અહીં તમારો કોઈ માજણિયો ભાઈ નથી એટલે તમે મારી સાથે બીજા રૂમમાં આવો અને મારી સાથે સુફરા પર બેસી ભોજન જમો.

યૂસુફ અલય્હિસ્સલામ પોતા   ની સાથે બિન યામીનને બીજા ઓરડામાં લઈ ગયા અને ફરમાવ્યું કે હું ઇચ્છુ છું કે હું યૂસુફના બદલે તમારો ભાઈ બની જાઉં

બિન યામીને કહ્યું : આપ ઘણા ભલા છો, પરંતુ આપ યૂસુફની જગ્યા નથી લઈ શક્તા કેમકે આપના બાપ યઅકૂબ નથી અને મા રાહી નથી. યૂસુફ અલય્હિસ્સલામ વધારે ધીરજ ધરી ન શક્યા. પોતાના ભાઈનું મોં ચુમીને ફરમાવ્યું : ઓછું ન લાવ, હું જ તારો ખોવાએલો ભાઈ યૂસુફ છું. પણ ભાઈઓને એ વાતની ખબર પડવા ન દેજે.

પછી હઝરત યૂસુફ અલય્હિસ્સલામએ ચોરીના આરોપમાં પોતાના ભાઈ બિન યામીનને પોતાના પાસે રોકી લીધો અને યૂસુફ અલય્હિસ્સલામના બીજા ભાઈઓ

આ ખબર લઈને પોતાના પિતા યઅકૂબ અલય્હિસ્સલામની પાસે આવ્યા.

જ. યઅકૂબ અલય્હિસ્સલામએ મિસરના રાજાને પત્ર લખ્યો જેમાં તેમણે લખ્યુ હતુ : અઝીઝે મિસર ! અમારૂ કુટુંબ એવુ છે કે અલ્લાહ તઆલા કષ્ટો અને નેઅમતો દ્વારા સદા જેનું ઇમ્તેહાન લેતો રહ્યો છે , વીસ વરસથી લગાતાર કષ્ટોમાં જકડાએલો છુ , મારો એક પુત્ર યૂસુફ હતો જે મારા દિલનો મેવો હતો અને આંખોનું નૂર હતો. જેના ચહેરાને જોઈ મારો ગમ દૂર થઈ જતો હતો, તે મારાથી વિખૂટો પડી ગયો છે. અને તેની

જુદાઈ પર હું એટલુ રોયો છુ કે આંખો સફેદ થઈ ગઈ છે.

યૂસુફ પછી તેનો ભાઈ બિન યામીન મારો આધાર હતો, આપે તેને ચોરીના આરોપમાં પોતા પાસે રાખી લીધો છે. હું આપને વિશ્ર્વાસ અપાવુ છુ કે અમારૂ કુટુંબ ચોરી નથી કરતુ. એટલે આપ અમારા પર દયા કરો અને તેને ભાઈઓ સાથે પાછો મોકલી આપો અને અમને સસ્તા ભાવે ઘઉં પણ આપો.

યૂસુફના ભાઈઓ આપનો પત્ર લઈ જ. યૂસુફ અલય્હિસ્સલામની પાસે આવ્યા અને પોતાના પિતાનો પત્ર આપ્યો, જ. યૂસુફ અલય્હિસ્સલામએ પિતાનો પત્ર

વાંચ્યો તો ધીરજના બધા બંધન તુટી ગયા. યૂસુફ અલય્હિસ્સલામ બીજા ઓરડામાં ગયા અને ઘણી વાર સૂધી રોતા રહ્યા પછી મોં ધોઈ ભાઈઓ પાસે આવ્યા અને તેઓને કહ્યું કે તમે જાણો છો કે તમે યૂસુફ અને તેના ભાઈઓ સાથે કેવો વર્તાવ ર્ક્યો હતો ?

ભાઈઓએ સહસા કહ્યું : તો શું તમે યૂસુફ છો ?

ફરમાવ્યું : હા, હું યૂસુફ છુ અને આ મારો ભાઈ છે અલ્લાહે અમારા પર ઉપકાર ર્ક્યો અને જે પણ અલ્લાહથી ડરે તેનું કહ્યું માને અને ધીરજ ધરે તો અલ્લાહ નેક લોકોનો અજર બરબાદ નથી કરતો.

ભાઈઓએ યૂસુફ અલય્હિસ્સલામથી માફી માગી કે આપ અમને માફ કરી દયો, અમે જ ગુનેહગાર છીએ.

જ. યૂસુફ અલય્હિસ્સલામએ ફરમાવ્યું : "લા તસરીબ અલયકોમુલ યવ્મ યગ્ફેરૂલ્લાહો લકુમ વ હોવ અરહમુર રાહેમીન" - "આજ તમને કંઈ ઠપકો નથી કરવામાં આવતો. અલ્લાહ તઆલા ગુનાહોને માફ કરે છે. અને એ સૌથી વધારે રહેમ કરવા વાળો છે."

## (૧૦) ખુદાને માફ કરવાનું બહાનુ જોઈએ

સય્યદ નેઅમતુલ્લાહ જઝાએરી નવાદેરૂલ અખબારમાં લખે છે કે બરકીએ કેટલા સહાબીઓની જબાને હ. ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામથી રિવાયત કરી છે કે બની ઇસરાઈલમાં એક ડોળધાલુ આબિદ હતો. અલ્લાહ તઆલાએ દાવૂદ અલય્હિસ્સલામને વહી કરી કે ફલાણો આબિદ ડોળધાલુ છે. થોડા દિવસ પછી આબિદ મરણ પામ્યો. હઝરત દાવૂદ અલય્હિસ્સલામ તેના જનાઝામાં ન આવ્યા. તેના કફન દફન વખતે બની ઇસરાઈલની એક મોટી સંખ્યા

ભેગી થઈ અને ચાલીસ જણાએ ખુદા સમક્ષ આ ગવાહી આપી "અલ્લાહુમ્મ અના લા નઅલમો મિન્હૂ ઇલ્લા ખયરા વ અન્ત અઅલમો બેહી મિન્ના".

અય ખુદા અમે તેની ભલાઈ સિવાય તેના વિશે કંઈ નથી જાણતા. અને તુ અમારાથી વધારે સરસ રીતે જાણે છે.

ચાલીસ માણસોની ગવાહીના કારણે અલ્લાહે તેના ગુનાહ માફ કરી દીધા અને જયારે તેને દફન કરવામાં આવ્યો તો ચાલીસ જણાએ ફરી ઉપરોક્ત ગવાહી આપી.

ખુદાવંદે કરીમ તરફથી દાવૂદ અલય્હિસ્સલામને વહી થઈ કે તે ફલાણા આબિદના જનાઝામાં ભાગ કેમ ન લીધો ?

તેઓએ અરજ કરી : અય અલ્લાહ ! તે પોતે મને ખબર આપી હતી કે તે દંભી છે , એટલા સારૂ હું તેના જનાઝામાં ન ગયો.

અલ્લાહ તઆલાએ ફરમાવ્યું : એ સાચુ છે , પરંતુ ચાલીસ જણાએ તેની ભલાઈની ગવાહી આપી. એટલે મેં પણ તેને માફ કરી દીધો. જયારે કે હું તેના ભીતરને જાણતો હતો.

બુઝુર્ગ મોહદ્દીસ સય્યદ નેઅમતુલ્લાહ જઝાએરી લખે છે કે કદાચ હઝરત અલ્લામા મજલિસીએ પણ આ હદીસને ધ્યાનમાં રાખી કફન પર ચાલીસ મોઅમિનોની ગવાહી મુસ્તહબ ઠરાવી છે. અને અલ્લામા મજલિસીએ પોતાની હયાતીમાં કફન પર ચાલીસ મોઅમિનોની ગવાહી લખાવી હતી અને તેમાં હું પણ શામેલ હતો.

એક દિવસ અલ્લામા મજલિસી ઇસ્ફહાનની જામે મસ્જિદમાં પધાર્યા અને મિમ્બર પર બેસી ઉપદેશ ફરમાવ્યો. આરંભમાં તેમણે પોતાના અકીદા બયાન ર્ક્યા. પછી તેમણે કહ્યું : લોકો  જે કંઈ તમે મારાથી સાંભળ્યુ એ જ મારો અકીદો છે. અને હું તમને વિનંતી

કરૂ છુ કે તમે જે કંઈ સાંભળ્યુ તેની ગવાહી મારા કફન પર લખી દયો અને અલ્લામા સાહેબ એ સમયે કફન પોતાની સાથે લાવ્યા હતા. લોકોએ તેમના કફન પર પોતાની ગવાહી લખી આપી.

## (૧૧) દુનિયાનો અઝાબ દૂર કરવાનું કારણ

ફિરઔનના દરબારમાં એક મશ્કરો હતો જે પોતાના ઉટપટાંગ ચાળાઓથી ફિરઔનને હસાવતો હતો.

જયારે મૂસા ફિરઔનના દરબારમાં પધારતા તો તે મશ્કરો ફિરઔનને હસાવવા માટે મૂસા અલય્હિસ્સલામની જેમ એક જુની અબા પોતાના કાંધા પર નાખતો , હાથમાં લાકડી લઈ મૂસા અલય્હિસ્સલામની નકલો ઊતારતો હતો અને ફિરઔન અને તેના દરબારીઓને હસાવ્યા કરતો હતો.

મૂસા અલચ્હિસ્સલામએ અરજ કરી : અય પરવરદિગાર ! તેં તારા દુશ્મનને હલાક કરી દીધો પણ મારા દુશ્મનને બચાવી લીધો. કુદરતના તરફથી અવાજ આવી : અય મૂસા ! આ કમનસીબ તારી પ્રતિમા (શબીહ) બનાવતો હતો અને મેં મારા કલીમની શબીને ડુબાડી દેવુ પસંદ ન ર્ક્યુ.

## (૧૨) દોઝખમાં કોણ બળશે ?

જ. રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ સફર કરી રહ્યા હતા. રસ્તામાં એક ઔરત તંદુર ઉપર રોટલીઓ શેકી રહી હતી. કોઈએ ઔરતને બતાવ્યુ કે આ રસૂલે કરીમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ જઈ રહ્યા છે. ઔરત પોતાના દૂધ પીતા બાળકોને ઉપાડી આપની સેવામાં આવી અને અરજ કરી : યા રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ! મેં સાંભળ્યુ છે કે આપ ફરમાવ્યા કરો છો કે ખુદા મા કરતા પણ વધારે

પોતાના બંદાઓ પર મહેરબાન છે. આપે ફરમાવ્યું : જી હા, સાચુ છે, આ શબ્દો મેં કહ્યા છે.

ઔરતે કહ્યું : યા રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ! જો આ વાત સાચી છે તો કોઈ પણ મા પોતાના બાળકને બળતી આગમાં નાખી નથી શક્તી આ સાંભળી રસૂલે કરીમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ રડી પડયા અને ફરમાવ્યું : અલ્લાહ માત્ર એને દોઝખમાં નાખશે જે લાએલાહ ઇલ્લલ્લાહ કહેવાથી ઘમંડના કારણે પર રહેશે.

આ હદીસના વિવરણમાં સય્યદ નેઅમતુલ્લાહ લખે છે કે લાએલાહા ઇલ્લલ્લાહ માત્ર જીભથી કહેવુ

પૂરતુ નથી. લાએલાહ ઇલ્લલ્લાહના તકાદાઓ પર પણ અમલ કરવો તેમાં શામિલ છે.અને હાદી ઇમામોની ઇમામત અને વિલાયત પણ લાએલાહ ઇલ્લલ્લાહના અનુસંધાનમાં છે. જેમકે હ. ઇમામ અલી રઝા અલય્હિસ્સલામએ હદીસ સોનાની માળામાં ઇરશાદ ફરમાવ્યું છે કે   :  લાએલાહ.... ની શરતોમાં હું પણ શામિલ છું.

# (૧૩) અમલોનું ત્રાજવુ અને અલ્લાહની રહેમત

હદીસોમાં આવેલુ છે કે , ક્યામતના દિવસે એક બંદાના અમલોનું વજન કરવામાં આવશે. ત્રાજવાની એક પલ્લામાં નેકીઓ અને બીજામાં બુરાઈઓ રાખવામાં આવશે. પરંતુ તેની બુરાઈઓનું પલડુ ભારે હશે ફરિશ્તાઓ તેને દોઝખમાં લઈ જવાનો ઇરાદો કરશે, તો એ સમયે તેઓને કુદરતની અવાઝ સંભળાશે કે હમણા ફેંસલામાં ઊતાવળ ન કરો તેનો એક અમલ મારી પાસે સચવાએલો છે. જેની તમને ખબર નથી. અને તે અમલ એ છે કે એ જયારે પણ પાણી પીતો

હતો, ઇમામ હુસૈન અલય્હિસ્સલામની પ્યાસને યાદ કર્યા કરતો હતો અને ઝાલિમો પર લાનત કરતો રહેતો હતો. તેના આ અમલને નેકીના પલડામાં રાખો. જયારે તેનો એ અમલ નેકીના પલડામાં રાખવામાં આવશે તો તેની નેકીઓનું પલ્લુ વજની બની જશે. અને બુરાઈઓનું પલડુ હલકુ થઈ જશે.

વસાઈલ પેજ ૪૯૯ પર રિવાયત નોંધાએલી છે કે ક્યામતના દિવસે એક શખ્સના અમલોનું વજન કરવામાં આવશે તો તેની બુરાઈઓ વધારે અને નેકીઓ થોડી હશે. ફરિશ્તા તેમને દોઝખ તરફ લઈ જવાનું વિચારશે તો તે પાછળ જોશે. અવાજ આવશે, અય બંદા

! પાછળ વળીને શું જુએ છે ? તો તે કહેશે કે અય અલ્લાહ ! તારી રહેમતથી મને એ આશા નહોતી કે તું મને દોઝખમાં નાખીશ. તો એ વખતે ફરિશ્તાઓને અલ્લાહનું ફરમાન સંભળાશે કે મને મારી ઇઝઝત અને કીર્તીની ક્સમ જીવનમાં તેણે મારા પર એક દિવસ પણ સારી આશા નહોતી રાખી. ગમે તેમ આજ એ નેક આશાનો દાવો કરે છે તો તેને જન્નતમાં દાખલ કરી દયો.

## (૧૪) શું તમને માફીની જરૂરત નથી ?

હ. ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામનું ફરમાન છે કે મારા દાદા જનાબ અલી ઝયનુલ આબેદીન અલય્હિસ્સલામનો નિયમ હતો કે જયારે પણ રમઝાન માસ શરૂ થતો તો આપ પોતાના ગુલામો અને કનીઝોને તેમની કોઈ ભૂલ પર ઝાટક્તા ન હતા. અને એ મહિનામાં જેનાથી પણ આજ્ઞા પાલનમાં કોઈ ઉણપ રહી જતી તો એક કાગળ ઉપર આપ તારીખ વાર નોંધી લેતા. જયારે મુબારક માસની છેલ્લી તારીખ આવતી તો રાતે આપ બધા ગુલામો અને કનીઝોને ભેગા કરતા

અને પોતે તેઓ વચ્ચે ઊભા રહી ફરમાવતા કે મારા ફલાણા ગુલામે ફલાણી તારીખે ભૂલ કરી છે. મારી ફલાણી કનીઝે ફલાણી તારીખે મારો હુકમ માનવામાં ઢીલ કરી છે. પરંતુ મેં આમ છતા તેઓને કોઈ ઠપકો આપ્યો નથી.

બધા ગુલામ અને કનીઝો પોતાની ભૂલનો સ્વિકાર કરી લેતા તો આપ તેઓને હુકમ આપતા કે તમે મળીને ઊંચા અવાજે મને સંબોધીને કહો : અલી ઇબ્નુલ હુસૈન અલય્હેમુસ્સલામ ! જેવી રીતે તમે અમારી ભૂલો લખી લીધી છે તો એવી રીતે તારા પાલનહારના ફરિશ્તાઓએ પોતાની પાસે રાખેલા

રજિસ્ટરોમાં તારી બધી ક્ષતિઓ અને ઢીલો લખેલી છે.અને તારો કોઈ નાનો કે મોટો અમલ એવો નથી જે એ રજિસ્ટરમાં નોંધાએલ ન હોય. તારો ખુદા રાઈના દાણા બરાબર પણ કોઈ પર ઝુલ્મ કરતો નથી. એટલે અમે ચાહિએ છીએ કે તમે અમારી ભૂલો માફ કરી દયો , જેથી કરીને તમારો ખુદા પણ મને માફ કરી આપે.

“તેઓને માફ કરી દેવા જોઈએ , અને દરગુઝર કરવી જોઈએ, શું તમે એ પસંદ નથી કરતા કે અલ્લાહ તમને માફ ફરમાવે ? ”

આપના બધા ગુલામ આપે બતાવેલ શબ્દોનો પુનરોચ્ચાર કરતા તો આપ દિલ દ્રાવક કલ્પાંત કરતા

અને એક ખુદાની બારગાહમાં અરજ કરતા : પાલનહાર ! તે અમને માફ કરવાનો અને દરગુઝરનો હુકમ આપ્યો છે. અય ખુદા ! તુ પણ અમને માફ કરી દે , કેમકે બંદાઓની સરખામણીમાં તુ વધારે બખ્શવાવાળો છે. અય ખુદા ! તે અમને હુકમ આપ્યો છે કે અમારા દરવાજેથી કોઈ માંગણને ખાલી હાથે પાછો ન કાઢે. તો હવે અય ખુદા ! અમે પણ બખ્શિશની આશા લઈને તારી ચોખટે ભીક્ષા પાત્ર લઈને હાજર થયા છીએ. અમારી વિનંતી એ છે કે તું અમને માફ કરી દે. અને અમારા પર મહેરબાની કર. અય ખુદા ! તારા બંદા પર ઉપકાર કર અને મને નિરાશ ન કર , અય ખુદા ! મને

એ લોકોમાં ગણી લે જેઓ તારી બખ્શિશોથી સફળ થયા છે.

પછી આપ ગુલામો તરફ લક્ષ આપી ફરમાવતા, હું તમારી ભૂલોને માફ કરૂં છુ અને જો મારાથી તમારા હકમાં કોઈ ઉણપ રહી ગઈ હોય તો તમો પણ મને માફ કરી દેજો.

ગુલામો કહેતા : મૌલા ! આપના તરફથી કશી ઉણપ નથી રહી.

પછી આપ ગુલામોને હુકમ આપતા કે તમે બધા મળીને અલ્લાહની બારગાહમાં મારા માટે આ દુઆ કરો, “અય ખુદા ! અલી બિન હુસૈનને માફ કરી દે

જવી રીતે તેઓએ અમોને માફ કર્યા. અને તેને દોઝખની આગથી મુક્ત ફરમાવ જેમ તેઓએ અમને ગુલામીથી મુક્ત કર્યા."

ગુલામ આ દુઆ માગતા અને ઇમામ ઝયનુલ આબેદીન અલય્હિસ્સલામ રડી રડીને આમીન કહેતા. પછી આપ તેઓને ફરમાવતા કે જાઓ મેં તમને આઝાદ કરી દીધા અને એ આશાએ મેં તમને મુક્તિ આપી કે અલ્લાહ મને માફ કરી દેશે.

પછી આપ દરેક ગુલામને સારા પ્રમાણમાં પૈસા આપી પોતાની પાસેથી વિદાય કરી દેતા હતા. દર

**વરસે ઇદુલ ફીત્રના પ્રસંગે આપ વીસ ગુલામો અને કનીઝોને આઝાદ ર્ક્યાં કરતા હતા.**

# (૧૫) લોકોને દરગુઝર કરો

કિતાબ નૂરૂલ ઓયૂનના ક્ર્તાએ તફસીરે કાશફીથી નકલ ર્ક્યું છે કે એક નેક શખ્સ એક માણસનો વીસ હજાર દિરહમનો કર્ઝદાર હતો. અને કર્ઝ ચુક્વવા માટે તેની પાસે કંઈ ન હતું.

એક દિવસ લેણદારે માંગણી કરવામાં સખ્તીથી કામ લીધુ અને તેને એટલો ફજેત ર્ક્યો કે કરજદારના આંસૂ વહેવા લાગ્યા. તે બીચારો રોતો રોતો ઘરે જઈ રહ્યો હતો કે તેના એક યહૂદી પાડોશીએ તેને રોતો જોઈ

લીધો. અને તેને પોતા પાસે બોલાવી તેના રોવાનું કારણ પૂછયું.

કર્ઝદારે પોતાના કર્ઝની વાત સંભળાવી અને લેણદારની સખ્તી બયાન કરી.

યહૂદીને તેના પર રહેમ આવી ગઈ અને કહ્યું કે જો કે આપણો દીન અલગ છે પણ આપણે બન્ને માનવતાના નાતે એકબીજાના ભાઈ છીએ અને તુ મારો ભલો પાડોશી પણ છો. તમે મારી પાસેથી વીસ હજાર દીરહમ લઈને તેને આપી આવો.

કર્ઝદારે યહૂદીથી વીસ હજાર દિરહમ લીધા અને લેણદારના દરવાજે પહોંચી ગયો. અને તેને બોલાવી કહ્યું કે તું તારી રકમ મારી પાસેથી લઈ લે.

લેણદારે અચરજથી કહ્યું કે થોડી વાર પહેલા તો તારી પાસે કંઈ ન હતું. હવે આટલી મોટી રકમ ક્યાંથી લઈ આવ્યો ?

કર્ઝદારે કહ્યું કે હું તારી માગણીની સખ્તીને લીધે રોતો રોતો જઈ રહ્યો હતો કે એક યહૂદી પાડોશીએ મને આ રકમ આપી છે અને હું એ જ રકમ તારી પાસે લાવ્યો છું.

લેણદારે કહ્યું : હું યહૂદીથી વધારે ઊતરતો તો નથી. આ રકમ યહુદીને પાછી આપી દે અને મેં તને મારો કરજો માફ કરી દીધો. તેની સાથે માફી ખત પણ લખી દીધું.

રાત પડી તો તેણે ખ્વાબમાં જોયુ કે ક્યામત બરપા થઈ ચૂકી છે. અમુક લોકોના આમાલનામા જમણા હાથમાં છે તો અમુલ લોકોના ડાબા હાથમાં એટલામાં  ફરિશ્તાએ તેનું આમાલનામું જમણા હાથમાં પકડાવ્યુ અને તેને ખુદાનો હુકમ સંભળાવ્યો કે તુ વગર પૂછયે જન્નતમાં ચાલ્યો જા.

તેણે પૂછ્યું : અય ખુદા , આખર શું કારણ છે કે તે મારાથી હિસાબ સુધ્ધા પૂછયો નહીં કુદરતની અવાજ આવી  જયારે તે અમારા બંદાનો હિસાબ ન લીધો તો અમને તારા હિસાબની શું જરૂરત છે?(દારૂસ્સલામ, ભાગ - ૨, પેજ. ૧૯૫-૧૯૬)

# (૧૬) કેટલિક રિવાયતો

મૌલા અલી અલય્હિસ્સલામએ ફરમાવ્યું :

જયારે તમે તમારા દુશ્મન પર અંકુશ મેળવી લ્યો , તો એ સફળતાના શુક્રિયામાં તેને માફ કરી દયો.

પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું કે ક્યામતના દિવસે એક અવાજ આવશે , જેને બધા મહેશરવાળાઓ સાંભળશે. સદા દેનારો કહેશે : ઉચ્ચતા અને શ્રેષ્ઠતાવાળાઓ ક્યાં છે ? એહલે મહેશરમાંથી એક ટોળુ આ અવાજ સાંભળી ઊભુ થશે. અને ફિરશ્તાઓ તેઓનું

સ્વાગત કરશે અને તેઓને પૂછશે તમારી એ વિશેષતા અને ઉચ્ચતા શું હતી ? જેના કારણે તમને આ સન્માન મળ્યું.

તો તેઓ કહેશે કે કેટલીકવાર અણસમજના કારણે લોકો અમારૂ અપમાન કરતા હતા તો અમે તો અમે સહન કરી લેતા હતા. અને કદીક અમારી સાથે ખરાબ વર્તન થતુ તો અમે માફ કરી દેતા હતા. એ સમયે ખુદા તરફથી અવાજ આવશે  ફરિશ્તાઓ મારા બંદાઓ સાચુ કહે છે , તેમનો રસ્તો છોડી દયો , જેથી હિસાબ વગર તેઓ જન્નતમાં દાનલ થઈ જાય.

વીણેલા મોતી – ૨, પેજ નં. 355

તોહફતુલ ઓકૂલમાં હ. ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામથી રિવાયત છે કે આપે અબ્દુલ્લાહ બિન જુન્દબથી ઇરશાદ ફરમાવ્યું : જુન્દબના પુત્ર જે તારી સાથે કત્એ રહમી(સગો થઈને દુ:ખી) કરે તુ તેની સાથે સીલી રહેમી (સગો થઈ ભલાઈ) કર અને જે તને વંચિત રાખે તુ તેને અર્પણ કર. અને જો કોઈ તારાથી ઝગડે તો ન્યાય કર, અને જો કોઈ તારા પર અત્યાચાર કરે તુ એને માફ કરી દે , જેમકે તુ ઇચ્છે છે કે ખુદા તને માફ કરી દે.

હ. ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામએ ફરમાવ્યું : શક્તિ હોવા છતા માફ કરી દેવુ , રસૂલોની સુન્નત અને મુત્તકીઓના રહસ્યોમાંથી છે.

અને ક્ષમા દરગુઝરનો ભાવાર્થ એ છે કે ગુનેહગારના ગુનાહનો ઉલ્લેખ ન કરે , બલ્કે દિલમાંથી પણ તેની ભૂલને ભૂલાવી દે. અને પછી ગુનાહ કરનાર પર વધારે ઉપકાર કરે અને પોતાની ભલાઈમાં વધારો કરે.

અને આમ કરવું માત્ર એ લોકો માટે શક્ય છે જેના આગલા પાછલા ગુનાહો અલ્લાહે માફ કરી દીધા હોય. અને જેને અલ્લાહે પોતાના ચમત્કારિક નૂરથી

શોભાયમાન કર્યાં હોય અને પોતાની પ્રભુતાના પ્રકાશિત કિરણોથી તેને શણગાર્યો હોય.

અને યાદ રાખો ક્ષમા દરગુજર ખુદાનો ગુણધર્મ છે. અલ્લાહે પોતાના સર્જનોમાંથી કેટલાક જણાને આ ગુણધર્મથી ગુણિયલ બનાવ્યા છે , જેથી તેઓ મખ્લૂક (લોક) માં રહીને સર્જનહારના ગુણોનું પ્રતિબિંબ ગણાય. અલ્લાહ તઆલા કુરઆને મજીદમાં ફરમાવે છે માફ કરો અને આંખ મીંચામણા કરો. શું તમે નથી ઇચ્છતા કે અલ્લાહ તમને માફ કરી દે અને તે બખ્શવાવાળો મહેરબાન છે.

**જે શખ્સ પોતાના જેવા એક માનવીને માફ નથી કરી શક્તો તો ખુદાવંદે જબ્બારની બખ્શિશની આશા કેવી રીતે રાખી શકે છે ?**

***-*-***

# પ્રકરણ-૫ :  વિષય :- લાલચની નિંદા

## (૦૧) બહેલુલ દાના અને લાલચુ ચોર

બહેલુલ દાનાની ટેવ હતી કે જો તેની પાસે ખર્ચીમાંથી કદી કોઈ રકમ બચી જાતી તો તે એક ઘડામાં નાખી દેતા. તેમણે આ ઘડાને એક ઉજ્જડ જગ્યામાં છુપાવ્યો હતો. જાણે આ બહેલુલ દાનાની તીજોરી હતી.

બહેલૂલ દાના એક અરસા સૂધી પોતાની બચત તેમાં ભેગી કરતા રહ્યા , ત્યાં સૂધી કે તેમની બચત ત્રણસો દિરહમ થઈ ગઈ.

એક વખત તેઓ દસ દિરહમ આ ગલ્લામાં નાખવા ગયા તો મોચીની નજર પડી ગઈ અને બહેલુલ દાનાએ પણ તેને જોઈ લીધો, કે તે તેમને ઘડામાં પૈસા નાખતા જોઈ ગયો છે.

બહેલુલ દાના દસ દિરહમ જમા કરી ચાલ્યા ગયા. થોડી વાર પછી મોચી ત્યાં આવી ગયો અને બહેલુલ દાનાની પૂરી જમા પુંજી ત્યાં થી કાઢી પોતાના ઘરે ચાલ્યો ગયો.

ઘણા દિવસો પછી બહેલુલ દાના એ જગ્યા પર ગયા તો જોયુ કે તીજોરી ખાલી છે , તેઓ તરત જ સમજી ગયા કે આ કામ મોચીનું છે.

બહેલુલ દાના તેની પાસે ગયા અને કહ્યું : ભાઈ મને કંઈક હિસાબ તો કરી દે. તેણે પૂછ્યું કેવો હિસાબ ?

બહેલુલ દાનાએ કહ્યું : મેં ઘણી જગ્યાએ મારા ગલ્લાઓ છુપાવ્યા છે તેમાં સારા પ્રમાણમાં રકમ ભેગી થઈ છે. આપ જરા હિસાબ કરીને બતાવો કે કુલ કેટલી રકમ બને છે ? પછી બહેલુલ દાનાએ હિસાબ શરૂ કર્યો કે આટલા દિરહમ એક ગલ્લામાં , આટલા બીજા ગલ્લામાં, અને આટલા ત્રીજા ગલ્લામાં છે. મોચી

હિસાબ કરતો રહ્યો. અને હિસાબ કરીને બોલ્યો : બધી મળીને રકમ ત્રણ હજાર દિરહમ થાય છે.

પછી બહેલુલ દાનાએ કહ્યું : ભાઈ , હું ઇચ્છુ છુ કે બધા ગલ્લાઓમાંથી રકમ કાઢી ફલાણા ખંડેરમાં છુપાવી છે, તેમાં ભેળવી દઉં , કેમકે આ ગલ્લો તદ્દન મહેફૂઝ છે અને ચોરોની નજરથી દૂર છે. મોચીએ કહ્યું : તો ઠીક છે , આપ એમ જ કરો. પછી મોચીએ મનમાં કહ્યું કે મેં તો ઊતાવળ કરી. જો બહેલુલ દાનાને ખબર પડી ગઈ કે તેના આ ગલ્લામાં કંઈ નથી તો બાકી રકમ ત્યાં ફેરવશે નહીં. ડહાપણ એમાં જ છે કે હું તેની આ રકમ તેના ગલ્લામાં જઈને નાખી આવુ. જેથી તે

બીજી રકમ પણ અહીં લઈ આવે. અને આમ મને ત્રણસો દિરહમના બદલે ત્રણ હજાર દિરહમ મળી જાય.

એટલે મોચીએ રકમ ઉપાડી અને એ જ ગલ્લામાં જઈને નાખી દીધી.

બીજા દિવસે બહેલુલ દાનાએ જઈને ચૂપકેથી પોતાની રકમ તેમાંથી કાઢી લીધી અને એ ઘડામાં સંડાસ કરી તેને ફરી બંધ કરી ત્યાં છુપાવી દીધો.

મોચીએ આ વખતે પણ બહેલુલ દાનાને આ તરફ જતા જોઈ લીધો હતો. તે સમજયો કે બહેલુલ દાના પોતાની બાકી રકમ પણ અહીં નાખીને જઈ રહ્યા છે.

બહેલુલ દાનાના જવા પછી મોચી પણ છાનો માનો ત્યાં ગયો અને ઘડા પરથી માટી હટાવી તેમાં હાથ નાખ્યો તો તેનો હાથ ગંદકીથી જઈ અથડાયો.

મોચી સમજી ગયો કે બહેલુલ દાનાએ તેની સાથે ચાલ ચાલી છે. થોડા દિવસ પછી બહેલુલ દાના ફરી એ મોચી પાસે આવ્યા અને ફરમાવ્યું : ભાઈ જરા હિસાબ તો કરો. મોચીએ કહ્યું : બતાવો , બહેલુલ દાનાએ કહ્યું : આટલા દિરહમ હોય પછી આટલા દિરહમ હોય તેને ભેગા કરવામાં આવે ને તેના સાથે તમારા હાથની દુર્ગંધ ભેળવવામાં આવે તો બધી મળીને કેટલી બનશે ? આ સાંભળી મોચી તેમની

પાછળ દોડયો ,  પણ બહેલુલ દાના પહેલે જ દોડીને જતા રહ્યા.

# (૦૨) અલ્લાહ હજાર રસ્તેથી રોઝી પહોંચાડે છે

સય્યદ અબ્દુલ્લાહ મૂસવી કિતાબ તોહફતુસ સનીયાના હાંસિયા પર લખે છે કે ઇબ્રાહીમ અધમ બલ્ખના રાજા હતા. એક વાર પોતાના લશ્કર સાથે ક્યાંક જતા રસ્તામાં તેમણે પહાડોની વચ્ચે એક રમણીય સ્થળે પડાવ નાખ્યો. ખાવાનો વખત થયો તો સુફરો પાથરવામાં આવ્યો અને બકરીનું તળેલુ ગોશ્ત સુફરા પર સજાવવામાં આવ્યું. એ જ અરસામાં એક પક્ષી આવ્યું, તેણે સુફરા પર રાખેલ ગોશ્ત પર ઝપટ મારી અને ગોશ્તનો એક ટુકડો લઈને ઊડી ગયુ.

ઇબ્રાહીમ અધમે પોતાના ફૌજીઓને કહ્યું કે તેની પાછળ પડી જાઓ. તે નજીકના પહાડની પાસે જઈ ઊતર્યું. જયારે ફૌજી ત્યાં પહોંચ્યા તો તેમને આશ્ચર્યની સીમા ન રહી. તેઓએ જોયુ કે એક શખ્સના હાથ પગ બાંધેલા છે અને એ પક્ષી ગોશ્તના ટુકડા કરી પોતાની ચાંચથી તેના મોંમાં નાખી રહ્યુ છે. ફૌજી એ શખ્સને એ જ હાલતમાં ઉપાડી ઇબ્રાહીમ અધમ પાસે લઈ આવ્યા. અને પૂરો બનાવ કહી સંભળાવ્યો.

પછી ઇબ્રાહીમે તેને પૂછ્યું : તમારી શું વીતક છે ? તો તેણે બતાવ્યુ : હું એક મુસાફર છુ અને અહીંથી પસાર થઈ રહ્યો હતો કે ડાકુઓએ મારો સામાન લુંટી

લીધો અને મારા હાથ પગ બાંધી જંગલમાં નાખી દીધો કે જંગલી જાનવર મને ફાડી ખાય અને હું મારૂ રક્ષણ પણ ન કરી શકુ. આ બનાવને પૂરા સાત દિવસ વીતી ગયા છે. મને અલ્લાહ તઆલા જીવતો રાખવા માંગતો હતો તો તેણે પક્ષીની ડયૂટી લગાડી દીધી કે આ સવાર સાંજ ક્યાંયથી કંઈક ખાવાની વસ્તુઓ લઈ મારી પાસે આવે છે અને પોતાની ચાંચથી મને ખવરાવે છે. અને રોજ આ જ પંખી પોતાની ચાંચમાં પાણી ભરી લાવે છે અને મને પીવરાવે છે. હમણા આ પંખી મને ગોશ્ત ખવરાવી રહ્યુ હતુ કે તમારા આ ફૌજી મને ત્યાંથી ઉપાડી લઈ આવ્યા.

ઇબ્રાહીમે તેની રસ્સીઓ તોડી અને રોવા લાગ્યા અને રોઈને કહ્યું : જયારે અલ્લાહ મખ્લૂકની રોઝીનો જામિન છે અને તે હાલમાં પણ રોઝી પહોંચાડે છે તો હું આ હુકુમત અને રાજ્યનો બોજ ઉપાડી શા માટે ફરૂ છુ ? થોડા દિવસ પછી તેમણે રાજપાટ છોડી દીધુ અને ખુદાની યાદમાં લીન થઈ ગયા.

(રવ્ઝાતુલ જન્નાતના હાશિયા પરથી પેજ. ૩૯)

# (03) લાલચથી રોઝીમાં વધારો થતો નથી

અબ્દુલ્લાહ બિન આમિર ઈરાકનો ગવર્નર નિમાયો. તેના બે દોસ્તોએ વિચાર્યું કે ઈરાક જઈને તેને મુબારક બાદ આપવી જોઈએ , કદાચ તે આર્થિક રીતે આપણી મદદ કરે. તેઓમાં એક અન્સારી હતો , અને બીજી સકફી.

થોડો સમય તો તેઓ એક સાથ સફર કરતા રહ્યા. પછી અન્સારીએ પોતાના સકફી મિત્રને કહ્યું : હું ઈરાક જવા નથી માગતો , સાથીએ નિર્ણય ફેરવવાનું કારણ પૂછ્યું , તો કહ્યું : જે ખુદા અબ્દુલ્લાહ બિન

આમિરને ગવર્નરી દઈ શકે છે તે શું મને રોઝી નથી દઈ શક્તો ? આમ કહી તે પોતાના ઘરે ચાલ્યો ગયો. સકફી મુસાફરી કરી ઈરાક ગયો અને અબ્દુલ્લાહ બિન આમિરથી મુલાકાત કરી , અને તેણે અન્સારીના પાછા ફરવાનો અને પોતાના આવવાનો હાલ સંભળાવ્યો , તો અબ્દુલ્લાહ બિન આમિરે સકફી માટે ચાર હજાર દીનાર અને અન્સારી માટે આઠ હજાર દીનારનો હુકમ આપ્યો.

આ જોઈ સકફીએ આ શેર પઢયા.

ખુદાની ક્સમ , લાલચુની લાલચ ફાયદામંદ નથી કે તે તેને ગની કરી દે અને સંતોષ માનનારા નો સંયમ નુક્સાન કરતા નથી.

એક વખત હ. મૂસા અલય્હિસ્સલામને અલ્લાહ તઆલાએ ફરમાવ્યું : મૂસા ! જાણો છો કે હું મુર્ખાને રોઝી શા માટે આપુ છુ ?

મૂસાએ અરજ કરી : હું નથી જાણતો. અલ્લાહ તઆલાએ ફરમાવ્યું : હું એટલા માટે મુર્ખને રોઝી આપુ છું કે બુધ્ધિવાનોને ખબર પડે કે રોઝીનો સંબંધ બુધ્ધિ હોશિયારીથી નથી.

# (૦૪) લાલચ મુર્ખ બનાવી દે છે

કહેવાય છે કે એક શખ્સે એક ચકલીને પકડી લીધી. ચકલીએ શિકારીને પૂછ્યું : મને પકડવાથી તને શું મળ્યુ ?

તેણે કહ્યું : હું તને ઝબ્હ કરી તારૂ ગોશ્ત ખાઈશ. ચકલીએ કહ્યું : મારા જરા જેટલા ગોશ્તથી તારૂ પેટ તો નહીં ભરાય. હા, જો તુ મને છોડી દે તો હું તને ત્રણ વાત બતાવુ, જેમાં તારો ફાયદો છે. પ્રથમ વાત એ વખતે કરીશ જયારે તારા હાથથી મુક્ત થઈશ. અને

બીજી વાત દિવાલ પર બેસીને કહીશ અને ત્રીજી વાત ઝાડની ટોચે બેસીને બતાવીશ.

શિકારીએ કહ્યું : મને કબૂલ છે. હવે તુ તારી પ્રથમ વાત બતાવ.

ચકલીએ કહ્યું : પ્રથમ વાત એ છે કે જે વસ્તુ તારા હાથમાંથી નિકળી જાય તેનો અફસોસ ન કરવો. શિકારીએ ચકલીને છોડી દીધી. તે દિવાલ પર જઈને બેઠી. અને કહ્યું : બીજી વાત એ છે કે જે વાત બુધ્ધિગમ્ય ન હોય તેને કદી સ્વિકારવી નહીં. અને તે ઘણો મોટો સોનેરી મોકો હાથથી જવા દીધો. જો તુ મને ઝબ્હ કરત તો મારા શરીરની અંદર દસ દસ

મિસ્કાલના બે મોતી હતા. તુ એને વેચી પૈસાદાર બની જાત. પછી ચકલી ઊડીને ઝાડની ટોચે જઈ બેઠી.

શિકારી ચકલીને મુક્ત કરી પસ્તાવા લાગ્યો અને દિલમાં કહેવા લાગ્યો કે હાય મારા દુર્ભાગ્ય , જો હું તેને ઝબ્હ કરત તો મોતીઓના કારણે આજ માલામાલ થઈ જાત.

શિકારી ઝાડની નીચે જઈને ઊભો રહ્યો અને કહ્યું : હવે તુ તારી ત્રીજી વાત બતાવ. ચકલીએ કહ્યું : મુર્ખ માણસ  જયારે મારી પહેલી નસીહતો પર જ તે અમલ ન ક્યોં તો ત્રીજી વાત પૂછી શું કરીશ?

એ શખ્સે આગ્રહ ક્ર્યો. ચકલીએ કહ્યું : બેવકૂફ આદમી ! મેં હમણાં જ તને બતાવ્યુ હતુ કે જે વાત અક્કલમાં ન ઊતરે તેને કદી સ્વિકારવી નહીં , હવે તુ વીસ મિસ્કાલના બે મોતીઓ માટે પછતાઈ રહ્યો છે , જયારે પાંખો સહિત મારૂ વઝન બે મિસ્કાલથી વધારે નથી ને વીસ મિસ્કાલના મોતીઓનું યકીન કેવી રીતે કરી લીધુ ?

જોકે આ વાર્તા કલ્પિત છે. પણ તેનો સાર તદ્દન સાચો છે કે લાલચુ પોતાની લાલચના કારણે સમજબુધ્ધિથી ખાલી થઈ જાય છે. અને કેટલિક વાર

**એવા પગલા ભરી બેસે છે , જેનાથી તેની જાનનો પણ ખતરો ઊભો થાય છે.**

# (૦૫) ઇબ્રાહીમ અધમની તૌબા

ઇબ્રાહીમ અધમની તૌબા વિશે વિવિધ રિવાયતો બયાન કરવામાં આવી છે. જેમાંની એક રિવાયત આ પણ છે કે ઇબ્રાહીમ અધમ બલ્ખનો બાદશાહ હતો અને એક રાત્રે તે પોતાના મહેલની બારીમાંથી બહારનું દ્રશ્ય જોઈ રહ્યો હતો કે તેણે જોયુ કે એક ફકીર તેના મહેલની દિવાલની પાસે આવીને બઠો અને તેણે પોતાની ગોદળીમાંથી જવની સુકી રોટલી કાઢી અને પાણીમાં ભીંજાવી ખાવા લાગ્યો. પછી તેણે

પાણી પીધુ અને ખુદાનો શુક્ર અદા કરી દિવાલને અઢેલીને સૂઈ ગયો.

આ દ્રષ્ય જોઈ ઇબ્રાહીમ અધમની આંખો ખૂલી ગઈ. અને સ્વગત કહેવા લાગ્યો : જયારે જવની સૂકી રોટલી પર પણ ઇન્સાનનો આત્મા સંતોષ કરી શકે છે તો હું તાજ અને તખ્તનો ભાર પોતાના માથે લઈને શા માટે ફરૂ છુ ? જેનું પરિણામ આકરા પૂછાણા સિવાય કંઈ નથી.

આમ વિચારી તેણે ગાદી ત્યાગી દીધી અને બલ્ખથી ચાલ્યા ગયા.

તેમના વિશે કહેવાય છે કે એક દિવસ તેઓ થીગડા મારેલા કપડા પહેરી એક હમામમાં ગયા અને ઇચ્છતા હતા કે અંદર જઈને ગુસ્લ કરે. પરંતુ હમામના માલિકે તેમની સ્થિતિ જોઈ તો સમજી ગયો કે તેની પાસે નાહવાના પૈસા નથી. એટલે તેણે તેમને હમામમાં જવાની રજા ન આપી.

ઇબ્રાહીમ અધમે કહ્યું : મને ધરતી પુત્રો પર આશ્ચર્ય થાય છે. જયારે એક હમામવાળો વગર પૈસે હમામમાં દાખલ થવા નથી દેતો તો નેક અમલ (સદાચાર) વિના અલ્લાહ તઆલા જન્નતમાં કેવી રીતે દાખલ થવા દેશે ?

શફીક બલ્ખી કહે છે કે એક દિવસે ઇબ્રાહીમે મને પૂછ્યું : તમે તમારૂ જીવન કેવી રીતે વીતાવો છો?

મેં કહ્યું : મારી આદત એ છે કે જો કંઈ મળી જાય તો ખાઈ લઉં છુ અને જો કંઈ ન મળે તો સબર કરૂં છું.

આ સાંભળી ઇબ્રાહીમ અધમે કહ્યું : બલ્ખના કુતરા પણ એમ જ કરે છે. તેમને કંઈ મળી જાય તો ખાઈ લે છે અને જો ન મળે તો સબર કરે છે.

મેં પૂછ્યું તો આપ કેવી રીતે જીવન વીતાવો છો ?

તેમણે કહ્યું : મારો સિધ્ધાંત એ છે કે જો કંઈ મળી જાય તો બીજાઓને મારાથી અગ્ર ગણુ છુ ને જો કંઈ ન મળે તો શુક્ર કરૂ છું.

## (૦૬) આ બે જણમાં બહેતર કોણ ?

સેક્તુલ ઇસ્લામ કુલયની (રહે.) એ નોફેલીથી રિવાયત કરી છે કે તેણે હ. ઇમામ ઝયનુલ આબેદીન અલય્હિસ્સલામથી રિવાયત કરી છે કે હ. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ એક વખત જંગલમાંથી પસાર થઈ રહ્યા હતા અને થોડા સહાબીઓ પણ આપની સાથે હતા. આપે એક ઊંટવાનને જોયો કે તે ઊંટણી ચરાવી રહ્યો હતો.

આપે તેને ફરમાવ્યું : તમે અમને કંઈક દૂધ પીવરાવી શકો છો ?

ઊંટવાળાએ કહ્યું : જે દૂધ અત્યારે મારી પાસે વાસણમાં છે તે સાંજના સમયે કામ આવશે અને જે દૂધ ઊંટણીઓના થનોમાં છે તે સવારના સમયે કામ આવશે. એટલે હું આપને દૂધ નથી પાઈ શક્તો.

રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ તેના માટે દુઆ કરી અને ફરમાવ્યું : અય ખુદા  આને પુષ્કળ ધન અને રોઝી અર્પણ કર અને તેને ઘણા સંતાનો આપ.

પછી ત્યાંથી આગળ વધ્યા તો વળી એક ઊંટવાળો દેખાણો આપે તેને ફરમાવ્યું : શું તમે અમને થોડુ દૂધ પીવરાવી શકો છો ?

ઊંટવાને ઊંટણીઓને દોહી અને સાથે બકરીઓને પણ દોહી પછી વાસણ ભરીને આપની સેવામાં લાવ્યો. આપે દૂધ પોતાના સાથીઓને પીવરાવ્યુ અને પછી દુઆ માંગી : અય અલ્લાહ ! આને જરૂરત પૂરતુ રિઝક અતા કર. આપની આ દુઆ સાંભળી સહાબાએ આશ્ચર્યથી પૂછ્યું : યા રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ! જે ઊંટવાળાએ આપને દૂધથી વંચિત રાખ્યા આપે તેના માટે પુષ્કળ માલની અને સંતાનોની દુઆ માંગી અને જેણે આપણી સાથે ભલાઈ કરી આપણને દૂધ પીવરાવ્યુ

આપે તેના માટે આ દુઆ માગી. આખર આનું કારણ શું છે ?

આપે ફરમાવ્યું : મેં તદૃન ઠીક દુઆ માંગી કેમકે થોડી અને જરૂરત પ્રમાણે રોઝી એ રોઝીથી વધારે સારી છે જે વધારે હોય અને ખુદાની યાદથી ગાફિલ કરી દે.

આપ મોટે ભાગે આ દુઆ માગ્યા કરતા હતા : અય ખુદા ! મોહમ્મદ અને આલે મોહમ્મદ અલયહેમુસ્સલામને જરૂરત પૂરતી રોઝી અતા ફરમાવ.

# (૦૭) ગરીબોના કાસિદને જવાબ

અનસ બિન માલિક કહે છે કે એક વખત ગરીબોએ એક જણને પોતાનો કાસિદ બનાવી રહેમતુલ લિલ આલમીન સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની સેવામાં મોકલ્યો. તેણે કહ્યું : યા રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ! હું ગરીબોનો કાસિદ અને પ્રતિનિધિ બની આપની સેવામાં આવ્યો છું.

આપે ફરમાવ્યું : હું તારૂ સ્વાગત કરૂ છું. તમે એ વર્ગના પ્રતિનિધિ બનીને આવ્યા છો જેને હું દોસ્ત રાખુ છું.

વીણેલા મોતી – ૨, પેજ નં. 388

તેણે અરજ કરી : યા રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ! ગરીબો કહે છે કે ધનવાન બધી નેકીઓ સમેટીને લઈ ગયા. કેમકે તેઓ પહોંચતા પામતા છે. એટલે હજ પર જાય છે , અમે શક્તિમાન નથી એટલે અમે હજના સવાબથી વંચિત છીએ. તેઓ પાસે ધન છે , તે અલ્લાહના માર્ગમાં ખર્ચી પોતા માટે આખેરતનું ભાતું તૈયાર કરી લે છે. જ્યારે કે અમારી પાસે કંઈ નથી એટલે અમે આખેરતનું ભાતું તૈયાર કરવાથી વંચિત છીએ.

આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું : ગરીબોને જઈને મારો આ સંદેશ સંભળાવો કે

જે ગરીબ સબ્રથી પોતાનું જીવન પસાર કરે અલ્લાહ તેને ત્રણ વિશિષ્ઠતાઓ આપશે જે અમીરને નસીબ નહીં થાય.

૧. જન્નતમાં ખુદાવંદે આલમે ઊંચાઈ પર એવા મકાન બનાવરાવ્યા છે જેને જન્નતવાળા એવી રીતે જોશે જેવી રીતે જમીન વાળા સિતારાઓને જુએ છે. જન્નતના આ ઊતકૃષ્ટ મકાનોમાં કાં તો ગરીબ નબી જાશે , અથવા ગરીબ શહીદ જા શે અથવા ગરીબ મોઅમિન તેમાં દાખલ થશે.

૨. ધનવાનથી અર્ધો દિવસ પહેલે ગરીબ જન્નતમાં જાશે. અને અર્ધો દિવસ પણ પાંચસો વરસની બરાબર છે.

૩. જયારે કોઈ ધનવાન સુબ્હાનલ્લાહે વલ હમ્દો લિલ્લાહે વલા એલાહ ઇલ્લલ્લાહો વલ્લાહો અકબર કહે અને ગરીબ પણ આ તસ્બીહ પડે તો ધનવાનને ગરીબ જેટલો સવાબ ત્યાં સૂધી નહીં મળે જયાં સૂધી તે હર તસ્બીહની સાથે દસ હજાર દિરહમ અલ્લાહના માર્ગમાં ખર્ચ ન કરે. આવી જ રીતે બીજા અમલોમાં પણ અલ્લાહ તઆલા ગરીબોને વધારે અજ્ર આપશે.

**કાસિદે ગરીબો પાસે જઈ આપની વાતચીત સંભળાવી તો તેઓએ કહ્યું : અમે રાજી છીએ.**

## (૦૮) હ. ઈસા અલય્હિસ્સલામ અને લાલચુ પુરૂષ

હઝરત ઈસા અલય્હિસ્સલામ એક શિષ્યને લઈને સફર પર નિકળ્યા. રસ્તામાં એક જગ્યાએ તેઓએ ઊતારો કર્યો. અને શિષ્યને પૂછ્યું કે તમારા ખીચામાં કંઈ છે ?

તેણે કહ્યું : જી હા, મારી પાસે બે દિરહમ છે.

આપે પોતાના ખીચામાંથી એક દિરહમ કાઢયો , તેને આપ્યો અને ફરમાવ્યું : આ ત્રણ દિરહમ થઈ જાશે, નજીકમાં વસ્તી છે તો ત્યાંથી ત્રણ દિરહમની રોટીઓ લઈ આવો.

શિષ્ય ગયો અને ત્રણ રોટીઓ લીધી. રસ્તામાં વિચાર્યું મસીહે તો મને એક દિરહમ આપ્યો હતો બે દિરહમ મારા હતા. જયારે કે રોટલીઓ ત્રણ છે , તેમાંથી અર્ધી રોટલીઓ મસીહ ખાશે અને અર્ધી રોટલીઓ મારે ભાગે આવશે. એટલે બહેતર એ છે કે એક રોટી હું પહેલેથી ખાઈ લઉં એટલે તેણે રસ્તામાં એક રોટલી ખાઈ લીધી અને બે રોટીઓ લઈને ઇસા અલય્હિસ્સલામની ખિદમતમાં હાજર થયો.

આપે રોટી ખાધી અને શિષ્યને પૂછ્યું : ત્રણ દિરહમની કેટલી રોટીઓ મળી હતી ?

શિષ્યે જવાબ આપ્યો : બે રોટીઓ મળી હતી એક આપે ખાધી અને એક મેં ખાધી.

હ. ઈસા અલય્હિસ્સલામ ત્યાંથી રવાના થયા , માર્ગમાં એક નદી આવી , શિષ્યે ગભરાઈને કહ્યું : આપણે નદી પાર કેવી રીતે કરશું ? જયારે કે અહીં કોઈ હોડી દેખાતી નથી.

હ. ઈસા અલય્હિસ્સલામએ ફરમાવ્યું : ગભરા નહીં, હું આગળ ચાલીશ અને તુ મારી અબાનો છેડો પકડી મારી પાછળ પાછળ ચાલ્યો આવ. ખુદાએ ઇચ્છયુ તો આપણે નદી ઓળંગી લેશુ.

એટલે જનાબે ઇસા અલય્હિસ્સલામએ નદીમાં પગ રાખ્યો અને શિષ્યે તેની અબા પકડી લીધી. ખુદાની રજાથી આપે નદી ઓળંગી લીધી અને તેમના પગ તક ભીંજાણા નહીં.

શિષ્યે આ મોઅજિઝો જોઈને કહ્યું : મારી હજારો જાન આપ પર કુરબાન, આપ જેવો ચમત્કારિક નબી આપની પહેલા કોઈ મબઉસ જ નથી થયો.

આપે ફરમાવ્યું : આ મોઅજિઝો જોઈને તારા ઈમાનમાં કંઈ વધારો થયો ?

શિષ્યે કહ્યું : જી હા , મારૂ દિલ પ્રકાશથી ભરાઈ ગયુ. પછી આપે ફરમાવ્યું : જો તારૂ દિલ રોશન થઈ ગયુ છે તો બતાવ રોટીઓ કેટલી હતી ?

શિષ્યે કહ્યું : હઝરત ! રોટીઓ બસ બે જ હતી.

પછી આપ ત્યાંથી આગળ ચાલ્યા. રસ્તામાં હરણોનું એક ટોળુ પસાર થઈ રહ્યુ હતું. આપે હરણને ઇશારો ર્ક્યો તો આપની પાસે ચાલ્યુ આવ્યું. આપે ઝબ્હ કરી તેનું ગોશ્ત ખાધુ અને શિષ્યને પણ ખવરાવ્યુ.

જયારે બન્ને ગોશ્તથી ધરાઈ ગયા તો હ. ઈસા અલય્હિસ્સલામએ તેની ખાલ પર પગની ઠોકર મારી

કહ્યું : “કુમ બેઇઝનિલ્લાહ” અલ્લાહના હુકમથી જીવતુ થઈ જા.

હરણ જીવતુ થઈ ગયુ , અને દોડીને પોતાના ટોળામાં ભળી ગયુ.

શિષ્ય મોઅજિઝો જોઈને દંગ થઈ ગયો અને કહેવા લાગ્યો : અલ્લાહનો શુક્ર છે જેણે મને આપ જેવા નબી અને ઉસ્તાદ આપ્યા છે.

હ. ઈસા અલય્હિસ્સલામએ ફરમાવ્યું : આ મોઅજિઝો જોઈ તારા ઈમાનમાં વધારો થયો ?

શિષ્યે કહ્યું : સુબ્હાનલ્લાહ ! મારૂ ઈમાન પહેલાથી બેવડુ થઈ ગયુ.

આપે ફરમાવ્યું : પછી એ બતાવો કે રોટીઓ કેટલી હતી ?

શિષ્યે કહ્યું : હઝરત રોટીઓ તો બે જ હતી.

બન્ને રસ્તો ચાલતા ગયા. એક પહાડી પાસે સોનાની ત્રણ ઈંટો પડી હતી. આપે ફરમાવ્યું : એક ઈંટ મારી છે, અને એક ઈંટ તમારી છે અને એક ઈંટ એની છે જેણે ત્રીજી રોટલી ખાધી.

આ સાંભળી શિષ્યે ઝંખવાઈને જવાબ આપ્યો : હઝરત, ત્રીજી રોટલી મેં ખાધી છે.

હ. ઈસા અલચ્હિસ્સલામએ એ લાલચીને છોડી દીધો અને ફરમાવ્યું : ત્રણે ઈંટો તુ જ લઈ જા. આમ

કહી હ. ઈસા અલય્હિસ્સલામ રવાના થઈ ગયા અને લાલચુ શખ્સ ઈંટોની પાસે બેસી વિચારવા લાગ્યો કે તેને ઘરે કેવી રીતે લઈ જવી.

એ જ અરસામાં ત્રણ ડાકુ ત્યાંથી પસાર થયા. તેઓએ જોયુ કે એક શખ્સ પાસે સોનાની ત્રણ ઈંટો છે. તેઓએ તેને મારી નાખ્યો અને પરસ્પર કહેવા લાગ્યા ઈંટો ત્રણ છે અને આપણે પણ ત્રણ છીએ એટલે એક એક જણને એક એક ઈંટ ભાગમાં આવે છે. જોગાનુ જોગ તેઓ ભુખ્યા હતા. તેમણે એક સાથીને પૈસા આપ્યા અને કહ્યું કે ગામ નજીક છે , તમે ત્યાંથી રોટલીઓ લાવો , ત્યાર પછી આપણે આપણો ભાગ

વહેંચશુ, તે શખ્સ રોટલીઓ લેવા ગયો, અને વિચારવા લાગ્યો જો હું રોટલીઓમાં ઝેર મેળવી દઉં તો તે બન્ને સાથી મરી જશે અને ત્રણે ઈંટો મારી મિલ્કત થઈ જશે. અહીં તેના બન્ને સાથીઓએ મસ્લત કરી કે જો આપણે આ સાથીને મારી નાખીએ તો આપણા ભાગમાં સોનાની દોઢ દોઢ ઈંટો આવશે.

જયારે તેઓનો ત્રીજો સાથી ઝેર ભેળવેલી રોટલીઓ લઈને આવ્યો તો એ બન્નેએ યોજના મુજબ તેના પર હુમ્લો કરી દીધો અને તેને કાપી નાખ્યો. પછી જ્યારે તેમણે રોટલીઓ ખાધી તો એ બન્ને પણ ઝેરના કારણે મરી ગયા.

હ. ઈસા અલય્હિસ્સલામનો એ સ્થળેથી ગુઝર થયો તો જોયુ કે ઈંટો એવી જ પડી હતી , પણ તેના બાજુમાં ચાર જણાની લાશો પડી હતી. આપે આ જોઈને ઠંડો શ્ર્વાસ ભર્યો અને ફરમાવ્યું : દુનિયા તેના ચાહવાવાળાઓથી એ જ વર્તન કરે છે.

## (૦૯) સંતોષ શું છે ?

અબૂ વાઈલ કહે છે કે હું અબૂઝરે ગફફારીની સાથે સલમાન ફારસીના ઘરે ગયો , જયારે ખાવાનો સમય આવ્યો તો હ. સલમાન ફારસીએ કહ્યું : જો રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ તકલ્લુફની મના ન કરી હોત તો હું તમને શાનદાર દાવત દેત. આમ કહી હ. સલમાન રોટી અને નમક લઈ આવ્યા.

અબૂઝરે કહ્યું : જો આની સાથે થોડો ફુદીનો હોત તો ઓર મજા આવત. સલમાને દુકાનદાર પાસે

પોતાનો લોટો ગીરવી રાખ્યો અને કુદીનો લઈ આવ્યા. જયારે અમે ખાવાનું ખાઈ ચુક્યા તો

અબૂઝર ગફફારીએ કહ્યું : "અલ હમ્દો લિલ્લાહીલ્લઝી કનઅના" - એ ઝાતની સ્તૂતિ છે જેણે અમને સંતોષી બનાવ્યા.

આ સાંભળી સલમાન ફારસીએ કહ્યું : જો તમે સંતોષી હોત તો મારો લોટો ગીરવી ન રખાવત.

# (૧૦) માલ ભેગો કરવાની લાલચ

અબ્દુર રહેમાન બિન ઓફ એ છ જણામાંથી છે જેઓને બીજા ખલીફાએ શૂરા માટે નીમ્યા હતા. અને એહલે સુન્નતના કથન મુજબ તેઓ એ દસ જણામાંથી છે, જેઓને રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ જન્નતની ખૂશખબરી આપી હતી. તેઓના માલ દૌલત વિશે ઇબ્ને અસીરે અસદુલ ગાબામાં લખ્યુ છે કે જયારે તેમને મૌત આવ્યું તો એક હજાર ઊંટ , એક્સો ઘોડા, ત્રણ હજાર બકરીઓ પાછળ છોડી ગયા અને તેમના ઘરમાંથી એટલુ સોનુ નિકળ્યુ કે તેને

કુહાડીથી કાપવામાં આવ્યું અને કેટલાય લોકોના હાથમાં ઉઝરડા પડી ગયા. વફાત ટાણે તેમની ચાર સ્ત્રીઓ હતી અને દરેક સ્ત્રીને એંસી એંસી હજાર દીનાર વારસામાં મળ્યા.

તેમના મરણ પછી સહાબીઓમાં અઢળક ધન વિશે વિવાદ જાગ્યો. અમુક સહાબીઓએ કહ્યું કે આપણને તેની આખેરતનો ભય છે.

કઅબુલ અહબારે (જે પહેલા યહૂદી હતો અને પાછળથી મુસલમાન થયો હતો) કહ્યું કે તમારે તેની આખેરતની ચિંતા ન કરવી જોઈએ. તેણે મહેનતથી

રોઝી કમાઈ ,  માનભર જીવન વીતાવ્યુ અને બચેલ માલ મૂકી ચાલ્યો ગયો.

હઝરત અબૂઝરને કઅબુલ અહબારના આ વિવેચનની ખબર પડી તો ઘણા નારાજ થયા અને તેને મારવા માટે ચાલી નિકળ્યા.

કઅબુલ અહબારને જાણ થઈ ગઈ કે અબૂઝર તેમને મારવા માગે છે તો તે દોડીને હ. ઉસ્માન ની પાસે ચાલ્યો ગયો અને તેની પીઠ પાછળ છુપાઈને બેસી ગયો. તેને શોધતા શોધતા હ. અબૂઝર ત્યાં પણ પહોંચી ગયા. અને ફરમાવ્યું : યહૂદીના બેટા   ! તુ આ ફત્વો આપનાર કોણ કે અબ્દુર રહેમાનની દૌલત કોઈ

ઐબ નથી. ખુદાની ક્સમ જંગે ઓહદમાં રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની સાથે જઈ રહ્યો હતો , તો આપે ફરમાવ્યું : અબૂઝર ! પૈસાદાર ક્યામતના દિવસે ફકીર અને નિરાધાર હશે. સિવાય એના જે ચારે બાજુએથી ખુદાના માર્ગમાં ખર્ચ કરે. અને એવા લોકોના જૂજ છે. અબૂઝર મને એ વાત પસંદ નથી કે મારી પાસે ઓહદના પહાડ જેટલુ ધન હોય અને હું તેને ખુદાના માર્ગમાં ખર્ચ કરૂ અને મરવા ટાણે મારી પાસે બે કિરાત ધન બાકી રહી જાય.

યહૂદી પુત્ર રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ મરવા સમયે બે કિરાત ધન

પોતાના ઘરમાં રાખવુ પસંદ ન કરે અને તુ કહે છે કે અબ્દુર રહેમાનથી તેના ધન વિશે કોઈ પૂછા નહીં થાય ? તુ ખુશામદી અને જુઠો છે.

કોઈની હિંમત ન પડી કે અબૂઝરની વાતને રદિયો આપે. (કલમએ તય્યબા, પેજ. ૧૭૭)

## (૧૧) રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ આપણા માટે કેવી ઝિંદગી પસંદ કરતા હતા ?

હ. ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામએ ફરમાવ્યું કે રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના એક સહાબી હતા, જેનું નામ સઅદ હતું. તે અત્યંત કંગાળ અને ગરીબ હતો અને તે અસ્હાબે સુફ્ફાનો એક મેમ્બર પણ હતો.

તે રિસાલત મઆબ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની પાછળ બધી નમાઝો પડતો

હતો. આપ સઅદની નિર્ધનતાથી ઘણા લાગણીશીલ હતા. અને એક દિવસ આપે તેને ફરમાવ્યું કે મારી પાસે કંઈક રકમ આવી તો હું તને ધરવી દઈશ.

એક સમય સૂધી આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ પાસે કોઈ રકમ ન આવી. આપ સઅદની નિર્ધનતાથી ઘણા ચિંતાતૂર થયા. એક દિવસ જિબ્રઈલે અમીન આવ્યા અને અરજ કરી કે અલ્લાહ તઆલા આપને દરૂદ અને સલામ મોકલે છે. અને ફરમાવે છે કે આપ સઅદની રંક્તા જોઈને ચિંતાગ્રસ્ત છો અને આપ તેને વાયદો પણ કરી ચૂક્યા છો કે તેને કંઈક આપશો. આપ આ બે દિરહમ લ્યો અને સઅદને

આપી કહો કે તે એનાથી ધંધો કરે. હ. રસૂલે કરીમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ બે દિરહમ લીધા. ઝોહરની નમાઝનો સમય થયો તો સઅદે આપની પાછળ નમાઝ પડી. આપે નમાઝ પડી લીધા પછી ફરમાવ્યું : સઅદ ! વેપાર કરી શકો છો ? તેણે અરજ કરી : ખુદાની કસમ , મારી પાસે કંઈ પણ નથી. હું ભલા વેપાર કેવી રીતે કરી શકુ છું ? આપે તેને બે દિરહમ આપ્યા અને ફરમાવ્યું : જાઓ આનાથી વેપાર શરૂ કરો અલ્લાહ બરક્ત આપશે. સઅદે બે દિરહમ લીધા અને તેનાથી લે વેચ શરૂ કરી. અલ્લાહ

તઆલાએ તેની તિજારતમાં બરક્ત આપી. તે ધૂળમાં હાથ નાખતો તો પણ તેને નફો થતો.

ધીરે ધીરે તેની આર્થિક સ્થિતિ સારી થવા લાગી. તેણે મસ્જિદના દરવાજા પર એક દુકાન લઈ લીધી, તેમાં પોતાનો સામાન રાખવા લાગ્યો. પછી નોબત ત્યાં સૂધી પહોંચી કે હઝરત બિલાલ અઝાન કહેતા અને રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ પોતાના ઘરેથી તૈયાર થઈને નિકળતા અને મસ્જિદમાં પહોંચી જાતા, પરંતુ સઅદ ધંધામાં તલ્લીન રહેતો હતો, જો કે વેપાર શરૂ કર્યા પહેલા તે અઝાનની પહેલા વઝૂ કરીને મસ્જિદમાં પહોંચી જતો.

પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું : સઅદ , દુનિયાએ તને પ્રવૃત કરી દીધો છે અને પૈસાએ તને નમાઝથી ગાફિલ કરી દીધો છે.

સઅદે કહ્યું : તો શું હું મારા માલને બરબાદ કરી દઉં ? એક શખ્સના હાથે મેં જણસ વેચી છે , હજી તેની કિમત લેવાની બાકી છે અને આ શખ્સથી કિંમત લઈ ચુક્યો છુ, પણ તેને માલ નથી આપ્યો.

પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ તેની આ દુન્યવી લાલસા જોઈને ચિંતાગસ્ત થયા. એક વાર જિબ્રઈલ અમીન ઊતર્યાં

અને અરજ કરી , અલ્લાહ તઆલા ફરમાવે છે આ સઅદની સ્થિતિ જોઈને પરેશાન છો , જો આપ તેની ધન ચાહનાને પસંદ કરો છો તો અમે તેને ધનવાન જ રહેવા દઈએ છીએ, અને જો આપ તેની નિર્ધનતા અને નાદારીને પસંદ કરો છો તો અમે તેની પહેલાની હાલત પર પાછો લઈ આવીએ છીએ.

રસૂલે કરીમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : અય પાલનહાર ! સઅદ મને વહાલો છે. પરંતુ તે દિનબદિન દુનિયાના કીચડમાં ધસતો જાય છે. આમ તેની આખેરત બરબાદ થઈ રહી

છે. અને હું તેની આખેરત આ રીતે નષ્ટ થતી જોઈ નથી શક્તો.

જિબ્રઈલે કહ્યું : તો પછી આપ તેના એ બે દિરહમ જે આપે તેને આપ્યા હતા , પાછા માંગી લો. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ સઅદની પાસે પધાર્યા અને ફરમાવ્યું : સઅદ ! શું તમે અમને અમારા બે દિરહમ પાછા નહીં આપો ?

સઅદે કહ્યું : હું બસો દિરહમ આપવા તૈયાર છું.

આપે ફરમાવ્યું : નહીં, મને તો માત્ર બે દિરહમ જોઈએ.

સઅદે આપને બે દિરહમ આપી દીધા. ત્યાર પછી તેને ધંધામાં લગાતાર ખોટ ઉપાડવી પડી. થોડા દિવસ પછી તે પોતાની પહેલી હાલત પર પાછો આવી ગયો.

# (૧૨) જયારે નફો ન સ્વિકાર્યો

અબૂ જઅફર ફઝારી કહે છે કે હ. ઇમામ સાદિક અલય્હિસ્સલામએ એક ગુલામને જેનું નામ મુસાદિફ હતુ, બોલાવ્યો અને ફરમાવ્યું : મારા કુટુંબના સભ્યો ઘણા થઈ ગયા છે એટલે હું રોઝીમાં કંઈક તંગી અનુભવી રહ્યો છું. તમે મારાથી એક હજાર દીનાર લ્યો અને તેનાથી વેપાર માટે સામાન ખરીદી મિસર જાઓ.

મુસાદિફે વેપારનો સામાન ખરિદયો અને વેપારી કાફલા સાથે મિસર રવાના થઈ ગયો. જયારે આ કાફલો મિસરની નજીક પહોંચ્યો તો મિસરથી

આવનારા વેપારી સંઘથી તેઓની મુલાકાત થઈ અને તેઓએ પોતાના સામાનની કિંમત વિશે તેઓથી વિચાર વિર્મષ કર્યો.

મિસરથી આવવાવાળા કાફલાએ બતાવ્યુ કે જે સામાન તમારી પાસે છે મિસરના બજારમાં આ સામાન અત્યારે મળતો નથી. એટલે તમારો સામાન ચપોચપ વેચાઈ જશે. વેપારીઓએ આ સાંભળી આપસમાં વચન લીધા કે આપણે સામાનને બેગણા ભાવે વેચશુ. તેનાથી ઓછી કીંમતે કોઈપણ સંજોગમાં નહીં વેચીએ. એટલે વેપારી કાફલો મિસરમાં ગયો તો ખબર મુજબ ત્યાં બજારમાં તેઓના સામાનની કમી હતી. એટલે લોકોએ

ધડો ધડ સામાન લેવો શરૂ ક્ર્યો અને વેપારીઓએ પરસ્પર કરાર મુજબ બેવડા ભાવે પોતાનો સામાન વેચ્યો.

થોડા દિવસ પછી આપનો ગુલામ મુસાદિફ આપની સેવામાં હાજર થયો અને બે થેલીઓ આપની સામે પેશ કરી. અને અરજ કરી કે આ એક હજાર દીનાર આપની મૂળ મુડી છે અને બીજી થેલીમાં એક હજાર દીનાર નફાના છે.

હ. ઇમામ જઅફરે સાદિક અલચ્હિસ્સલામએ ફરમાવ્યું : પણ આ નફો તો ઘણો વધારે છે , તે આટલો નફો કેવી રીતે કમાવ્યો.

ગુલામે બનાવની પૂરી વિગત સંભળાવી તો ઇમામ અલય્હિસ્સલામએ ફરમાવ્યું: સુબ્હાનલ્લાહ ! તમે મુસલમાન કૌમ માટે ક્સમ ખાઓ છો કે દીનારને બદલે દીનાર મુનાફો મેળવશો?

પછી આપે મૂડીવાળી થેલી ઉપાડી લીધી અને બીજી થેલીને ગરીબો અને નિરાધારોમાં વહેંચી દીધી. અને ફરમાવ્યું : તલ્વારોનું યુધ્ધ હલાલ રોઝી કમાવા કરતા સહેલુ છે.

## (૧૩) ખરો બાદશાહ

ખલીલ બિન અહેમદનો સંબંધ નબીના ખાનદાનના દોસ્તોથી છે, અને આ એ જ શખ્સ છે જેણે ક્વન શાસ્ત્રનો આરંભ કર્યો છે.

ખલીલ ઉરૂઝી અત્યંત ઉચ્ચ હિમ્મતવાળા અને પારસા તબીયતના ધણી હતા. અને તેમનું પુરૂ જીવન ગરીબી અને તંગીમાં પસાર થયું.

નસર બિન સમીલ કહે છે કે ખલીલ બસરાના મહેલોના ઇલાકામાં ગરીબી જીવન વીતાવી રહ્યા હતા.

જયારે તેના શિષ્યો અને તેનું એઠું ખાનારા તેના પ્રતાપે લાખોમાં રમતા હતા.

સુલેમાન બિન અલી અબ્બાસી અહવાઝના ગર્વનર હતા. તેમણે ખલીલના પાસે પોતાનો કાસિદ મોકલ્યો અને તેમનાથી વિનંતી કરી કે તેઓ તેના પુત્રને પડાવવા માટે અહવાઝ પધારે.

ખલીલે કાસિદની સામે જવની સૂકી રોટલી પીરસી અને કહ્યું : આપ ખોટું ન લગાડજો, મારા ઘરમાં આ સૂધી રોટલી સિવાય બીજુ કંઈ નથી , નહિતર હું આપની સારી આગતા સ્વાગતા કરત.

જયારે કાસિદ ખાવાનું ખાઈ ચુક્યો તો ખલીલે કહ્યું કે ગર્વનરને કહેજો કે જયાં સૂધી આ સૂકી રોટલી મને મળી રહી છે. હું કોઈના દરવાજે જઈ નથી શક્તો.

કાસિદે કહ્યું : સારી વાત એ છે કે આપ આપનો જવાબ લખીને મને સોંપી દયો. તો ખલીલે આ શેર લખીને તેનાં હાથમાં પકડાવી દીધો.

સુલેમાનને કહો કે હું એ વાતથી બેપરવા છું , જો કે હું ધનવાન નથી. હું મારા મન વિશે લોભ અને લાલચનો શિકાર છું. નહિંતર આજ સૂધી કોઈ કમઝોરીના કારણે નથી મર્યું અને ન તો સંજોગો એક સરખા રહે છે.

મારો અકીદો એ છે કે ફકીર એ છે જેનું મન ફકીર છે. માલ ન રાખવાવાળો ફકીર નથી. અને ધનવાન પણ એ જ છે જેનું મન શ્રીમંત છે. ધન એકઠુ કરનાર દરેક જણ શ્રીમંત નથી હોતો. રિઝક અને રોઝીના ફેંસલા થઈ ચૂક્યા છે. કોઈની નિર્બળતા રોઝીમાં કમી નથી કરતી અને કોઈ બુધ્ધિવાનના પ્રયત્નો તેમાં વધારો નથી કરતો.

રિવાયત છે કે જયારે અહવાઝના ગવર્નરને ખલીલનો જવાબ મળ્યો તો તેણે ખલીલને પત્ર લખ્યો અને પત્ર દ્વારા પૂછ્યું કે તમારી પાસે કઈ એવી દૌલત છે, જેણે તમને બે પરવા કરી દીધા છે.

તેના જવાબમાં ખલીલે આ શેર લખી મોકલ્યો.

લોકોની પાસે એક માલ છે અને મારી પાસે બે પ્રકારનો માલ છે. અને વળી મજા એ છે કે લોકો પોતાના ધન પર ચોકીદારી કરે છે અને મને પહેરો દેવાની પણ જરૂરત નથી.

મારૂ પ્રથમ ધન ખૂશી છે, જે કંઈ મારી પાસે છે, તેનાથી હું ખૂશ છું અને મારૂ બીજુ ધન લોકોના માલથી નફરત છે.

હું તને એક કિમીયો બતાવવા માંગુ છું એવો કીમીયો કોઈ રામબાણ અને ઉધમમાં તમને નહીં મળે.

**જાઓ સંતોષ કેળવો કેમકે દુનિયામાં સંતોષથી વધારે સારો કોઈ ખજાનો નથી.**

# (૧૪) જાબિર બિન અબ્દુલ્લાહે અન્સારી અને મુઆવિયા

મહાન હદીસવેત્તા શેખ અબ્બાસ કુમી આ કથા પછી લખે છે કે એવું લાગે છે કે ખલીલ બસરી હઝરત જાબિર બિન અબ્દુલ્લાહે અન્સારીના અનુયાયી હતા. તેમના વિશે મસઊદી લખે છે કે એક વખત હઝરત જાબિર બિન અબ્દુલ્લાહે અન્સારી મુઆવિયા પાસે દમિશ્ક ગયા અને તેઓએ મુઆવિયાથી મળવાની ઇચ્છા વ્યક્ત કરી. ઘણા દિવસ સૂધી મુઆવિયાએ તેમનાથી મુલાકાત ન કરી. જયારે તેઓની

મુઆવિયાથી મુલાકાત થઈ તો તેમણે ફરમાવ્યું : મુઆવિયા  તે પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની આ હદીસ નથી સાંભળી, જો કોઈ હાજતમંદને હાજત રજૂ કરવાથી રોકી લે તો ક્યામતના દિવસે અલ્લાહ તેની હાજતો પૂરી થવાથી રોકી લેશે.

આ હદીસ સાંભળી મુઆવિયા નારાજ થયો અને કહ્યું : મેં આ હદીસ સાંભળી છે   ,  અને જાબિર શું તમે અન્સારીઓએ રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની એ હદીસને ભૂલાવી દીધી. મારા પછી તમને તકલીફ પડશે, તમે સબ્ર કરજો ત્યાં સૂધી કે મારી પાસે હૌઝે ક્વસર પર આવી પહોંચો.

વીણેલા મોતી – ૨, પેજ નં. 429

જાબિરે કહ્યું : હા , મેં આ હદીસ સાંભળી હતી. તો મુઆવિયાએ કહ્યું : પછી તમે આ હદીસ પર અમલ કરી સબ્ર કેમ ન કરી ?

જાબિરે કહ્યું : મુઆવિયા , તે મને એક ભુલાએલી હદીસ યાદ અપાવી છે. પછી જાબિર ઊંટ પર સવાર થઈ મુઆવિયાના દરબારમાંથી ચાલ્યા ગયા. મુઆવિયાએ તેમના માટે છસો દીનાર રવાના કર્યા, પરંતુ તેમણે એમ કહી ઠુકરાવી દીધા કે હું ભડવીરતા પર દૌલતને સરસાઈ નહીં આપુ. અને મુઆવિયાના કાસિદને ફરમાવ્યું : તું જઈને મુઆવિયાને કહી દે કે અય કાળજુ ચબાવનારીના પુત્ર ખુદાની

ક્સમ, તું તારા આમાલનામામાં કોઈ એવી નેકી નહીં જુએ જેનું કારણ હું હોઉં.

# (૧૫) અબૂઝરની ગૌરવવંતી ગરીબાઈ

હ. ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામ એ ફરમાવ્યું : હઝરત ઉસ્માને બે ગુલામોની સાથે અબૂઝરે ગફફારી પાસે બસો દીનાર મોકલાવ્યા.

ગુલામોએ અબૂઝરને કહ્યું : ઉસ્માન તમને સલામ કહે છે અને કહે છે કે આ બસો દીનાર આપ પોતાની જરૂરતોમાં ખર્ચ કરો.

હઝરત અબૂઝરે જવાબ આપ્યો : મને એ બતાવો શું દરેક મુસલમાનને બસો દીનાર ખજાનામાંથી મળી ચૂક્યા છે ? તેઓએ કહ્યું : નહીં.

અબૂઝરે કહ્યું : તો હું પણ એક મુસલમાન છું , જયારે બીજા મુસલમાનોને કંઈ નથી મળ્યુ તો મને આ રકમ શા માટે દેવા આવ્યા છો ?

ગુલામોએ કહ્યું : ઉસ્માન કહે છે કે આ રકમ બયતુલ માલની નથી. આ મારા અંગત માલમાંથી છે , અને તેમાં હરામની કોઈ ભેળસેળ નથી.

અબૂઝરે કહ્યું : મને આ દૌલતની જરૂરત નથી , કેમકે હું અત્યારે આસુદા છું.

ગુલામોએ કહ્યું : અમને તો આપના ઘરમાં કંઈ દેખાઈ નથી દેતુ. એ છતા આપ કહો છો કે આપ સુખી છો.

અબૂઝરે એક ચાદર ઉપાડી તેની નીચે બે સૂકી રોટલીઓ હતી, ગુલામોને રોટલીઓ દેખાડી ફરમાવ્યું : હજી સૂધી મારા ઘરમાં આ રોટલીઓ અને નમક મૌજૂદ છે.

અને મારી સૌથી મોટી દૌલત અલી અલય્હિસ્સલામ અને તેના ખાનદાનની મોહબ્બત છે જેણે મને દરેક ચીઝથી બેપરવા કરી દીધો છે. તમે પાછા ચાલ્યા જાઓ મને ઉસ્માનની દૌલતની કોઈ જરૂરત નથી. હું ખુદાની અદાલતમાં તેને ઢસડીશ.

## (૧૬) ધન આવે છે, ધન જાય છે.

એક શખ્સ કહે છે કે મેં બગદાદની જામેઅ મન્સૂરીમાં નમાઝ પડી. પછી મેં એક આંધળા શખ્સને જોયો, જેણે ફાટેલા કપડા પહેર્યા હતા , અને કહી રહ્યો હતો કે અય લોકો ! મને ખેરાત આપો, હું કાલે અમીરૂલ મોઅમેનીન હતો અને આજે ભીખારી છું.

મેં પૂછ્યું : આ કોણ છે ? તો લોકોએ બતાવ્યું કે આ કાહિર બિલ્લાહ અબ્બાસી છે.

અખ્બારૂલ દવલ નામની કિતાબમાં લખેલું છે કે મુતકફ્ફા બિલ્લાહે મોઈજુદ્દવલા દયલમીને અમારતની

સનદ લખી આપી. અને તેના નામે સીક્કા જારી કરવાનો હુકમ આપ્યો અને ખતીબોને હુકમ આ  પ્યો કે તેઓ જુમ્મા અને ઈદોમાં મોઈજુદ્દવલાના નામના ખુત્બા પડે.

થોડા દિવસ પછી મોઈજુદ્દવલાને ખબર પડી કે મુતકફા તેને અમારત (ગર્વનરી) ના પદેથી હઠાવવા માંગે છે. એટલે મોઈજુદ્દવલા બગદાદ આવ્યો અને મુતકફાના દરબારમાં ગયો. મુતકફાના હાથોને ચૂમ્યા અને ખાસ ખુરશી પર બેસી ગયો. તેની થોડી વાર પછી બે દયલમી આવ્યા અને હાથ લાંબા કર્યા. મુતકફા સમજયો કે કદાચ આ મારા હાથ ચૂમવા માગે છે.

એટલે તેણે પણ પોતાના હાથ લાંબા કર્યા. તેઓએ તેના બન્ને હાથો પકડી તખ્ત પરથી ઊતારી દીધો. શાહી પોશાક ઊતારી લીધો, તેના ગળામાં તેની પાઘડી નાખી દીધી અને તેને હડધૂત કરીને દરબારથી હકાલી કાઢયો. અને પછી આટલુ પુરતુ જ નહોતુ કે સળી ગરમ કરી તેની આંખોમાં ફેરવી દીધી. જેના કારણે તે આંધળો થઈ ગયો. અને પછી તેને ખિલાફત પરથી ઉતારી નાખવામાં આવ્યો.

એ સમયે બગદાદમાં ત્રણ ઊતારી પાડેલા આંધળા ખલીફાઓ મૌજૂદ હતા. કાહિર બિલ્લાહ

**અબ્બાસી,  મુત્તકી બિલ્લાહ અબ્બાસી અને મુતકફ્ફા બિલ્લાહ અબ્બાસી.**

# (૧૭) કેટલિક રિવાયતો

હ. ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામએ ફરમાવ્યું : મુસ્લિમ પુરૂષના યકીનના સ્વાસ્થ્યની નિશાની એ છે કે અલ્લાહને નારાજ કરી લોકોને ખૂશ ન કરે. અને અલ્લાહે જે તેને નથી આપ્યું તેના માટે લોકોની નિંદા ન કરે. કેમકે લાલચુની લાલચ રોઝી લાવવાનું કારણ નથી બનતું. અને ન લોકોની નારાજગી રોઝીને દૂર કરી શકે છે. જો તમારામાંથી કોઈ શખ્સ રોઝી અથવા મૌતથી ભાગવા માં ગે તો પણ તેને રોઝી મળતી રહેશે અને મૌત વળગીને રહેશે. પછી

ફરમાવ્યું : અલ્લાહે પોતાના ન્યાય અને ઇન્સાફથી આરામ અને રાહતને યકીન અને રઝામાં રાખ્યા. અને ગમ અને શોકને શક અને નારાજીમાં નાખ્યા.

હ. ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામએ ફરમાવ્યું : એવી વસ્તુની લાલચ ન કરો જેને તમે છોડી દયો તો એ તમારા સૂધી પહોંચી જાય. અને જેને છોડવાના કારણે તમે નિરાંત અનુભવો. અને જેને છોડવાના કારણે તમે અલ્લાહ પાસે પ્રશંસા પાત્ર ઠરો. અને જેની ઊતાવળના કારણે ખુદા સમક્ષ તમે નિંદાપાત્ર ઠરો. તવક્કલ છોડી દેવા અને અલ્લાહની વહેંચણી પર રાજી ન રહેવાના કારણે નિંદા પાત્ર ઠરો.

તમારે જાણી લેવું જોઈએ કે અલ્લાહે દુનિયાને તમારા છાંયા સમાન ગણાવી છે. જો તમે તમારા પડછાયા પાછળ દોડશો તો થાકી જશો અને તેને કદી પકડી નહીં શકો. અને જો તમે તેનાથી મોં ફેરવી લેશો તો તે તમારી પાછળ આવશે અને તમને આરામ મળશે.
(સફીનએ બેહાર પેજ. ૨૪૩)

હ. પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : લાલચુ સદા સાત સંકટોમાં ઘેરાએલો રહે છે.

૧. લગાતાર ચિંતા જે તેના શરીર માટે નુકસાનકારક છે.

૨. લગાતાર પ્રયત્નો જેનો કોઈ અંત નથી.

૩. રંજ અને થાક મરવા પહેલા જેથી છુટકારો નથી. આરામ સમયે પણ તેને વધારે રંજનો સામનો કરવો પડે છે.

૪. નકામો ડર કે નેઅમત અને પૈસા ક્યાંક બરબાદ ન થઈ જાય.

૫. ગમ જે તેના જીવનને કડવું બનાવી રાખે છે.

૬. આકરો હિસાબ જેનાથી અલ્લાહની માફી અને મહેરબાની સિવાય મુક્તિ નથી.

૭. એ અઝાબ જેનાથી ભાગવાનું કોઈ ઠેકાણું નથી.

ઇમામ અબૂ જઅફર અલય્હિસ્સલામનું ફરમાન છે કે દુનિયાના લાલચીની ઉપમા રેશમના કીડા જેવી છે. તે જેટલો રેશમના તાંતણામાં વીંટળાય છે. એટલી જ તેની તેમાંથી નિકળવાની કોશિશ બંધ થતી જાય છે. ત્યાં સૂધી કે તે પોતાની જાન આપી દે છે.

*-*-*

# પ્રકરણ-૬ : વિષય :- ઇર્ષાની વિનાશકારીઓ

## (૧) ઇર્ષાળુનો અંત

મોઅતસિમ બિલ્લાહ મશહૂર અબ્બાસી ખલીફો થઇ ગયો છે એક ગામડીયાથી તેની દોસ્તી થઇ ગઇ.અને મૈત્રી એટલી ગાઢ બની ગઇ કે તે ગામડીયો વગર રજાએ તેને ગમે ત્યાં મળી શક્તો એ ગામડીયાની આદત હતી કે સદા આ શબ્દો કહ્યાં કરતો હતો : અય ખુદા સારાને સારો બદલો આપ અને બુરાને સજા કર.

મોઅતસિમનો એક વઝીર ઘણી ટુંકી દ્રષ્ટિનો હતો. મોઅતસિમથી આ ગામડીયાની દોસ્તી તેને જરાય ગમતી નહોતી. અને મનમાં વિચાર્યા કરતો હતો કે જો આ ગામડિયાની લાગવગ આથી વધારે થઈ ગઈ તો શક્ય છે કે ખલીફા મને મારી જગ્યાએથી ઊતારી નાખે અને મારી જગ્યાએ આ ગામડીયાને જ ક્યાંક પોતાનો વઝીર ન બનાવી લે.

એટલે તે પોતાના દિમાગમાં સદા તેને ફજેત કરવાના બહાના ઘડતો રહેતો હતો. અંતે તેણે તે ગામડીયાથી દોસ્તી કરી લીધી અને તેને પોતાના ઘરે ખાવાની દાવત આપી.

ગામડીયો તેના ઘેર ગયો , ખાવાનું ખાધું. શાકમાં લસણ વધારે નાખ્યું હતું. જયારે ગામડીયો ખાઇ ચૂક્યો તો વઝીરે તેને પુછયું કે હવે તે ક્યાં જશે?

ગામડીયાએ કહ્યું: હું ખલીફાના દરબારમાં જઇશ.

વઝીરે તેને કહ્યું: તમે જે શાક ખાધું છે એમાં લસણ વધારે હતું અને બાદશાહને લસણની ગંધથી ચીડ છે. એટલે જયારે તમે દરબારમાં જઇને બેસો તો પોતાના મોં પર હાથ રાખીને બેસજો.

ત્યાર પછી એ વઝીર એ ગામડીયાના પહોંચવા પહેલા ખલીફાની પાસે પહોંચી ગયો અને કહ્યું કે આપે

આ અબુધ ગામડીયાને નકામો માથે ચડાવી રાખ્યો છે , જયારે કે તેની હાલત એ છે કે તે લોકોમાં કહ્યાં કરે છે કે ખલીફાના મોં માંથી દુર્ગંધ આવતી રહે છે અને હું આ બદબુથી ઘણો તંગ છું. થોડીવાર પછી ગામડીયો મોઅતસિમના દરબારમાં આવ્યો અને ખલીફાની પાસે એક ખુરશી પર બેસી ગયો. પણ આજ નિત્યક્રમ વિરૂધ્ધ મોં પર હાથ રાખ્યો હતો. ખલીફાને આ જોઇને વઝીરની વાત પર યકીન આવી ગયું.

ખલીફાએ એક ચીઠ્ઠી લખીને એક ક્વરમાં બંધ કરી, અને તેના પર પોતાની મોહર મારી પછી એ ચીઠ્ઠી

ગામડીયા દોસ્તને આપી કહ્યું : આ પત્ર લઇને ફલાણા પાસે ચાલ્યો જા.

ગામડીયો એ પત્ર લઇને જઇ રહ્યો હતો કે રસ્તામાં વઝીરથી મુલાકાત થઇ વઝીરે પુછયું કે તમે ક્યાં જઇ રહ્યા છો?

તેણે કહ્યું કે ખલીફાનો પત્ર લઇને રાજાના ફલાણા કારભારી પાસે જઇ રહ્યો છું. વઝીર સમજ્યો કે હોઇ ન હોઇ આ પત્રમાં ખલીફાએ તેના માટે ઇનામની ભલામણ કરી છે એટલે વઝીરે તેને કહ્યું કે તમે આ પરબીડીયું પોતે લઇને ન જાઓ આ પત્ર મને આપી દયો હું તમારા બદલે પત્રને લઇને જાઉં છું.

ગામડીયો જેટલો ઇન્કાર કરતો રહ્યો વઝીર નો આગ્રહ એટલોજ વધતો ગયો. અંતે વઝીરે બે હજાર દીનાર ના બદલે તેનાથી એ પત્ર લઇ લીધો.

ગામડીયો રકમ લઇને પોતાના ઘરે ચાલ્યો ગયો. અને વઝીરે એ પત્ર સંબંધિત શખ્સને પહોંચાડી દીધો. પત્રમાં લખેલું હતું કે આ અસભ્ય નું માથું વાઢી લેવામાં આવે.

એટલે હુકમ તરતજ અમલમાં મુક્વામાં આવ્યો અને ખલીફાના નોકરે ખચકાયા વગર વઝીરનું માથું ઊડાવી દીધું. ખલીફાને વઝીર થોડા દિવસ સૂધી

દેખાણો નહીં તો તેણે વઝીર વિશે પુછયું કે અમારો વઝીર ક્યાં છે ?

દરબારીઓએ બતાવ્યું આપે પોતે તેને પત્ર લખીને આપ્યો અને તે કત્લ થઇ ગયો છે.

ખલીફાએ કહ્યું એ ગામડીયાની તમને કોઇ ખબર છે? તો તેમણે કહ્યું જી હાં , તે શહેર માં આવેલો છે. ખલીફાએ કહ્યું : તેને મારી પાસે લઇ આવો.

થોડીવાર પછી ગામડીયો ખલીફાની સામે ઊભો હતો. ખલીફાએ તેને બનાવની પૂરી વિગતો પૂછી , તો તેણે પૂરો બનાવ સંભળાવી દીધો. પૂરી કથા સાંભળી

**મોઅતસિમ બિલ્લાહે કહ્યું : ખુદા ઇર્ષાળુનો નાશ કરે તેણે ઇર્ષાળુથી જ શરૂઆત કરી.**

**એટલે કેહવત છે કે ખાડો ખોદે તે પડે.**

## (૦૨) ઇમામ અલી નકી અલય્હિસ્સલામ પર ઇર્ષા

મુતવક્કિલ અબ્બાસીના શરીરના ગુપ્ત સ્થળે એક ફોડો નિકળ્યો , અને ફોડો કોઈ રીતે ફૂટવાનું નામ લેતો નહોતો. મુતવક્કિલને સખત દર્દ થતુ હતુ અને દર્દના કારણે ચીસ નિકળી જતી હતી.

શાહી હકીમોએ મોટા મોટા ઇલાજ કર્યા પણ કોઈ પણ રીતે આરામ ન થયો.મુતવક્કિલની માં ને ઇમામ અલી નકી અલય્હિસ્સલામ પર આસ્થા હતી. તેણે એક ગુલામને ઇમામ અલય્હિસ્સલામ ની સેવામાં

મોકલ્યો અને ઇમામથી કોઈ અસરકાર દવાની માંગણી કરી.

ઇમામ અલય્હિસ્સલામએ ફરમાવ્યું :
બકરીઓની એ લીંડીઓ જે તેઓના પગથી કચડાઈ હોય તે લઈને તેમાં ગુલાબનો અર્ક અને બકરીઓનું ઘી મેળવી ફોડા પર બાંધી દેવામાં આવે.

જયારે તબીબોએ આ નુસ્ખો સાંભળ્યો તો હસવા લાગ્યા અને કહ્યું : આ કોઈ દવા છે ?

મુતવક્કિલની મા એ હકીમોને હટાવી દીધા અને પોતે જ નુસ્ખા મુજબ મલમ તૈયાર કરી પોતાના પુત્રના ગુમડા પર બાંધી દીધો. ખુદાનું કરવું, દર્દ તો એ

જ વખતે જતુ રહ્યુ અને થોડીવાર પછી ગુમડું આપો આપ ફુટી ગયુ અને તેમાંથી ઘણો બધો બગાડ પરૂ નિકળ્યું.

થોડા દિવસમાં મુતવક્કિલ તંદુરસ્ત થઈ ગયો. તેણે ઇમામ અલી નકી અલય્હિસ્સલામની ખિદમતમાં દસ હજાર દીનારની મહોર મારેલી થેલી નજરાણા તરીકે મોકલી.

થોડા દિવસ પછી ઇર્ષાળુઓએ મુતવક્કિલને કહ્યું : આપે જે દસ હજાર દીનાર ઇમામ અલી નકી અલય્હિસ્સલામ પાસે મોકલ્યા હતા. ઇમામ અલય્હિસ્સલામ તેનાથી હથિયાર ખરીદી રહ્યા છે અને

પોતની એક ફૌજ તૈયાર કરી રહ્યા છે અને તેઓને જેવો લાગ મળ્યો આપની વિરૂધ્ધ બળવો કરી દેશે.

મુતવક્કિલ ઇર્ષાળુઓની વાત સાંભળી શંકાશીલ થઈ ગયો.

એક રાત્રે તેણે દરબારી વઝીર સઈદને બોલાવી કહ્યું કે તમે આ અંધારામાં પોતાની સાથે થોડા ફૌજી જવાનોને લઈ ઇમામ અલી નકી અલય્હિસ્સલામના ઘરમાં દાખલ થઈ જાઓ અને તેમના પૂરા ઘરની તલાશી લ્યો અને જો તમને ક્યાંય શસ્ત્રો નજર આવે તો તરત જ મારી સામે રજુ કરો.

સઈદ હાજિબ પોતાના સાથે ફૌજી ટુકડી લઈ ચાલ્યો અને સીડી લગાવી ઇમામ અલય્હિસ્સલામ ના સહેનમાં દાખલ થઈ ગયો. અંધારી રાત હતી. તેને એ નિર્ણય લેવામાં મુશ્કેલી પડતી હતી કે તે પહેલા ક્યા કમરાની તલાશી લે. એટલામાં ઇમામ અલી નકી અલય્હિસ્સલામની અવાજ આવી, સઈદ! ત્યાં જ ઊભા રહો, હું તમારા માટે દીવો મોકલું છું.

આ સાંભળીને સઈદને અચરજ થઈ કે ઇમામે મને કેવી રીતે ઓળખી લીધો ? એટલામાં એક ગુલામ દીવો લઈને આવ્યો અને તેના હાથમાં ચાવીઓનો ઝુડો હતો. ગુલામે કહ્યું : ઇમામ અલય્હિસ્સલામ ફરમાવે છે કે

તમે નિરાંતે મારા ઘરની તલાશી લ્યો અને તમને જેટલા પણ હથિયાર મળે તે હાકિમની પાસે મોકલી આખરમાં મારી પાસે આવી જાઓ.

ગુલામે એક એક કરીને બધા કમરાઓ ખોલ્યા. તેમાંથી કંઈ પણ ન નિકળ્યું. અંતમાં ગુલામ સઈદને લઈને આપના ઇબાદત સ્થળે લઈ આવ્યો. જયાં એક પુરાણી ચટાઈ પાથરેલી હતી અને ઇમામ તેના પર ખુદાની ઇબાદતમાં લીન હતા. આપના એક પડખામાં એક તલવાર જે મ્યાનમાં બંધ હતી રાખેલી હતી. અને આપની બીજી તરફ ખલીફાની મહોર મારેલી થેલી પડી હતી.

ઇમામ અલી નકી અલય્હિસ્સલામએ ફરમાવ્યું : સઈદ ! જોઈ લ્યો , રાજ કરવાના સાધનોમાં અમારા પાસે માત્ર એક તલવાર છે અને એક અશરફીઓની થેલી છે, જે થોડા દિવસ પહેલા રાજકર્તાએ પોતે મોકલી હતી. અને મેં તો એ થેલીને હજી સૂધી હાથ નથી લગાડયો. તમે આ થેલી અને તલવાર લઈને બાદશાહ પાસે જાઓ અને તેને પરિસ્થિતિથી પરિચિત કરો.

મુતવક્કિલે સઈદના મોઢે બધી સ્થિતિઓ સાંભળી અને પછી પોતાની મોકલેલી થેલી જોઈ જેની મહોર સુધ્ધા તુટેલી નહોતી. તો ઘણો ઝંખવાયો અને ઇર્ષાખોરોને સજાઓ આપી અને પછી એ થેલી સાથે

**એક બીજી થેલી પણ ઇમામ અલય્હિસ્સલામની ખિદમતમાં રવાના કરી.**

## (૦૩) ઈર્ષાએ હ. આદમ અલય્હિસ્સલામને જન્નતમાંથી તડીપાર ક્ર્યા

શેખ સદૂક રહેમતુલ્લાહે અલય્હે ઓયૂને અખ્બારે રેઝમાં અબૂ સલ્ત હેરવીથી રિવાયત કરી છે કે મેં હ. ઇમામ અલી રઝા અલય્હિસ્સલામની સેવામાં અરજ કરી : આદમ અને હવાને જે વૃક્ષથી રોક્વામાં આવ્યા હતા, તે ક્યું વૃક્ષ હતું ? કેમકે કેટલાક કહે છે કે તે ઘઉંનું વૃક્ષ હતુ અને કેટલાક લોકો તેને દ્રાક્ષનું ઝાડ બતાવે છે અને કેટલાક લોકો તેને ઈર્ષાનું ઝાડ કહે છે. મૂળ હકીક્તથી મને પરિચિત કરો.

વીણેલા મોતી – ૨, પેજ નં. 460

**હ. ઇમામ અલી રઝા અલય્હિસ્સલામએ ફરમાવ્યું : આ બધી વાતો સાચી છે.**

**અબૂ સલ્ત કહે છે, મેં અરજ કરી : મૌલા ! બધી વાતો કઈ રીતે સાચી છે.**

**તો આપે ફરમાવ્યું : અબૂ સલ્ત ! જન્નતના ઝાડ દુનિયાના ઝાડ જેવા નથી. બલ્કે તેમાં એવા ઝાડ પણ છે જેના પર બબ્બે પ્રકારના ફળો લાગે છે. જન્નતમાં એવા વૃક્ષ છે જેના પર એક જ સમયમાં ઘઉંના ડોડા અને દ્રાક્ષની લૂમો લાગે છે. જયારે અલ્લાહ તઆલાએ આદમને મહત્તા અર્પણ કરી અને તેમને ફરિશ્તાઓના મસ્જૂદ (નમનપાત્ર)નું માન આપ્યું તો તેમના દિલમાં**

વિચાર આવ્યો કે મારાથી શ્રેષ્ઠ કોઈને પૈદા જ નથી ક્યોં. અલ્લાહે આદમના વિચારો જાણી તેને સંબોધન કહ્યું : આદમ ! પોતાનું મસ્તક ઊંચુ કરી અર્શના પટ પર નજર કરો. જયારે આદમે નજર કરી તો અર્શના મથાળે આ વાક્યો લખેલા હતા. “લાએલાહ ઇલ્લલ્લાહો મોહમ્મદુ રૅસૂલુલ્લાહ. અલી બિન અબી તાલિબ અમીરીલ મોઅમેનીન , ફાતેમતો સય્યદતો નેસાઈલ આલમીન વલ હસનો વલ હુસય્નો સય્યદા શબાબે અહલિલ જન્નતે મેનલ ખલ્કે અજમઈન ” - “અલ્લાહની સિવાય કોઈ ઇબાદતને પાત્ર નથી. મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ અલ્લાહના

રસૂલ છે. અલી બિન અબી તાલિબ અલય્હેમુસ્સલામ મોઅમિનોના અમીર છે , અને ફાતેમા સલામુલ્લાહે અલય્હા બધા જહાનોની ઔરતોની સરદાર છે અને હસન અને હુસૈ ન અલય્હેમુસ્સલામ બધા સર્જનોના જવાનોના જન્નતમાં સરદાર છે.”

આદમ અલય્હિસ્સલામએ પૂછ્યું : અય ખુદા ! આ કોણ છે ?

તો કુદરતની અવાજ આવી. આ તમારા વંશમાંથી છે , પરંતુ તેઓ તમારાથી અને બધા સર્જનોથી શ્રેષ્ઠ છે. જો તેઓ ન હોત તો હું તમને પૈદા ન કરત અને જન્નત , દોઝખ, ધરતી આકાશની રચના

ન કરત. ખબરદાર ! તેમને ઇર્ષાની નજરે ન જોતા. અને તેમના સ્થાન અને મોભાની આકાક્ષા ન કરજો.

હ. ઇમામ અલી રઝા અલય્હિસ્સલામએ ફરમાવ્યું : પછી આદમે તેઓને એ દ્રષ્ટિએ જોયા જે દ્રષ્ટિએ જોવા ન જોઈએ. અને પોતાના માટે એમના સ્થાનની આરઝુ કરી એટલે શયતાન તેમના પર ફાવી ગયો. અને તેમને પ્રતિબંધિત વૃક્ષ પાસે લઈ આવ્યો. અને તેઓએ તેનું ફળ ખાધુ. ઇબ્લિસ હવ્વા પર પણ ફાવી ગયો. એટલે તેમણે ખાતૂને ક્યામતને ઇર્ષાની નજરે જોયો અને તેમના સ્થાનની આરઝુ કરી. એટલે

**અલ્લાહ તઆલાએ બન્નેને જન્નતમાંથી કાઢી મુક્યા અને જમીન પર તેમને વસાવ્યા.**

# (0૪) હ. ઈસા અલય્હિસ્સલામ અને હાસિદ ઇર્ષાખોર

દાવૂદ રતી કહે છે કે મેં હ. ઇમામ સાદિક અલય્હિસ્સલામથી સાંભળ્યું. આપ ફરમાવતા હતા કે ઇર્ષાથી બચો, એક બીજાની ઇર્ષા ન કરો. હઝરત ઈસા અલય્હિસ્સલામની શરીઅતમાં પ્રવાસ પર્યટનનો હુકમ હતો. એક વખત હ. ઈસા અલય્હિસ્સલામ પોતાના એક ઠીંગણા શિષ્યને સાથે લઈ ક્યાંક જઈ રહ્યા હતા કે રસ્તામાં એક નદી આવી ગઈ.

હ. ઈસા અલયહિસ્સલામએ અલ્લાહના નામથી અને તેના પર યકીની સેહતના સહારે કહીને નદીમાં પર મુક્યા અને મોજાઓ પર ચાલવુ શરૂ કરી દીધુ.

શિષ્યે પણ તેમના મુજબ કર્યું અને તે દુઆ સાથે નદીમાં પગ રાખી લહેરો પર ચાલતા હ. ઈસા અલયહિસ્સલામની પાસે પહોંચી ગયો. પછી તે મનમાં વિચારવા લાગ્યો કે ઈસા પણ મોજાઓ પર ચાલે છે અને આજ હું પણ ભયાનક મોજાઓ પર ચાલી રહ્યો છું. મારામાં અને ઈસામાં શું ફરક છે ?

આમ વિચારવાની વાર હતી કે ગોથા ખાવા લાગ્યો અને ઈસાને મદદ માટે બોલાવવા લાગ્યો. હ.

ઈસા અલય્હિસ્સલામએ તેનું બાવડુ પકડયું અને ફરમાવ્યું કે તે શું વિચાર્યું હતુ કે જેના કારણે તું ડુબવા લાગ્યો.

શિષ્યે કહ્યું : હું આપની પાછળ મોજાઓ પર ચાલતા આવી રહ્યો હતો કે દિલમાં વિચારવા લાગ્યો કે ઈસાને મારા પર શું વિશેષતા છે ? જયારે કે અમે બન્ને મોજાઓ પર ચાલી રહ્યા છીએ. હ. ઈસા અલય્હિસ્સલામએ ફમાવ્યું : અય ખુદાના બંદા ! તે ઊંચે ઊડવુ શરૂ કરી દીધુ. અને પોતાના આત્માના વખાણ કરવા માંડયો એટલે તારા પર ખુદાનો અઝાબ ઊતર્યો. અલ્લાહ સમક્ષ તૌબા કર જેથી તને પહેલુ સ્થાન ફરી

મળી જાય. તેણે તરત જ તૌબા કરી. અને હઝરત ઈસા અલય્હિસ્સલામની પાછળ ચાલવા લાગ્યો. પછી હ. ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામએ ફરમાવ્યું : ખુદાથી ડરો અને ઇર્ષાથી બચો અને યાદ રાખો કે ઇર્ષાનો પાયો પોતાના વખાણ કરવા પર છે.

# (૦૫) ઇર્ષામાં કેટલુ બળ સમાએલુ છે.

મૂસા હાદીના રાજ્યકાળમાં બગદાદમાં એક ધનવાન શખ્સ રહેતો હતો જેનો પાડોશી સદા તેની ઇર્ષા ર્ક્યા કરતો હતો. પરંતુ તેની ઇર્ષાની ધનવાનની જાત પર કોઈ અસર થતી નહોતી.

ઇર્ષાખોરે પોતાની ઇર્ષાની લાગણી સંતોષવા માટે એક છોકરો બજારમાંથી ખરીદ ર્ક્યો. તેને ખૂબ કેળવ્યો ત્યાં સૂધી કે તે યુવાન થઈ  ગયો.

એક દિવસ તેણે ગુલામને બોલાવીને કહ્યું :બેટા, તારાથી એક કામ લેવું છે, બતાવ તુ શું કરીશ?

ગુલામે કહ્યું : એ પણ કંઈ પૂછવાની વાત છે ? આપ જે કંઈ આજ્ઞા કરશો હું તેને બજાવી લાવીશ. આપ મને દિરયા કે આગમાં કુદવાનો હુકમ કરશો તો પણ હું તમારા હુકમનું પાલન કરીશ.

ગુલામની વફાદારી જોઈ તેણે તેને છાતી સરસો ચાંપયો, તેનું કપાળ ચુમ્યું અને કહ્યું : મને આશા છે કે તું કહેવા પ્રમાણે કરીશ.

ગુલામે કહ્યું : આપ હુકમ તો કરો. હું કોઈપણ સંજોગોમાં આપના હુકમનું પાલન કરીશ.

માલિકે કહ્યું : હજી એ હુકમનો સમય નથી આવ્યો. એક વરસ પછી હું તને મારો હુકમ બતાવીશ.

એક વરસ વીતી ગયુ , તો તેણે ગુલામને બોલાવ્યો અને કહ્યું : બેટા મારી આરઝુ છે કે મારો આ ધનવાન પાડોશી કત્લ થઈ જાય.

ગુલામે કહ્યું : કોઈ વાત નહીં, હું તેને કત્લ કરી નાખીશ.

માલિકે કહ્યું : નહીં , હું તેને તારા હાથે કત્લ કરાવવા નથી માગતો. બનવા જોગ છે કે તુ એને કત્લ ન કરી શકે અને મારા પર તેનો આરોપ આવે. મેં તેને કત્લ કરાવવાની એક જુદી યોજના ઘડી છે. અને તારાથી મારી માંગણી છે કે તું મારા બતાવેલા તરીકા પર અમલ કર.

મેં વિચાર્યું છે કે તું મને પાડોશીની છત પર લઈ જા અને ત્યાં મને કત્લ કરી નાખ અને જયારે મારી લાશ પાડોશીના છત પરથી મળી આવશે , તો મારા વારસો અદાલત દ્વારા કિસાસની માંગણી કરશે અને એ રીતે એ શખ્સ કત્લ થવાથી બચી નહીં શકે.

ગુલામે જયારે આ ચિત્ર વિચિત્ર તરકીબ સાંભળી તો તેને ઘણુ આશ્ર્ચર્ય થયું અને માલિકને કહ્યું કે તે આ યોજના છોડી દે. જેમાં તેનું મરણ અવશ્ય છે , અને બીજાનું મરવું શંકાસ્પદ છે.

પણ તે શખ્સ પોતાની યોજના પર અડયો રહ્યો અને ગુલામને મજબૂર ક્યોં કે તે આ હુકમ પર અમલ

કરે. ત્યાં સૂધી કે તેણે ગુલામને રાજી કરી લીધો. રાતના પાછલા ભાગમાં તેણે ગુલામને જગાડયો અને તેજ છરી તેના હાથમાં પકડાવી અને તેને લઈને પાડોશીની છત પર આવી ગયો.તે છત પર સૂઈ ગયો અને ગુલામે છરીથી તેનું કામ પુરૂ કર્યું. અને છત પરથી ઊતરી ઘરમાં આવી સૂઈ ગયો. સવાર પડી તો ઘરવાળાઓએ તેને ઘરમાં ન જોયો તો તેની તલાશ શરૂ કરી. અંતે ઝોહરના સમયે તેની લાશ પાડોશીની છત પરથી મળી આવી. તેમણે કાજીની પાસે કત્લનો કેસ દાખલ કર્યો. કાજીએ મકાન ધણીને પોતાની અદાલતમાં બોલાવ્યો.

મકાન ધણીએ આરોપથી ઇન્કાર ક્ર્યો પણ કાજીએ તેને જેલ મોકલી દીધો. થોડા દિવસ પછી ગુલામ બગદાદ છોડી ઇસ્ફહાન ચાલ્યો ગયો. ત્યાં તેને તેનો એક દોસ્ત મળ્યો. તેણે અમુક સાક્ષીઓ સામે આ બનાવનો ઇકરાર ક્ર્યો તો તેઓએ ઇસ્ફહાનના ગર્વનરને આ બનાવની ખબર કરી. ઇસ્ફહાનના વાલીએ ગુલામને પકડી બગદાદ મોકલી દીધો. જયાં તેને કાજીની અદાલતમાં રજૂ કરવામાં આવ્યો, જેની પાસે મરનારનો મુકદ્દમો ચાલતો હતો. કાજીએ ગુલામનું બયાન સાંભળ્યુ તો તેણે કૈદીને છોડી દીધો અને ગુલામને પણ આઝાદ

**કરી દીધો. આમ એક ઇર્ષાખોર પોતાના અંજામે પહોંચ્યો.**

## (૦૬) દુનિયાનો પહેલો કત્લ ઈર્ષાના કારણે થયો.

સલમાન બિન ખાલિદ કહે છે કે મેં હ. ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની સેવામાં અરજ કરી. હું તમારા પર કુરબાન થાઉં , લોકો ધારે છે કે આદમ અલય્હિસ્સલામએ પોતાની પુત્રીની શાદી પોતાના પુત્રથી કરી હતી.

આપે ફરમાવ્યું : આ જૂઠ છે. પ યગમ્બરે ખુદા સલલલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનું ફરમાન છે કે જો આદમે પોતાના પુત્રીની શાદી પોતાના પુત્રથી કરી હોત તો હું પણ ઝયનબની શાદી કાસિમથી કરી દેત.

વીણેલા મોતી – ૨, પેજ નં. 477

અને આદમની સુન્નતની અવગણના ન કરત. રાવી કહે છે કે મેં અરજ કરી કે લોકો કહે છે કાબિલે હાબિલને કત્લ એટલા માટે ર્ક્યો હતો કે કાબિલની બહેન કદરૂપી હતી અને એ ઇચ્છતો હતો કે તેની શાદી હાબિલની બહેનથી થઈ જાય. એટલા સારૂ તેઓ વચ્ચે ઝઘડો થયો હતો અને કાબિલે હાબિલને મારી નાખ્યો હતો.

આ સાંભળી હ. ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામએ ફરમાવ્યું : તમને આદમ અલય્હિસ્સલામની તરફ આ કાર્યને જોડતા શરમ ન આવી ?

રાવી કહે છે , મેં પુછયુ : તો પછી કાબિલે હાબિલને શા માટે કત્લ ર્ક્યો હતો ?

આપે ફરમાવ્યું : કાબિલે હાબિલને જાનશીની અને ખુદાઈ વિશેષતાના કારણે કત્લ ર્ક્યો હતો. કેમકે અલ્લાહ તઆલાએ હઝરત આદમ અલય્હિસ્સલામને વહી ફરમાવી કે તેઓ ઇસ્મે આઝમ અને પોતાના વસી માટે હાબિલને નિયુક્ત કરે.

કાબિલ હાબિલથી મોટો હતો અને જેવી તેને ખબર પડી કે બાપનો જાનશીન મારો નાનો ભાઈ બની રહ્યો છે તો તેને ધણો ગુસ્સો ચડયો અને કહ્યું : કે હું

મોટો છું અને હું જ પાટવી પુત્ર બનવાને વધારે હકદાર છું.

અલ્લાહ તઆલાએ આદમની વહી ફરમાવી કે પોતાના પુત્રોને કુરબાનીનો હુકમ આપે , જેની કુરબાની પર આકાશથી વિજળી પડે તો તેની કુરબાની કબૂલ છે. અને જેના પર ન પડે તેની કુરબાની કબૂલ નથી. હાબિલ મેંઢા ચરાવતો હતો અને કાબિલ ખેતીવાડી કરતો હતો.

હાબિલે પોતાના ધણમાંથી એક તાઝો ભેડ (મેંઢો) ની ચુંટણી કરી અને કાબિલે ઘઉંના થોડા નકામા ડોડા રાખ્યા. બન્નેએ પોતાની કુરબાનીઓને એક

જગ્યાએ રાખી દીધી. થોડી વાર પછી આસમાની આગ હાબિલની કુરબાની પર પડી અને કાબિલની કુરબાની અલ્લાહે નામંજૂર કરી.

આ જોઈને કાબિલના સીનામાં ઇર્ષાની આગ ભડકી ઊઠી અને ઇબ્લિસે તેને વધારે ભડકાવી. અને તેના દિમાગમાં એ વાત નાખી કે વાત કંઈ તમે બન્ને ભાઈઓ પૂરતી મર્યાદિત નહીં રહે બલ્કે હાબિલની આવવાવાળી નસ્લ તમારી નસ્લ પર ફખ્ર કરશે અને તમારા વંશને હંમેશા મેણા મારતી રહેશે.

પછી એક દિવસ કાબિલે હાબિલનું ગળુ પકડયુ અને એક પત્થરથી તેને મારી નાખ્યો. માર્યા પછી મુંઝાણો કે તે ભાઈના શબને કેવી રીતે ઠેકાણે પાડે ?

છેવટે અલ્લાહે એક કાગડાને મોકલ્યો જેણે આવી તેને દફન કરવાની રીત બતાવી. કાગડાને જોઈ તેણે કહ્યું : હાય મારી બદનસીબી , મારી પાસે તો કાગડા જેટલી પણ બુધ્ધિ નહોતી કે હું મારા ભાઈને દફન કરી શકું.

પછી શયતાને જમીન પર મુર્તિપુજાનું પ્રથમ દેવળ બનાવ્યુ. અને કાબિલને કહ્યું કે તને ખબર છે કે

તારી કુરબાની કબૂલ કેમ ન થઈ ? તેણે કહ્યું : મને એની કંઈ ખબર નથી.

શયતાને કહ્યું : એનું કારણ એ છે કે તે આજ દિન સૂધી આગનું સન્માન નથી કર્યું. જો તું તારી કુરબાની કબૂલ કરાવવા ચાહે છે તો પછી આગને પુજવાનું શરૂ કર. માનવ જગતમાં કાબિલ પહેલો શખ્સ હતો જેણે અગ્નિ પુજા કરી.

## (૦૭) હ. ઇમામ મોહમ્મદ તકી અલય્હિસ્સલામને ઇર્ષાના કારણે શહીદ કર્યા.

ઝરકાન, અહેમદ બિન અબી દાવૂદનો નિકટનો દોસ્ત હતો અને એહમદ બિન દાવૂદ , મોઅતસિમ અબ્બાસીના દોરમાં મુખ્ય કાઝી હતો.

ઝરકાન કહે છે : હું એક દિવસ કાજીના ઘરમાં બેઠો હતો કે કાજી મોઅતસિમના દરબારમાંથી ધુવાંકુવાં થતો પાછો આવ્યો, અને આવતાની સાથે કહેવા લાગ્યો : કાશ, હું આજથી વીસ વરસ પહેલા મરી ચૂક્યો હોત અને આ ખરાબ દિવસ જોવો ન પડત.

પછી કાજીએ કહ્યું : આજ દરબારમાં રઝા અલય્હિસ્સલામના ફરઝંદ મોહમ્મદ તકી અલય્હિસ્સલામએ મને રૂસ્વા કર્યો છે.

ઝરકાન કહે છે : મેં પૂછ્યું કે શું બન્યું ?

કાજી અહેમદે બતાવ્યુ કે આજ મોઅતસિમની પાસે એક ચોરને લાવવામાં આવ્યો. શહાદતો નક્કર હતી અને ચોરે પણ કબૂલાત કરી લીધી હતી.

મોઅતસિમે દરબારમાં મને પૂછ્યું કે આની શરઈ સઝા શું છે ?

મેં કહ્યું : તેના હાથની હથેળી કાપી નાખવામાં આવે. મોઅતસિમે કહ્યું : તમારા પાસે તેની શું દલીલ છે ?

મેં કહ્યું કે ચોરના વિશે અલ્લાહ તઆલાએ કુરઆને મજીદમાં શરઈ હદમાં આમ કહ્યું છે : ચોરી કરવાવાળો પુરૂષ હોય કે સ્ત્રી તો તેના હાથ કાપી નાખો અને જોઈએ કે હાથ ક્યાં સૂધી લાગુ પડે છે ? તો તેના માટે તયમ્મુમની આયત મૌજૂદ છે. "ફમ્સહૂ બે વોજૂહેકુમ વ અયદીકુમ મિન્હૂ" તયમ્મુમમાં ચહેરા અને હાથોનો મસાહ કરો અને વાત નક્કી છે કે તયમ્મુમમાં હાથની હથેળી પર જ મસાહ કરો અને વાત નક્કી છે કે

તયમ્મુમમાં હાથની હથેળી પાછળ જ મસાહ કરવામાં આવે છે એટલે શબ્દ યદનો ઉપયોગ હથેળી પર જ થાય છે.

દરબારમાં મૌજૂદ કેટલાક આલિમોએ મારાથી વિરૂધ્ધ મત આપતા ફતવો આપ્યો કે ચોરનો પૂરો હાથ ખભેથી કાપી નાખવામાં આવે, તેઓની દલીલ એ હતી કે કુરઆને મજીદમાં ચોરનો હાથ કાપવાનો હુકમ આપવામાં આવ્યો છે અને તેનું પ્રમાણ નક્કી કરવામાં નથી આવ્યું. અને ખભાથી લઈને આંગળીઓ સૂધી પૂરા બાજુને હાથ કહેવામાં આવે છે. એટલે પૂરો હાથ મુકી માત્ર હથેળીને કાપવી ઠીક નથી. દરબારમાં એ સમયે

હ. ઇમામ મોહમ્મદ તકી અલય્હિસ્સલામ પણ મૌજૂદ હતા. ખલીફાએ તેમના તરફ મોં કરી કહ્યું કે આપ અમને તમારો દ્રષ્ટિકોણ બતાવો.

હ. ઇમામ મોહમ્મદ તકી અલય્હિસ્સલામએ કહ્યું : આ અનુસંધાનમાં આલિમોએ પોતાના વિચારો વ્યક્ત કરી દીધા છે. એટલે મારાથી મારૂ દ્રષ્ટિબિંદુ પૂછવાની જરૂરત નથી.

ખલીફાએ કહ્યું : હું આપને ખુદાની ક્સમ આપુ છું કે આપ આ મસઅલામાં પોતાનો મત જરૂર બતાવો. તો ઇમામ જવાદ અલય્હિસ્સલામએ કહ્યું : તમે જયારે હવે મને ક્સમ આપી છે તો સાંભળો , એહલે સુન્નતના

આલિમોએ જે શરઈ હદ બયાન કરી છે તેઓને તેમાં ધોકો થયો છે. ચોરનો હાથ ન તો હથેળીથી કાપવામાં આવે અને ન તો પૂરો બાજુ કાપી નાખવામાં આવે. બલ્કે તેની ચાર આંગળીઓ કાપવામાં આવે , તેની હથેળી અને અંગુઠાને રહેવા દેવામાં આવે.

ખલીફાએ પૂછ્યું : આપની પાસે તેની શું દલીલ છે ?

ઇમામે કહ્યું : કોઈ મુસલમાન ચોરી કરવા પછી કાફર નથી થઈ જતો. તે નિયમ મુજબ મુસલમાન રહે છે. અને મુસલમાન પર નમાઝ વાજિબ છે. અને નમાઝનો મુખ્ય ભાગ સજદો છે. અને હ. રસૂલે કરીમ

સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનું ફરમાન છે : સજદો સાત અવયવોથી થાય છે. મોઢુ , બે હાથ, બે ગોઠણ, બે પગો. અને જયારે તમે કોઈના હાથ હથેળી યા ખભાથી કાપશો તો તેના પાસે હાથ જ નહીં રહે. તો તે સજદો કેવી રીતે કરશે ? અને અલ્લાહ તઆલાનું ફરમાન છે સજદાના સ્થળો અલ્લાહ માટે છે જે ચીજ છે જ અલ્લાહની તો તેને કાપી નથી શકાતી. મોઅતસિમે જેવી આપ અલય્હિસ્સલામની દલીલો સાંભળી તો તે ઘણો ખૂશ થયો અને ઇમામ જવાદ અલય્હિસ્સલામના ફતવા પ્રમાણે તેણે ચોરની ચાર આંગળીઓ કાપવાનો હુકમ આપ્યો.

ઝરકાન કહે છે : હું જોતો રહ્યો કે કાજી પોતાના દ્રષ્ટિબિંદુના ખોટા ઠરવા પર ઘણો ઉદાસ રહેતો હતો. તે ત્રણ દિવસ પછી ખલીફા પાસે ગયો અને કહ્યું કે હું આપનો નમકખાર છું. અને નમક હલાલીને પોતા ની પર ફરજ સમજુ છું. મને ડર છે કે જો મેં આપનું ભલુ ન ઇચ્છયુ તો હું દોઝખનું બળતણ બની જઈશ.

ખલીફાએ પૂછ્યું : બતાવો , શું કહેવા માંગો છો ? તો કાજીએ કહ્યું કે દરબારમાં આપની પાસે આલિમો અને ફકીહોની ઇલ્મી ચર્ચા થાય છે તો એ સમયે અમીરો, વઝીરો અને રાજ્યના બીજા વડેરાઓ પણ મૌજૂદ હોય છે એટલે આ ચર્ચાઓ દરબારમાં જ ખતમ

નથી થઈ જતી બલ્કે તેનું પુનરાવર્તન પૂરા રાજ્યમાં સાંભળવામાં આવે છે. આપે બધા આલિમોનો મત ઠુકરાવી સારૂ ન કર્યું કેમકે મોહમ્મદ તકી અલય્હિસ્સલામની વગ અને પ્રભાવમાં વધારો થઈ ગયો. અને આપ આ વાત સારી રીતે જાણો છો કે મુસલમાનોનો એક વર્ગ તેમને પહેલે જ પોતાનો માર્ગદર્શક અને આગેવાન સમજે છે.  અને મને એ ભય છે કે નજીકમાં બીજા લોકો પણ તેમના અનુયાયી બની જશે અને આપના વંશમાંથી ખિલાફત સદા માટે નિકળી જશે.

બાદશાહ ઇર્ષાખોર કાજીના શબ્દોથી ઘણો પ્રભાવિત થયો અને કહ્યું કે તમે મારી આંખો ખોલી નાખી અને ખુદા આ શુભેચ્છાની તમને જઝા આપે.

ચોથે દિવસે તેણે પોતાના કારભારીને હુકમ આપ્યો કે તમે એક દાવતની વ્યવસ્થા કરો જેમાં ફરઝંદે રઝા અલય્હિસ્સલામને પણ બોલાવવામાં આવે.

દાવત તૈયાર થઈ અને તેના માટે ઇમામ તકી અલય્હિસ્સલામને આમંત્રણ આપવામાં આવ્યું. તો આપે ફરમાવ્યું : તમને તો સારી રીતે ખબર છે કે હું આવી દાવતોમાં ભાગ નથી લેતો. પરંતુ ઇમામ અલય્હિસ્સલામથી વારંવાર આગ્રહ કરવામાં આવ્યો તો

આપ અલય્હિસ્સલામએ એ આ દાવત માં ભાગ લીધો. આપ સુફરા પર બેઠા. આપની સામે ભોજન રાખવામાં આવ્યું. આપે એક કોળિયો ભરીને ખાધો તો ઝહેરનું ભાન થયું. એટલે આપ ઊઠીને જવા લાગ્યા. ઘરધણીએ કહ્યું કે આપ આટલી જલ્દી કેમ પાછા જઈ રહ્યા છો. તો આપે ફરમાવ્યું : હું જેટલો જલ્દી તમારા ઘરેથી ચાલ્યો જાઉં એ જ વધારે સારૂં છે.

એજ ઝહેરના કારણે એક દિવસ પછી આપની શહાદત થઈ.

# (૦૮) સ્ત્રીઓની ઇર્ષા

ઇબ્ને અબી લયલા એહલે સુન્નતના મશહુર કાજી થઈ ગયા છે. એક દિવસ તેઓ મન્સૂર દવાનકીના પાસે બેઠા હતા કે મન્સૂરે કહ્યું : કેટલિક વખત કાજીઓ પાસે ઘણા દિલચશ્પ મુકદ્દમાઓ આવે છે. જો તમારી પાસે કદી કોઈ રસિક મુકદ્દમો આવ્યો હોય તો તમને સંભળાવો.

ઇબ્ને અબી લયલાએ કહ્યું : જી હા , કેટલિક વખત અમારી પાસે રસિક મુકદ્દમાઓ આવે છે , હું

આપને એક અજબ અને વિચિત્ર મુકદ્દમાનો અહેવાલ સંભળાવુ છું.

એક દિવસ એક બુઢી અને કદરૂપી ઔરત મારી પાસે આવી અને રોઈ રોઈને કહ્યું કે કાજી સાહેબ આપ મને ન્યાય અપાવો.

મેં કહ્યું : તારા પર કોણે અત્યાચાર કર્યો છે ?

વૃધ્ધાએ કહ્યું : મારા પર મારી ભત્રીજીએ ઝુલ્મ કર્યો છે. આપ તેના ઝુલ્મનો ઇલાજ કરી મને ન્યાય અપાવો.

મેં અદાલતમાં તેની ભત્રીજીને બોલાવી. અને તે અત્યંત સુંદર સ્ત્રી હતી. મારૂ માનવુ છે કે જન્નતની હુરો તેનાથી વધારે રૂપાળી નહીં હોય.

મેં એ ઓરતને બચાવનો હક આપ્યો , અને પુછયું કે, ખરી હકીક્ત શું છે?

તેણે બતાવ્યું કે હું આ વુધ્ધાની ભત્રીજી છું. અને આ મારી ફુઇ છે.

હું બાળપણમાં જ યતીમ થઇ ગઇ હતી અને મારી આ ફુઈએ જ પાળી પોષીને મોટી કરી , જયારે જવાન થઈ ગઈ, મારી ફુઈએ મારા લગ્ન એક સોનીથી કરી દીધા. ત્યાં હું દરેક પ્રકારે આનંદ અને ખૂશીથી

જીવન વીતાવવા લાગી. પરંતુ મારી આ ખૂશી મારી કુઈને જરાય ન ગમી. કેમકે તેની પોતાની એક કુંવારી પુત્રી ઘરમાં બેઠી હતી. અને મારી કુઈ એ ઇચ્છવા લાગી કે કોઈપણ રીતે તેની પુત્રીની શાદી મારા પતિથી થઈ જાય.

તેણે પોતાની પુત્રીને સાજ શણગાર કરીને સોનીને ફાંસવાનો હુકમ આપ્યો અને તે અંતે તેના પર આશિક થઈ ગયો. પછી મારા ધણીએ તેની પુત્રીનો હાથ માંગ્યો. તો તેણીએ કહ્યું કે હું એ શરત પર મારી બેટી તારા નિકાહમાં આપીશ કે તું તારી પહેલી પત્નિના તલ્લાકનો હક મને આપી દે.

મારો ધણી જે તેની બેટી પર મરી પડતો હતો , તેણે મારી તલ્લાકનો હક મારી કુઈને આપી દીધો.

તેની પુત્રીની શાદીને હજી થોડા દિવસ થયા હશે કે મારી કુઈએ મને તલ્લાક આપી દીધી. અને હું રોતી ધોતી પતિના ઘરેથી ફૂઈના ઘરે આવી ગઈ.

પછી મેં મારી ફૂઈથી વેર લેવાનો નિર્ણય ર્ક્યો. જયારે તેનો પતિ ઘરમાં આવતો તો હું પણ ખૂબ બની ઠનીને તેની સામે જાતી. હળવે હળવે તે મારો આશિક થઈ ગયો અને તેણે મારાથી નિકાહની માંગણી કરી , મેં નિકાહ માટે એક શરત રાખી કે જો તે પોતાની પહેલી પત્નિ અર્થાત મારી કુઈને તલ્લાકનો હક મને સોંપી દે ,

તો હું તેનાથી નિકાહ કરી લઈશ. એટલે મારી કુઈના પતિએ આનાકાની વગર મને પોતાની પત્નિને તલ્લાક આપવાનો હક સોંપી દીધો.

પછી મેં તેનાથી નિકાહ કરી લીધા , અને બીજે દિવસે પોતાનો હક વાપરી મેં મારી ફૂઈને તલ્લાક દઈ દીધી. અને આમ મારી કુઈ ઘડપણમાં નિરાધાર થઈ ગઈ. પછી કુદરતનું કરવું કે થોડા મહિના પછી મારો આ ધણી મરી ગયો. અને હું બેવા થઈ ગઈ. ઈદ્દતના દિવસો પૂરા થવા પછી મારા પહેલા ધણીએ એટલે સોનીએ મારાથી પાછા સંબંધ જોડયા અને નિકાહની દાવત આપી, મેં તેનાથી એ જ શરત લગાવી કે તે

પોતાની પત્નિને તલ્લાકનો હક મને સોંપી દે તો હું તેનાથી નિકાહ કરી લઈશ.

મારા માજી પતિએ મને પોતાનો શરઈ હક વાપરવાની ઇજાઝત આપી દીધી. પછી મેં તેનાથી નિકાહ કરી લીધા અને થોડા દિવસ પછી મેં મારી શોકયને તલ્લાક આપી દીધી.

આ બધી વાતો કરીને એ સ્ત્રીએ મને કહ્યું કે કાજી સાહેબ ! હવે તમે પોતે ફેંસલો કરો કે મેં શું ગુનોહ ર્ક્યો છે. હું મારી કુઈની ખોટી ઇર્ષાનો શિકાર થઈ હતી અને મે તેનું વેર વાળ્યું છે.

# (૦૯) હ. અલી અલય્હિસ્સલામનો ચુકાદો

એક અનાથ છોકરી કોઈના ઘરમાં ઉછેર પામી રહી હતી. ઘરધણી મોટે ભાગે પ્રવાસમાં રહેતો હતો. અંતે છોકરી પુખ્ત વયની થઈ ગઈ. ખુદાએ તેને રૂપ અને અક્કલથી માલા માલ કરી હતી. ઘરમાં ઘરવાળીએ વિચાર્યું કે શક્ય છે એને જોઈને મારો ધણી મન બગાડી બેસે. એટલે તેની પહેલેથી રોકથામ કરવી જોઈએ.

તેણે મોહલ્લાની અમુક ઔરતોને પોતાની પાસે બોલાવી અને છોકરીને શરાબ પીવરાવી આંગળી થી તેનું કૌમાર્ય ભાંગી નાખ્યું.

થોડા સમય પછી તેનો ધણી ઘરે આવ્યો અને પત્નિથી અનાથ બાળાના ખબર અંતર પૂછયા.

સ્ત્રીએ કહ્યું : આપ તેના વિશે ન પુછો તો સારૂ. તેણે પોતાનું શીયળ બરબાદ કર્યું છે. અને કૌમાર્ય ભાંગી ચુકી છે.

ઘરધણીએ બાળાને બોલાવી પ્રશ્ન કર્યો તો તેણે કસમો ખાધી અને પોતાની સુશીલતાની ગવાહી આપી.

ઘરવાળીએ કેટલિક સ્ત્રીઓને પોતાના ધણી પાસે લાવી જેમણે આ છોકરી ગુનેહગાર હોવાની સાક્ષી આપી.

છેવટે મુકદ્દમો હ. ઉમરની અદાલતમાં પહોંચ્યો. અને તેઓ પણ કોઈ ચુકાદો ન આપી શક્યા. પુરૂષે માંગણી કરી કે આ મુકદ્દમો મૌલા અલી અલય્હિસ્સલામની ખિદમતમાં રજુ કરવામાં આવે. જયારે મૌલા અલી અલય્હિસ્સલામની પાસે આ મુકદ્દમો આવ્યો તો આપે ઔરતને ફરમાવ્યું : તારી પાસે તારા દાવાના ગવાહ મૌજૂદ છે ?

ઔરતે કહ્યું : જી હા , મારા પાસે ઘણી પાડોશી ઔરતો સાક્ષી તરીકે મૌજૂદ છે.

હ.અલી અલય્હિસ્સલામએ પોતાની પાસે તલવાર રાખી અને ફરમાવ્યું : એક એક ગવાહને અલગ અલગ પેશ કરવામાં આવે.

પ્રથમ સ્ત્રી ગવાહ પેશ થઈ , આપે તેનું કહેવુ સાંભળ્યુ અને બયાન સાંભળવા પછી તેને એક જુદ કમરામાં મોકલી દીધી.

પછી આપે બીજી ગવાહ સ્ત્રીને બોલાવી , જયારે ઔરત હાજર થઈ તો આપે ફરમાવ્યું : મને ઓળખીને ગવાહી આપજે અને એ જોઈ લે કે મારી પાસે તલવાર

રાખેલી છે. તારી પ્રથમ સ્ત્રીએ મને પૂરી વસ્તુ સ્થિતિ બતાવી દીધી છે. જો તે જુઠ બોલવાનો પ્રયત્ન કર્યો તો તેનું પરિણામ ઘણું ભયંકર આવશે.

ઔરતે રોઈને કહ્યું : મૌલા ! મૂળ હકીક્ત તો અમારી સાથી ગવાહે આપને બતાવી જ દીધી છે. બાળા બિલ્કુલ નિર્દોષ છે. ઘર વાળીએ તેને પોતાની આંગળીથી એબદાર કરી છે , જેથી તેનો ધણી તેની તરફ વળે નહીં. અને જયારે ઘરવાળી તેનું કૌમાર્ય ભાંગી રહી હતી તો અમે છોકરીને મજબૂતીથી પકડી રાખી હતી.

હ. અલી અલય્હિસ્સલામએ તકબીરની અવાજ ઊંચી કરી અને ફરમાવ્યું : "દાનિયાલ પછી હું પહેલો શખ્સ છું જેણે ગવાહોમાં જુદાઈ નાખી દીધી." પછી આપે હુકમ આપ્યો કે ઘરવાળીને દુષ્કૃત્ય માટે એંસી કોરડા મારવામાં આવે અને આપે તેના અને તેના ધણી વચ્ચે છુટા છેડા કરાવી દીધા. શૌહરે તેને તલ્લાક આપી દીધી. અને આપે દરેક સ્ત્રી પર ચારસો દિરહમ દંડ નાખ્યો અને પછી આપે એ પુરૂષ સાથે એ બાળકીના નિકાહ કરાવી આપ્યા. અને તેને મહેર આપવાથી માફ રાખ્યો. પછી હ. ઉમરે દરખાસ્ત કરી કે આપ અમને

દાનિયાલ પયગમ્બર અલય્હિસ્સલામનો ફેંસલો સંભળાવો.

આપ અલય્હિસ્સલામએ ફરમાવ્યું : દાનિયાલ મા-બાપ બેઉ તરફથી યતીમ હતા અને બની ઇસરાઈલની એક બુઢી ઔરત પાસે ઉછેર પામી રહ્યા હતા. એ સમયે બની ઇસરાઈલ પર એક બાદશાહ રાજ કરતો હતો. તેના પાસે બે કાજી હતા. એ ઝમાનામાં એક નેક શખ્સ પણ રહેતો હતો જે બન્ને કાજીઓને દોસ્ત હતો. અને કદી કદી બાદશાહના દરબારમાં પણ જાયા કરતો હતો.

બાદશાહને એલચી પદા માટે કોઈ વિશ્ર્વાસુ પ્રમાણિક શખ્સની જરૂરત લાગી તો તેણે કાજીઓથી મશ્ર્વેરો ર્ક્યો કે આપ મને કોઈ પ્રમાણિક શખ્સનું ઠેકાણુ બતાવો જેથી હું તેને મારો કાસિદ બનાવી એક સ્થળે મોકલું.

બન્ને કાજીઓએ એક નેક માણસનું નામ બતાવ્યું : બાદશાહે એ શખ્સને કાસિદ બનાવી રવાના ર્ક્યો. તો તેણે જતી વખતે બન્ને કાજીઓને ભલામણ કરી કે તમો મારી ગેરહાજરીમાં મારા ઘરનું ધ્યાન રાખજો.

એ શખ્સ રવાના થઈ ગયો. બન્ને કાજી વખતો વખત તેના ઘરે આવતા અને તેની પત્નિથી ઘરની

જરૂરિયાતો પૂછતા રહેતા. હળવે હળવે બન્ને કાજીઓએ નિય્યત ખરાબ કરી. ઔરત રૂપવાન હતી , બન્ને કાજીઓએ ઔરતને ગુનાહની દાવત આપી. પણ ઔરતે તેઓની દાવતને ઠુકરાવી દીધી.

કાજીઓએ ઔરતને કહ્યું : જો તુ અમારા કહેવા પ્રમાણે અમલ નહીં કરે તો અમે તારા પર વ્યભિચારનો આરોપ લગાવશું અને બાદશાહ તને સંગસાર કરવાનો હુકમ જારી કરી દેશે. કાજીઓની ધમકી સાંભળીને પણ ઔરતે તેઓની વાત ન માની.

પણ કાજીઓએ તેના પર ઝિનાનો આરોપ નાખ્યો અને બાદશાહ પાસે ગવાહી આપી કે અમે આ ઔરતને શરઅ વિરૂધ્ધ કૃત્ય કરતા જોઈ છે.

બાદશાહે કાજીઓને કહ્યું કે હું તમારી ગવાહીઓ રદ નથી કરતો પણ શરઈ હદ ત્રણ દિવસ પછી જારી કરીશ. પછી બાદશાહે પૂરા શહેરમાં ઢંઢેરો પિટાવ્યો કે ચોથે દિવસે ફલાણી ઔરતને શરઅ વિરૂધ્ધ કૃત્ય માટે સંગસાર કરવામાં આવશે.

ત્રીજા દિવસે બાદશાહે વઝીરને કહ્યું કે વઝીર ! કાજીઓની ગવાહી પણ ભરોસાપાત્ર છે, પરંતુ મારૂ દિલ ગવાહી આપે છે કે તે સ્ત્રી નિર્દોષ છે.

વઝીરે કહ્યું : બાદશાહ સલામત ! મારૂ પોતાનું દિલ પણ ઔરતને નિર્દોષ ઠરાવે છે. પછી વઝીર શહેરની તરફ ગયો. જોયુ કે એક સડકના કિનારે બાળકો રમી રહ્યા છે. અને તેમાં દાનિયાલ પણ મૌજૂદ છે. દાનિયાલે બાળકોને કહ્યું : બેસી જાઓ. હું બાદશાહ છું અને આ મારા બે કાજી છે અને આ એ સ્ત્રી છે જેના પર કાજીઓએ આરોપ મુક્યો છે. હવે હું ફેંસલો કરીશ.

જયારે વઝીરે બાળકોનો આ ખેલ જોયો તો તે ત્યાં જ રોકાઈ ગયો અને દિલચશ્પીથી અદાલતની કારવાઈ જોવા લાગ્યો.

બાળકોએ માટીનો ઢગલો ભેગો કર્યો. જેને દાનિયાલે પોતાનું સિહાંસન બનાવ્યુ અને તેના પર બેસી ગયો, લાકડીની એક તલવાર પોતા પાસે રાખી , પછી હુકમ આપ્યો કે એક કાજીને અદાલતમાં રજૂ કરવામાં આવે. એટલે એક કાજીને તેની પાસે લાવવામાં આવ્યો. દાનિયાલે પૂછ્યું : એ બતાવ કે જયારે તે આ સ્ત્રીને દુષ્કૃત્ય કરતા જોઈ તો વ્યભિચાર કરનાર પુરૂષ કોણ હતો ? અને સમય શું હતો ? અને દિવસ ક્યો હતો ? અને તમે તેના ઘરના ક્યા દરવાજેથી દાખલ થયા હતા ?

બાળક જે કાજી બન્યો હતો બધા સવાલોના જવાબો આપ્યા. પછી દાનિયાલે કહ્યું : આ કાજીને બીજા કાજીથી ન મળવા દેવામાં આવે. અને બીજા કાજીને મારી અદાલતમાં રજૂ કરવામાં આવે.

બીજો બાળક જે કાજી બન્યો હતો અદાલતમાં પેશ થયો અને દાનિયાલે તલવાર દેખાડી કહ્યું કે તમારો સાથી મને બધી હકીક્તની સાચી વિગત આપી ચુક્યો છે ,  જો તે જુઠ બોલ્યુ તો હું તને કત્લ કરી નાખીશ. બીજો ગવાહ તરત જ ગભરાવા લાગ્યો અને પોતાના જૂઠનો ઇકરાર કરી લીધો.

દાનિયાલે તકબીરનો નારો લગાવી કહ્યું કે કાજી જૂઠા છે. અને ઔરત સાચી છે. આ બન્ને કાજીઓને કત્લ કરી દેવામાં આવે.

વઝીરે જેવી અદાલતની કારવાઈ જોઈ તો દોડતો દોડતો બાદશાહ પાસે ગયો અને તેને પૂરી અદાલતી કારવાઈની ખબર આપી.

બાદશાહ આ વાતને પોતા માટે ગુપ્ત સંકેત સમજયો અને બન્ને કાજીઓને પોતાના દરબારમાં બોલાવ્યા અને બન્નેથી અલગ અલગ બયાન લીધા તો કાજીઓનું જૂઠ ખુલીને સામે આવી ગયુ. બાદશાહે હુકમ આપ્યો કે કાજીઓને કત્લ કરી નાખવામાં આવે.

# (૧૦) અસાવચેત ખુશામદી

ખાલિદ બિન સફવાન કહે છે કે હું અબ્બાસી ખલીફા સફફાહના દરબારમાં ગયો , જયારે દરબારમાં એકાંત થયું તો મેં કહ્યું : જો આપ રજા આપો તો હું આપને એક સલાહ આપું. પરંતુ શરત એ છે કે એ દરમિયાન અહીં કોઈ આવે નહીં.

સફફાહે દરબાનોને હુકમ આપ્યો કે હમણા કોઈને અંદર ન આવવા દેજો. પછી સફફાહે મને પૂછયું કે હવે બતાવ તું શું કહેવા માંગે છે ?

મેં કહ્યું : અલ્લાહ તઆલાએ આપને ખિલાફત આપી છે. જેના માટે વર્ષોના વર્ષો આપને ચળવળ ચલાવવી પડી. આપે ઘણી કુરબાનીઓ આપી પણ હું જોઈ રહ્યો છું કે આપે ખિલાફતથી લેશ લાભ ઊઠાવ્યો નથી.

સફફાહે કહ્યું : તો હું શું કરૂં ?

મેં કહ્યું : આપ આ એક પત્નિને સંભાળીને બેઠા છો,  નહીંતર ઘણી સુવર્ણ વદનની સુંદરીઓ આપના ઘરમાં બેસવા તૈયાર છે.

તેણે કહ્યું કે ખરેખર તે સાચુ કહ્યું છે , આજ દિન સૂધી મેં એ તરફ ધ્યાન જ નથી આપ્યું.

ખાલિદના જવા પછી સફફાહની પત્નિ ઉમ્મે સલમા આવી તો તેણે જોયુ કે તેનો પતિ હાથમાં કલમ લઈને ખડિયા પર જોરથી મારી રહ્યો છે.

પત્નિએ પૂછયું : ખેરિયત તો છે ? આપ આટલા બધા વ્યાકુળ કેમ છો ?

સફફાહે કહ્યું : મૂળ વાત એમ છે કે ખાલિદ બિન સફવાને મને એક સલાહ આપી છે અને હું અત્યારે તેના પર જ વિચાર કરી રહ્યો છું.

પત્નિએ પૂછયું : તેણે શું સલાહ આપી ?

ખલીફાએ પત્નિ સામે તેની પૂરી યોજના રાખી દીધી. ઉમ્મે સલમાએ કહ્યું : તો પછી આપે એ હરામઝાદાને શું જવાબ આપ્યો ?

સફફાહે કહ્યું : તેણે મારી ભલાઈની વાત કરી હતી અને તેં એને ગાળો આપવી શરૂ કરી દીધી ?

ઉમ્મે સલમા ખલીફાની પાસેથી ઊઠીને આવી અને ગુલામોની એક ટોળીને બોલાવી કહ્યું : મેં આજના દિવસ માટે તમને પાળી મોટા કર્યા છે, તમે જાઓ, જયાં ક્યાંય પણ ખાલિદ મળે તેને ખુબ મેથી પાક જમાડો પણ તેને જાનથી મારવાની કોશિશ ન કર      જો. ઉમ્મે સલમાના મોકલેલા ગુલામો બજારમાં આવ્યા તો

તેઓને ખાલિદ બજારમાં જ મળી ગયો તેમણે તેને ખૂબ ઢીબી નાખ્યો. ખાલિદ ઘણા દિવસ સૂધી પથારીમાં પડયો રહ્યો.

થોડા દિવસ પછી હરવા ફરવાને લાયક થયો તો ખલીફાનો એક ગુલામ તેની પાસે આવ્યો અને કહ્યું : ખલીફા તને દરબારમાં યાદ કરે છે.

ડરતા ડરતા અને કાંપતા કાંપતા ખાલિદ દરબારમાં ગયો. પરદા પાછળ તેને કંઈ હોવાનો અણસાર આવ્યો. દિલમાં સમજી ગયો કે હોય ન હોય આ મોહતરમા જે પરદા પાછળ બેઠી છે ખલીફાની પત્નિ છે.

ખલીફાએ કહ્યું : ખાલિદ ! ઘણા દિવસથી તમે દેખાણા નહીં, ખૈરિયત તો હતી ?

ખાલિદે કહ્યું : જી હા , હું થોડા દિવસ પહેલા બીમાર પડી ગયો હતો એટલે આપની ખિદમતમાં હાજર ન થઈ શક્યો.

ખલીફાએ કહ્યું : તમે એક દિવસ મને એક સલાહ આપી હતી. હું ઇચ્છુ છુ ફરીવાર એ જ વાત કહો.

ખાલિદે કહ્યું : એ દિવસે મેં કહ્યું હતુ કે અરબીમાં શોક્યને ઝરહ કહે છે અને આ શબ્દ ઝરરમાંથી નિકળ્યો છે. તો જાણે શોક્ય ઇન્સાન માટે નૂક્સાન જ નૂક્સાન છે. બે પત્નિઓ રાખવાથી મોટુ

બીજુ કોઈ નૂક્સાન નથી. બલ્કે હું તો એમ કહીશ કે ઘરમાં કનીઝ રાખવી પણ ખતરાથી ખાલી નથી. બે પત્નિઓના પતિનો દાખલો એવો છે કે જાણે ઇન્સાન બે અંગારા વચ્ચે સૂતો હોય. કદી આ બાજુના અંગારાની ગરમી સહે છે તો કદી બીજી બાજુના અંગારાનો તાપ સહે છે.

સફફાહે કહ્યું : નહીં , એ દિવસે તમે એ વાત નહોતી કરી.

ખાલિદે કહ્યું : જનાબ , ચાર પત્નિઓ ઇન્સાન માટે નિરંતર દુ:ખ વ્યથા અને પિડાનું કારણ બને છે. જે શખ્સની ચાર પત્નિઓ હોય તે શખ્સ ઘણો મઝલૂમ છે.

કાં તો તેઓની માગણીઓ પૂરી કરે નહિંતર સખત ક્સોટી માટે તૈયાર થઈ જાય. જો એક પત્નિથી હસીને વાત કરશે તો ત્રણ પત્નિઓ તેનાથી નારાજ થઈ જશે. સાંપ ઇન્સાન માટે એટલો ખતરનાક હોતો નથી , જેટલી કે ચાર પત્નિઓ ખતરનાક હોય છે.

સફફાહે કહ્યું : નહીં , તે દિવસે તમે એ વાત નહોતી કરી.

ખાલિદે કહ્યું : જી હા ! મેં કહ્યું હતુ કે પૂરા અરબમાં બની મખઝૂમ ઊંચો કબીલો છે. અને એ કબીલામાં આપની પત્નિ ઉમ્મે સલમા એક મધમધતુ પુષ્પ છે. જાણી બની મખઝૂમના બાગમાં આપની પત્નિ

ખીલતુ ફુલ છે. મેં તો એ દિવસે કહ્યું હતુ કે આવી પત્નિ તો ખુદાની ભેટ છે અને તેની હાજરમાં બીજી પત્નિનો મનમાં વિચાર પણ ન લાવો.

સફફાહે આ સાંભળી કહ્યું : તુ મોટો જુઠો છે અને તારા જેવો જુઠો બીજો પેદા થવું મુશ્કિલ છે.

ખાલિદે તરત જ કહ્યું : ખલીફા સાહેબ , આપ પોતે જ ન્યાય કરો , જુઠુ બોલવુ વધારે સારૂ છે કે આપની પત્નિ ઉમ્મે સલમાના નોકરોથી કત્લ થવુ વધારે સારૂ છે ?

આ સાંભળી સફફાહ હસી હસીને બેવડો વળી ગયો અને ઉમ્મે સલમાના ખિલખિલાહટની અવાજ પણ બહાર સૂધી આવી.

ખાલિદ પોતાના ઘરે પાછો ફર્યો તો સફફાહની પત્નિએ હજાર હજાર દીરહમની પાંચ થેલીઓ તેના ઘરે મોકલાવી.

## (૧૧) ઇબ્લિસ ફિરઔનના દરવાજે

કહેવાય છે કે જયારે ફિરઔને ખુદાઈનો દાવો ક્ર્યો તો એક વખત ઇબ્લિસે તેના દરવાજા પર ટકોર કરી. ફિરઔને પૂછયું : કોણ ? તો ઇબ્લિસે કહ્યું : જુઠા , તુ કેવો ખુદા છે કે તને એ પણ ખબર નથી કે તારા દરવાજે કોણ આવ્યું છે ? હું તારો ઉસ્તાદ ઇબ્લિસ છું.

પછી ફિરઔન અને ઇબ્લિસ એકઠા બેઠા. ફિરઔને કહ્યું કે હું ઘણો મોટો ગુનેહગાર છું. અને તું પણ મોટો નમકહરામ છો. તારો અનુભવ ઘણો વિશાળ

છે. તને મારાથી અને તારાથી પણ કોઈ મોટો બુરો દેખાણો ?

ઇબ્લિસે કહ્યું : જી હા, ઈર્ષાખોર આપણા બન્નેથી વધારે બુરો છે. આ ઈર્ષાએ તો મને શયતાન રજીમ બનાવ્યો છે અને આજ ઈર્ષાએ તને મલઊન બનાવ્યો છે.

# (૧૨) કેટલિક રિવાયતો

રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ એક દિવસ પોતાના સહાબાથી કહ્યું : લક્ષ આપો, તમારામાં પાછલી ઉમ્મતોની એક બીમારી છે જે ઘર કરી ગઈ છે. અને આ બીમારીનું નામ ઇર્ષા છે. તેનાથી વાળ નથી ખરતા પણ તે ઇન્સાનના દીનને તબાહ કરી દે છે. તેનાથી બચવાનો એક જ ઇલાજ છે કે ઇન્સાન પોતાના હાથ રોકી રાખે અને જીભને બચાવે અને પોતાના મોઅમિન ભાઈને મેણા ન મારે.

ઇમામ સાદિક અલય્હિસ્સલામએ અબૂ જઅફર બિન નોઅમાન અહવલથી કહ્યું : તમારામાં સૌથી વધારે મને એ લોકોથી નફરત છે જેઓ મોટાપણું દેખાડે છે અને જેઓ ચાડી ખાય છે. અને પોતાના ભાઈઓની ઇર્ષા કરે છે. તેઓને મારાથી કોઈ સંબંધ નથી.અને ન મારો તેઓથી કોઈ વાસ્તો છે.

પછી આપે ફરમાવ્યું : મારા દોસ્તો તો એ લોકો છે જે અમારા હુકમને માને અને અમારા પગલે ચાલે અને અમારા સર્વે કામોમાં અમારૂ અનુકરણ કરે. પછી આપે ફરમાવ્યું : ખુદાની કસમ , જો તમારામાંથી કોઈ જમીનના વજન બરાબર સોનુ અલ્લાહના માર્ગમાં ખર્ચ

કરે પછી કોઈ મોઅમિનની ઇર્ષા કરે તો તે સોનુ દોઝખમાં તપાવી તેને ડામ દેવામાં આવશે.

હ. ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામએ ફરમાવ્યું : ઇર્ષાખોર ઇર્ષા પામેલાની પહેલા પોતાનું નૂક્સાન કરે છે. જેવી રીતે ઇબ્લિસને હસદના કારણે લઅનત મળી અને આદમને પસંદગીનું અને હિદાયતનું સ્થાન અને ચુંટાએલા અને ઓહદો પામેલાનો મરતબો મળ્યો. એટલા માટે ઇર્ષાનો ભોગ ન બનો ઇર્ષાખોર ન બનો. કેમકે ઇર્ષાખોરનું પલ્લું હલ્કુ હોય છે. તેનું કારણ એ છે કે તેની નેકીઓ ઇર્ષાનો ભોગ બનેલાના આમાલમાં ગણી લેવામાં આવે છે. અને રોઝી

અલ્લાહ તરફ વહેંચાઈ ચુકી છે. એટલે ઇર્ષાખોરની ઇર્ષા તેને શું ફાયદો આપશે અને ઇર્ષાનો ભોગ બનનારને શું નૂક્સાન કરશે.

ઇર્ષાનું મૂળ દિલનું આંધળાપણુ છે. અને અલ્લાહની નેઅમતોનો ઇન્કાર છે અને આ બન્ને ગુણો કુફ્રના માટે બે પાંખ છે. આ જ ઇર્ષાએ આદમના પુત્રને સદાની હતાશામાં નાખ્યો હતો અને ઇર્ષાએ તેને એવો હલાક ર્ક્યો કે જેનાથી બચવાનો કોઈ માર્ગ નથી.

હ. ઇમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામ એ હિશામ બિન હકમને ફરમાવ્યું : મઅરેફત અને ખુદાની ઓળખ પછી જે વસ્તુ ઇન્સાનને અલ્લાહની નિકટ કરે

**છે તે નમાઝ, મા-બાપ સાથે ભલાઈ અને ઇર્ષા -પોતાના વખાણ અને પોતાની મોટાઈને ત્યાગવું છે.**

***-*-***

# પ્રકરણ-૭ : વિષય :- ધૈર્ય અને સહનશીલતા

## (૦૧) ધૈર્ય અને સહનશીલતા સફળતાની ચાવી છે

અરબી સાહિત્યમાં અસ્મઈ ઉચ્ચ કક્ષાના આલિમ થઈ ગયા , તેઓ પોતાની કહાની સંભળાવ્યા કરતા હતા કે હું વિદ્યાર્થીકાળમાં ઘણો ગરીબ અને નિર્ધન હતો. હું રોજ જયારે પડવા જતો હતો તો રસ્તામાં એક શાક ભાજી વેચવાવાળાની દુકાન પડતી હતી, જેનો માલિક એ બેશરમ શખ્સ હતો. તે મને

કિતાબો બગલમાં ઉપાડેલ જોતો તો કહેતો કે મુર્ખ આ નકામો અભ્યાસ મૂકી દઈ નાનુ મોટુ કામકાજ શરૂ કરી દે. જેથી તને બે વખતની રોટલી તો નસીબ થાય. એક દિવસ તો તેણે નિર્લજતાની હદ કરી નાખી. મને કિતાબો ઉપાડેલ જોઈને તેણે કહ્યું : મૂર્ખ આદમી ! આ કાગળ ચોપડીઓ કોઈ ખાડામાં નાખી દે અને ઉપર પાણી નાખ જેથી એ લીલીછમ થઈ જાય.

હું દરરોજ તેના કડવા વેણ સાંભળતો રહ્યો અને ચૂપકીદીથી જ્ઞાન પ્રાપ્તિમાં લાગ્યો રહ્યો. અંતે હું જ્ઞાન મેળવવામાં ફળીભૂત થઈ ગયો. પણ અમ છતા મારા પાસે પહેરવા માટે ઢંગના કપડા સુધ્ધા નહોતા.

એક દિવસ હું મારા ઘરમાંથી નિકળી બજાર જવા લાગ્યો તો મેં એક પાડોશીને જોયો કે તે ણે શેરીમાં જ હવાદાર છાપરૂ ચણાવી લીધુ છે. જેના કારણે શેરી નાની થઈ ગઈ છે અને ઘોડે સવાર આદમી માટે ત્યાંથી પસાર થવું મુશ્કિલ થઈ ગયું છે.

આ હરક્ત જોઈ મેં પાડોશીને કહ્યું : અલ્લાહના બંદા ! આ શેરી પર મારો પણ કંઈક હક છે. તમારે આ છાપરૂ ગલીમાં ન બનાવવું જોઈએ.

પાડોશીએ કહ્યું : જયારે તમે અમારીમાં બેસી અહીંથી પસાર થશો તો બેશક મારૂ છાપરૂ તોડી

નાખજો. તેની આ વાત સાંભળી હું તો ખૂનના ઘૂંટ પીઈને રહી ગયો.

એક દિવસ હું મારા ઘરમાં બેઠેલ હતો કે બસરાના અમીરના કાસિદે મારો દરવાજો ખટખટાવ્યો. અને મને બસરાના અમીરનો સંદેશ આપ્યો કે આપ અમારી પાસે આવો અને અમે આપને ખલીફા હારૂનના પુત્રો અમીન અને મામૂનના ઉસ્તાદ બનાવી બગદાદ મોકલશું.

મેં કાસિદને કહ્યું : મારી પાસે તો પહેરવાના કપડા પણ નથી. અને હું આ કપડામાં અમીરની પાસે હાજર થવાથી લાચાર છું.

થોડીવાર પછી કાસિદ મારા માટે કીંમતી વસ્ત્રો લાવ્યો અને તેની સાથે એક હજાર મિસ્કાલ સોનુ પણ લાવ્યો. હું નવા વસ્ત્રો પહેરી અમીરે બસરા પાસે ગયો. તેણે કહ્યું ખલીફા હારૂન રશીદે મને હુકમ આપ્યો છે કે હું તમને તેના પુત્રો અમીન અને મામૂનના શિક્ષણ માટે બગદાદ રવાના કરૂં.

હું બગદાદ ગયો. જયારે અમીન અને મામૂને ભણવાની શરૂઆત કરી તો ખલીફા તરફથી સોનાના સિક્કાના ઘણા થાળ લૂંટાવવામાં આવ્યા. તે દિવસે મેં એટલુ સોનુ ભેગું કર્યું. જેની હું કલ્પના પણ કરી શક્તો

નહોતો. તદુપરાંત દર મહિને દસ હજાર દીનાર પગાર પણ આપવામાં આવતો હતો.

અમુક સમય પછી હારૂને પોતાના પુત્રોને હુકમ આપ્યો કે મિમ્બર પર બેસી તકરીર કરે. મેં હારૂનને બતાવ્યું હતુ કે મેં આ બન્નેને તકરીર કરવાની કળાથી પ્રવીણ કરી દીધા છે. જુમ્માનો દિવસ હતો , અમીને હાજર રહેલાઓ સામે સંબોધન કર્યું તો હાજર રહેલાઓએ અઢળક દોલત લુંટાવી. હારૂને પણ મને ઘણુ ઇનામ આપ્યું.

એ દિવસે હારૂને મને કહ્યું કે હું તમારો આભાર માનું છું. તમે મારા પુત્રોને તાલિમ આપી છે. કોઈ ઇચ્છા હોય તો બતાવો.

મેં કહ્યું કે આપે મને એટલુ બધુ આપ્યું છે કે ત્યાર પછી કંઈ બીજુ માંગવાની જરૂરત જ નથી. હું થોડા દિવસ માટે મારા શહેર બસરા જવા ચાહુ છું. હારૂને મને જવાની રજા આપી દીધી. અને મારા ઉપડવા પહેલા બસરાના ગર્વનરને પત્ર લખ્યો કે તે રાજ્યના કારભારીઓને લઈને મારૂ ઉષ્માભર્યુ સ્વાગત કરે અને અઠવાડિયામાં બે દિવસ મારા ઘરે હાજરી આપે.એટલે જેવો હું બસરા પહોંચ્યો તો બસરાના

ગર્વનરે મારો શાનદાર સત્કાર ક્ર્યો. બસરામાં એક ઝરી ભરેલી ઊંટણી મારી સવારી માટે હાજર હતી. હું એ પાલખીમાં બેસી મારા ઘર તરફ રવાના થયો. શેરીમાં મારા પાડોશીનું છાપરૂ મૌજૂદ હતું. જેના કારણે પાલખીનું ત્યાંથી નિકળવું મુશ્કિલ હતું. મેં છાપરૂ તોડી નાખવાનો હુકમ આપ્યો જેના પર તરત જ અમલ થયો. શહેરના લોકોના ટોળે ટોળા મને મળવા આવ્યાં. એ મળવાવાળાઓમાં એ શાકભાજી વેચવાવાળો પણ હતો જે મને રોજ મેણા મારતો હતો. તેણે મને મુબારક બાદી આપી. તો મેં કહ્યું : તે જોયુ કે કાગળ અને કલમ

**કેવી રીતે લીલીછમ બને છે ? અને તેના પર કેવા ફળો આવે છે ?**

**શાકભાજી વેચવાવાળો ઘણો ઝંખવાયો અને મારાથી માફી માગી અને પોતાની ભૂલનો સ્વિકાર ક્ર્યો.**

# (૦૨) ઇચ્છાઓ પૂરી થવા માટે ધૈર્ય અને સહનશીલતાની જરૂરત છે.

મૌલાના જલાલુદ્દીન રૂમીએ મસ્નવી શરીફમાં એક વાર્તા લખી છે , જેનો સાર એ છે કે એક શખ્સ પોતાના હાથ પર ત્રોફણા ટંકાવવા એક ત્રોફનાર પાસે ગયો જે હાથ પર વિવિધ વસ્તુઓ ચિત્રો બનાવી શક્તો હતો.

તેણે જઈને ત્રોફનારને કહ્યું : હું ઇચ્છુ છું કે મારા બાવડા પર એક સિંહની તસ્વીર બનાવું. ચિત્રકારે સૂઈ લઈને ત્રોફવુ શરૂ ક ર્યું. તેને સૂઈના કારણે વેદના થઈ.

ચિત્રકારને પૂછ્યું : આ શું બનાવી રહ્યો છે ? તેણે કહ્યું : હું સિંહની પૂંછડી બનાવુ છું. તો તેણે કહ્યું : પૂંછડી ઘણી પીડા આપે છે, તું પૂંછડી વગરનો સિંહ બનાવ.

ચિત્રકારે ફરી ત્રોફવુ શરૂ કર્યું. પરંતુ સૂઈ ચુભવાના કારણે તેને ફરી તકલીફ થવા લાગી. તો પૂછયું, હવે શું બનાવી રહ્યો છે ?

ચિત્રકારે કહ્યું : હું સિંહનું માથુ બનાવી રહ્યો છું.

તેણે કહ્યું : માથાથી મને વેદના થાય છે , તું માથા વગરનો જ સિંહ બનાવ.

ચિત્રકારે ફરી સો ખોદાલી અને બાવડા ત્રોફવા શરૂ કરી દીધા. તેને ફરી પિડા થઈ અને પૂછયું કે હવે શું

બનાવી રહ્યો છે ? તારી સો નું ઘોંચવુ મને બેચેન કરી મુકે છે.

તેણે કહ્યું : હવે હું સિંહનું પેટ બનાવી રહ્યો છું.

તે શખ્સે કહ્યું : પેટને રહેવા દે , તું એમજ સિંહ બનાવ. તો ચિત્રકારે ઉશ્કેરાઈ કહ્યું : મૂર્ખ એવો સિંહ તો અલ્લાહે નથી બનાવ્યો જેની ન પૂંછડી હોય , ન માથુ હોય, તો હું એવો સિંહ કેવી રીતે બનાવી શકું? જયારે તું સુઈની વેદના સહી નથી શક્તો તો સિંહના ચિત્રની ઇચ્છા જ શા માટે રાખે છે ?

# (03) નોશેરવાન અને કઠિયારો

એક દિવસની વાત છે કે નોશેરવાન બાદશાહ શિકારથી પાછો ફરી રહ્યો હતો કે રસ્તામાં તેની નજર એક વૃધ્ધ કઠિયારા પર પડી. જેના માથા પર લાકડાનો ભારો હતો અને તડકાના કારણે તેનું પુરૂ શરીર પરસેવે રેબઝેબ થઈ ગયુ હતું. તેના પગમાં જોડા તક નહોતા. રસ્તે ચાલતા અચાનક તેના પગમાં હાડકુ લાગ્યું. જેના કારણે તેના પગમાંથી ખૂન વહેવા લાગ્યું. તેણે માટી ઉપાડી જખ્મના સ્થળે નાખી અને ચાલતો થયો. નોશેરવાન રાજાના આ કઠિયારા પર દયા ઉપજી. ઘોડો

દોડાવી તેની પાસે આવ્યો અને તેને કહ્યું કે તે વૃધ્ધ આદમી છે. આ તારા આરામ કરવાના દિવસો છે આ બુઢાપામાં તું આટલો શ્રમ શા માટે ઊઠાવે છે ?

વૃધ્ધે કહ્યું : મારી પત્નિ મરી ચૂકી છે અને મારા ઘરમાં ચાર પુત્રીઓ છે. હું રોજ એક ભારો લાકડાનો બજારમાં વેચી આવું છું. જેનો મને રોજ દોઢ દિરહમ મળી જાય છે. એક દિરહમનો લોટ લઈને ખાવાનું પકાવુ છું. અને અર્ધા દિરહમનું રૂ ખરિદી ભેગુ કરતો રહું છું. જયારે સારી પેઠે રૂ ભેગુ થઈ જાય છે તો તેનાથી મારી પુત્રીઓના કપડા તૈયાર થાય છે. જો હું મહેનત ન કરૂ તો અમે બધા ભૂખે મરી જશું.

નોશેરવાને કહ્યું : તારૂ ઘર ક્યાં છે ?

વૃધ્ધે જવાબ આપ્યો : મારૂ ઘર આ જ ગામમાં છે.

નોશેરવાને કહ્યું : હું આ ગામ તને સોંપુ છું. આ ગામનું બધુ મહેસૂલ અને વેરો આજથી તારો છે. અને નિશાની તરીકે પોતાની વીંટી ઊતારીને તેને આપી દીધી.

બુઢો વીંટી લઈને શહેરના આગેવાન પાસે ગયો અને તેણે આ ગામનો બધો વેરો તેને સોંપી દીધો. થોડા દિવસ પછી તેની ગણના ધનવાન લોકોમાં થવા લાગી.

પછી એક લાંબા સમય પછી નોશેરવાન રાજા શિકાર માટે નિકળ્યો અને પોતાના સાથીઓથી વિખૂટો પડી ગયો અને બનવાકાળ એ જ ગામમાં પહોંચી ગયો.

તેણે લોકોને પૂછયું : આ ગામ કોનું છે ? તો લોકોએ બતાવ્યુ કે આ ગામ એક કઠિયારાનું છે જેના પર રાજાએ દયા ખાઈ આ ગામ અર્પણ કર્યુ.

રાજાને વીતેલો સમય યાદ આવી ગયો અને લોકોને પૂછયું કે તેનું ઘર ક્યાં છે ?

લોકોએ તેના ઘરનું એંધાણ બતાવ્યું. જયારે નોશેરવાન ત્યાં પહોંચ્યો તો જોયુ કે નોકરોની એક લંગાર તેના દરવાજા પર ઊભી ચોકી કરી રહી છે.

નોશેરવાને નોકરોને પૂછયું : તમારો માલિક ક્યાં છે ?

તેઓએ કહ્યું : આજ તેમની તબીયત સારી નથી એટલે તેઓ આજ આરામ કરી રહ્યા છે.

બાદશાહે પૂછયું : તેની તબીયત ખરાબ થવાનું કારણ શું છે ?

નોકરોએ બતાવ્યું : આ જ અમારો સરદાર પોતાના બાગની સેર કરવા ગયો હતો તો ફરવાના કારણે તેની તબીયતમાં સુસ્તી આવી ગઈ છે એટલે આજ આરામ ફરમાવે છે. આ સાંભળી નોશેરવાનને

હસવુ આવ્યું અને કહ્યું કે તમે તમારા માલિકને કહો કે એક મહેમાન તેમને મળવા માંગે છે.

વૃધ્ધે મળવાની રજા આપી તો નોશેરવાન તેના ઓરડામાં દાખલ થયો અને જોયુ કે બુઢો રેશમ અને કિન્ખાબના બિસ્તર પર લાંબો થઈને પડયો છે. બાદશાહને જોઈ પથારીમાંથી ઊભો થયો અને તેની સરભરા કરી.

બાદશાહે કહ્યું : તુ મને એક સવાલનો જવાબ આપી દે એટલે પછી હું ચાલ્યો જઈશ. તુ એ બતાવ કે આજથી થોડા વરસ પહેલા તારા પગમાં હાડકુ ખુંપી ગયુ હતું તો તને એ સમયે કંઈ વેદના ન થઈ હતી

અને આજ બાગની સેરથી તારી તબીયત ખરાબ થઈ ગઈ. અંતે તેનું શું કારણ છે ?

બુઢાએ કહ્યું : બાદશાહ સલામત ! પુરૂષે સખ્તીઓ પર ધૈર્ય કરવું જોઈએ , જેથી માન અને ભાગ્યશાળી દિવસોમાં દિલ ખોલીને આરામ કરી શકે.

બાદશાહને બુઢાનો આ જવાબ પસંદ પડયો અને તેણે એક બીજુ ગામ પણ તેના નામે કરી દીધુ.

## (૦૪) કષ્ટ પર ધીરજ અને સહનશીલતા

મન્સૂર દવાનકીએ પોતાના શાસનકાળમાં ઘણા હસની સાદાતો ગિરફતાર કરી અંધારી અને સાંકડી કોટડીમાં કૈદ કરી દીધા. આ કૈદીઓમાં હ. ઇમામ હસને મુજતબા અલય્હિસ્સલામનો એક પુત્ર અલી બિન હસને મુસલ્લસ (ત્રીજા હસન) પણ હતા. તેમની પરહેઝગારી અને ઇબાદત ગુઝારીના કારણે તેમને નેક અલી અને આબિદ અલી કહેવામાં આવતા હતા. આપ પોતાના સમયમાં ઇબાદત અને અલ્લાહના ઝિક્રમાં પોતે જ પોતાની ઉપમા હતા. હસની સાદાતનું કૈદખાનુ એટલુ

અંધકાર વાળુ હતુ કે રાત છે કે દિવસ તેની ખબર પણ પડતી નહોતી. અને નમાઝના સમયોની ખબર પણ પડતી નહોતી.

સય્યદ અલી આબિદે કુરઆને મજીદ પડવાના સમયો એવી રીતે ગોઠવ્યા હતા કે બાકી કૈદીઓને નમાઝના સમયનું જ્ઞાન થઈ જતું હતું.

એક વખત તેમના ભત્રીજા સય્યદ અબ્દુલ્લાહ બિન હસને મુસન્નાએ તેમનાથી પોતાની કૈદ અને બંધીની શિકાયત કરતા કહ્યું : કાકાશ્રી ! આ તંગ અને અંધારી કોટડીને આપ જોઈ રહ્યા છો અને તેના પર તોકોનો બોજ વધારાનો છે. આપ અલ્લાહથી દુઆ કરો

કે તે આપણને આ સંકટથી મુક્તિ અપાવે. સય્યદ અલી આબિદે કહ્યું : કાકાના પ્રાણ ! અલ્લાહે જન્નતમાં આપણા માટે એક દરજ્જો નક્કી કર્યો છે. અને આપણે આ કસોટી પર સબ્ર કર્યા વિના એ દરજ્જો મેળવી નથી શક્તા અને મન્સૂર માટે પણ અલ્લાહે દોઝખમાં એક અતિશય કપરૂ સ્થળ બનાવ્યું છે અને તે દોઝખના એ સ્થળે ત્યારે જ પહોંચી શકે છે જયારે તે આપણને આવા પ્રકારના કષ્ટો આપે. જો આપ આ સંકટો અને યાતનાઓ પર ધીરજ ધરો તો આપના આરામનો સમય આવવાવાળો છે. કેમકે આપણું મૃત્યુ તો નજીક આવી ચુક્યું છે. અને જો આ કૈદખાનામાંથી છૂટવા માંગતા હો તો હું દુઆ કરૂં ,

જયારપછી તમે મુક્ત થઈ જશો, પરંતુ એ યાદ રાખો કે મન્સૂર દોઝખના એ અઝાબથી બચી જશે.

આ સાંભળી સય્યદ અબ્દુલ્લાહે કહ્યું: કાકાશ્રી ! પછી તો અમે સબ્ર કરશું

ત્રણ દિવસ પછી , સય્યદ અલી બિન હસને મુસલ્લસની કૈદખાનામાં સજદાની હાલતમાં વફાત થઈ. સય્યદ અલી આબિદને જયારે સજદામાં શીશ રાખ્યે લાંબો સમય થઈ ગયો તો અબ્દુલ્લાહ સમજયા કે કદાચ તેમને નીંદ આવી ગઈ છે. જગાડવા ચાહ્યુ તો ખબર પડી કે તેમની રૂહ આ શરીરના પીંજરમાંથી ઊડી ગઈ છે.

## (૦૫) ગરીબાઈ પર ધૈર્ય શહાદતથી પણ ઉત્તમ છે.

દીને હકના પરચમની ઉન્નતિ અને કલમએ તવહીદ માટે જે યોધ્ધાઓએ પોતાની જાન કુરબાન કરી અને શહાદતના મહાન રુત્બા પર આરૂઢ થયા , તેઓને અલ્લાહ તઆલા તરફથી જન્નતમાં પ્રવેશવાનો હુકમ મળશે અને જયારે તેઓ જન્નતમાં પ્રવેશ કરશે તો તેઓ જોશે કે એક ટોળુ તેઓથી પણ પહેલા જન્નતમાં મૌજૂદ છે. એ સમયે શહીદો અલ્લાહના દરબારમાં અરજ કરશે. અય ખુદા અમે તારા દીન માટે પોતાની જાનની

કુરબાની આપી અને અમારા બાળકોને યતીમ ર્ક્યા તેના બદલામાં તે અમને જન્નતમાં મોકલ્યા , પરંતુ આ ક્યા લોકો છે જે અમારી પહેલા જન્નતમાં દાખલ થયા છે ?

તો એ સમયે કુદરતની અવાજ આવશે. આ ગરીબ અને મિસ્કીન સાદાત છે. તમે તો પોતાનું જીવન માત્ર એક વાર કાફરની તલવારથી શહીદ થઈ આપ્યું. પરંતુ આ રોજ ગરીબાઈ અને નિર્ધનતા ની તલવારથી કપાતા હતા. એટલા માટે તમારા મરતબાથી તેઓનો મરતબો વધારે છે.

# (૦૬) ઊતાવળ અને હરામ રોઝી

એક દિવસ હ. અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ મસ્જિદમાં દાખલ થવા ટાણે એક શખ્સના હાથમાં ઘોડાની લગામ થમાવી અને ફરમાવ્યું : હું પાછો ફરૂ ત્યાં સૂધી મારા ઘોડાનું ધ્યાન રાખ જે. જયારે આપ અલય્હિસ્સલામ મસ્જિદમાંથી બહાર આવ્યા તો આપના હાથમાં બે દિરહમ હતા. જે આપ એ શખ્સને મહેનતાણામાં દેવા માંગતા હતા , જેને હવાલે આપે ઘોડો ર્ક્યો હતો. પણ આપે બહાર નિકળીને જોયુ તો એ શખ્સનું ક્યાંય ઠેકાણુ નહોતુ. અને ઘોડાની

લગામ પણ ગાએબ હતી. આપે ગુલામને બે દિરહમ આપ્યા અને ફરમાવ્યું : જાઓ બજારમાંથી લગામ લઈ આવો. ગુલામ ગયો તો આપના ઘોડાની લગામ એક દુકાન પર લટકતી હતી. ગુલામે પૂછયું : આ લગામ તને કોણ આપી ગયું ?

દુકાનદારે કહ્યું : હમણા હમણા એક નવજવાન આ લગામ બે દિરહમમાં વેચી ગયો છે.

ગુલામે બે દિરહમ આપ્યા અને લગામ પાછી લઈ લીધી.

જ. અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામએ ફરમાવ્યું : તે પોતે જ દુર્ભાગી હતો, મારો ઇરાદો હતો કે

હું તેને બે દિરહમ આપીશ  , પરંતુ તેણે ઊતાવળ કરી હલાલ રોઝીને હરામ રોઝીમાં બદલી નાખી. અને ભાગ્યમાં હતુ એથી વધારે તેને કશું ન મળ્યું.

# (૦૭) સંકટ સહન કરવાનો બદલો

ઉમ્મુલ મોઅમેનીન હઝરત ઉમ્મે સલમા (રઝે.) બયાન કરે છે કે એક દિવસ મારો માજી પતિ અબૂ સલમા રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની ખિદમતમાંથી ઊઠી ઘરે આવ્યા તો કહ્યું કે મેં આજ પયગમ્બરે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમથી મેં એક વાત સાંભળી છે જે મને ઘણી ગમી ગઈ. આપે ફરમાવ્યું : જયારે કોઈ મુસલમાન પર સંકટ આવી પડે તો તેણે "ઇન્ના લિલ્લાહે વ ઇન્ના એલય્હે રાજેઊન" કહેવુ જોઈએ. અને ત્યાર પછી દુઆ માગે

વીણેલા મોતી – ૨, પેજ નં. 561

“અલ્લાહુમ્મ અજિરની ફી મૂસીબતી વખ્લૂફ લી ખયરા - અય ખુદા  મને આ મૂસીબતોનો બદલો આપ અને મને તેનાથી સારી વસ્તુ અતા કર.  ” તો અલ્લાહ તઆલા સંકટ ગ્રસ્તને અજર આપે છે અને મરનારથી પણ સારી નેઅમત અતા ફરમાવે છે.

ઉમ્મે સલમા કહે છે કે મેં આ દુઆને યાદ કરી લીધી એ જયારે મારા પતિ અબૂ સલમાની વફાત થઈ તો મેં આ દુઆ પડી પણ મનમાં વિચાર્યું કે અબૂ સલમા કરતા વધારે સારો ઇન્સાન મને કેવી રીતે મળશે ?

મારી ઇદ્દતના દિવસો પૂરા થયા તો રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ મારા ગરીબ ઘરમાં પધાર્યા અને અંદર આવવાની રજા માંગી. હું એ સમયે એક ખાલને રંગી રહી હતી. મેં મારા હાથ ધોયા. અને હ. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ માટે એક ગાદલુ પાથર્યું , જેમાં ખજૂરના પાંદડા હતા. આપ એ ગાદલા પર બેસી ગયા અને આપે મારાથી નિકાહની ઇચ્છા વ્યક્ત કરી, તો મેં અરજ કરી, યા રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ! એ અશક્ય છે કે મને આપની તરફ આકર્ષણ ન હોય, પરંતુ હું સ્વમાની સ્ત્રી છું અને હું ડરૂ

છું કે મારાથી કોઈ એવુ વર્તન ન થઈ જાય જેના કારણે અલ્લાહ મને અઝાબ નાખે. ઉપરાંત હું બુઢી અને બચ્ચાવાળી છું.

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું : જયાં સૂધી તારા બચ્ચાઓનો સવાલ છે તો તે મારા બચ્ચાઓ છે. અને જયાં સૂધી તારા વૃધ્ધ હોવાનો પ્રશ્ન છે તો હું પણ કંઈ જવાન નથી. હું પણ તારી જેમ બુઢો છું.

પછી હું નિકાહ માટે રાજી થઈ ગઈ , આમ ખુદાએ મને અબૂ સલમાથી ઉત્તમ હ. રસૂલે ખુદા

**સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ જેવા શૌહર આપ્યા.**

# (૦૮) યુવાન પુત્રના મૌત પર સબ્ર

અબ્દુર રહેમાન બિન ગનમા કહે છે કે અમે થોડા જણા મઆઝના પુત્રના ખબર અંતર પૂછવા માટે ગયા. અમે જોયુ કે મઆઝ પોતાના પુત્રના માથા પાસે બેઠા છે અને યુવાન પર મૃત્યુની વેદના ઘેરાએલી હતી. આ જોઈ અમારાથી ધીરજ ન રાખી શકાઈ. સહસા અમારા આંસુ ટપક્વા લાગ્યા અને અમારા રડવાની અવાજ ઊંચી થઈ ગઈ. મઆઝે અમને સખ્તીથી રોકી દીધા અને કહ્યું : ચૂપ થઈ જાઓ , હું ખુદાની ક્સમ ખાઈને કહુ છું , આ સંકટ પર સબ્ર કરવી મને

ગજવાતમાં ભાગ લેવા કરતા વધારે વહાલી છે જે મેં પયગમ્બરે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ સાથે મળીને લડી છે. મેં પયગમ્બરે ઇસ્લામ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમથી સાંભળ્યુ છે , આપે ફરમાવ્યું : કોઈ શખ્સનો કોઈ પુત્ર હોય અને તેને તે ઘણો વહાલો હોય, જો એ પુત્ર મરી જાય અને પિતા સબ્ર કરે અને અલ્લાહની તકદીરનો શિક્વો ન કરે તો અલ્લાહ તઆલા મરવાવાળાને પહેલા ઘરથી વધારે સારૂ ઘર આપશે અને આફતગ્રસ્ત શખ્સને પોતાની રહેમત, મગફેરત અને રિઝવાનનો હકદાર ઠેરવશે. થોડીવાર પછી અઝાન થઈ , છોકરાનું મરણ થયું અને

અમે નમાઝ પડવા માટે બહાર ચાલ્યા ગયા અને જયારે અમે પાછા આવ્યા તો અમે જોયુ કે છોકરાને ગુસ્લ કફન અપાઈ ચુકાયુ છે. અને લોકો તેનો જનાઝો ઉપાડી કબ્રસ્તાન જઈ રહ્યા છે. અમે જનાઝામાં શામિલ થયા અને અમે મઆઝને કહ્યું : ખુદા તારા પર રહેમ ફરમાવે. તું ઓછામાં ઓછુ એટલુ તો સબ્ર કરત કે અમે તારા દીકરાના ગુસ્લ કફનમાં ભાગ લઈ શક્તે.

મઆઝે કહ્યું : આપણને પયગમ્બરે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનો હુકમ છે કે ગુસ્લ કફન જલ્દી આપવામાં આવે અને જયારે કોઈ મરણ પામે તો તેને જલ્દીથી દફન કરી દેવામાં આવે.

પછી મઆઝે કબ્રમાં દાખલ થઈ પોતાના પુત્રને દફનાવ્યો.

જયારે મઆઝ કબરમાંથી નિકળી રહ્યો હતો તો તેણે મારા હાથનો ટેકો લેવાનો ઇન્કાર કરી દીધો. અને કહ્યું કે મેં એટલા માટે તારા હાથનો આધાર લેવાનો ઇન્કાર નથી ક્ર્યો કે હું તારાથી વધુ બળવાન છું. બલ્કે મેં એટલા માટે સહારો લેવાનું ઠીક ન ગણ્યુ કે કોઈ મૂરખ એમ ન સમજી લે કે પુત્રની મૌતના કારણે હું કમઝોર થઈ ગયો છું.

પછી મઆઝ પોતાના ઘરે આવ્યો , માથામાં તેલ નાખ્યું , આંખોમાં સુરમો લગાવ્યો અને કપડા બદલ્યા અને એ દિવસે રોજ કરતા વધારે હસ્યો.

અને ક્યારેક ક્યારેક કહેતો હતો "ઇન્ના લિલ્લાહે વ ઇન્ના એલય્હે રાજેઊન " ગુમ થએલ વસ્તુનો સારો ઉપાય તેની પાસે છે અને તેના માર્ગમાં હર મૂસીબત આસાન છે અને નૂક્સાન ભરપાઈ કરી આપનાર પણ એ જ (અલ્લાહ) છે.

# (૦૯) હ. હમ્ઝા અલય્હિસ્સલામની શહાદત અને પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની સબ્ર

જયારે ઓહદની જંગ ખતમ થઈ તો હ. રસૂલે કરીમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ જાણવા ચાહ્યું, મારા કાકા હમ્ઝા વિશે કોઈને કંઈ ખબર છે ?

હારિસ બિન સિબ્તે કહ્યું : મેં તેમના શહીદ થવાનું સ્થળ જોયુ છે. આપે તેને મોકલ્યો અને કહ્યું કે જઈને જુઓ કે મારા કાકાની લાશ કઈ સ્થિતિમાં છે ?

હારિસે હ. હમ્ઝા અલય્હિસ્સલામની લાશ જોઈ તો હ. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને બતાવવા તૈયાર ન થઈ શક્યો.

પછી હ. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ હ. અલી અલય્હિસ્સલામને મોકલ્યો કે જાઓ તમારા કાકાની ભાળ કાઢો.

જ્યારે હ. અલી અલય્હિસ્સસલામએ હ. હમ્ઝા અલય્હિસ્સલામની લાશનો હાલ જોયો તો તેઓની પણ હ. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને બતાવવાની હિંમત ન પડી. ત્યાર પછી પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી

વસલ્લમ હ. હમ્ઝા અલય્હિસ્સલામની લાશ ગોતવા ખૂદ ઊભા થયા. જયારે આપ હમ્ઝાની લાશ પર પહોંચ્યા તો લાશની તોડફોડ થઈ ચૂકી હતી. અર્થાત નાક , કાન કાપી નાખવામાં આવ્યા હતા અને તેમનું પેટ ચીરીને કાળજુ ચાવી ખાવામાં આવ્યું હતું.

પોતાના કાકાની આવી મઝલુ મીયત જોઈને આપ રોવા લાગ્યા અને ફરમાવ્યું : અલ્લાહ , તું જ સ્તુતિને પાત્ર છે અને તુ જ અમારો મદદગાર અને સહાયક છે. ઝાલિમોની ફરિયાદ અમે તારી સમક્ષ જ કરીએ છીએ. પછી આપે ફરમાવ્યું : મારા પર હમ્ઝાના દુ:ખ જેવુ બીજુ કોઈ દુ:ખ નહીં પડે.

પછી આપે ફરમાવ્યું : જો અલ્લાહે મને કુરૈશ પર વર્ચસ્વ આપ્યુ તો હું તેમના સીત્તેર જણાની લાશને વાઢી નાખીશ. એ સમયે જિબ્રઈલ આ આયત લઈને ઊતર્યા "વ ઈન આકબ્તુમ ફ આકેબૂ બ મિસ્લે ઊકિબ્તુમ બેહી વ લ ઈન સબરતુમ ફ હોવ ખયરૂલ લિસ સાબેરીન" - "જો તમે બદલો લ્યો તો એટલી જ સજા કરો જેટલી સજા તમને મળી છે. અને જો તમે સબ્ર કરો તો તે સબ્ર કરવાવાળાઓ માટે વધારે સારૂં છે."

આપે ત્રણ વખત ફરમાવ્યું : હું સબ્ર કરૂ છું , પછી આપે હમ્ઝાની લાશ પર પોતાની ચાદર નાખી. જો

ચાદરથી માથુ ઢાંક્તા તો પગો ઉઘાડા રહી જતા અને જો પગો ઢાંક્તા તો માથુ ખુલ્લુ થઈ જતું. આપે ચાદરથી અમીર હમ્ઝાનું મોં ઢાંક્યુ અને અઝખર નામના ઘાસથી પગ ઢાંક્યા.

આ જંગમાં શયતાને અવાજ આપી 'મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ કત્લ થઈ ગયા' આજ અવાજ મદીના પહોંચી તો મદીનાની સ્ત્રીઓ ગભરાઈ ગઈ અને ઘરોથી બહાર નિકળી ઓહદના મયદાન તરફ ભાગી. આ સ્ત્રીઓમાં હઝરત ફાતેમા ઝહેરા સલામુલ્લાહે અલય્હા અને હઝરત સફિયા જનાબે હમ્ઝાની બહેન પણ હતા. આ જોઈ હ. રસૂલે ખુદા

સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે હ. અલી અલય્હિસ્સલામ ને ફરમાવ્યું : ફૂઈ સફિયાનું ધ્યાન રાખજો અને તેમને તેમના ભાઈ હમ્ઝાની લાશ પર જવા ન દેતા. અને ફાતેમા સલામુલ્લાહે અલય્હાને મારી પાસે આવવા દયો.

જ. ફાતેમા ઝહેરા સલામુલ્લાહે અલય્હાએ પોતાના પિતાને જોયા કે આપનું બદન રક્તથી ભરેલું છે તો હ. ફાતેમા ઝહેરા સલામુલ્લાહે અલય્હા રોવા લાગ્યા અને કહ્યું : અલ્લાહનો તેઓ પર આકરો અઝાબ થાય જેઓએ આપને રક્તમાં લાલ કરી દીધા છે.

જયારે હ. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ મદીના પાછા ફર્યા તો અન્સારના દરેક ઘરમાંથી સ્ત્રીઓના કલ્પાંતની અવાજ આવતી હતી તેઓ પોતાના શહીદો પર રડી રહી હતી. હ. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના આંસૂઓ વહેવા લાગ્યા અને ફરમાવ્યું : હાય આજ હમ્ઝા પર રોનારૂ કોઈ નથી.

સઅદ બિન મઆઝે આપના આ શબ્દો સાંભળ્યા તો અન્સારથી કહ્યું કે દરેક સ્ત્રી પોતાના શહીદ પર રોવા પહેલા હઝરત ફાતેમા સલામુલ્લાહે

**અલયૢાની પાસે જાય અને તેમની સાથે મળી હમ્ઝાનું માતમ કરે.**

## (૧૦) દરેક કષ્ટ મોઅમિન માટે સબ્રનું કારણ છે.

યૂનુસ બિન યઅકૂબ કહે છે કે મેં હ. ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામથી સાંભળ્યુ કે એ શરીર મલઊન (ધિક્કારપાત્ર) છે જે ચાલીસ દિવસમાં કોઈ કષ્ટ કે બીમારી ન ભાળે.

યૂનુસ કહે છે કે મેં અરજ કરી : શું માત્ર આટલા જ કારણે શરીર ધિક્કાર પાત્ર થઈ જાય છે ?

ઇમામ અલય્હિસ્સલામએ ફરમાવ્યું : જી હા ,
ઇમામ અલય્હિસ્સલામને લાગ્યુ કે આ વાત મને ભારે લાગી રહી છે , તો ફરમાવ્યું : યૂનુસ ! દરેક ભય કે

ઉઝરડો અથવા પોતાના મોં પર થપ્પડ મારવી કે ઠોકર ખાવી અને પડી જવું અથવા કોઈ શખ્સ તરફથી અપમાન મળવું ત્યાં સૂધી કે જોડાનું ફાટી જવુ પણ મૂસીબતમાં ગણાય છે.

યૂનુસ ! યાદ રાખો અલ્લાહ પાસે મોઅમિનનું મોટુ સ્થાન છે એટલે તેના પર ચાલીસ દિવસ એવા નથી વીતવા દેતો , જેમાં તેના ગુનાહોનો ઉપચાર ન થાય. ખુદાની કસમ , એ તમને કંઈને કંઈ કષ્ટ જરૂર આપે છે ત્યાં સૂધી કે કેટલિક વાર ઇન્સાન રકમ ગણી રહ્યો હોય છે તો તેને ઓછી સમજે છે , તેને અફસોસ થાય છે, પરંતુ જયારે બીજી વાર એ જ રકમ ફરીવાર

ગણે છે તો પૂરી હોય છે. અને આ જ અફસોસ પણ તેનો ગુનાહોનો ઉપાયનું કારણ બની જાય છે.

યૂનુસ ! એ શખ્સ મલઊન છે , જે પોતાના પાડોશીને સતાવે અને એ શખ્સ મલઊન છે જેનો ભાઈ તેની પાસે સમાધાન કરવા આવે અને તે સમાધાનનો ઇન્કાર કરી દે.

રિવાયત લાંબી છે. આમાં પંદર જાતના લોકો પર ઇમામે લઅનત કરી છે. વિગતવાર જાણવા માટે વાંચકો રવઝાતુલ જન્નાત, પેજ. ૬૭૧ નું અધ્યયન કરે.

## (૧૧) બીમારી ખુદાઈ ભેટ છે.

પયગમ્બરે અકરમ સલલલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ એક સ્ત્રીનું માંગુ નાખ્યુ. કન્યાના બાપે પોતાની પુત્રીના ગુણો ગણાવવા શરૂ કરી દીધા. તેમાંથી એક વિશેષતા એ બતાવી કે જયારથી આ જન્મી છે કોઈ દિવસ બીમાર નથી પડી.

હ. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ આ સાંભળી તરત જ ઊભા થઈ ગયા અને ફરમાવ્યું : એવા શરીરમાં કોઈ ભલાઈ નથી જે ગોરખોદિયા જેમ કદી બીમાર નથી પડતું. બીમારી

હકીક્તમાં ખુદા તરફથી બંદા માટે ભેટ છે , જેથી જો તે ખુદાની યાદથી ગાફિલ થઈ જાય તો સાવચેત થઈ ખુદાને યાદ કરે.

## (૧૨) ઇમામ સાદિક અલય્હિસ્સલામનો પત્ર

ઇસ્હાક બિન અમ્માર કહે છે કે જયારે મન્સૂર દવાનકીએ અબ્દુલ્લાહ બિન હસન અને તેમના સંબંધીઓને કૈદખાનામાં નાખ્યા તો ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામએ તેમના દિલાસા માટે તેઓને એક પત્ર લખ્યો.

બિસ્મિલ્લાહિર્રેહમાનિર્રેહીમ

આ પત્ર નેક સંતાન અને પવિત્ર વંશજ તરફ તેમના ભત્રીજા અને પિત્રાઈ તરફથી છે.

અબ્દુલ્લાહ જો ઝાલિમ આપને જેલમાં લઈ ગયા તો તેઓએ મને પણ ભાગીદાર બનાવ્યો. આપને જે દિલમાં દુ:ખ અને વેદના થઈ તો તેમાં આપ એકલા નથી. હું પણ તમારી જેમ ઉદાસ અને શોકગ્રસ્ત છું. આ સંકટ અને યાતના માટે જો આપ ખુદાની તરફ રજૂ કરો અને તેની કિ તાબથી માર્ગદર્શન મેળવો , તો અલ્લાહ આપને સબ્ર અપનાવવાનો હુકમ આપે છે. “ફસ્બિર વલા તકુન ક સાહેબિલ હૂત ” - “બસ સબ્ર કરો અને માછલીવાળા (યૂનુસ) ની જેવા ન બનો. ” (આપે સબ્ર વિશે દસ કુરઆની આયતો લખી હતી જેને અમે સ્થળ સંકોચના કારણે છોડી રહ્યા છીએ.)

કાકાજી ! દુનિયાના નુક્સાન માટે મોઅમિનો માટે કોઈ અગત્યતા નથી. અને ઈમાનવાળાઓની દ્રષ્ટિમાં સંકટો અને મૂસીબતોમાં સબ્રથી વધીને કોઈ વસ્તુનું મહત્વ નથી. જો હકીક્તો આથી ઉલ્ટી હોત તો ખુદાના દુશ્મનો કદી ખુદાના દોસ્તોને કત્લ ન કરી શક્તે. અને તેઓને કદી ભયભીત ન કરી શક્તે. દુનિયાની અસભ્યતાની ઉપમા માટે ઝકરિયા અલય્હિસ્સલામ અને યહ્યા અલય્હિસ્સલામની શહાદત જ પુરતી છે. અને તમારા દાદા અલી બિન અબી તાલિબ અલય્હે મસ્સલામ અને ઇમામ હુસૈ ન અલય્હિસ્સલામની શહાદત પણ એક દ્રષ્ટાંતરૂપ છે.

વીણેલા મોતી – ૨, પેજ નં. 586

અલ્લાહ તઆલા સદા કાફરોને મહોલત આપે છે અને તેની દ્રષ્ટિમાં દુનિયાની દૌલતની કોઈ કીંમત અને કદર નથી. જો લોકોના કુફ્રનો ડર ન હોત તો અમે કાફરોના મકાનોની છતો અને દાદરોને ચાંદીના બનાવી દેત.

તદઉપરાંત અલ્લાહ તઆલાએ ફરમાવ્યું : શું તેઓ સમજે છે કે અમે તેઓને માલ અને દૌલત અને સંતાનો આપી તેઓની નેકીઓમાં વધારો કરીએ છીએ ? હકીક્તમાં તેઓને ભાન નથી.

એવી જ રીતે હદીસ શરીફમાં છે કે જો મોઅમિનો ગમગીન ન થાતે તો કાફર માટે લોઢાની

એવી પટ્ટી બનાવવામાં આવત કે તેઓને કદી માથાનો દુ:ખાવો પણ ન થાતે.

એવી જ રીતે એક બીજી હદીસમાં છે કે જો દુનિયાનું ખુદાની નજરમાં એક માખીની પાંખ જેટલું પણ મહત્વ હોત તો કાફર કદી પાણીનું એક ટીપુ પણ જોવા ન પામત.

એવી જ રીતે એક બીજી હદીસમાં કહેવામાં આવ્યું છે કે અલ્લાહ જયારે કોઈ ઇન્સાન અથવા કૌમને ચાહે છે તો તેઓ પર લગાતાર પરિક્ષાઓ ઊતારે છે અને જયારે પણ એક ગમમાંથી નિકળે છે તો તેઓને એક બીજાના દુ:ખમાં નાખી દે છે.

એક અન્ય હદીસમાં બતાવવામાં આવ્યું છે કે ખુદાને બે રંજ બહુ ગમે છે, પ્રથમ રંજ જયારે મોઅમિન કોઈ પર નારાજ થાય છે. તો તેને માફ કરી દે છે અને બીજુ જયારે મોઅમિન પર કોઈ દુ:ખ અને શોક આવી પડે છે તો તે સબ્ર કરે છે.

એટલે જ તો રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના સહાબીઓનો નિયમ હતો કે જયારે તેઓ પર કોઈ ઝુલ્મ કરતો તો તેઓ તેને લાંબુ આયુષ્ય, તંદુરસ્તી અને માલ અવલાદમાં વધારાની દુઆ આપતા હતા અને ખુદાના પયગમ્બર સલ્લલ્લાહો

અલય્હે વઆલેહી વસલ્લમનો સિધ્ધાંત હતો કે આપ જેને પસંદ કરતા તેને શહાદતની દુઆ આપતા હતા.

એટલે એ મારા ભાઈઓ અને પિત્રાઈઓ !

તમારે ધીરજથી કામ લેવુ જોઈએ. અલ્લાહના નિર્માણ પર રાજી રહેવું જોઈએ અને તેના નિર્ણય સામે મસ્તક નમાવવું જોઈએ.

અલ્લાહ તઆલાથી દુઆ છે કે તે મને અને આપને ધૈર્યની સદબુધ્ધિ અર્પે અને પોતાની સંપૂર્ણ શક્તિથી આપણને દરેક પ્રકારની હલાક ત અને તબાહીથી બચાવી લે. તે સાંભળનારો અને આપણી નિકટ છે. અને અનહદ અને અગણિત દરૂદ થાય

ખુદાના પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ પર અને તેમની પવિત્ર અવલાદ પર.

~~~~~

પ્રેમની વેદી પર તંદુરસ્ત સિવાય કોઈને વધેરવામાં નથી આવતો. દુબળા અને રોગી જાનવરો ને ઝબ્હ કરવામાં નથી આવતા.

જો તુ ખરો પ્રેમી છે તો ક્તલ થઈ જવાથી ડર નહીં, કેમકે જેને ઝબ્હ ન કરવામાં આવે તે મુડદાલ છે.
~~~~~

# (૧૩) રણમાં રહેવાવાળી સ્ત્રીની ધીરજ

એક શખ્સનું કહેવુ છે કે હું મારા મિત્ર સાથે એક રણના પ્રવાસે નિકળ્યો. બનવાકાળ અ મે ભૂલા પડી ગયા. દૂરથી અમને એક ઝુંપડી દેખાણી. અમે એ ઝૂંપડી તરફ ગયા તો ત્યાં એક સ્ત્રી બેઠી હતી, અમે તેને સલામ કરી, તેણે અમને જવાબ આપ્યો અને પછી સ્ત્રીએ પૂછયું કે અમે કોણ છીએ ?

અમે બતાવ્યું કે અમે માર્ગ ભૂલ્યા મુસાફર છીએ. આપની ઝૂંપડી પર નજર પડી તો અહીં ચાલ્યા આવ્યા કે જેથી અમે રસ્તો જાણી શકીએ. સ્ત્રીએ અમારા

માટે એક ચટાઈ પાથરી દીધી. અને કહ્યું : આપ અહીં બેસો, થોડીવારમાં મારો પુત્ર આવવાવાળો છે , હું ઇચ્છુ છુ કે આપ કંઈક ખાઈ પીને અહીંથી જાઓ.

તેના પુત્રને આવવામાં ઢીલ થઈ ગઈ. સન્નારી વારંવાર ઝૂંપડીનો પરદો ઊઠાવી પુત્રની વાટ જોતી હતી. દૂરથી એક જણ સવાર થઈ ઊંટ પર આવતો દેખાણો. ખાતૂને ઊંટને આવતો જોઈ કહ્યું કે ખુદા ખેર કરે, ઊંટ તો મારા પુત્રનો છે પણ તેના પર બેસેલ કોઈ અન્ય છે.

એટલામાં ઊંટ સવાર નજીક આવી ગયો. અને ખાતૂનને ખબર આપી કે તેનો પુત્ર મરી ચુક્યો છે. ખાતૂને આ સાંભળી પૂછયું : શું તું ખરેખર સાચું કહે છે ?

ઊંટ સવારે કહ્યું : જી હા , ઊંટ કાબૂ બહાર નિકળી ગયો હતો, જેના કારણે તમારો પુત્ર કુવામાં પડી મરણ પામ્યો.

ખાતૂને આ ખબર સાંભળી કહ્યું : તો પછી તમે ઊંટ પરથી નીચે ઊતરી આવો , અને મારી મદદ કરો. મારી પાસે મહેમાન આવેલા છે , તેઓ માટે આ દુમ્બો ઝબ્હ કરો. એ શખ્સે દુમ્બો ઝબ્હ કર્યો. સ્ત્રીએ અમારા માટે ભોજન તૈયાર કર્યું અને અમને પૂછયું કે તમને કુરઆનની કોઈ આયતો યાદ છે ? મેં કહ્યું : જી હા , પછી મેં આ આયતની તિલાવત કરી.

તરજૂમો : અને સબ્ર કરવાવાળાઓને વધાઈ આપો , જયારે તેઓ પર સંકટ આવી પડે છે તો કહે છે કે અમે તો અલ્લાહના છીએ અને અમારૂ પાછું ફરવું પણ તેની તરફ છે. તેઓ પર અલ્લાહના તરફથી દરૂદ અને રહેમત છે. અને એ જ લોકો હિદાયત પામેલા છે.

ઔરતે આ સાંભળી કહ્યું : તમને ખુદાની કસમ , ખરેખર કુરઆનમાં આમ જ લખેલુ છે. મેં કહ્યું : જી હા , તો એ સ્ત્રી અમુક રકાત નમાઝ બજાવી લાવી. અને દુઆ માટે હાથ ઊંચા કરી કહ્યું : પરવરદિગાર ! જે તે કહ્યું મેં તેના પર અમલ કર્યો અને જે તે વાયદો કર્યો છે તેને મારા માટે પૂરો કર.

પછી તે સ્ત્રીએ કહ્યું : જો કોઈને સદા માટે જીવન મળ્યુ હોત તો હું પણ મારા પુત્ર માટે અમર જીવન માંગત પણ જયારે મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ પણ આ દુનિયાથી ચાલ્યા ગયા તો ઉમ્મત કેવી રીતે સદાકાળ રહી શકે છે ?

## (૧૪) બે ધીરજવાન સ્ત્રીઓની સરખામણી

અબૂ તલ્હા અન્સારી રિસાલત મઆબ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના ઘણા માનવંત સહાબી હતા. જંગે ઓહદમાં તેઓ રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ માટે ઢાલ બની આપની આગળ ઊભા રહી ગયા હતા. અને કુફ્ફાર સામે તીરો ફેંક્તા રહ્યા. જનાબે રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ કોઈ વાર પોતાના પગો આંગળા પર ઊંચા થઈ તેઓના લક્ષ્યને જોતા તો અબૂ તલ્હા આપની અરજ કરતા મારી છાતી

આપના માટે ઢાલ છે અને જે તીર આપની તરફ આવશે હું તેને મારી છાતી પર ઝીલી લઈશ.

અબૂ તલ્હા અન્સારીનો એક પુત્ર હતો જે તેને ઘણો લાડલો હતો. એ બાળક બીમાર પડયો તો તેની માં ઉમ્મે સલીમ , જે ઇસ્લામની માનવંત ખાતૂન હતી. તેણે અબૂ તલ્હાને રિસાલત મઆબ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની ખિદમતમાં મોકલ્યાં. એ દરમિયાન બાળક મરણ પામ્યું. ઉમ્મે સલીમે તેની લાશને ચાદરમાં વીંટાળી એક ખૂણામાં રાખી દીધી. અને અબૂ તલ્હા માટે ખાવાનું તૈયાર કર્યું અને પોતાને પતિના સત્કાર માટે પોતાને તૈયાર કરી , ખૂશ્બુ લગાડી,

સારા કપડા પહેર્યા , અબૂ તલ્હા નબીના દરબારમાંથી પાછા ફર્યા તો બાળકના ક્ષેમકુશળ પૂછયા.  પત્નિએ બતાવ્યું : પુત્ર અત્યારે સૂઈ ગયો છે.

અબૂ તલ્હાએ કહ્યું : ઘરમાં કંઈ ખાવાનું હોય તો લઈ આવો પત્નિએ પતિને ખાવાનું ખવરાવ્યુ અને પછી તેની કામભૂખ સંતોષી. પછી તેણે પોતાના પતિને કહ્યું : થોડા દિવસ પહેલા એક શખ્સે મારી પાસે અમાનત રાખી હતી અને પોતાની અમાનત લઈ ગયો છે.તમને તેનું કોઈ દુ:ખ તો નથી ?

અબૂ તલ્હાએ કહ્યું : તેમાં દુ:ખી થવાની શું વાત છે ? અમાનત આપનારને હક છે કે તે જયારે ઇચ્છે પોતાની અમાનત પાછી લઈ લે.

પત્નિએ પતિને કહ્યું : અલ્લાહે તમને એક પુત્ર અમાનત રૂપે આપ્યો હતો. અને આજે તેણે પોતાની અમાનત પાછી લઈ લીધી છે.

અબૂ તલ્હાએ કહ્યું : જયારે તું મા થઈને આટલી ધીરજ ધરી શકે છે તો હું પણ સબ્ર કરીશ. અલ્લાહના નિર્માણ પર રાજી રહીશ. પછી તલ્હાએ ઊભા થઈને ગુસ્લ કર્યું અને બે રકાત નમાઝ પડી અને રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની સેવામાં

હાજર થયા અને પોતાની પત્નિની કથા સંભળાવી. ઇસ્લામના પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ આ વાત સાંભળી ખૂશ થયા અને ફરમાવ્યું : ખુદા તમારા આજના મિલનમાં બરક્ત આપે.

પછી આપે ફરમાવ્યું : હું ખુદાનો શુક્ર બજાવી લાવું છું કે મારી ઉમ્મતમાં પણ બની ઇસરાઈલ ની ધીરજવાની સ્ત્રી જેવી સ્ત્રી પેદા કરી છે.

લોકોએ જાણવા ચાહ્યું : બની ઇસરાઈલની સ્ત્રીએ શું કર્યું હતું ?

હ. રસૂલે કરીમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ તેમને ફરમાવ્યું : બની ઇસરાઈલમાં એક

સ્ત્રી હતી તેના પતિએ તેને આવી બતાવ્યું કે આપણે ત્યાં થોડા મહેમાન આવ્યા છે તેમના માટે ભોજન તૈયાર કરો.

ઔરત મહેમાનો માટે ખાવાનું પકાવવા લાગી. તેના બે નાના નાના બાળકો હતા , જે રમી રહ્યા હતા. રમતા રમતા એ બન્ને બાળકો કૂવામાં પડી ગયા, ઔરતે પોતાના બાળકોના મૃતદેહ કૂવામાંથી કાઢયા અને તેને ચાદરમાં વીંટાળી બીજા ઓરડામાં રાખી દીધા. તેના પતિએ મહેમાનોને ખાવાનું ખવરાવ્યું. મહેમાનોના જવા પછી ઔરતે પોતાને પતિ માટે શણગારી અને તેની કામતૃષ્ણા બુજાવી. પતિએ પત્નિથી બાળકો વિશે પૂછયું

તો તેણીએ બતાવ્યું કે સાથેના ઓરડામાં આરામ કરી રહ્યા છે.

પતિએ બાળકોને અવાજ આપી તો બાળકો દોડતા દોડતા બહાર આવી ગયા. ઔરતે કહ્યું : ખુદાની ક્સમ, બાળકો મરી ચૂક્યા હતા , પરંતુ અલ્લાહે સબ્રના કારણે તેઓને સજીવન કરી દીધા.

અબૂ તલ્હાની પત્નિ બની હાશિમની માનવંત સ્ત્રી હતી. જયારે અબૂ તલ્હા અન્સારીએ તેનું માંગુ મોકલ્યું તો તેણે કહ્યું : બેશક , તુ મારી જોડ છે. અને તારા જેવા માનવીનું માંગુ પાછુ ઠેલ વવુ યોગ્ય નથી.પણ તું કાફર છે અને હું મુસલમાન છું. એટલે

આપણા નિકાહ નથી થઈ શક્તા. જો તું ઇસ્લામ સ્વિકારી લે તો હું તારા ઇસ્લામને મારા માટે મહેર ગણીશ. અબૂ તલ્હા મુસલમાન થઈ ગયા અને તેમની શાદી ઉમ્મે સલીમથી થઈ ગઈ.

રાવી સાબિત કહે છે મેં આનાથી બરક્તવાળા નિકાહ બીજા કોઈ નથી જોયા.

# (૧૫) કેટલિક રિવાયતો

હ. ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામએ ફરમાવ્યું : સ્વતંત્ર માનવી દરેક સ્થિતિમાં સ્વતંત્ર જ રહે છે. જો તેના પર સંકટ આવી પડે તો તે તેનો સામનો ધીરજથી કરે છે. અને જો તેના પર મુશ્કેલીઓ અને સંકટોનું પૂર આવે તો તેની શખ્સીયત તૂટ ફૂટનો શિકાર નથી થતી. આઝાદ પુરૂષ કોઈની ગુલામીમાં કેમ ન હોય અથવા કોઈના હાથ નીચે નોકર કેમ ન થઈ જાય અને તેના પર રોઝી પણ તંગ થઈ જાય તો પણ તે આ બધા સંજોગોને હસ્તે મોઢે સામનો કરે છે અને પોતાના

સ્વાતંત્ર્ય ને કદી કુરબાન નથી કરતો. જેમકે યૂસુફ અલય્હિસ્સલામએ ગુલામ બનવા , લોકોના હાથ નીચે આવવા અને જેલમાં જવા છતાં તેમણે પોતાનું સ્વાતંત્ર્ય અને સ્વમાન જાળવી રાખ્યું અને અલ્લાહે તેમને એ ઈનામ આપ્યુ કે તેમનો માલિક તેમનો ગુલામ બની ગયો અને અલ્લાહે તેમની ઉમ્મત પર રહેમ કરી. સદા સબ્રનું પરિણામ ભલાઈના રૂપમાં બહાર આવે છે એટલે તમે પણ સબ્ર કરો અને પોતામાં સબ્ર કરવાની શક્તિ પૈદા કરો. (સફીનતુલ બેહાર)

અસ્બગ બિન નબાતા કરે છે કે હ. અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામએ ફરમાવ્યું : સબ્ર બે

પ્રકારના છે. (૧) સંકટો પર સબ્ર કરવું વધારે સારૂં છે. (૨) અને તેનાથી પણ વધારે સબ્ર સારો એ છે કે હરામ વસ્તુઓથી સબ્ર કરવામાં આવે. અને ઝિક્ર પણ બે પ્રકારના છે. (૧) મૂસીબતમાં અલ્લાહને યાદ કરવો. (૨) અને તેનાથી વધારે સારો એ ઝિક્ર છે કે હરામ કાર્યનો ઇરાદો કરતી વેળા અલ્લાહને યાદ કરે અને તે ખુદાની યાદ તેને હરામ કામથી રોકી લે. (સફીનતુલ બેહાર ,
ભાગ ૨ પેજ. ૬)

હ. અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામએ ફરમાવ્યું : ઈમાનની અંદર સબ્રને એ જ સ્થાન છે જે શરીરમાં માથાનું સ્થાન છે. અને આપે વધારામાં

ફરમાવ્યું : અલ્લાહના અઝાબ પર સબ્ર કરવાથી અમે અલ્લાહના હુકમ પાલન પર સબ્ર કરવાને વધારે આસાન જોયું અને આપે ફરમાવ્યું : એ અમલ પર સબ્ર કરો જેના સવાબ વગર તમારો ગુજારો નથી થઈ શક્તો અને એ અમલ કરવાથી સબ્ર કરો જેનો અઝાબ વેઠવાની તમારામાં તાક્ત નથી. (ઇરશાદુલ કોલૂબ , પેજ. ૧૭૨)

હ. ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામએ ફરમાવ્યું : બંદાનું અલ્લાહને ત્યાં એક સ્થાન હોય છે તે તેને પોતાના અમલથી નથી મેળવી શક્તો. તો અલ્લાહ તઆલા તેની શારીરિક પરિક્ષા કરે છે અથવા તેની

માલથી કસોટી કરે છે અથવા તેને સંતાનો દ્વારા અજમાવે છે. જો તે સબ્ર કરે છે તો અલ્લાહ તેને તે સ્થાન પર બિરાજમાન કરે છે. (સફીનતુલ બેહાર, ભાગ ૨, પેજ.૫)

હ. અલી અલય્હિસ્સલામએ ફરમાવ્યું : સબ્રના બે પ્રકાર છે. એવા હરામ પર સબ્ર કરવી જે તમને પસંદ છે. અને એ અકસ્માતો પર સબ્ર કરવી જે તમને પસંદ નથી. અને ફરમાવ્યું : મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનો દોસ્ત એ છે જે અલ્લાહનું આજ્ઞાપાલન કરે ભલે તે તેમનો સગો ન હોય. અને મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનો

**દુશ્મન એ છે જે ખુદાની નાફરમાની કરે ભલે પછી તે પયગમ્બર સલ્લલ્લહો અલય્હે વઆલેહી વસલ્લમનો સગો કેમ ન હોય ?**

***-*-***

# પ્રકરણ-૮ : વિષય :- સારા સંસ્કારના ફાયદા અને ખરાબ સંસ્કારની નુક્સાની

## (૦૧) પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના અખ્લાકનો એક નમૂનો

એક સમયની વાત છે કે હ. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ પોતાના સહાબીઓ સાથે મસ્જિદમાં બેઠેલા હતા કે એવામાં અન્સારની એક કનીઝ ત્યાં આવી અને આપની પાછળ ઊભી રહી ગઈ અને ચૂપકેથી હુઝૂરે અકરમ સલ્લલ્લાહો

અલય્હે વઆલેહી વસલ્લમની અબા પકડી. આપ સમજયા કે આ કનીઝ કોઈ કામસર મને ઊઠાડવા માંગે છે. આપ તરત જ ઊભા થઈ ગયા. પણ કનીઝે મોઢેથી કંઈ ન કહ્યું , આપ પાછા બેસી ગયા. કનીઝે ફરી આપની અબા પકડી આપ ફરી ઊભા થઈ ગયા. પણ આ વખતે પણ તેણે મોંથી કંઈ ન કહ્યું તેણે ત્રીજી વાર એમ ક્ર્યું, આપ પાછા ઊભા થઈ ગયા પણ તે મોઢેથી કંઈ ન કહ્યું

પછી તેણે આપની અબામાંથી એક ટુકડો ફાડયો અને ચાલી ગઈ. આપના સહાબીઓએ તેને રોકી કહ્યું : તે આ શું હરક્ત કરી ? કનીઝે કહ્યું કે અમારા ઘરમાં

એક આદમી બીમાર છે. માલિકોએ મને મોકલી કે તું હ. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની ચાદરમાંથી એક ચીરો લઈ આવ કે જેને અમે બીમારના ગળામાં બાંધીએ અને તે અબાનો ટુકડો શફાનું કારણ બને. પરંતુ મેં જયારે પણ આપની અબા પકડી આપ ઊભા થઈ ગયા , અંતે ચોથીવાર મેં અબામાંથી એક લીરો ફાડી લીધો.

## (૦૨) શું પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના અખ્લાકની ગણત્રી શક્ય છે ?

**એક શખ્સે હ. અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામની ખિદમતમાં અરજ કરી કે આપ પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના અખ્લાક ગણાવો.**

**આપે ફરમાવ્યું : તું મને દુનિયાની નેઅમતો ગણીને સંભળાવ તો હું હ.રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના અખ્લાક તને ગણી બતાવીશ.**

વીણેલા મોતી – ૨, પેજ નં. 614

તે શખ્સે કહ્યું : આ અશક્ય છે , કેમકે દુનિયાની નેઅમતો એટલી બધી વધારે છે કે તેને ગણી નથી શકાતી. એટલા માટે અલ્લાહ તઆલાનું ફરમાન છે "જો તમે અલ્લાહની નેઅમતો ગણવા બેસો ગણી નહીં શકો."

હ. અલી અલય્હિસ્સલામએ ફરમાવ્યું : દુનિયાની નેઅમતોને આટલી અસંખ્ય હોવા છતા ઓછી કહેવામાં આવી છે. અને અલ્લાહે આ આયતમાં ઇરશાદ ફરમાવ્યું : "કુલ મતાઉદુનિયા કલીલુન " કહો કે દુનિયાની સમૃધ્ધિ અલ્પ છે , અને પયગમ્બરે સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના અખ્લાક

માટે અલ્લાહનું ફરમાન છે "વ ઇન્નક લ અલા ખોલોકિન અઝીમ" બેશક આપ ખુલકે અઝીમ ધરાવો છો.

જયારે તમે અલ્પને ગણી નથી શકતા તો હું મહાનને કેવી રીતે ગણાવી શકું ?

પયગમ્બરે ઇસ્લામ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના અખ્લાક વિશે તમે એ જ સાંભળી લ્યો કે નબીઓના બધા અખ્લાકની પૂર્ણાહૂતિ પયગમ્બરે ઇસ્લામ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ દ્વારા થઈ. હુઝુરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ પહેલા જેટલા પણ નબી આવ્યા , તેઓ એક એક અખ્લાકના નમૂના હતા. પરંતુ રસૂલે ખુદા

સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ બધા ઉચ્ચ સદાચાર (અખ્લાક)ના ઉચ્ચ કક્ષાના નમૂના હતા. એટલા માટે આપ ફરમાવ્યા કરતા હતા કે "બોઈસ્તો લે ઇત્મામે મકારેમિલ અખ્લાક " મને મકારિમુલ અખ્લાક (સદાચાર)ની પરિપૂર્ણતાના માટે મોકલવામાં આવ્યો છે.

રોશનુલ અખ્યારમાં મોહમ્મદ બિન કાસિમ લખે છે કે એક વખત બાળકોનું એક ટોળું હ. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના રસ્તામાં ઊભું રહી ગયું. અને હ. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમથી અરજ કરી કે આપ અમને પણ હસન અને હુસૈન અલય્હિસ્સલામની જેમ તમારા કાંધા

ઉપર ઊંચકો. આપે બિલાલને ફરમાવ્યું : જાઓ મારા ઘરમાં કંઈ હોય તો લઈ આવો. જેથી હું મારી જાતને બાળકોથી ખરીદી શકું.

બિલાલ ગયા અને થોડી વાર પછી આઠ અખરોટ લઈ આવ્યા. આપે બાળકોમાં અખરોટ વેચી દીધા. અને ફરમાવ્યું : અલ્લાહ મારા ભાઈ યૂસુફ ઉપર રહેમ કરે ભાઈઓએ એમને થોડા સિક્કા ખાતર વેચી દીધા. અને આ બાળકોએ મને આઠ અખરોટના બદલામાં વેચ્યો છે.

## (03) આપના અખ્લાક ધૃષ્ટતાનું કારણ બન્યા.

ઇબ્ને અબ્દુલ બર ઇસ્તીઆબમાં લખે છે કે નઈમાન બિન ઉમ  રૂ અન્સારી બુઝુર્ગ સહાબી હતા. તેમને બદરની જંગમાં ભાગ લેવાનું માન પ્રાપ્ત છે. તેમને મજાકની ઘણી આદત હતી. તેમના અંગે ઘણા બનાવો પ્રચલિત છે. તેમાંનો એક પ્રસંગ આ પણ છે કે એક ગામડિયો હ. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની ખિદમતમાં હાજર થયો અને પોતાનો ઊંટ મસ્જિદની પાછળ બેસાર્યો. કેટલાક સહાબીઓએ નઈમાનને કહ્યું :

જો તમે આ ઊંટ નહેર કરો તો આપણે તેનું ગોશ્ત આપસમાં વહેંચી લેશું. અને હ. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ગામડિયાને તેના ઊંટના પૈસા ચુક્વી દેશે. અને તેને ખૂશ કરી દેશે. નઈમાને ઊંટને નહેર કરી દીધો. એ જ અરસામાં ગામડિયો બહાર નિકળ્યો તો તેણે જોયું કે ઊંટ વધેરાઈ ચુક્યો છે. તે ચીખતો ચીખતો હુઝુરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની પાસે આવ્યો અને ન્યાયની માંગણી કરી. આ જોઈને નઈમાન ભાગી ગયો. હ. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ

મસ્જિદથી બહાર નિકળ્યા તો આપે જોયું કે ગામડિયાનો ઊંટ નહેર થઈ ગયો છે.

આપે પૂછયું : આ કૃત્ય કોણે ર્ક્યું છે ?

લોકોએ બતાવ્યું કે આ કામ નઈમાનનું છે. આપે એક શખ્સને તેને ગોતવા મોકલ્યો. નઈમાન મિકદાદ બિન અસ્વદના ઘરે આવ્યા અને તેમની પત્નિ ઝુબાઆ ઝબેર બિન અબ્દુલ મુત્તલિબની પુત્રી હતી.

નઈમાને ઝુબાઆને સંતાવા માટે કોઈ યોગ્ય જગ્યા પૂછી તો તેમના ઘરમાં એક ખાડો મૌજૂદ હતો. તેમણે તેના તરફ ઇશારો ર્ક્યો. અને ઉપર ઘાસ નાખી દીધી.

ગોતનારો શખ્સ પાછો આવ્યો અને અરજ કરી , યા રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ! નઈમાનને મેં ક્યાંય જોયો નથી, અલબત્તા મેં સાંભળ્યુ છે કે તે ઝુબાઆ અને મિકદાદના ઘરમાં સંતાયો છે.

હ. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ મિકદાદના ઘરે તશરીફ લાવ્યા અને કોઈએ આપને ખાડા તરફ આંગળી ચીંધી , આપ ખાડાના કિનારે આવી ઊભા રહ્યા અને ઘાસ હટાવી તો નઈમાન નિકળ્યો. તાઝા ઘાસના કારણે નઈમાનનું કપાળ અને ગાલ રંગીન થઈ ગયા હતા.

હ. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ એ ફરમાવ્યું : તને કોણે ઊંટ કાપવાનું કહ્યું હતું?

નઈમાને કહ્યું : જેઓ આપને અહીં સૂધી લાવ્યા છે તેઓએ જ મને આમ કરવાનું કહ્યું હતું.

પયગમ્બરે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ આ સાંભળી હસવા લાગ્યા અને પોતાના મુબારક હાથોએ તેનું કપાળ અને ગાલ સાફ કર્યાં. ત્યાર પછી એ ઊંટ ધણીને આપે કીંમત આપી રાજી કરી લીધો.

## (૦૪) આપને ઊંચા અખ્લાક કેટલા પસંદ હતા ?

હ. ઇમામ ઝયનુલ આબેદીન અલય્હિસ્સલામએ ફરમાવ્યું : એક વખત ફજરની નમાઝ પછી હ. રસૂલે કરીમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ હાજર રહેલાઓને ફરમાવ્યું : તમારામાંથી કોઈ એવો છે જે ત્રણ જણાઓથી લડે, જેઓએ 'લાત' ની ક્સમ ખાઈ મને કત્લ કરવાનો ઇરાદો જાહેર ર્ક્યો છે. અને તેઓ આ કામ માટે પોતાના ઘરેથી પણ રવાના થઈ ચૂક્યા છે.

આપનું ફરમાન સાંભળી કોઈએ કંઈ જવાબ ન આપ્યો. આપે ફરમાવ્યું : મારૂ ધારવુ છે કે હ. અલી

ઇબ્ને અબી તાલિબ અલય્હેમુસ્સલામ તમારી વચ્ચે મૌજૂદ નથી.

આમિર બિન ક્તાદાએ અરજ કરી : યા રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ! રાતે અલી અલય્હિસ્સલામની તબીયત ઘણી ખરાબ હતી એટલે તેઓ સુબ્હની જમાતની નમાઝમાં ભાગ લઈ શક્યા નથી. જો આપ હુકમ કરો તો હું હ. અલી અલય્હિસ્સલામને બોલાવી લાઉં. આપે કહ્યું : હા , તને રજા છે.

આમિર બિન ક્તાદાએ હ. અલી અલય્હિસ્સલામને ખબર સંભળાવી. ખબર સાંભળતા જ

હ. અલી અલય્હિસ્સલામની બધી બીમારી રફુચક્કર થઈ ગઈ અને તરત જ હ. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની સેવામાં ઉપસ્થિત થયા. અને હુઝુરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમથી વસ્તુ પરિસ્થિતિ જાણી.

આપે ફરમાવ્યું : ત્રણ જણા મને કત્લ કરવાના ઇરાદાથી ઘરેથી નિકળ્યા છે. અને લાતની કસમ ખાઈ આ નિર્ણય સાથે મદીના આવવા માગે છે. અને મને કાબાના રબની કસમ તેઓ આ ઇરાદામાં કામ્યાબ નહીં થાય.

હ. અલી અલય્હિસ્સલામએ અરજ કરી : હું એકલો તેઓનો સામનો કરીશ.અને તેઓને આપથી દૂર રાખીશ. આપ રજા આપો , હું ઘરે જઈને કપડા બદલી આવું.

હ. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું : એટલા સારૂ તમારે ઘરે જવાની જરૂરત નથી. તમારા માટે મારી તલવાર , લિબાસ, બખ્તર અને અમામો મૌજૂદ છે.

આપે પોતાના હાથે હ. અલી અલય્હિસ્સલામને યુધ્ધના વસ્ત્રો પહેરાવ્યા અને પોતાના હાથે તેમની

કમરમાં તલવાર લટકાવી અને પોતાના ઘોડા પર હ. અલી અલય્હિસ્સલામને સવાર કર્યા.

ત્રણ દિવસ વીતી ગયા , એ દરમિયાન ન તો જિબ્રઈલ પધાર્યા અને ન તો કોઈ તરફથી હ. અલી અલય્હિસ્સલામના વાવડ મળ્યા. જનાબે સય્યદા સલામુલ્લાહે અલય્હા પરેશાન થઈ હ. હસન અને હ. હુસૈન અલય્હિસ્સલામને સાથે લઈને હ. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ની ખિદમતમાં હાજર થઈ અરજ કરી : મારૂ ધારવું છે કે મારા પુત્રો અનાથ થઈ ગયા છે. પુત્રીના મોઢે આ વાત સાંભળી આપ રોઈ પડયા અને ફરમાવ્યું : જે શખ્સ મને હ.

અલી અલય્હિસ્સલામના આવવાની વધાઈ આપશે તો હું તેને જન્નતથી વધામણી આપીશ. એટલે લોકો હ. અલી અલય્હિસ્સલામને શોધવા નિકળી પડયા.

આમિર બિન ક્તાદાએ આપને હ. અલી અલય્હિસ્સલામના આવવાની ખબર સંભળાવી. એ જ વખતે જિબ્રઈલ અમીને આવીને હ. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને પૂરા બનાવની વિગત સંભળાવી.

હ. અલી અલય્હિસ્સલામ એવી સ્થિતિમાં આવ્યા કે તેમની પાસે એક શખ્સનું માથું હતું , બે કેદી, ત્રણ ઊંટ અને ત્રણ ઘોડા તેઓની સાથે હતા.

હ. પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું : અલી અલય્હિસ્સલામ ! બનાવોની તમે ખબર સંભળાવો છો કે હું ખબર આપું ?

આ સાંભળી મુનાફિકો એક બીજાને કહેવા લાગ્યા કે હમણા સૂધી તો એમને હ. અલી અલય્હિસ્સલામની ખબર સુધ્ધા નહોતી અને હવે બધી વિગત સંભળાવવા માંગે છે.

હ. પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું : અલી અલય્હિસ્સલામ ! તમે પોતે જ વિગતો બયાન કરો.

હ. અલી અલય્હિસ્સલામએ અરજ કરી : યા રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ! જયારે હું એ ખીણમાં પહોંચ્યો તો મેં ત્રણ જણાને ઊંટો પર સવાર જોયા. તેઓએ મને પૂછયું : તું કોણ છે ?

મેં બતાવ્યુ કે હું ખુદાના રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનો પિત્રાઈ ભાઈ અલી ઇબ્ને અબી તાલિબ અલય્હેમસ્સલામ છું. આ સાંભળી તેઓએ કહ્યું : અમે કોઈ અલ્લાહના રસૂલને નથી ઓળખતા, હા તને ભાગ્ય અહીં તાણી લાવ્યું છે , અમારા માટે તો તું અને મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ બન્ને બરાબર છે.

વીણેલા મોતી – ૨, પેજ નં. 631

જે શખ્સનું મસ્તક હું લાવ્યો છુ , તેણે મારા પર હુમ્લો ર્ક્યો, મેં તેનાથી લડાઈ શરૂ કરી દીધી. એ જ અરસામાં લાલ હવાનો એક વંટોળ આવ્યો અને મેં આપની અવાજ સાંભળી કે મેં તમારા માટે તેની બંધ બખ્તર ખોલી નાખી છે. તેના ખભા પર વાર કરો. મેં તલવાર ચલાવી પણ કોઈ અસર ન થઈ. પછી પીળી હવાનો એક વંટોળીયો આવ્યો અને એમાં મને આપની અવાજ સંભળાણી કે મેં ઝાંઘથી બખ્તર હટાવી દીધી છે. એટલે તમે તેની ઝાંઘ પર હુમ્લો કરો. મેં તેની ઝાંઘ પર વાર ર્ક્યો તેની બન્ને ટાંગો કપાઈ ગઈ. તે ઘોડાથી નીચે પડયો તો મેં તેનું માથુ અલગ કરી દીધું. તેના

કત્લ પછી તેના આ બન્ને સાથીઓએ મને કહ્યું : અમને કત્લ કરવામાં આપ ઊતાવળ ન કરો , અમે સાંભળ્યું છે કે મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ઘણા રહેમદિલ અને ઉદાર છે. આપ અમને મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ પાસે લઈ ચાલો. આપે અમારા જે સાથીને માર્યો છે તે હજાર સવારોની સામે એકલો લડવાવાળો હતો.

રિસાલત મઆબ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ફરમાવ્યું : તમે જે પહેલી અવાજ સાંભળી તે જિબ્રઈલે અમીનની હતી અને બીજી અવાજ મીકાઈલની હતી.

પછી આપે એક કૈદીને બોલાવ્યો અને તેને ઇસ્લામની દાવત આપી. તો તેણે કહ્યું : મારા માટે તો ઇસ્લામ કબૂલ કરવા કરતા અબૂ કોબેસનો પહાડ ઊંચક્વો વધારે આસાન છે.

હ. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ હ. અલી અલય્હિસ્સલામને હુકમ આપ્યો કે તેને કત્લ કરી નાખો. પછી બીજા કૈદીને આપે પાસે બોલાવી ઇસ્લામની દાવત આપી તો તેણે કહ્યું : મને મારા સાથી સાથે મેળવી દયો.

આપે હ. અલી અલય્હિસ્સલામને હુકમ આપ્યો કે આને પણ કત્લ કરી નાખો. એટલામાં જિબ્રઈલે

અમીન ઊતર્યા અને અરજ કરી , યા રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ! અલ્લાહ તબારક વ તઆલા આપને સલામ પાઠવે છે અને સલામ બાદ કહે છે આ શખ્સને કત્લ ન કરો કેમકે આ શખ્સ સારા સ્વભાવનો અને સખી છે.

આપે હ. અલી અલય્હિસ્સલામને તેને ક્તલ કરવાની મનાઈ કરી દીધી અને ફરમાવ્યું : જિબ્રઈલ આ ખબર લાવ્યા છે કે આ શખ્સ સખી અને સારા સ્વભાવનો છે. એટલે તેને મુક્ત કરી દયો.
કાફરે આ સાંભળી કહ્યું : જિબ્રઈલ આપના પરવરદિગાર પાસેથી મારા વિશે આ ખબર લાવ્યા છે ?

આપે ફરમાવ્યું : હા , તો એ શખ્સે કહ્યું : જિબ્રઈલે આપની ખરી ખબર સંભળાવી છે. મેં હંમેશા પરોણાની આગતા સ્વાગતા કરી છે. અને ગરીબોનું પોષણ ર્ક્યું છે. અને એટલા જ કારણે હું કંગાળ થઈ ગયો છું અને હું સહનશીલ સ્વભાવનો છું. કોઈ પર નારાજ નથી થતો, ત્યાં સૂધી કે યુધ્ધમાં પણ કોઈ પર નારાજ નથી થતો. હું મારા અંતકરણથી ઇસ્લામનો સ્વિકાર કરૂ છું. પછી તેણે બન્ને કલમા પોતાના જીભ પર ઉચ્ચાર્યા અને મુસલમાન થઈ ગયો.

**હ. રસૂલે કરીમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું: આ શખ્સની સખાવત અને સુંદર સ્વભાવે તેને નેઅમતોવાળી જન્નતનો માર્ગ સુઝાડયો.**

# (૦૫) ખરાબ સ્વભાવ કબ્રમાં ફિશારનું કારણ છે.

ઇબ્ને સિનાને હ. ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામથી રિવાયત કરી છે. આપે ફરમાવ્યું : હ. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ સઅદ બિન મઆઝના મૃત્યુના સમાચાર મળ્યા તો આપ અસ્હાબોની એક જમાત સાથે તેના ઘરે ગયા. આપે તેને ગુસ્લ આપવાનો હુકમ આપ્યો. ગુસ્લ કફન પછી જ્યારે તેનો જનાઝો ઉપાડવામાં આવ્યો , હ. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ તેના જનાઝામાં અબા વગર ઉઘાડા પગે ચાલ્યા. કદી

સઅદના જનાઝાને ડાબી બાજુથી તો કદી જમણી બાજુથી કાંધો આપતા રહ્યા. સઅદને દફન કરવા પહેલા આપ પોતે તેની કબ્રમાં ઊતર્યા અને પોતાના હાથથી તેની કબરને ઊંચી કરી. જયારે કબ્ર બંદ થઈ ગઈ તો આપે ફરમાવ્યું : હું જાણું છું કે આ ઈંટો ઝીર્ણ થઈ જશે. પણ અલ્લાહ એ ચાહે છે કે બંદો જયારે પણ કોઈ કામ કરે તો તેને મજબૂત અને સરખી રીતે બજાવી લાવે.

સઅદની મા પુત્રના જનાઝા સાથે કબ્રસ્તાનમાં હાજર હતી. સઅદની કબરના કાંઠે ઊભા રહી તેણીએ કહ્યું : સઅદ તને જન્નત મુબારક થાય.

ખુદાના રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : સઅદની મા ! ખુદાના તરફથી આટલી શ્રધ્ધાથી ખબર ન આપો. સઅદને કબ્રમાં ફિશાર (ભીંસ) થઈ રહી છે.

પછી ખુદાના રસૂલ કબ્રસ્તાનથી પાછા પધાર્યા તો અસ્હાબોએ અરજ કરી : યા રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ! આજ આપે સઅદના જનાઝામાં એ કંઈ ર્ક્યુ જે આ પહેલા આપે કોઈના જનાઝામાં નથી ર્ક્યું , આપે રિદા સુધ્ધા ન પહેરી અને ઉઘાડા પગે આપે જનાઝામાં ભાગ લીધો. અને કદી

જનાઝાને જમણી બાજુથી તો કદી ડાબી બાજુથી ઊઠાવતા રહ્યા.

હ. રસૂલે કરીમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ એ ફરમાવ્યું : હું કેવી રીતે પગમાં જોડા પહેરત અને ચાદર કેવી રીતે પહેરતો, જયારે કે હું જોઈ રહ્યો હતો કે ફરિશ્તા ઉઘાડા પગે અને રિદા વગર સઅદના જનાઝામાં ચાલી રહ્યા છે. અને ભાગ લેવા સમયે જિબ્રઈલે મારો હાથ પકડયો હતો ક્યારેક તેઓ જનાઝાની જમણી બાજુ કાંધો આપતા હતા તો ક્યારેક ડાબી બાજુ કાંધો આપતા હતા.

અસ્હાબોએ કહ્યું : યા રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ! આપે સઅદની નમાઝે જનાઝા પડી અને આપે તેને પોતાના હાથે કબરમાં ઊતાર્યો, એ છતા આપે એ પણ ફરમાવ્યું કે સઅદને કબ્રમાં ફિશાર થાય છે તેનું શું કારણ છે ?

આપે ફરમાવ્યું : સઅદ ઇસ્લામનો મરણિયો મુજાહિદ હતો એટલા માટે મેં તેની નમાઝે જનાઝા પડી અને પોતાના હાથે તેને કબરમાં ઊતાર્યો પણ સઅદ પોતાના ઘરવાળાથી ખરાબ રીતે વર્તતો હતો એટલે કબરમાં ભીંસ થતી હતી.

# (0૬) માલિક ખરાબ સ્વભાવનો હોય તો ગુલામ પણ ખરાબ સ્વભાવનો થઇ જાય છે

અબ્દુલ્લાહ બિન તાહિર કહે છે કે હું એક દિવસ મામૂન રશીદની પાસે બેઠો હતો. બનવાકાળ એ સમયે કોઈ ગુલામ હાજર નહોતો. ખલીફાએ ગુલામને અવાજ આપી કહ્યું કે ગુલામ ! ગુલામ ! તો ઘણીવારે એક ખૂણામાંથી એક તુર્કી ગુલામ આવ્યો અને ઘણા ગુસ્સાથી કહ્યું કે ગુલામોને પણ કેટલાક પોતાના કામ હોય છે. ગુલામ પણ ઇન્સાન છે , તેને પણ ખાવાની જરૂરત રહે છે. તેમ છતાં તમે ચીખવુ શરૂ કરી દયો છો , ગુલામ

ગુલામ,  બતાવો બીચારો ગુલામ ક્યાં જાય ?

અબ્દુલ્લાહ કહે છે મને યકીન થઈ ગયુ કે આજ ગુલામની ખેર નથી. મામૂન એને પણ હમણા કત્લ કરાવી દેશે. પરંતુ મામૂને થોડીવાર મસ્તક નમાવી રાખ્યું અને મને કહ્યું કે ગુલામના તોછડાપણા પર અચરજ ન કરો. જયારે આકા ખરાબ સ્વભાવનો હોય છે તો તેના ગુલામો પણ બગડેલા સ્વભાવનો થઈ જાય છે. પરંતુ વયના આ ભાગમાં હું મારામાં સારો સ્વભાવ પેદા નથી કરી શક્તો. એટલે મારા ગુલામ પણ ખરાબ સ્વભાવના અને તોછડા છે.

## (૦૭) હ. અલી અલય્હિસ્સલામએ મઝાક ઊડાવનાર સાથે શું વર્તણુંક કરી ?

મુકદ્દસ અર દબેલી કશ્કુલ ગુમ્મામાં લખે છે કે હ. અલી અલય્હિસ્સલામનું કદ દરમિયાની હતું. આપ ન તો લાંબા હતા ન તો ઠીંગણા. આપનું શરીર સુડોળપણાનો નમૂનો હતો. એક વખત આપ નબવી મસ્જિદમાં નમાઝ પડી રહ્યા હતા કે એક લાંબો શખ્સ મસ્જિદમાં આવ્યો અને તેને હ. અલી અલય્હિસ્સલામથી મઝાક સુઝી. તેણે આપના જોડા ઉપાડી મસ્જિદના

થાંભલા પર રાખી દીધા. અને પોતે થાંભલા સાથે નમાઝ પડવા લાગ્યો.

જયારે તે તશહહુદ માટે બેઠો તો હ. અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામએ મસ્જિદના થાંભલાને પોતાના હાથે ઊંચક્યો અને તેના ખમીસની છાળ થાંભલા નીચે રાખી દીધી. અને થાંભલાને તેની મૂળ જગ્યાએ ફરી રાખી દીધો. પછી આપે પોતાનો હાથ ઊંચો ર્ક્યો અને થાંભલા પરથી પોતાના જોડા ઊતાર્યા અને મસ્જિદથી જવા લાગ્યા. એ શખ્સે નમાઝ પૂરી કરી તો જોયુ કે તેની છાળ થાંભલામાં ફસાએલી છે. તો તેણે ઘણી ચીખાચીખ કરી પણ કોઈથી થાંભલો ઊંચકાયો

નહીં. અંતે મૌલા અલી અલય્હિસ્સલામએ હસતા હસતા થાંભલો ઊંચો ક્ર્યો અને તેની ખમીસ થાંભલાથી આઝાદ થઈ.

આપે ફરમાવ્યું : આજ હું એ શરતે તારી ખમીસ છોડાવું છું કે ભવિષ્યમાં આવી નકામી હરક્ત કદી ન કરજે અને અસભ્યપણાની ફરી ધૃષ્ટતા ન કરજે.

# (૦૮) કારવાન ધણીનું ભાતું

એક ગામડિયો હ. રિસાલત મઆબ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની સેવામાં હાજર થયો. અને આર્થિક સહાયની માંગણી કરી. આપે જરૂર પૂરતી તેની મદદ કરી. અને પૂછયું : શું મેં તારા પર ઉપકાર ર્ક્યો છે ? તો ગામડિયાએ કહ્યું : તદ્દન નહીં , ઉપકાર તો કેવો આપે મારી સાથે કોઈ સારૂ પણ નથી ર્ક્યું.

ગામડિયાની અસભ્યતા જોઈ સહાબા તેને મારવા ઊભા થઈ ગયા.

આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ સહાબાને ઇશારો કરી રોક્યા , અને ગામડિયાને પોતાની સાથે લઈને પોતાના ઘરે લઈ ગયા. અને તેને થોડુ વધારે આપ્યું. પછી ગામડિયાને પૂછયું હવે બતાવ મેં ઉપકાર ર્ક્યો છે ?

ગામડિયાએ કહ્યું : બેશક , આપે ઉપકાર ર્ક્યો છે.અને અલ્લાહ તઆલા આપને સારો બદલો આપે.

પછી આપે ગામડિયાને ફરમાવ્યું : તેં મારા સહાબા સામે ખોટી વાત કરી જેના કારણે મારા સહાબા તારા પર નારાજ થઈ ગયા. ઉચિત એ છે કે મારા

સહાબીઓ સામે સારી વાત કહી દે જેથી તેઓ પણ તારાથી રાજી થઈ જાય.

ત્યાર પછી આપ તેને લઈને મસ્જિદમાં પધાર્યા અને ફરમાવ્યું : પહેલા આ ગામડિયો નારાજ હતો મેં તેને વધારે આપ્યું છે જેના કારણે તે હવે રાજી થઈ ગયો છે.

પછી આપે ગામડિયાને સંબોધીને ફરમાવ્યું : કેમ એમ જ છે ને ?

ગામડિયાએ કહ્યું : અલ્લાહ તઆલા આપને અને આપના ખાનદાનને સારો બદલો અર્પણ કરે.

આપે સહાબીઓથી ફરમાવ્યું : આ શખ્સના દાખલો એ શખ્સ જેવો છે, જેનો ઉંટ વીફરી ગયો હતો. લોકો ચારે બાજુથી એ ઉંટને પકડવાની કોશિશમાં દોડયા પરંતુ જયારે ઉંટે લોકોનો જથ્થો જોયો તો વધારે દોડવા લાગ્યો.

ઉંટના માલિકે લોકોને કહ્યું : ખુદા ખાતર આપ પાછળ હટી જાઓ. હું એકલો જ તેને કાબૂ કરી લઈશ. હું તમારા કરતા મારા ઉંટને વધારે સારી રીતે જાણુ છું. અને તેને કેળવવાની કળા મને સારી રીતે યાદ છે. પછી તેણે આરામથી પોતાના ઉંટને થાપલીઓ મારવી શરૂ કરી. ઉંટ ધીરે ધીરે થંભી ગયો. એ શખ્સે તેના પર

કાષ્ટ રાખ્યું અને સવાર થઈ ચાલ્યો ગયો. એવી જ રીતે જો હું આ સમયે તેને મારવા છુટો મુકી દેત તો તે ઔર વધારે ભડકી જતે. તમે તેને કત્લ કરી નાખતે અને આ બીચારો દોઝખનું બળતણ બની જાય.

# (૦૯) ઇસ્લામના પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે પોતાના અમલથી તબ્લીગ કરી

હ. અલી અલય્હિસ્સલામ બયાન કરે છે કે એક યહૂદીએ ઇસ્લામના પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ પાસેથી થોડા દીનાર લેવાના હતા. એક દિવસ તેણે આપથી પોતાના કરજની માંગણી કરી તો આપે ફરમાવ્યું : અત્યારે મારી પાસે કંઈ નથી. યહૂદીએ કહ્યું કે હું જયાં સૂધી કરજ વસૂલ ન કરી લઉં આપથી છુટો નહીં પડું.

આપે ફરમાવ્યું : પછી હું તારી પાસે અહીંથી બેસી જાઉં છું. આપ યહૂદીની સાથે એટલી વાર સૂધી બેસી રહ્યા કે પાંચે નમાઝો આપને ત્યાં જ અદા કરવી પડી.

આપના સહાબીઓએ યહૂદીને ધમકીઓ આપી તો આપે ફરમાવ્યું :તમે આ શું કરી રહ્યા છો?

સહાબાએ કહ્યું : યા રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ! કેટલી વિચિત્ર વાત છે કે એક યહૂદીએ આપને રોકી રાખ્યા છે.આપે ફરમાવ્યું : તેને કંઈ ન કહો, અંતે હું તેનો કરજદાર છું અને હું મારા હલીફો પર ઝુલ્મ નથી કરી શક્તો.

બીજા દિવસની બપોર સૂધી આપ યહૂદીની સાથે બેસી રહ્યા, યહૂદીએ આપના અખ્લાકથી પ્રભાવિત થઈ કહ્યું : હું ગવાહી આપુ છું કે અલ્લાહ સિવાય કોઈ ઇબાદતને લાયક નથી અને મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ તેના રસૂલ છે.

પછી તેણે કહ્યું મેં આટલીવાર સૂધી આપને એટલા માટે નહોતા રોક્યા કે આપ પર ધૃષ્ટતા કરવા માગતો હતો. બલ્કે મેં એટલીવાર એટલા માટે રોકી રાખ્યા કે હું આપના એ ગુણોને પરખવા માંગતો હતો , જે તવરાતમાં આપેલ છે.

અમે તવરાતમાં વાંચ્યુ છે કે મોહમ્મદ બિન અબ્દુલ્લાહ અલ્લાહના છેલ્લા નબી હશે અને મક્કામાં જન્મશે, અને મદીના હિજરત કરી જાશે. કડવા સ્વભાવના અને કુવર્તની નહીં હોય. ઊંચી અવાજે વાતો નહીં કરે , અશિષ્ટવાતો કરનારો નહીં હોય. અને તે બદઝબાન નહીં હોય , મેં આટલીવાર આપને રોકી આપના ચારિત્ર નું નિરિક્ષણ કર્યું, એટલે હવે મને યકીન થઈ ગયુ કે તવરેતમાં જે નબીના આવવાની ખબર છે એ નબી આપ જ છો.

પછી યહૂદીએ કહ્યું : હું મારી બધી સંપત્તિ ! આપને સોંપુ છું. આપ જેમ ઠીક લાગે તેમ તેને વાપરો.

## (૧૦) ઇસ્લામના પુત્રોથી દર્દભરી અપીલ

આ પ્રકરણના અંતમાં અમે ઇસ્લામના પુત્રોથી સામાન્યત: અને હૈદરે કર્રાર અલય્હિસ્સલામ ના આશિકોથી ખાસ કરીને દર્દભરી યાચના કરીએ છીએ કે અલ્લાહના ખાતર આપ પોતાના દામનમાં જુએ અને પોતાને ખરાબ સ્વભાવ અને બેરૂખી અમલથી ઇસ્લામ અને મુસલમાનોની બદનામીનું કારણ ન બને.

જનાબ રિસાલત મઆબ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ અને દીનના હાદીઓ અલય્હેમુસ્સલામએ હંમેશા આપના કિરદારથી

ઇસ્લામની તબ્લીગ કરી અને આજ દુનિયા આપના અમલને જોઈ રહી છે.

આજનો યુગ જે ઇલેકટ્રોનિક મિડીયા અને પ્રેસની અગાધ શક્તિનો યુગ છે. દુનિયા પોતાના પ્રસારણ સાધનોથી આપના કૃત્યની ખરાબીને ઉછાળી રહી છે અને આપના કુકૃત્યો ઇસ્લામના પ્રચાર પ્રસારણમાં રૂકાવટ બની રહ્યા છે.

જો આજ અમેરીકા અથવા યૂરોપથી એક ઈસાઈ કોઈ મુસ્લિમ દેશમાં આવે તો ત્યાં તેને બજારમાં મિલાવટ દેખાશે. યૂરોપની સરખામણીમાં વધારે રૂશ્વત દેખાશે. સારાંશ કે મુસ્લિમ દેશોમાં તેને દરેક પ્રકારની

અવ્યવસ્થા જોવા મળશે. જરા પોતાની છાતીઓ પર હાથ રાખી પોતે જ નિર્ણય કરશો કે એ શખ્સ આપના ચારિત્ર ને જોઈને પ્રભાવિત થશે કે ઇસ્લામ અને મુસલમાનોથી તિરસ્કાર કરશે.

અમે અમારા બધા વાંચકોથી વિનંતી કરશું કે તેઓ પોતાના અમલથી ઇસ્લામના પ્રચારક બને અને વિશ્ર્વ રાષ્ટ્રોનો જે કોઈ પણ શખ્સ તેમને જુએ તો સહસા પોકારી ઊઠે કે આ મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની તાલિમોની અસર છે. અને જો ખુદા ન કરે આપ ઇસ્લામની પ્રગતિનું કારણ નથી બની

શક્તા તો ઓછામાં ઓછુ ઇસ્લામ અને મુસલમાનોની બદનામીનું કારણ તો ન બનો.

આજ દરેક શખ્સ પોતાના રોકાણોમાં એવો ફસાઈ ચૂક્યો છે કે તેની પાસે વખત જ નથી કે તે કુરઆન અને સુન્નતથી ઇસ્લામને સમજવાની કોશિશ કરે. આજનો ઇન્સાન ઇસ્લામને સમજવા માટે મુસલમાનોનો કિરદાર જુએ છે અને તેના કિરદારને જ ઇસ્લામના પ્રશિક્ષણનું પ્રતિબિંબ ગણે છે. એટલે ખુદાના વાસ્તે આપ પોતાના કિરદાર પર દ્રષ્ટિ કરો અને ઇસ્લામની તબ્લીગ પોતાના કિરદાર અને અમલથી કરો. રખેને ક્યામતના દિવસે હ. રસૂલે કરીમ

**સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ જો આપને પૂછી લે કે જો દીનની તબ્લીગ માટે મેં બજારોમાં પત્થરો ખાધા, તમે તમારા અમલથી લોકોને આ દીનથી તિરસ્કાર કરતા કરી દીધા ?**

# (૧૧) કેટલિક રિવાયતો

હ. ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામએ ફરમાવ્યું : અલ્લાહની નજરમાં ફરજો બજાવી લાવ્યા પછી સારો સ્વભાવ બરાબર મોઅમિનનો કોઈ અમલ નથી.

હ. ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામનું ફરમાન છે, સદવર્તન પર અલ્લાહ તઆલા બંદાને એ જ સવાબ આપે છે જે અલ્લાહના માર્ગમાં સવાર સાંજ જેહાદ કરવાવાળાને આપે છે.

અલાઅ બિન કામિલ કહે છે કે હ. ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામએ ફરમાવ્યું : લોકો સાથે એવી રીતે વ્યવહાર કરો કે તમારો તેના પર ઉપકાર હોય, કેમકે ક્યારેક ઇન્સાનના અમલમાં ઉણપ રહી જાય છે. અને જો તેની પાસે સદવર્તનનું સત્વ હોય તો અલ્લાહ તઆલા તેના સ્વભાવના કારણે રોઝાદાર અને જેહાદ કરનારનો દરજ્જો અર્પે છે.

હ. ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામએ ફરમાવ્યું કે હ. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનું ફરમાન છે. લોકો ! ખુદાની કસમ, તમે પોતાના ધનથી લોકોને લાભ નથી પહોંચાડી

શક્તા અને પોતાના ધનના કારણે તેમને ઉપકૃત નથી કરી શક્તા. એટલે તમારે પોતાના વિશાળ મન અને સદવર્તનથી તેને લાભ પહોંચાડો. રાવી કહે છે કે મેં હ. ઇમામ મોહમ્મદ બાકિર અલયહિસ્સલામથી સાંભળ્યું, તેઓ ફરમાવે છે : અલ્લાહ સરળતા ચાહક વિશાળ મનવાળા પર રહેમ કરે.

હ. અલી અલયહિસ્સલામએ અબૂ અય્યૂબ અન્સારીને ફરમાવ્યું : અખ્લાકની ગણત્રીએ તમે ક્યા સ્થાને પહોંચ્યા છો ?

અબૂ અય્યૂબે કહ્યું કે હું પાડોશીને કોઈ તકલીફ નથી આપતો. અને બની શકે તેટલી તેનાથી ભલાઈ કરૂ છું.

હ. અલી અલય્હિસ્સલામએ ફરમાવ્યું : દરેક ગુનાહની તૌબા હોય છે, અને તૌબા કરનારની ઘણીવાર તૌબા સલામત રહે છે, સિવાય ખરાબ સ્વભાવવાળાના. કેમકે ખરાબ સ્વભાવવાળો જો એક ગુનાહથી તૌબા કરે તો તેનાથી મોટો ગુનોહ આચરી બેસે છે.

પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું : સારો સ્વભાવ (સદવર્તન) ગુનાહોને એવી રીતે ઓગાળી નાખે છે, જેમ

સૂરજ બરફ ઓગાળી નાખે છે. અને ખરાબ સ્વભાવ અમલને એવી જ રીતે ખરાબ કરે છે જેવી રીતે સુરકો મધને બગાડે છે. અને આપ ફરમાવતા હતા કે સદવર્તનથી રોઝીમાં વધારો થાય છે.

હઝરત ઉમ્મે સલમા એ હ. રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને પૂછ્યું : યા રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ! એક સ્ત્રીએ પોતાના જીવનમાં બે પુરૂષો સાથે નિકાહ કર્યા, એ મરવા પછી એ બન્ને જન્નતમાં ચાલ્યા જાય અને સ્ત્રી પણ જન્નતમાં ચાલી જાય તો એ બતાવો કે આ સ્ત્રી એ બે પુરૂષોમાંથી કોને મળશે ?

આપે ફરમાવ્યું : અય ઉમ્મે સલમા ! તેને અધિકાર આપવામાં આવશે અને તે એ પુરૂષની વરણી કરશે જેના અખ્લાક વધારે સારા હશે. અને જેણે પોતાના ઘરવાળાઓ સાથે વધારે સારો વર્તાવ ર્ક્યો હશે. પછી આપે ફરમાવ્યું : ઉમ્મે સલમા ! સારા સ્વભાવથી દુનિયા અને આખેરતની ભલાઈ પ્રાપ્ત છે.

*-*-*

# પ્રકરણ-૯ :  વિષય :- સ્વછંદતાનું પરિણામ

## (૦૧) જયારે સ્વછંદતા શરમીંદગીમાં ફરી ગઈ

મોહમ્મદ બિન અબ્દુલ અઝીઝ કહે છે કે હું અને રશીદ બિન ઝુબેર મોટે ભાગે સાથે રહેતા હતા. (ધ્યાનમાં રહે કે રશીદ બિન ઝુબેર શાયર હતા અને રંગરૂપે અત્યંત બેડોળ હતા, જેને જોઈને લોકોને ચીતરી ચડતી હતી.)

એક દિવસ રશીદ ઇબ્ને ઝુબેર ઘણા મોડા આવ્યા તો મેં પૂછ્યું : આપ ક્યાં હતા ? તો તેમણે કહ્યું : ભાઈ આજ હું ઘણો હડધૂત અને ફજેત થયો છું.

મેં ફજેતીનું કારણ પૂછ્યું તો તેઓએ બતાવ્યું કે આજ હું બજારમાં ઊભો હતો કે એક બુરખાધારી સ્ત્રી આવી અને તેણે આંખના ઇશારાથી મને બોલાવ્યો અને પછી તે આગળ ચાલવા લાગી. હું પણ તેના ઇશ્કમાં સપડાઈ તેની પાછળ ચાલવા લાગ્યો.

તેણે બે ત્રણ ગલીઓ વટાવી , પછી એક મકાનના દરવાજા પર પહોંચી અને તે દરવાજો ખોલીને મકાનમાં ચાલી ગઈ. અને મને અવાજ આપી અંદર

બોલાવ્યો. જેવો હું અંદર દાખલ થયો તો તેણે પોતાના મોં પરથી બુરખો હટાવ્યો તો જાણવા મળ્યુ કે આસમાનમાંથી ચં દ્રમાં નિકળ્યો. પછી તેણે પોતાની પુત્રીને અવાજ આપી, બેટી બેટી ! અવાજ સાંભળી એક નાની બાળકી જે રૂપ સોંદર્યમાં પોતાની માની છબી હતી, આવી.

ઔરતે બાળકીને કહ્યું : જો તેં ફરીવાર પશારીમાં પેશાબ ક્યોઁ તો આ કાજી તને ખાઈ જશે. પછી મારી તરફ મોં કરી કહ્યું : જનાબ ! આપનો આભાર, મેં આપનો મુલ્યવાન સમય લીધો તેના માટે માફી માંગુ છું.

# (૦૨) ઇચ્છાઓ સાક્ષાત થઈ ગઈ

ખ્વાજા નિઝામુલ મુલ્ક કહે છે કે હું એક રાતના સુતો હતો ખ્વાબમાં જોયુ કેટલિક ધૃણાસ્પદ અને બેડોળ આકૃતિઓ દેખાણી. અને મારી પાસે આવીને બેસી ગઈ. તેમની આકૃતિઓ જોઈને મને ડર લાગતો હતો. અને તેમના બદનમાંથી દુર્ગંધના ગોઠા ઊ ડતા હતા.આ બિહામણુ સ્વપ્ન જોઈ હું જાગી ગયો. ખ્વાબનો ડર મારા પર એટલો લાગ્યો કે મારૂ શરીર કંપી રહ્યુ હ તું અને મારૂ પુરૂ શરીર પસીનાથી રેબઝેબ થઈ ગયુ હતું.

વીણેલા મોતી – ૨, પેજ નં. 671

મેં મારૂ સ્વપ્ન કોઈને બતાવ્યુ નહીં, બીજી રાતે હું સુતો તો પાછો એ જ કદરૂપો ચહેરો અને ભયાનક આકૃતિઓ ફરી દેખાણી. હું ફરી નીંદમાંથી જાગૃત થઈ ગયો.અને પછી પૂરી રાત ભયના કારણે મારી આંખ ન લાગી. ત્રીજી રાત્રે મેં નિશ્ર્ચય ર્ક્યો કે હું આજ રાત સૂઈશ નહીં.

ઘણી વાર સૂધી જાગતો રહ્યો , પરંતુ આખર ઇન્સાન હતો ને, આંખ લાગી ગઈ. જેવી આંખ મિંચાણી કે એજ દ્રષ્ય ફરી આંખો સામે આવી ગ યું. પણ આજની રાત પાછલી રાતોના સ્વપ્નાઓમાં એક ફરક એ હતો કે મેં જોયુ કે થોડીવાર પછી સુંદર ચહેરાઓ બહાર આવ્યા.

જેવો એક સુંદર ચહેરો દેખાતો તો એક ચીતરી જનક ચહેરો ચાલ્યો જતો. થોડીવાર પછી બધી ભયાનક તસ્વીરો ગુમ થઈ ગઈ અને તેની જગ્યાએ ખૂબસૂરત અને ચિત્તાકર્ષક સૂરતોએ લઈ લીધી.

મેં સ્વપ્નામાં પૂછયું કે તમે કોણ છો ?

એ તસ્વીરોએ જવાબ આપ્યો : અમે તમારા સુકૃત્યો છીએ અને અત્યારે સાક્ષાત રૂપે તમારી પાસે આવ્યા છીએ. મેં બીજો પ્રશ્ન કર્યો કે તે કદરૂપી શકલ અને સૂરત કયા લોકોની હતી ? તો તેઓએ કહ્યું : એ તમારા ખરાબ કૃત્યો હતા , જે સાક્ષાત રૂપ ધારણ કરી તમારી પાસે આવ્યા હતા. પછી મેં ખૂબસૂરત

ચહેરાઓને કહ્યું : ખુદા ખાતર મારાથી છુટા ન પડો અને સદા મારી સાથે રહો.

જવાબ આવ્યો : તમે નેક કામ કરો તો અમે તમારા સાથે રહીશુ , નહિતર બુરા કામો સાક્ષાત થઈ સતાવશે.

# (03) સ્વેચ્છાચારે ઝુલેખાને કેટલી હડધૂત કરી

જયારે હ. યૂસુફ અલય્હિસ્સલામ મિસરના બાદશાહ બન્યા તો થોડા સમય પછી અઝીઝે મિસરનું મરણ થ યું. એ સમયે પૂરા મિસરમાં દુષ્કાળ પડયો હતો. ઝુલેખાને પણ ગરીબી અને નિર્ધનતાએ પોતાની છાયામાં લઈ લીધી. આંખો જતી રહી , ધણી મરી ગયો, અને ગરીબાઈ વળગી પડી તો માર્ગમાં બેસી ભીખ માંગવા લાગી.

અમુક લોકોએ તેને સલાહ આપી કે તે યૂસુફ અલય્હિસ્સલામની પાસે જા . તે તારી પહેલાની

ખિદમતના બદલામાં તારા પર દયા કરશે અને આમ તને લોકોથી ભીખ માગવાની જરૂરત નહીં રહે.

પરંતુ અમુક લોકોએ તેને આ સલાહનો વિરોધ કરતા કહ્યું : તુ યૂસુફ પાસે કદાપિ ન જજે , કેમકે તારા કારણે યૂસુફને કેદમાં જવુ પડ યું અને સંકટો , યાતનાઓનો શિકાર બન્યા. જો તું તેની પાસે ગઈ તો તને આકરી સજા કરશે.

ઝુલેખાએ કહ્યું : હું યૂસુફને જાણું છું તે એટલો મહેરબાન છે કે જો હું તેની પાસે ચાલી જાઉં તો તે મારી હમદર્દી કરશે. તે બદલો લેવા પર યકીન રાખનારો નથી.

પછી એક દિવસ ઝુલેખા યૂસુફના માર્ગમાં આવી બેસી ગઈ , યૂસુફ અલય્હિસ્સલામ પોતાના દરબારમાંથી બહાર નિકળ્યા તો અમીરો અને વઝીરોની સવારીઓ પહેલા નિકળી. જયારે ઝુલેખાએ યૂસુફની ખુશ્બુ અનુભવી તો તેમની સવારી પાસે આવીને કહ્યું : પાક છે એ ઝાત જેણે નાફરમાનીના કારણે બાદશાહોને ગુલામ બનાવી દીધા અને આજ્ઞા કિતતાના કારણે ગુલામોને બાદશાહ બનાવી દીધા. યૂસુફે પૂછ્યું : બુઢિયા, તું કોણ છે ?

તેણે કહ્યું : હું એ જ છું. જેણે દિલોજાનથી તારી સેવા કરી અને જીવનની કોઈ પળમાં તારી યાદથી

ગાફિલ નથી રહી અને આજ મને મારા કરતુતોની સજા મળી ચુકી છે. અને સ્વેચ્છા ચાહના પરિણામ મેં જોઈ લીધા છે. આજ હું બે ટંકની રોટલીની મોહતાજ છું. કેટલાક લોકો મારા પર દયા ખાય છે અને અમુક લોકો મોં ફેરવીને ચાલ્યા જાય છે. એક વખત મારા પર એવો વીત્યો કે હું રાણી હતી અને આજ મિસરની સૌથી હડધૂત વ્યક્તિ છું. ખરેખર ગુનેહગારોની આજ સજા છે. આ સાંભળી યૂસુફ અલય્હિસ્સલામ રોવા લાગ્યા અને ફરમાવ્યું : શું હજી પણ તારા દિલમાં મારા માટે પ્રેમ અને ચાહની ભાવના બાકી છે ?

ઝુલેખાએ કહ્યું : મને અત્યારે પણ તમારાથી એટલી જ ઇશ્ક છે કે જો પૂરી ધરતી સોના ચાંદીથી ભરેલી હોય તો હું એ પૂરી ધરતી તમારા દર્શન પર ન્યોછાવર કરી શકુ છું.

યૂસુફ અલય્હિસ્સલામએ ફરમાવ્યું : ઝુલેખા આખરે તું મારાથી આટલો ઇશ્ક શા માટે કરે છે ?

ઝુલેખાએ કહ્યું : આપના રૂપ સોંદર્યના કારણે.

તો યૂસુફ અલય્હિસ્સલામએ કહ્યું : જો તુ મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને જોઈ લે જે મારાથી વિશેષરૂપ સોંદર્યના ઘણી છે અને

મારાથી વધારે ઉદાર છે, તો પછી તારા દિલની હાલત શું થશે ?

ઝુલેખાએ કહ્યું : આપ સાચુ કહી રહ્યા છો.

હ. યૂસુફ અલય્હિસ્સલામએ ફરમાવ્યું : જયારે તે તેમને જોયા નથી તો તે મારૂ સમર્થન કેવી રીતે કરી દીધુ ?

ઝુલેખાએ કહ્યું : આપે જેવુ મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનું નામ લીધુ તો તેમની મોહબ્બત મારા દિલમાં ઉછળવા લાગી. અલ્લાહ તઆલાએ હ. યૂસુફ અલય્હિસ્સલામને વહી કરી કે ઝુલેખા સાચુ કહે છે , અને કેમકે તેણે અમારા હબીબ

મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ અને આપથી મોહબ્બત કરી છે એટલે ઝુલેખાથી શાદી કરી લ્યો.

હ. યૂસુફ અલય્હિસ્સલામએ ઝુલેખાને ફરમાવ્યું : જો તુ ઇચ્છે છે તો હું તારાથી શાદી કરી શકુ છું.

ઝુલેખાએ કહ્યું : આપ મારાથી મજાક કરી રહ્યા છો. જયારે હું જવાન અને ખૂબસૂરત હતી તો આપ મારી તરફ આકર્ષાયા નહીં , અને આજ જયારે હું વૃધ્ધ અને આંધળી અને નિરાધાર થઈ ચૂકી છું, આપ મારાથી શાદી કરવી કેમ પસંદ કરશો.

જ. યૂસુફ અલય્હિસ્સલામએ ઝુલેખાથી શાદી કરી લીધી. લગ્નની મધુરાતે હ. યૂસુફ અલય્હિસ્સલામએ બે રકાત નમાઝ પડી અને ખુદા તઆલાથી તેના એક ઇસ્મે અઅઝમનો વાસ્તો આપી દુઆ માંગી કે ઝુલેખાને રૂપ અને યૌવન પાછુ મળી જાય. દુઆ કબૂલ થઈ. ઝુલેખા ફરી યુવાન બની અને આંખોમાં રોશની ફરી આવી ગઈ. અને એવી રીતે યુવાન બની ગઈ જેવી રીતે એક સમય પહેલા હતી. યૂસુફ અલય્હિસ્સલામએ તેને શીયળવંતી પામી. અલ્લાહ તઆલાએ ઝુલેખાના પેટેથી બે પુત્રો અફરાઈમ

અને ફસ્સી આપને અર્પણ ર્ક્યા. ઝુલેખા આમરણાંત આપની પત્નિ રહી.

હ. યૂસુફ અલય્હિસ્સલામ જયારે મિસરના અઝીઝ હતા તો પોતે ઘણીવાર અપવાસ ર્ક્યા કરતા હતા. સાથીઓએ પૂછ્યું : આ અપવાસ કરવાનું કારણ શું છે ? તો ફરમાવ્યું : હું જાણી જોઈને ભૂખ વેઠુ છું. કેમકે ડરૂ છુ કે જો મેં પેટ ભરીને ખાધુ તો ભૂખથી ટળવળતા માનવોને વીસારી ન બેઠુ.

# (૦૪) કામવાસના કેટલી બળવાન છે

એક બાદશાહ અત્યંત કામાંધ હતો અને તેનો વધારે સમય સ્ત્રી સંગમાં વીતતો હતો.

તેનો વઝીર સદા તેને મના કરતો હતો. અંતે સુલતાને વઝીરની શિખામણ પણ અમલ ર્ક્યો અને સ્ત્રી સંગ છોડી દીધો એના પર એક કનીઝે જે સુલતાનના આકર્ષણનું કેન્દ્ર હતી બાદશાહથી ભોગ ત્યાગનું કારણ પૂછ્યું.

બાદશાહે બતાવ્યુ કે ફલાણા વઝીરે મને નસીહત કરી છે અને કામભોગથી રોક્યો છે. કનીઝે કહ્યું

: જો શક્ય હોય તો આપ મને એ વઝીરના હવાલે કરી દયો. પછી જુઓ કે હું તેને કેવી રીતે ગત બનાવુ છું.

સુલતાને તે કનીઝ વઝીરને ભેટ ધરી દીધી. કનીઝે પોતાના હાવભાવથી થોડા જ દિવસમાં વઝીરને પોતાનો આશિક બનાવી લી ધો અને વઝીર રોજ તેની દિલદારીમાં રહેવા લાગ્યો.

વઝીર જયારે પણ સમાગમની ઇચ્છા કરતો તો કનીઝ કોઈ ન કોઈ બહાને ટાળી દેતી. વઝીર એક દિવસ તેને જયારે વધારે મજબૂર કરી તો કનીઝે કહ્યું : એ શરતે હું તને મારૂ પુરૂ શરીર સોંપી દઈશ , જયારે તુ મને તારા પર સવારી કરવા દઈશ.

વઝીર પહેલે જ કામવાસનાથી આંધળો બની ચુક્યો હતો, તેણે તરત જ રજા આપી દીધી. કનીઝે તેને કહ્યું : ઘોડાની જેમ જમીન પર વાંકો વળી જા પછી હું તારા પર જીન રાખીશ અને તારા મોંમાં લગામ મુકીશ અને તારા પર સવાર થઈ પૂરા આંગણાંમાં ફરીશ.

અંતે વઝીરે તેની ઇચ્છા પૂરી કરી. સંજોગોવશાત બાદશાહ પોતાના મહેલમાંથી છત પર ઊભા ઊભા આ દ્રષ્ય જોઈ રહ્યો હતો.

બાદશાહે તરત જ વઝીરને બોલાવ્યો અને કહ્યું : જયરે તારી પોતાની આ સ્થિતિ છે તો મને શા માટે રોક્તો હતો ?

વીણેલા મોતી – ૨, પેજ નં. 686

**વઝીરે તરત જ જવાબ આ પ્યો : હું આપને માત્ર આટલા જ ખાતર રોક્તો હતો કે તે મારી જેમ આપ પર જીન ન રાખી લે. જો આપની સ્થિતિ પણ મારી જેવી થઈ ગઈ તો રાજ્ય વ્યવસ્થા કોણ ચલાવશે ?**

## (૦૫) ઇચ્છા બળવાન છે કે કેળવણી ?

એક હિંદુ મહારાજા પાસે ઘણો સમજદાર અને અનુભવી વઝીર હતો બાદશાહ વઝીરની સલાહ વગર કોઈ કામ કરતો નહોતો. બાદશાહના મરવા પછી તેનો પુત્ર બાપનો ગાદીવારસ બન્યો. નવા રાજાએ વઝીરની તરફથી મોં ફેરવી લીધુ અને પોતાના મન અને દિમાગથી ફેંસલા કરવા લાગ્યો.

એક દિવસ વઝીરે નવા રાજાને કહ્યું : આપના પિતાશ્રી મારી સલાહ વગર કોઈ કામ કરતા નહોતા , પણ આપ મારી સલાહને કોઈ મહત્વ આપતા નથી.

વધારે સારૂ એ છે કે ઇન્સાન પોતાના કામોમાં બુધ્ધિવાનોથી સલાહ મશ્વેરો કરે જેથી ભવિષ્યમાં નુક્સાનીથી બચી જાય.

નવા બાદશાહે વઝીરને અજમાવવા ખાતર તેને સવાલ ક્યોં. આપ એ બતાવો કે મનેચ્છામાં વધારે શક્તિ છે કે કેળવણીમાં વધારે શક્તિ છે.

વઝીરે કહ્યું : મનેચ્છા કેળવણી પર અગ્ર છે.

થોડા દિવસ પછી બાદશાહે એક દાવત રાખી તેમાં વઝીરને પણ આંમત્રણ આપ્યું. સુફરા પર ભાત ભાતના ભોજનો પીરસવામાં આવ્યા , સાથમાં કેટલિક કેળવેલી બિલ્લીઓના હાથમાં મીણબત્તી પકડાવવામાં

આવી. બીલ્લીઓ કેળવાએલી હતી. તેઓ એક હાથમાં મીણબત્તીના ઘર ઉપાડી રહી હતી.

બાદશાહે વઝીરોને સંબોધીને કહ્યું કે આપનું દ્રષ્ટિબિંદુ ખોટુ  પડ્યું. આપે જોયુ  ,  બીલ્લીઓ મીણબત્તીના ઘર ઉપાડી ઊભી છે.અને ખાવા તરફ તેઓને જરાય રસ નથી. તેનાથી પૂરવાર થાય છે કે કેળવણી મનેચ્છા પર અગ્ર છે. અને કેળવણીથી સ્વભાવને ફેરવવો અશક્ય છે.

વઝીર થોડો ઝંખવાયો, અને કહ્યું : બાદશાહ  હું આ સવાલનો જવાબ કાલ રાતે આવા પ્રકારની દાવતમાં આપીશ.

વઝીરે ઉંદર ગોતાવ્યા અને દરેક ઉંદરના પગમાં મજબૂત રસ્સી બાંધી અને એક ડ બ્બામાં ઉંદરો બંધ કરી દાવતમાં હાજર થયો.

દાવતનો આરંભ થયો. બિલ્લીઓ એક હાથમાં શમાદાન ઉપાડી ઊભી હતી કે વઝીરે ડબ્બામાંથી ઉંદરો કાઢ્યા. બિલ્લીઓની નજર જેવી ઉંદરો પર પડી તો તેઓએ મીણબત્તીઓ ફેંકી દીધી. અને ઉંદર પકડવા દોડી પડી. બળતા શમાદાનોના કારણે ઓરડામાં આગ સળગી ઊઠી. બધા હાજરીન દોડીને કમરાની બહાર નિકળી ગયા.

વઝીરે બાદશાહે કહ્યું : તમે જોયુ પ્રકૃતિ કેળવણી પર સરસાઈ રાખે છે. મનેચ્છાની જોરદાર મોજો સામે તરબિયતના બંધ ધૂળધાણી થઈ જાય છે.

# (૦૬) કામાન્ધતાનું પરિણામ

દમીરી નકલ કરે છે કે અબ્બાસી ખલીફા વાસિક બિલ્લાહ સ્ત્રીઓનો ઘણો રસિયો હતો. તેણે શાહી તબીબોને કહ્યું : મારા માટે એવી દવા તૈયાર કરો જે વીર્ય સ્તંભનમાં વધારો કરી દે. તબીબે કહ્યું : સ્ત્રી સંગથી ઇન્સાનનું બદન ક્ષીણ થઈ જાય છે. અને હું નથી ચાહતો કે તમે પણ બરબાદ થઈ જાઓ.

વાસિકનો આગ્રહ ચાલુ રહ્યો, તો તબીબે કહ્યું કે ભક્ષક પ્રાણીઓનું માંસ લઈને શરાબના સુરકામાં સાત વાર આગ પર પકાવવામાં આવે અને પછી ચણા

જેટલી ગોળીઓ બનાવી લેવામાં આવે. અને અઠવાડિયામાં એક ગોળી વાપરવામાં આવે. વાસિકે દવા તૈયાર કરાવી અને સુચવેલ પ્રમાણથી વધારે વાપરી જેના કારણે વાસિક તૃષા રોગમાં સપડાઈ ગયો. અને દરેક વાર પાણી પાણી કરતો હતો. અને કોઈપણ રીતે તેની પ્યાસ બુજાતી નહોતી.

તબીબોએ એકમતે ફેંસલો કર્યો કે તેનું પેટ ચીરવામાં આવે પછી તેને એવા તંદુરમાં થોડીવાર બેસારવામાં આવે જે ઝયતુનના તેલથી લાલ થયું હોય. અને ત્રણ કલાક સૂધી તેને પાણીનું એક ટીપુ પણ ન દેવામાં આવે.

અંતે તેનું પેટ ચીરવામાં આવ્યું. અને ઝયતુનના તેલથી ગરમ કરેલ એક તંદૂરમાં તેને બેસારવામાં આવ્યો. આ દરમિયાન તે લગાતાર પાણી માંગતો રહ્યો. થોડીવાર પછી તેના શરીર પર ફોલ્લાં ઊઠી આવ્યા અને કેટલાક ફોલ્લાં ચીભડા જેવડા મોટા હતા.

તેને તંદૂરમાંથી કાઢવામાં આવ્યો તો તે ચીખવા લાગ્યો કે મને ફરી તંદૂરમાં બેસારો. છેવટે તેને ફરીવાર તંદૂરમાં બેસારવામાં આવ્યો. ફોલ્લાઓ ફુટી ગયા અને તેમાંથી પાણી વહેવા લાગ્યું. જયારે વાસિકને

તંદૂરમાંથી કાઢવામાં આવ્યો તો તેનું શરીર કાળુ પડી ગયુ હતુ અને થોડી પળો પછી મરી ગયો.

જયારે વાસિક મર્યો તો તેના પર સફેદ ચાદર નાખી દેવામાં આવી અને લોકો મુતવક્કિલની બયઅતમાં પરોવાઈ ગયા. કોઈએ તેના જનાઝા તરફ ધ્યાન ન આપ્યું. નજીકના બાગમાંથી ઉંદરો આવ્યા અને તેની આંખો કાઢીને ખાઈ ગયા.

# (૦૭) બની ઉમય્યાની ઇસ્લામથી દુશ્મનીની એક ઝલક

લાનતી વૃક્ષ બની ઉમય્યાનો છેલ્લો શાસક મરવાન હેમાર હતો. તેનો પુત્ર અબ્દુલ્લાહ તેનો વલી અહદ (પાટવી કુંવર) હતો. અબૂ મુસ્લિમ ખુરાસાનીના સૈન્યના હાથે મરવાને હેમાર માર્યો ગયો. અને તેનો પુત્ર શામથી ભાગી ગયો. પહેલા મિસર ગયો અને પછી આફ્રિકાના દેશ નોબામાં જઈ શરણ લીધુ. નોબાના બાદશાહે તેને પોતાના દેશમાંથી હકાલી કાઢયો. અંતે અબ્બાસી ફૌજના  હાથે કૈદ પકડાયો. અને તેને મન્સૂર

દવાનકીની પાસે લાવવામાં આવ્યો. મન્સૂરે તેને કૈદમાં નાખી દીધો.

એક દિવસ મન્સૂરે પોતાના દરબારી વઝીર રબીઅથી પૂછ્યું કે અબ્દુલ્લાહ બિન મરવાન હજી જીવે છે કે મરી ગયો ? રબીએ બતાવ્યું કે તે જેલમાં પોતાના જીવનના બાકી દિવસો પૂરા કરી રહ્યો છે.

મન્સૂરે કહ્યું કે મેં સાંભળ્યું છે કે નોબાના બાદશાહે તેને કંઈક વાતો કહી હતી. હું ઇચ્છુ   છું કે એ વાતો હું તેના મોઢે સાંભળું.

એટલે થોડીવાર પછી અબ્દુલ્લાહ બિન મરવાન મન્સૂરના સામે લાવવામાં આવ્યો. તે એ સમયે તોક અને સાંકળમાં જકડાએલો હતો.

મન્સૂરે તેને બેસવાની છૂટ આપી. તે બેસી ગયો. મન્સૂરે કહ્યું : મેં સાંભળ્યું છે કે નોબાના રાજાએ તને કંઈક વાતો કરી હતી. હું એ વાતો ખૂદ તારા મોંએ સાંભળવા માંગુ છું. અબ્દુલ્લાહ બિન મરવાને બતાવ્યું કે મિસરથી ભાગી અમે નોબા પહોંચ્યા. થોડા દિવસ ત્યાં રોકાણા ત્યારે નોબાના બાદશાહને અમારા આવવાની ખબર પડી. તો તેણે અમને રહેવા માટે એક વિશાળ અને ચોળું મકાન આપ્યું. જેમાં કીમતી કાલીન

બિછાવેલ હતા.અને અમારા ખાવા માટે તેણે બધો સામાન પણ મોકલ્યો.

ત્રીજા દિવસે તે પચાસ માણસોને લઈ મને મળવા આવ્યો. મેં ઘરના દરવાજા પર તેમનું સ્વાગત કર્યું. તે અમારી સાથે અંદર આવ્યો. મેં તેને બેઠકની ઊંચી જગ્યાએ જગા આપી. પણ એ જોઈને મને અત્યંત અચરજ થઈ કે તે અમારી સામે માટી પર બેસી ગયો. મેં તેને કહ્યું કે આપ મારી સાથે કાલીન પર બેસો , તો તેણે કહ્યું : કોઈ ફરક નથી પડતો. હું દેશનો બાદશાહ છું અને મારો સિધ્ધાંત એ છે કે જયારે પણ ખુદા મને કોઈ નેઅમત આપે છે તો હું નમ્રતા દેખાડવા માટી પર બેસી

જાઉં છું. અને ખુદાની તાજી નેઅમત એ મળી કે તમો મારા દેશમાં પધાર્યા. એટલા માટે નેઅમતના આભાર તરીકે હું માટી પર બેસી ગયો   છું. પછી તે ઘણી વાર સૂધી ચુપ રહ્યો. તેના હાથમાં એક લાકડી હતી. તે લગાતાર જમીન પર મારતો રહ્યો. પછી તેણે મારી તરફ રૂખ કરીને કહ્યું : એ બતાવો કે તમે શરાબ શા માટે પીઓ છો  ? જયારે કે આપની  કિતાબમાં શરાબ પીવી હરામ છે.

મેં કહ્યું : અમારા સાથીઓ પોતાની અણસમજના કારણે શરાબ પીએ છે. પછી બાદશાહે કહ્યું : એનું શું કારણ છે કે તમે લોકો બીજા લોકોના ખેતરો

તે ઘોડાની ટાપોથી પામાલ કરી દયો છો જયારે કે તમારો દીન તેની છૂટ નથી આપતો.

મેં કહ્યું અમારા અમલદારો અને લશ્કરો અજ્ઞાનતાને કારણે આમ કરે છે. શાહ નોબાએ મને ત્રીજો સવાલ ર્ક્યો : તમે લોકો રેશમ અને સોનુ કેમ વાપરો છો ? જયારે તમારા દીનમાં પુરૂષો માટે સોનુ અને રેશમ હરામ ઠેરવવામાં આવ્યું છે.

મેં કહ્યું : જયારે અજમી ઈમાન લાવ્યા તો તેઓ પોતાની પહેલી આદતો પ્રમાણે સોનુ અને રેશમ વાપરતા રહ્યા. એ લોકો અમારા લહિયા હતા. અમે અમારા લહિયાઓને તેની મના તો ન કરી , પણ અમે

અંગત રીતે આ બન્ને વસ્તુઓ વાપરતા નથી. આ સાંભળી થોડી વાર તો નોબાનો બાદશાહ ચુપ રહ્યો. પછી કહ્યું : વિચિત્ર વાત છે , અમારા સાથીઓ, અમારા અમલદારો, અમારા લહિયા, તમે મૂળ વાત છુપાવો છો. હકીક્ત એ છે કે તમોએ હરામ ચીજોને પોતા માટે જાએઝ ઠેરવી છે. તેનાથી બચવાની કોશિશ ન કરી અને ખુદાની આજ્ઞાઓ પર તમે અમલ ન ર્ક્યો. તમે નિર્બળ પ્રજા પર ઝુલ્મ અને સિતમના પહાડ તોડ્યા. એટલે અલ્લાહ તઆલાએ તમારા માન મોભાના વસ્ત્રો ઊતારી લીધા અને તમને અપમાનનો લિબાસ પહેરાવી દીધો. અને ખુદાનો ગઝબ હજી પૂરો નથી થયો. હજી તમારા

પર અલ્લાહનો બીજો ગઝબ ઊતરશે. અને મને એ વાતનો ડર છે કે તમારા કારણે મારી ધરતી પર અલ્લાહનો અઝાબ ઊતરશે. એટલે તમને જે ચીઝોની જરૂરત હોય તે અમારાથી  માંગી લ્યો અને અહીંથી ચાલતી પકડો. મહેમાની ત્રણ દિવસ માટે હોય છે. તેનાથી વધારે નથી હોતી , પછી તેણે અમને રસ્તાનું ભાતું આપ્યું અને અમે એ દેશ છોડી દીધો.

શાહ નોબાની વાતચીત સાંભળી મન્સૂરને આશ્ચર્ય થ યું અને જેલરને હુકમ આપ્યો કે અબ્દુલ્લાહને ફરી જેલમાં મોકલી દેવામાં આવે.

## (૦૮) એ જેને મરવા સમયે પણ કલમો નસીબ ન થયો

એક દુરાચારી શખ્સ પર મૃત્યુની વેદના શરૂ થઈ, તેના મિત્રોએ તેને લા એલાહ ઇલ્લલ્લાહ પડવાની ભલામણ કરતા તો એ કલમએ તય્યબા પડવાના બદલે આ શેર પડતો.

એ ક્યાં ગઈ જે એક દી થાકીને લોથ થઈ
મિન્જાબનું હમામ ગોતવા નિકળી હતી.

અંતે તે મરણ પામ્યો. મરવા સમયે પણ તેને તવહીદનો કલમો પડવાનું સદભાગ્ય ન સાં  પડ્યું અને તે ઉપરોક્ત શેર પડતો પડતો જગતથી વિદાય થયો.

આ શેર તેનો પોતાનો કહેલો હતો. અને આ શેરની પાશ્ર્ચાદ ભુમિકા એ હતી કે એક દિવસ એક સ્ત્રી હમામમાં જઈ નહાવા  માંગતી હતી. અને એ શહેરમાં એક જ હમામ હ  તું જે મિન્જાબ નામના એક શખ્સનું હતું. એટલે હમામને મિન્જાબના હમામના નામે ઓળખવામાં આવતુ હતું.

સ્ત્રી ઘરેથી નિકળી તો હમામનો રસ્તો ભુલી ગઈ, માર્ગે ચાલતા ચાલતા આખરે થાકી ગઈ અને આ

દુરાચાર શખ્સનો દરવાજો ખટખટાવ્યો. એ બહાર નિકળ્યો તો સ્ત્રીએ પૂછ્યું કે મિન્જાબનું હમામ ક્યાં છે ? સ્ત્રીને જોઈને તેની દાનત બગડી અને કહ્યું કે આ જ મિન્જાબનું હમામ છે.

સ્ત્રી તેના ઘરમાં હમામ સમજી દાખલ થઈ તો તેણે અંદરથી સાંકળ લગાવી દીધી અને તેની પાસે પોતાની ઇચ્છા વ્યક્ત કરી.

સ્ત્રી ઘણી હોશિયાર હતી, તેણે સમજી લીધુ કે તેના હાથમાંથી છટક્વુ અઘરું છે. એટલે સ્ત્રીએ કહ્યું કે હકીક્તમાં મને મિન્જાબના હમામમાં જવુ જ નહોતુ. હું તો તારા માટે જ આવી હતી. પણ તું મને અત્તર અને

સુગંધ લાવી આપ. જેથી હું મને તારા માટે ખૂશ્બુદાર બનાવી શકું. સ્ત્રીની ચીકણી ચપડી વાતો સાંભળી તે અત્તર લાવવા માટે બજાર ચાલ્યો ગયો. અને સ્ત્રીએ તકનો લાભ લઈ ત્યાંથી ચાલતી પકડી. જયારે તે શખ્સ ઘરે આવ્યો તો ઔરત જઈ ચુકી હતી. તેણે પોતાની અતૃપ્ત આશાને વ્યક્ત કરવા માટે આ શેર કહ્યો હતો. એટલે મરવા ટાણે પણ આજ ઔરતો તેના મન હૃદય પર છવાએલ હતો. અને પાક કલામના બદલે તે કમનીબ આ જ શેર પડતો પડતો દુનિયાથી ચાલ્યો ગયો. સનાઈ ગઝનવીનો શેર છે :

**બે કિલ્લાઓ અપનાવી તવહીદનો માર્ગ ઓળંગવો શક્ય છે. કાં તો દોસ્તની રજા (ખૂશી)નો યાચક બન કાં પછી પોતાની ઇચ્છાઓને અનુસર.**

# (૦૯) બડે મિયાં સુબ્હાનલ્લાહ

એક દિવસ મુઆવિયા એક હવાદાર ઓરડામાં બેઠેલો હતો. સાથે દોસ્તો પણ હતા. હવા ઘણી ગરમ હતી. મકાનની બારીઓ ઉઘાડેલી હતી કે કદાચ ક્યાંકથી ઠંડી હવા આવી જાય.

આ ગરમી અને ઉકળાટમાં મુઆવિયા બારીની પાસે ઊભો રહી બહારનું  દ્રષ્ય જોઈ રહ્યો હતો કે તેણે જોયુ કે દૂરથી એક ગામડિયો પગપાળો અને ઉઘાડે પગે તેની તરફ આવી રહ્યો છે. અને તેણે ગરમીનું જોર તોડવા બધા વસ્ત્રો પાણીથી ભીંજાવેલા છે.

મુઆવિયાએ પોતાના દોસ્તોને કહ્યું કે આ ગામડિયાને જુઓ કે કેટલી ગરમીની તીવ્રતામાં સફર કરી રહ્યો છે. સાથીઓએ કહ્યું અમારૂ માનવુ છે કે તે આપને મળવા માંગે છે.

મુઆવિયાએ ચોકીદારને કહ્યું : જો આવનારો ગામડિયો મને મળવાની ઇચ્છા વ્યક્ત કરે તો તેને મારી પાસે મોકલી દેજ.

ગામડિયો મહેલના દરવાજે પહોંચ્યો અને મુઆવિયાને મળવાની ઇચ્છા વ્યક્ત કરી. ચોકીદારે તેને મુઆવિયા પાસે પહોંચાડયો. મુઆવિયાએ આંગતુકને

પૂછ્યું : તું કોણ છે ? ક્યાંથી આવ્યો છે ? અને તારૂ શું કામ છે ?

નવા આવનારે બતાવ્યુ કે મારો સંબંધ બની તમીમથી છે. થોડા વરસ પહેલા મારી શાદી મારા કાકાની પુત્રીથી થઈ હતી. એ સમયે મારી આર્થિક સ્થિતિ સારી હતી. પાછળથી મારી માલી હાલત બગડી ગઈ તો મારા કાકાએ પોતાની પુત્રીને ઘરે બેસાડી દીધી. જયારે કે ખુદા ગવાહ છે મારી પત્નિ મારા ઘરેથી જવા માટે જરાય તૈયાર નહોતી. તે દરેક સુખ દુ:ખમાં મારો સાથ આપવા ઇચ્છતી હતી.

મેં મારી પત્નિ પાછી મેળવવા માટે મરવાન બિન હકમને દરખાસ્ત કરી તેણે બીજે દિવસે મને મારા કાકા અને પત્નિ સહિત હાજર થવાનો હુકમ આપ્યો. બીજા દિવસે હું મરવાન પાસે ગયો. અને થોડીવાર પછી મારા કાકા મારી પત્નિને લઈ મરવાન પાસે આવી ગયા. મરવાને જેવી મારી પત્નિને જોઈ તો તેના રૂપ સોંદર્ય પર ઢળી પડયો. મારા કાકાને કહ્યું : જો તું તારી પુત્રીને મારા નિકાહમાં આપી દે તો હું તને હજાર દીનાર લાલ સોનાના આપીશ.

મારો કાકો લાલચી શખ્સ છે , તે રાજી થઈ ગયો. મરવાને મારાથી તલાક લેવાની કોશિશ કરી તો

મેં તલાક દેવાનો ઇન્કાર કરી દીધો. પછી તેણે મરવાને રાજકીય સત્તા વાપરી મારી પત્નિને તલાક આપી દીધી અને મને કૈદમાં નાખી દીધો. જયારે ઇદ્દત પૂરી થઈ તો મરવાને મારી પત્નિ સાથે નિકાહ કરી લીધા અને મને આઝાદ કરી દીધો.

હું આપની પાસે મરવાનના ઝુલ્મની ફરિયાદ કરવા આવ્યો છું. અને આપથી ન્યાય ચાહુ છું.

મુઆવિયાએ આ દાસ્તાન સાંભળીને કહ્યું : તેં મને વિચિત્ર વીતક સંભળાવી છે. અને આવો દાખલો આજ દિન સૂધી મારી નજરથી નથી નિકળ્યો.

પછી મુઆવિયાએ મરવાનને ખત લખ્યો, જેમાં લખ્યું  હતું કે મુસલમાનોના રખેવાળને જોઈએ કે તે તેઓની ઇઝઝતનું રક્ષણ કરે અને મનની લગામ તેના પોતાના હાથમાં હોવી જોઈએ. મારો આ પત્ર મળતાં જ આ શખ્સની પત્નિને આઝાદ કરી દે અને આ શખ્સની સાથે શામ રવાના કરો.

મુઆવિયાએ આ પત્ર લખી ગામિડયાને આપ્યો અને પોતાનો એક ગુલામ પણ તેની સાથે મોકલ્યો. જયારે મરવાને એ શખ્સને મુઆવિયાના ગુલામ સાથે જોયો તો તે સમજયો કે શાયદ મુઆવિયાએ મને રાજકીય હોદ્દેથી ઊતારી દીધો છે.

પછી તેણે પત્ર વાંચ્યો તો તેણે સઅદા નામી આ સ્ત્રીને તલાક આપી દીધી અને દમિશ્ક મોકલી આપી. જયારે તે શખ્સ પોતાની પત્નિને લઈને મુઆવિયા પાસે આવ્યો અને મુઆવિયાની આ સ્ત્રી પર નજર પડી તો એની આંખો અંજાઈ ગઈ અને ગામડિયાને કહ્યું : તારા કાકાની પુત્રી આ જ સ્ત્રી છે ? ગામડિયાએ કહ્યું : જી હા , આ જ મારી પત્નિ છે , જેના પર મરવાને નાહક કબ્જો જમાવ્યો હતો.

મુઆવિયાએ કહ્યું : જો તું ઇચ્છે તો હું ત્રણ કબાઈલોની પુત્રીઓથી તારા નિકાહ કરી દઉં અને તને એટલુ ધન આપું કે તું પૂરી ઝિંદગી આરામથી વીતાવે.

પરંતુ શરત એ છે કે   તું આ સ્ત્રીથી હાથ ઉપાડી લે. હું પોતે તેનાથી નિકાહ કરવા ચાહુ છું.

પરંતુ ગામડિયો કોઈપણ રીતે રાજી ન થયો અને કહેવા લાગ્યો : મુઆવિયા    ,  ખુદાનો ખૌફ કર. મરવાને આ જ ઝુલ્મ ર્ક્યો તો તેના ઝુલ્મની શિકાયત કરવા તારી પાસે આવ્યો અને હવે જો તું પણ ઝુલ્મ કરે તો હું તારી ફરિયાદ કોને જઈને કરૂ ?

મુઆવિયાએ કહ્યું : તે પોતે હમણા ઇકરાર ર્ક્યો છે કે મરવાને આ સ્ત્રીને તલાક આપી છે. હવે અમે તેને આઝાદ કરી પૂછી લઈએ છીએ કે તે કોનાથી નિકાહ કરવા ઇચ્છે છે ?

આમ કહી મુઆવિયાએ ઔરતને સંબોધીને કહ્યું કે સઅદા, ત્રણે ઉમેદવારોમાંથી તું એકને ચુંટી લે.

(૧) મુઆવિયા જેની પાસે રાજ્ય સત્તા છે.

(૨) મરવાન જે રાજ્યનો એક ઊંચો અમલદાર છે. અને

(3) તારો આ કાકાનો પુત્ર જે તદ્દન કંગાળ અને નાદાર છે.

ઔરત થોડી વાર સૂધી મસ્તક નમાવીને બેસી રહી, પછી માથુ ઊંચુ કરી કહ્યું : મુઆવિયા ! હું મારા કાકાના પુત્ર પાસે જવા ઇચ્છ છું, ખુદા સાક્ષી છે કે મેં મારા કાકાના પુત્રને જાણી જોઈને કોઈ દુ:ખ નથી આપ્યું, કાળના ચક્રે અમને આ દિવસ દેખાડયા છે.

નહિંતર હું મારા કાકાના પુત્રથી મોહબ્બત કરૂ છું. અને કોઈપણ રીતે તેનાથી છુટી પડવા નથી માંગતી. હું ગરીબી અને નાદારી પર સબ્ર કરીશ. અને અમને કોઈ મરવાન કે મુઆવિયાના દરવાજે જવાની જરૂરત નથી.

ઔરતનો આ લૂખો જવાબ સાંભળી મુઆવિયાએ તેને પોતાના પતિ સાથે જવાની રજા આપી દીધી.

# (૧૦) ઇમામે હસને મુજતબા અલય્હિસ્સલામનો કિરદાર

ઇબ્ને શહેરે આશૂબ મનાકિબમાં લખે છે કે અબવાના સ્થળે ઇમામ હસને મુજતબા અલય્હિસ્સલામ નમાઝ પડી રહ્યા હતા કે એક સ્ત્રી આવી. ઇમામ અલય્હિસ્સલામએ નમાઝ ટુંકાવી તેણીને પૂછ્યું : તને કોઈ કામ છે ?

ઔરતે કહ્યું : જી હા, મને આપનાથી જ કામ છે. આપે ફરમાવ્યું : તારૂ કામ બતાવ.

ઔરતે કહ્યું : હું પતિ વગરની  છું, અને જાતિય આનંદ માટે આપની પાસે આવી છું.

આપે ફરમાવ્યું : મારાથી દૂર હટ. તુ તારી સાથે મને પણ દોઝખમાં બાળવા  માંગે છે  ? ઔરતે આગ્રહ ર્ક્યો તો આપે ખુદાના ડરના કારણે રડવુ શરૂ કરી દીધુ. અને રોતા રોતા ફરમાવતા તારા પર અફસોસ, મારાથી દૂર થઈ જા. અને પળે પળે આપનું રૂદન વધતુ જતુ હતું. ઔરતે જયારે હ. ઇમામ હસન અલય્હિસ્સલામને રોતા જોયા તો તેણીએ પણ રડવું શરૂ કરી દીધુ.

હ. ઇમામ   હુસૈન  અલય્હિસ્સલામએ રડવાની અવાજ સાંભળી આવ્યા તો જોયુ મોટા ભાઈ રડી રહ્યા

છે,  અને ઔરત પણ રડી રહી છે. ઇમામ હસન અલય્હિસ્સલામના રડવાથી પ્રભાવિત થઈ હ. ઇમામ હુસૈન અલય્હિસ્સલામ પણ રડવા લાગ્યા.

જયારે રડવાની અવાજ ઊંચી થઈ તો આપના ઘણા દોસ્તો પણ આવી ગયા. તેઓ પણ હ. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના નવાસાઓને રોતા જોઈ રોવા લાગ્યા. એ જ અરસામાં ઔરત ત્યાંથી ચાલી ગઈ. આંસુઓની આ વર્ષા ઘણી વાર પછી થંભી. હ. ઇમામ  હુસૈન અલય્હિસ્સલામ પોતાના મોટા ભાઈની મહાનતાને લક્ષે રાખી એ વખતે રોવાનું  કારણ ન પૂછી શક્યા. અર્ધી રાતના સમયે જયારે કે હ. ઇમામ    હુસૈન

અલય્હિસ્સલામ સૂતેલા હતા , ઇમામ હસન અલય્હિસ્સલામના રડવાના કારણે જાગી ગયા. ઊઠીને જોયુ તો હ. હસને મુજબા અલય્હિસ્સલામ રોઈ રહ્યા છે.

હ. ઇમામ હુસૈન અલય્હિસ્સલામએ રોવાનું કારણ પૂછ્યું તો આપે ફરમાવ્યું : મેં એક સ્વપ્ન જોયુ છે જેના કારણે રોઈ રહ્યો છું. ઇમામ હુસૈન અલય્હિસ્સલામએ અરજ કરી આપે કેવું સ્વપ્ન જોયું છે.

હ. ઇમામ હસન અલય્હિસ્સલામએ ફરમાવ્યું : હું એ શરતે તમને ખ્વાબ સંભળાવીશ કે જયાં સૂધી હું જીવતો રહુ કોઈથી આ સ્વપ્નાની વાત ન કહેવી.

હ. ઇમામ  હુસૈન અલય્હિસ્સલામએ કહ્યું : મને આપની શરત મંજૂર છે.

હ.હસને મુજતબા અલય્હિસ્સલામએ કહ્યું : હું સુતો હતો. ખ્વાબમાં જ.યૂસુફ અલય્હિસ્સલામને જોયા  , લોકો તેમને જોવા ટોળે વળ્યા છે. અને હું પણ તેમને જોવા આગળ વધ્યો. જયારે મેં તેમનું રૂપ સૌંદર્ય જોયુ તો રડવા લાગ્યો.

યૂસુફ અલય્હિસ્સલામએ મને રડતા જોઈ મારી તરફ આગળ વધ્યા અને કહ્યું : ભાઈજાન   ! આપ  શા માટે રડો છો ? આપના પર મારા માબાપ ફિદા થાય.

મેં કહ્યું : હું અઝીઝે  મિસ્રની પત્નિની યુક્તિઓ અને આપની પરિક્ષાને યાદ કરીને    રડું  છું અને એ વિચારીને  રડું  છું કે આપે આટલા સંકટો સહન ર્ક્યા પરંતુ આપે પોતાના પાવિ ને દાગદાર થવા ન દીધુ.

યૂસુફ અલય્હિસ્સલામએ કહ્યું : ભાઈ  ! આપના ચારિત્ર ની પણ કોઈ મિસાલ નથી મળતી. અબવાના સ્થળે રણનિવાસી ઔરતે તમને ભમાવવાની કોશિશ કરી હતી. પણ તે પોતાના હેતુને સિધ્ધ કરવામાં નિષ્ફળ ગઈ અને આપે પણ તો પોતાના પાવિ ને પણ દાગદાર થવા દીધુ નથી.

# (૧૧) વાસના પૂજા કે બુત પૂજા

અલ્લાહ તઆલાએ સૂ. હશ્રમાં ઇરશાદ ફરમાવ્યું છે "શયતાનની જેમ જયારે તેણે ઇન્સાનને કહ્યું કે કુફ્ર કર અને જયારે તેણે કુફ્ર કર્યો તો કહ્યું કે હું તારાથી અણગમો રાખુ  છું. હું બધા વિશ્ર્વોનો સર્જનહાર અલ્લાહથી ડરૂ છું. અને બન્નેનું પરિણામ એ આવ્યું કે એ બન્ને સદા દોઝખમાં હશે અને ઝુલ્મ કરવાવાળાઓની આ જ સજા છે."

આ આયતો ની તફસીરમાં અલ્લામા તબરસી પોતાની તફસીરમાં લખે છે કે બની ઇસરાઈલમાં

બરસીસા નામી એક આબિદ રહેતો હતો તેણે લાંબા સમય સુધી અલ્લાહની ઇબાદત કરી ત્યાં સુધી કે તેની દુઆથી ગાંડા લોકો સાજા થવા લાગ્યા.

એક મોટા ઘરની છોકરી ગાંડી થઈ ગઈ તો તેના સગાઓ દુઆ માટે આબિદના આસ્તાના પર લઈ આવ્યા દુઆ માટે એ છોકરીને તેના આસ્તાના પર છોડી દીધી અને પોતે પાછા ચાલ્યા ગયા ઇબ્લિસ લઈનને તક મળી તેણે આબિદના દિલમાં વસવસો પૈદા ક્યોં અને તેને બુરા કામ પર ઉક્સાવ્યો છોકરી સુંદર અને નિરાધાર હતી અને આબિદને કોઈ રોકવા વાળો નહોતો. અંતે આબિદ અધર્મ આચરી બેઠો અને તે

છોકરી ગર્ભવંતી થઈ ગઈ. બરસીસાએ ફજેતીના ડરથી છોકરીને મારી દફન કરી દીધી. શયતાને તે છોકરીના ભાઈઓને બધી પરિસ્થિતિથી આગાહ કરી દીધા અને દફનની જગ્યા પણ તેઓને દેખાડી દીધી.

છોકરીના ભાઈઓ શહેરના બાદશાહ પાસે ગયા અને આબિદની ફરિયાદ કરી બાદશાહ આબિદની કુટીરે પહોંચ્યો અને તેનાથી બનાવ અંગે પૂછ્યું તો આબિદે પોતાના ગુનાહની કબૂલાત કરી લીધી.

બાદશાહે હુકમ આપ્યો કે આબિદને સૂળીએ ચડાવી દયો. જયારે આબિદ સૂળી પર ચડયો તો ઇબ્લિસે તેના પાસે આવી કહ્યું આ બધા કીચડમાં મેં

તને ફસાવ્યો હતો. અને હવે પણ  તું મુક્તિ ઇચ્છતો હો તો મારો સજદો કર, હું તને સૂળી પરથી ઊતારી દઈશ.

આબિદે કહ્યું : હવે હું જયારે સૂળી પર લટકી રહ્યો છું, તને સજદો કેવી રીતે કરી શકું છું. ઇબ્લિસે કહ્યું : માથાના ઇશારેથી પણ હું રાજી થઈ જઈશ.

આબિદે માથાના ઇશારાથી તેને સજદો ર્ક્યો અને એ જ સમયે તેની રૂહ નિકળી ગઈ. આમ વાસના પૂજાનું પરિણામ મુર્તિપૂજા બલ્કે ઇબ્લિસ પૂજાના રૂપમાં જાહેર થયું.

(બેહારૂલ અન્વાર, ભાગ઼ ૧૪, પેજ. ૪૮૭)

# (૧૨) વિષય વાસનાનું સૌથી ખરાબ પરિણામ

જયારે મૂસા અલય્હિસ્સલામ સિતમગરોના શહેરોને જીતી રહ્યા હતા તો આપ એક લશ્કર યૂશઅ બિન નૂન અને પોતાના બનેવી કાલિબ બિન યોહન્નાની આગેવાની હેઠળ રવાના કર્યું. જયારે આ લશ્કર શહેરના મધ્ય કેન્દ્ર નજીક પહોચ્યું તો શહેરવાળા ભેગા થઈ બલઅમ બાઊર પાસે ગયા અને દરખાસ્ત કરી કે મૂસા ઘણુ મોટુ લશ્કર લઈ આપણા શહેર નજીક આવી ગયા છે. આપની પાસે ઇસ્મે અઅઝમ છે. અને આપની બદદુઆ પણ રદ નથી થતી એટલે આપ મૂસા

અલય્હિસ્સલામ અને તેના લશ્કરની વિરૂધ્ધ બદદુઆ કરો. બલઅમ બાઊરે કહ્યું : ભલા એ કેવી રીતે શક્ય છે કેમકે મોઅમિનો અને ફરિશ્તા મૂસા અલય્હિસ્સલામની સાથે છે, મારી દુઆ તેઓ પર શું અસર કરી શકે છે ? લોકોએ જેટલો પણ આગ્રહ ર્ક્યો , બલઅમ બાઊરે તેઓની વાત માનવાથી ઇન્કાર કરી દીધો.

અંતે લોકો બલઅમ બાઊરની પત્નિ પાસે ગયા અને તેને ઘણી કીમતી ભેટ સોગાતો આપી અને માંગણી કરી કે પોતાના શોહરને મૂસા પર બદદુઆ માટે તૈયાર કરે.

પત્નિએ બલઅમ બાઊરને બદદુઆ માટે કહ્યું , બલઅમ કોઈ પણ રીતે રાજી ન થયો પણ પત્નિના બરાબર આગ્રહના લીધે બલઅમ બાઊર બદદુઆ કરવા માટે તૈયાર થયો.

બલઅમ બાઊરે સૌથી પહેલા આ કામ માટે પોતાના ખુદા પાસે ઇસ્તેખારો કર્યો તો જવાબમાં તેને આ અમલથી રોકવામાં આવ્યો.

તેણે પત્નિને કહ્યું કે મને રોકવામાં આવ્યો છે. પત્નિએ કહ્યું : આપ એકવાર ફરી ઇસ્તેખારો કરો , બલઅમ બાઊરે બીજી વાર ઇસ્તેખારો કર્યો તો તેને કોઈ જવાબ ન મળ્યો.

પત્નિએ કહ્યું : જો ખુદા તને રોકવા માંગતો હોત તો આ વખતે પણ તને જરૂર મના કરત.

આમ તેણીએ પોતાના ચપળ જીભથી બલઅમ બાઊરને બદદુઆ માટે તૈયાર કરી લીધો.

બલઅમ બાઊર બદદુઆ કરવા માટે એ પહાડ તરફ રવાના થયો , જેના નીચે મૂસા અલય્હિસ્સલામ અને તેનું લશ્કર પડાવ નાખી પડ્યું હતું.

બલઅમ ગધેડા પર સવાર થઈને જતો હતો. જયારે પહાડની નજીક આવ્યો તો ગધેડો જમીન પર સૂઈ ગયો. બલઅમ બાઊરે તેને ઊભો કરવાની ઘણી કોશિશ કરી પરંતુ ગધેડો ઊઠયો નહીં. જયારે બલઅમ

બાઊરે ગધેડાને વધારે માર્યો પીટયો તો થોડા પગલા ચાલવા પછી પાછો બેસી ગયો. બલઅમ બાઊરે ફરી તેને માર્યો, ગધેડાએ થોડા પગ ભર્યા અને પછી જમીન પર આળોટી ગયો. બલઅમ બાઊરે તેને ઘણો માર્યો તો અલ્લાહ તઆલાએ ગધેડાને વાચા આપી અને ચોખ્ખી જબાનમાં બોલતો થઈ કહ્યું : બલઅમ , તને અફસોસ છે, તું મને ક્યાં લઈ જવા ઇચ્છે છે ? તને એ નથી દેખાતું કે ફરિશ્તાઓ મને આગળ જવાની મના કરી રહ્યા છે.

છેવટે તેણે ગધેડાને ત્યાં જ મૂકી દીધો અને પગપાળા આગળ ચાલતો થયો. બલઅમ આગળ

આગળ અને શહેરના લોકો તેની પાછળ પાછળ ચાલી રહ્યા હતા, બલઅમ એ પહાડી પર ચડયો જેના નીચે મૂસા અલય્હિસ્સલામ અને તેની ફૌજે પડાવ નાખ્યો હતો.

બલઅમ મૂસા અલય્હિસ્સલામ માટે જયારે પણ બદદુઆ કરતો તો તેની જીભથી દુઆ નિકળતી અને જયારે એહલે શહેરની ભલાઈ માટે દુઆ કરતો તો તેની જીભથી બદદુઆ નિકળતી. આ જોઈ શહેરવાળાઓએ ગભરાઈને કહ્યું : બલઅમ આ શું કરી રહ્યા છો ? તો તેણે કહ્યું : હું મારી મરજીથી આમ નથી કરી રહ્યો. લાગે છે કે અલ્લાહ આપણને પરાજિત કરવા માંગે છે. તે

વખતે તેની જીભ મોંમાંથી બહાર નિકળી આવી. અને કુતરાની જેમ હાંફવા લાગ્યો. એહલે શહેરને સંબોધી બલઅમ બાઊરે કહ્યું : મને તમારી સફળતાના કોઈ ચિહનો દેખતા નથી. અલબત્તા તમને એક રસ્તો બતાવુ છું. જો તમે તેના પર અમલ ર્ક્યો તો મૂસાની કૌમ પર અલ્લાહનો અઝાબ ઊતરી શકે છે.

તમે લોકો એમ કરો કે તમારી સ્ત્રીઓને હુકમ આપો કે તેઓ ઠાઠ શણગાર સજાવી ખાવા પીવાનો સામાન લઈ વેચવા માટે મૂસા અલય્હિસ્સલામના લશ્કરમાં ચાલી જાય. જો કોઈ સિપાહી કોઈ સ્ત્રીથી વ્યભિચાર કરવા માંગે તો જરાય મના ન કરે. હું ત મને

લોકોને યકીન અપાવુ છું કે જો એક ઇસરાઈલી ફૌજીએ પણ હરામ કામ કર્યુ તો તમારો હેતુ સિધ્ધ થઈ જશે.

શહેરીઓએ પોતાની સુંદર સ્ત્રીઓને બનાવી શણગારી મૂસા અલય્હિસ્સલામના લશ્કરમાં મોકલી દીધી. ઝમરી બિન મસ્લુમ જે શમઊન બિન યઅકૂબના ખાનદાનમાંથી હતો તે એક ખૂબસુરત સ્ત્રીને પકડી મૂસા અલય્હિસ્સલામના તંબૂમાં દાખલ થયો , અને કહ્યું : હું સમજુ છું કે તમારી નજરમાં આ સ્ત્રીથી વ્યભિચાર કરવો હરામ છે. મને ખુદાની કસમ , હું તમારા કાનૂનની પાબંદી નહીં કરૂ.

પછી તે આ દુરાચારી સ્ત્રીને લઈને પોતાના તંબૂમાં ગયો અને તેની સાથે અધર્મ કામ અંજામ આપ્યું. એ જ પળે ખુદાવંદે આલમ મૂસા અલય્હિસ્સલામના લશ્કરમાં મરકીની વબા ફેલાવી દીધી. જેનાથી એક પળમાં વીસ હજાર ફોજ નાશ પામી.

એ જ વખતે હારૂનનો પૌત્ર મંખાસ બિન ઇઝાર પોતાના લશ્કરમાં આવ્યો તો બરબાદીનું અવલોકન કર્યું. તેણે લોકોથી પૂછ્યું, તો લોકોએ બતાવ્યું કે આ વબા ઝમરી બિન મસ્લૂમે આણેલી છે. તે નેઝો લઈને ઝમરી બિન મસ્લૂમના તંબૂમાં ગયો તો એ બન્નેને વ્યભિચાર કરવામાં લીન જોયા. આ જોઈ તેણે બન્નેને

પોતાના નેજાથી મારી નાખ્યા અને એ જ વખતે

મરકીનો રોગચાળો પણ ચાલ્યો ગયો.

## (૧૩) કેટલિક રિવાયતો

હ. રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ પોતાના એક ખુત્બામાં ઇરશાદ ફરમાવ્યું કે જે શખ્સ કોઈ સ્ત્રી કે છોકરી પર વર્ચસ્વ રાખતો હોય અને પછી તે ખુદાના ખૌફના કારણે તેનાથી હરામ કામ ન કરે તો અલ્લાહ તેના પર દોઝખ હરામ કરી દેશે. અને તેને ક્યામતના દિવસે ડર અને ગભરાટથી બચાવશે. અને તેને જન્નતમાં દાખલ કરશે. અને જો તેણે હરામ કામ આચર્યું તો અલ્લાહ તેના પર જન્નત હરામ કરી દેશે અને તેને દોઝખમાં નાખી દેશે.

આપે એક અન્ય સ્થળે ફરમાવ્યું : મારી ઉમ્મતના મોટા ભાગના લોકો પેટપૂજા અને વિષયવાસનાના કારણે દોઝખમાં જશે.

હ. રિસાલત મઆબ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું : અલ્લાહ તઆલા ફરમાવે છે , હે આદમ પુત્ર  જો તારી આંખ તને એ જોવા પર ઉત્તેજે જેને જોવુ મેં હરામ ક્ર્યું છે, તો મેં તારી મદદ માટે બે પાંપણો બનાવી છે. પાંપણો બંધ કરી લે અને હરામ ચીઝ પર  દ્રષ્ટિ ન કર. અને જો તારી જીભ તને એ ચીજની માંગણી કરે જેને મેં હરામ કરી છે તો મેં તારી મદદ માટે બે હોઠ બનાવ્યા છે. હોઠો ભીડી લે

અને વાતચીત ન કર. અને જો તારી શર્મગાહ (   ઇન્દ્રી) એ વસ્તુની માંગણી કરે જેને મેં હરામ કરી છે તો મેં તારી મદદ માટે બે સાથળો આપી છે. સાથળને એક બીજાથી ભીડાવી લે અને હરામ કામ ન કર.

એક દિવસ હ. અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ મિમ્બર પર તશરીફ લઈ ગયા અને ખુત્બો આપ્યો અને ફરમાવ્યું : લોકો  બે ચીઝો ઇન્સાનોના નાશનું કારણ બને છે. પૂરોગામી ઉમ્મતને પણ આ બે વસ્તુએ હલાક કર્યા. અને આવવાવાળી પ્રજા પણ આ જ બે વસ્તુઓથી હલાક થશે. પ્રથમ વસ્તુ

લાંબી આકાંક્ષાઓ છે જે આખેરતને ભૂલાવી દે છે. અને બીજી ચીઝ કામવાસના છે જે ગુમરાહી નું કારણ છે.

આપ અલય્હિસ્સલામએ આ જ શબ્દો કહીને પૂરો ર્ક્યો અને મિમ્બરથી નીચે ઊતરી આવ્યા.

હ. ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામ , હ. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમથી રિવાયત કરે છે કે અલ્લાહ તઆલા ફરમાવે છે , મને મારી કીર્તિ અને માન અને મોટાઈ અને નૂર અને ઉચ્ચતા અને ઉન્નત સ્થાનની કસમ, જે કોઈ બંદો પોતાના દિલની ઇચ્છાને મારી પસંદ પર સરસાઈ આપશે તો હું તેના કામને વિખેરી નાખીશ અને હું તેની

દુનિયાને તેના માટે વેર વિખેર  કરી દઈશ અને તેના દિલને દુનિયામાં પ્રવૃત કરી દઈશ. અને એ  છતાં તેને એ જ કંઈ આપીશ જે મેં તેના માટે નિર્માણ ક્યું હશે.

અને મને પોતાના ઇઝઝત અને જલાલ અને કિબ્રયાઈ અને નૂર અને બુલંદી અને બુલંદ સ્થાનની કસમ જે કોઈ બંદો પોતાની ઇચ્છા પર મારી પસંદને સરસાઈ આપશે  તો હું ફિરશ્તાઓને તેનું રક્ષણ કરવા નિયુક્ત કરીશ અને જમીન અને આસમાનને તેની રોઝીના જવાબદાર બનાવીશ અને દરેક વેપારીના વેપાર પાછળ તેનો સહાયક બનીશ અને દુનિયા હડધૂત થઈને તેની પાસે આવશે.

વીણેલા મોતી – ૨, પેજ નં. 744

*-*-*

# પ્રકરણ-૧૦ : વિષય :- આત્મ નિગ્રહ

# (આત્મ સંયમ)

## (૦૧) મનના વિરોધીનું ફળ

શહીદે સાની રહેમતુલ્લાહે અલય્હેએ અબૂલ ફરજ જાવઝીની કિતાબ મદહશથી નકલ કર્યું છે કે બશર હાની બીમાર પડ્યા, અને તેમની બીમારી લંબાણી તો બધા દોસ્તો તેમના સાજા થવાથી હતાશ થઈ ગયા. અને છેલ્લા ઉપચાર તરીકે તેમને કહેવા

લાગ્યા કે આપ નસરાની તબીબ પાસે આપનું પેશાબ રવાના કરો જેથી તેઓ જોઈને આપની દવા સુચવે.

બશરે કહ્યું : મને તબીબે તો બીમાર પાડયો છે અને હું તબીબની સેવામાં હાજર છું, તે જે યોગ્ય જાણશે મારી દવા કરશે.

દોસ્તોનો આગ્રહ વધ્યો. અંતે બશરે પોતાનું પેશાબ આપવાનું સ્વિકાર્યું, જયારે તેમનું પેશાબ કાચની બાટલીમાં તબીબના સામે રાખવામાં આવ્યું તો તેણે એક વાર જો બાટલી જમીન પર રખાવી દીધી. થોડીવાર પછી તેણે કહ્યું : મને ફરીવાર રોગીનો પેશાબ

બતાવો. તેને ફરીવાર બીમારનો પેશાબ દેખાડવામાં આવ્યો.

ફરી વાર તેણે બાટલી જમીન પર રખાવી દીધી. અને થોડીવાર પછી તેણે રોગીના પેશાબ જોવાની ઇચ્છા વ્યક્ત કરી. ટૂંકમાં તેણે ત્રણ વાર બીમારનો પેશાબ જોયો.

નસરાની તબીબથી કોઈએ   પૂછ્યું કે તમે તો આટલા મોટા પ્રવીણ તબીબ છો   ,  તમને ત્રણ વાર રોગીનો પેશાબ જોવાની જરૂર કેમ પડી ? તબીબે કહ્યું : ખુદાની ક્સમ !  હું પ્રથમ નિરિક્ષણે જ રોગીનું પેશાબ

જોઈ બીમારી સમજી ગયો હતો. પરંતુ પાછળથી બે વાર મેં અચરજના કારણે તેને જોયું.

જો આ પેશાબ કોઈ નસરાનીનું છે. તો ખરેખર તે કોઈ એવા રાહિબ (સન્યાસી)નું છે, જેનું કલેજુ ખુદાના ખૌફથી ફાટી ગયું છે. અને જો આ કોઈ મુસલમાનનું છે તો બશર હાની સિવાય બીજા કોઈનું પેશાબ નથી હોઈ શકતું. તેને બતાવવામાં આવ્યું કે તમે ખરી ચિકિત્સા કરી છે. ખરેખર આ બશર હાનીનું પેશાબ છે. નસરાનીએ તરત જ કાતર ઉપાડી અને પોતાની જનોઈ કાપી નાખી અને મુસલમાન થઈ ગયો. બશરનો દોસ્ત દોડતો દોડતો બશર પાસે ગયો. બશરની નજર જેવી

પોતાના દોસ્ત પર પડી તો તેણે કહ્યું : તબીબ મુસલમાન થઈ ગયો છે ?

દોસ્તે પૂછ્યું : તમને કોણે બતાવ્યું : બશરે કહ્યું : હમણા હમણા મારી આંખ લાગી હતી, તો કોઈએ મને સ્વપ્નમાં બતાવ્યું કે તબીબ મુસલમાન થઈ ગયો. પછી થોડીવાર પછી બશર હાનીની વફાત થઈ ગઈ.

## (૦૨) મનની વિરૂધ્ધતાના કારણે કાફરને ઇસ્લામની દૌલત મળી

બગદાદના બજારમાં એક કાફર પહોંચ્યો . લોકો તેની આસપાસ ભેગા થઈ ગયા. તે લોકોને તેઓની નિય્યતનો હાલ સંભળાવતો. અને જે કંઈ તેઓના ઘરોમાં બનતું એ પણ તેઓને બતાવી દેતો. કોઈએ હ. ઇમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામને આ બનાવની ખબર પહોંચાડી તો આપે સામાન્ય વસ્ત્રો પહેર્યા અને બજારમાં પહોંચી ગયા. આપે પોતાના એક સાથીને કહ્યું કે તમે કોઈ તમારામાં ઇરાદો રાખી તેને સવાલ કરો.

આપના સાથીએ મનમાં ઇરાદો ક્યોૅ અને પૂછ્યું કે બતાવો મારા દિલમાં શું છે ? તો કાફરે એ જ સમયે તદ્દન ખરૂ બતાવી દીધુ. હ. ઇમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામ એ કાફરને અલગ લઈ ગયા અને ફરમાવ્યું : તેં આ સ્થાન કેવી રીતે મેળવ્યું ? જયારે કે આ વસ્તુ તો નબુવ્વતનું એક અંગ છે.

કાફરે કહ્યું કે મેં મનની વિરૂધ્ધ વર્તવુ શરૂ કરી આ સ્થાન પ્રાપ્ત ક્યુૅ છે.

ઇમામ અલય્હિસ્સલામએ ફરમાવ્યું કે શું તે મનની સામે કદી ઇસ્લામને પણ પેશ ક્યોૅ છે ? તેણે કહ્યું : જી હા, મારૂ મન ઇસ્લામ સ્વિકારવા રાજી નથી.

આપ અલયહિસ્સલામએ ફરમાવ્યું : જયારે તે સદા મનની વિરૂધ્ધ ર્ક્યું છે , પછી શું કારણ છે કે આ પ્રશ્નમાં મનનું કહેવુ માની લીધુ છે ? તારે આ વાતમાં પણ મનની વિરૂધ્ધ કરવું જોઈએ.

આ મુદા પર તેણે થોડી વાર ઊંડો વિચાર ર્ક્યો , પછી મુસલમાન થઈ ગયો અને સારો મુસલમાન પૂરવાર થયો.

ઇસ્લામ લાવ્યા પછી તે કદી કદી હ. ઇમામ મૂસા કાઝિમ અલયહિસ્સલામની ખિદમતમાં આવતો હતો. એક દિવસ કોઈએ તેને પૂછ્યું કે મને મારી નિય્યતનો હાલ બતાવ.

તેણે જેટલું પણ ચિંતન મનન કર્યું. એ શખ્સની નિય્યતની સ્થિતિ જાણી ન શક્યો.

પછી તેણે ઇમામ અલયહિસ્સલામથી પૂછ્યું : મૌલા ! હું જયાં સૂધી કાફર હતો હું એટલો પ્રકાશિત દિમાગ વાળો હતો કે લોકોના દિલની વાતો પણ બતાવી દેતો હતો , પણ જયારથી મુસલમાન થયો છું મારાથી મારો પ્રકાશ આંચકી લેવામાં આવ્યો છે. છેવટે એનું કારણ શું છે ?

ઇમામ અલયહિસ્સલામએ ફરમાવ્યું : અલ્લાહ તઆલા દરેક શખ્સને તેના શ્રમનું ફળ જરૂર આપે છે. જયાં સૂધી તું કાફર હતો તો મનો નિગ્રહનું ફળ અલ્લાહ

તઆલા તને આ દુનિયામાં આપી દેતો હતો. અને આખેરતમાં તારો કોઈ ભાગ નહોતો. અને હવે જયારે કે તું મુસલમાન થઈ ગયો છે , તારો બદલો અલ્લાહની પાસે રક્ષિત છે. તે તને ક્યામતમાં તેનો બદલો જરૂર આપશે. એટલે તેણે તને દુનિયામાં ફળ આપ વું છોડી દીધુ છે.

## (03) એક આબિદનો આત્મ નિગ્રહ (આત્મ સંયમ)

હ. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું : બની ઇસરાઈલમાં એક અત્યંત રૂપાળો અને સૌંદર્યવાન આબિદ રહેતો હતો. જે ખજૂરના પાંદડાની ટોકરીઓ બનાવી વેચ્યા કરતો હતો. એક દિવસ તે કેટલિક ટોકરીઓ માથા પર ઊંચકી બાદશાહના મહેલ પાસેથી પસાર થયો. બાદશાહની દાસીએ જોયું તો તેના રૂપ સૌંદર્યથી પ્રભાવિત થઈ અને રાણીના સામે તેના રૂપ સૌંદર્યના વખાણ કર્યા.

રાણીએ દાસીને કહ્યું કે કોઈપણ બહાને આબિદને મારી સામે લઈ આવ. કનીઝે આબિદને કહ્યું : મારી મલેકા તમને બોલાવી રહી છે અને તે તમારી પાસેથી થોડી ટોકરીઓ ખરીદવા માગે છે. આબિદ મહેલમાં દાખલ થયો તો રાણીએ બધા દરવાજા બંધ કરી દીધા અને તેણે દુષકૃત્યની ઇચ્છા વ્યક્ત કરી.

આબિદે ઇન્કાર ર્ક્યો તો રાણીએ કહ્યું : આ કામ ર્ક્યા વગર તું મહેલમાંથી નથી જઈ શક્તો. જયારે આબિદે પોતાના બધા માર્ગો બંધ જોયા તો કહ્યું : મલેકા ! શું મહેલની છત પર એવી જગ્યા નથી જયાં હું હાથ મોં ધોઈ લઉં.

મલેકાએ કનીઝને હુકમ ર્ક્યો કે પાણીનો લોટો લઈ એને છત પર લઈ જાઓ , જેથી તે હાથ મોં ધોઈ લે.

આબિદ છત પર પહોંચ્યો તો સ્વગત કહેવા લાગ્યો : અય મન ! ઘણા વર્ષોની ઇબાદત આજ એક નકામા કૃત્યથી એળે જઈ રહી છે. એટલે તું મારૂ કહે વું માન અને આ હરામ કામથી પોતાને બચાવી લે. પછી તેણે છતથી જમીનનું નિરીક્ષણ ર્ક્યું , પરંતુ તેને કોઈ એવી વસ્તુ ન દેખાણી કે જેને પકડી જમીન પર ઊતરી શકે. પણ તેણે એક અંતિમ નિર્ણય લીધો, અને પોતાની જાતને મહેલની છતથી નીચે ફેંકી દીધી.

અલ્લાહ તઆલાએ જિબ્રઈલને હુકમ આપ્યો કે મારા બંદાએ મારી અવગણનાથી બચવા માટે મહેલ પરથી છલાંગ લગાવી છે , એટલે તેને પોતાની પાંખ પર ઊંચકી લ્યો. તેને ચોટ ન લાગવી જોઈએ.

જિબ્રઈલે અમીને તેને હવામાં જ પોતાની પાંખો પર ઊંચકી લીધો અને આરામથી જમીન પર ઊતારી દીધો. આબિદની ટોકરીઓ મહેલમાં રહી ગઈ અને તે ખાલી હાથે પાછો ફર્યો.

પત્નિએ કહ્યું : કંઈ પૈસા લાવ્યા છો ? તો બજારથી જઈને લોટ ખરીદી આવો. આબિદે કહ્યું : આજ મને કંઈ પણ નથી મળ્યું, પરંતુ એ છતાં હું ઇચ્છુ છું કે

પાડોશીઓને આપણી ભૂખની ખબર ન પડે એટલે તુ તંદૂર સળગાવી લે , જેથી પાડોશી એમ સમજે કે આપણા ઘરે પણ રોટલી પાકી રહી છે.

પત્નિએ તંદૂર સળગાવ્યું, અને પતિ પાસે બેસી વાતો કરવા લાગી. એવામાં પાડોશીઓમાથી એક સ્ત્રી આગ લેવા માટે આબિદના ઘરમાં આવી. તંદુરમાંથી આગ લીધી અને આબિદની પત્નિને કહ્યું : તું વિચિત્ર સ્ત્રી છે, તંદૂરમાં રોટલીઓ પાકીને તૈયાર થઈ ગઈ છે અને તું તારા પતિ સાથે બેસીને વાતો કરી રહી છે . આબિદની પત્નિએ જઈને તંદૂરમાં જોયુ તો દરેક બાજુ રોટલીઓ લાગેલી હતી. સ્ત્રીએ રોટલી ઊતારી ,

**અલ્લાહને અહેસાન માન્યો અને પોતાના પતિને કહ્યું કે તુ ખુદાનો લાડલો શખ્સ છે, પોતાના ખુદાથી દુઆ માંગ કે તે આપણને ધનવાન બનાવી દે. આબિદે કહ્યું : એની જરૂરત નથી. આપણા માટે આ જ જીવન વધારે સારૂ છે.**

# (૦૪) ખરા આલિમોનું વર્તન

સય્યદ મોહમ્મદ મનશારકી મરહૂમ ફરમાવે છે કે મીરઝા હસન શીરાઝી (મીરઝાએ બુઝુર્ગ) અઅલલ્લાહો મકામહૂની વફાત પછી મારા પૂજય પિતાશ્રીએ મને મીરઝા મોહમ્મદ તકી શીરાઝી (મીરઝાએ કુચક)ની સેવામાં મોકલ્યો. અને કહેરાવી મોકલ્યું કે જો આપ પોતાને મારાથી વધારે ઊંચા આલિમ સમજતા હો તો હું મારા બાલબચ્ચાઓને આપની તકલીદનો હુકમ આપુ  છું અને જો આપ મને

વધારે આલિમ સમજતા હો તો આપ આપના બાલ બચ્ચાને મારી તકલીદનો હુકમ આપો.

જયારે હું આ પ   યગામ લઈ તેમની સેવામાં હાજર થયો તો મીરઝાએ થોડીવાર મનન ર્ક્યું અને ફરમાવ્યું : આપ તમારા વાલિદને કહો કે તેઓ શું સમજે છે ?

મેં પિતાશ્રીને મીરઝાનો પયગામ આપ્યો તો મારા પિતાએ ફરમાવ્યું : તમે મીરઝાની પાસે પાછા જાઓ અને અરજ કરો કે ઇલ્મીયત (જ્ઞાનીપણા) નો તમારી સમક્ષ શું મીઝાન (પ્રમાણ) છે ? જો રિવાયતમાં ઊંડી દ્રષ્ટિને આપ પ્રમાણ ગણતા હો તો પછી આપ

મહાન છો. અને જો આપણી ગણત્રીમાં મશહૂર સમજદારી છે તો પછી હું મોટો છું.

હું આ જવાબ લઈને મીરઝા પાસે ગયો તો તેમણે ફરમાવ્યું : આપ જઈને આપના પિતાજીને કહો કે આપ આમાંથી કેને પ્રમાણ ગણો છો ?

આ સાંભળી મારા પિતાએ ઘણીવાર ચિંતન મનન ર્ક્યુ અને ફરમાવ્યું : અસંભવિત નથી કે ઊંડી દ્રષ્ટિ પ્રમાણ હોય. પછી તેમણે અમને મીરઝાની તકલીદનો હુકમ આપ્યો.

# (૦૫) એક ખુદાઈ આલિમનો કિરદાર

મરહૂમ શેખ મોહમ્મદ હસન - જવાહેરૂલ કલામના ર્ક્તાની વફાત પછી આલિમઓએ મુર્તઝા અન્સારીની તકલીદનો હુકમ આપ્યો.

શેખ મુર્તઝાએ કહ્યું : અત્યારે સઈદુલ ઓલમા માઝન્દરાનમાં મૌજૂદ છે. હું તેમને મારાથી મોટા આલિમ ગણું છું . એટલે તેમની હાજરીમાં મારી તકલીદની જરૂર નથી. નજફથી બે આદિલ (ન્યાયી) જણાને સઈદુલ ઓલમાની પાસે માઝન્દરાન મોકલવામાં આવ્યા. અને તેઓથી તેમણે તકલીફે શરઈ

વીણેલા મોતી – ૨, પેજ નં. 765

(શરીઅત મુજબની જવાબદારી) નક્કી કરવાની વિનંતી કરી.

સઈદુલ ઓલમાએ કહ્યું કે જયાં સૂધી શરીફુલ ઓલમાના વર્તુળમાં શેખ મુર્તઝા અન્સારી અને હું પડતા હતા તો એ સમયે હું શેખ અન્સારીથી આગળ હતો. પરંતુ નજફમાં રહીને શેખ અન્સારીએ જે ઇલ્મી સ્થાન બનાવ્યુ છે, તે અત્યારે મને પ્રાપ્ય નથી. સઈદુલ ઓલમાનો આ જવાબ સાંભળ્યા પછી શેખ મુર્તઝા અન્સારીએ આગેવાન મરજઅનું સ્થાન સ્વિકાર્યું . શેખ ઝોહદ અને તક્વામાં અબૂઝરે ગફફારી (રઝે.) ના અનુયાયી હતા. તેમની પાસે મોઅમિનો સેહમે ઇમામ

મોકલતા હતા, પણ એ છતાં એમનું જીવન ગરીબી અને ફાકામાં વીતતું હતું. હદ તો એ છે કે તેમના મરવા પછી તેમના સંતાનો પાસે ઝિયારતની મજલિસ કરવા માટે કોઈ પૈસા નહોતા.

## (૦૬) મનેચ્છા પર વિજય પામનાર ગુલામ

હ. ઇમામ સાદિક અલય્હિસ્સલામની પાસે એક ગુલામ હતો, જયારે આપ ખચ્ચર પર સવાર થઈને મસ્જિ જતા તો તેને મસ્જિદના દરવાજા પાસે ઊભો કરી દતા અને તે આપના આવવા સૂધી સવારીની દેખભાળ કરતો હતો.

એક દિવસ ગુલામના હાથમાં ખચ્ચરની લગામ હતી અને ઇમામ અલય્હિસ્સલામ મસ્જિદમાં નમાઝ પડી રહ્યા હતા કે ખુરાસાનના અમુક મોઅમિનો ઇમામ અલય્હિસ્સલામની ઝિયારત કરવા માટે આવ્યા.

તેઓમાંના એક શખ્સે ગુલામથી કહ્યું : હું ઇચ્છુ  છું કે હું તારી જગ્યાએ ઇમામની ગુલામી કરૂ અને એના બદલામાં મારી બધી સંપત્તિ તું લઈ લે.

આ ઓફર સાંભળી ગુલામ દિલમાં ઘણો ખૂશ થયો અને ખુરાસાનીથી કહ્યું : હું ઇમામ અલય્હિસ્સલામથી આ વિશે સલાહ કરી લઉં , જો તેઓએ રજા આપી તો આપણે એમ કરશું.

ગુલામ ઇમામ આલી મકામ અલય્હિસ્સલામની સેવામાં આવ્યો અને અરજ કરી મૌલા ! હું ઘણા વરસથી આપની સેવા કરી રહ્યો  છું, જો અલ્લાહ કોઈ

રસ્તે મારી માલી મદદ કરી દે તો આપને કોઈ વાંધો તો નથી.

આપે ફરમાવ્યું : જયારે હું પોતે પણ તારી માલી મદદ કરૂ છું તો બીજાની મદદ પર મને શું વાંધો હોઈ શકે ?

ગુલામે ખુરાસાની પુરૂષની ઇચ્છા વ્યક્ત કરી તો આપે ફરમાવ્યું : જો તુ અમારી ગુલામીથી થાકી ગયો હો અને ખુરાસાની અમારી ગુલામીમાં રસ લેતો હોય તો મને કંઈ વાંધો નથી.

ગુલામ જવા માટે ઊભો થયો , તેને જતો જોઈ ઇમામ અલય્હિસ્સલામએ અવાજ આપી, જયારે તે બેઠો

તો આપે ફરમાવ્યું : તે એક અરસા સૂધી અમારી સેવા કરી છે, અને જો આજ  તું અમારાથી છુટો પડવા  માંગે છે તો એક નસીહત સાંભળતો જા.

ક્યામતના દિવસે હ. રિસાલત મઆબ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ પરવરદિગાર ના જલાલના નૂરથી વળગેલા હશે. અને હ. અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ હ. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમથી વળગેલા હશે. અને અમારા ગુલામ અને અમારા શીઆ અમારા પાલવથી વળગેલા હશે.

આ ફરમાન સાંભળી ગુલામ થોડીવાર વિચારતો રહ્યો. અને પછી તેણે અરજ કરી : મૌલા ! હવે હું ક્યાંય નહીં જાઉં , હું આખેરતને દુનિયા પર અગ્રતા આપીશ.

ઇમામ અલય્હિસ્સલામની ખિદમતમાંથી ઊઠી ખુરાસાનીને પોતાનો નિર્ણય બતાવવા આવ્યો તો ખુરાસાનીએ કહ્યું : હું તારો ચહેરો જોઈને કહી શકું છું કે તેં તારો પહેલાનો ઇરાદો બદલી નાખ્યો છે. કેમકે જયારે તુ અહીંથી ગયો તો એ વખતે તારા ચહેરાની સ્થિતિ જુદી હતી અને અત્યારે તારી સ્થિતિ જુદી છે.

ગુલામે ખુરાસાનીને ઇમામ અલય્હિસ્સલામનું ફરમાન સંભળાવ્યુ અને પછી ખુરાસાનીને લઈને ઇમામ અલય્હિસ્સલામની ખિદમતમાં હાજર થયો. ઇમામ અલય્હિસ્સલામએ ખુરાસાનીની દોસ્તી કબૂલ કરી અને પોતાના ગુલામને પણ એક હજાર અશરફી આપી.

## (૦૭) પ્રેમ અને બુધ્ધિના યુધ્ધમાં વિજેતા કોણ બન્યો ?

અબ્દુલ્લાહ ઝુલ બજાદીન અનાથ બાળક હતો. બાળપણમાં જ તેના પિતા મૃત્યુ પામ્યા હતા , કાકાએ તેનો ઉછેર ર્ક્યો અને કાકાની અમી દ્રષ્ટિથી તેની પાસે ઊંટ, ઘેટા, ગુલામો અને કનીઝ આવી ગયા હતા.

કુફ્રના યુગમાં તેનું નામ અબ્દુલ ઉઝઝા હ તું. તેના દિલમાં ઇસ્લામનો શોખ સળવળતો હતો , પણ તે કાકાના ડરથી ચૂપ રહ્યો. અંતે શોખ ઇશ્કમાં પલટાઈ ગયો. કાકાની પાસે ગયો અને કહ્યું : કાકાશ્રી ! મારા

દિલમાં ઘણા સમયથી ઇસ્લામ સ્વિકારવાની ઉત્કંઠા છે , હમણા સૂધી હું મારી ઇચ્છાઓને સંજોગો પર કુરબાન કરતો રહ્યો. પણ હવે હું ઇસ્લામને દરેક સંજોગ અને લાભ પર અગ્રતા આપીશ.

તેના કાકાએ કહ્યું : જો તુ દરેક ભોગે મુસલમાન થવા માંગે છે તો પૂરા ઘરની માલ મતાથી તારે હાથ ધોવા પડશે કેમકે તારા ઘરની આ રેલમછેલ તારી પોતાની કમાવેલી નથી. આ બધી દૌલત મેં આપેલી છે.

ભત્રીજાએ કાકાને કહ્યું : આ બધુ ધન આપને મુબારક થાય, હું મદીના જવા માંગું છું, કાકાએ તેનાથી

બધી માલ મત્તા લઈ લીધી , ત્યાં સૂધી કે એક લંગોટ સિવાય તેના શરીર પરથી બધા કપડા ઊતરાવી લીધા.

નવજવાન લંગોટ પહેરી પોતાની માં પાસે ગયો અને કહ્યું કે હું મદીના જવા ચાહું છું પણ મારી પાસે કપડા નથી. જો તમારી પાસે કોઈ ફાલ તું કપડું હોય તો મને આપો. મહેરબાન માએ પોતાની પાસે એક જુની ચાદર હતી, જેમાં કેટલાય થીગડાં લાગેલ હતા, તે ચાદર પુત્રને સોંપી દીધી.

અબ્દુલ્લાહ મદીના પહોંચ્યો , એ વખતે હ. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ જંગે હુનયનથી પાછા પધાર્યા જ હતા. અબ્દુલ્લાહે મા

એ આપેલી ચાદરના બે ટુકડા કર્યા , એક ભાગને લુંગી બનાવી અને બીજા ટુકડાથી શરીરનો ઉપલો ભાગ ઢાંક્યો.

સારાંશ એ કે તે આ હાલતમાં મદીના આવ્યો અને અસ્હાબે સુફ્ફા પાસે જઈને બેસી ગયો. રિસાલત મઆબ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ નમાઝ પડીને અસ્હાબે સુફ્ફાના પાસે આવ્યા તો તેમાં એક નવા આંગતુક મહેમાનનો જોયો તો ફરમાવ્યું : નવયુવાન ! તારૂ શું નામ છે ?

મહેમાને કહ્યું : મારૂ નામ અબ્દુલ ઉઝઝા છે. અને ફલાણા કબીલાથી મારો સંબંધ છે.

હ. રિસાલત મઆબ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું આજથી તારૂ નામ અબ્દુલ્લાહ છે, નવજવાને પોતાને બે જુની ચાદરોથી ઢાંકેલ હતો. પુરાણી ચાદરને અરબીમાં બજાદ કહે છે , બે ચાદરોના કારણે તે અબ્દુલ્લાહ ઝુલ બજાદીનના નામથી મશહૂર થયો. અર્થાત બે પુરાણી ચાદરો પહેરવાવાળો અબ્દુલ્લાહ.

અબ્દુલ્લાહ ઝુલ બજાદીન અસ્હાબે સુફ્ફા સાથે મસ્જિદમાં રહેતો અને રાત દિવસ કુરઆનનું શિક્ષણ મેળવતો. જયારે રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ જંગે તબુકના માટે જવા લાગ્યા તો

અબ્દુલ્લાહે પણ જેહાદ માટે તૈયારી કરી અને હ. રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની સેવામાં અરજ કરી , આપ મારા માટે શહાદતની દુઆ કરો.

આપે ફરમાવ્યું : કોઈ ઝાડની થોડી છાલ લઈને આવ. અબ્દુલ્લાહ કીકરની છાલ લઈને આપની સેવામાં હાજર થયો.

આપે ફરમાવ્યું : આ છાલને કોઈ કપડામાં વીંટી પોતાના બાવડામાં બાંધી લે. અને એ સાથે જ આપે દુઆ કરી : અય ખુદા ! અબ્દુલ્લાહનું ખૂન કાફરો પર હરામ કર. આ દુઆ સાંભળી અબ્દુલ્લાહે કહ્યું : યા

રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ! હું તો શહાદત ઈચ્છું છું, પણ આપ તો આ દુઆ ફરમાવો છો.

હ. રિસાલત મઆબ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું : અબ્દુલ્લાહ ! જંગના મયદાનમાં કાફરોના હાથે માર્યો જનારો જ શહીદ નથી , બલ્કે જે પણ શખ્સ જેહાદની નિય્યતથી નિકળે અને માર્ગમાં બીમાર થઈને મરી જાય એ પણ શહીદ છે.

અબ્દુલ્લાહ આપની સાથે તબૂક તરફ રવાના થયો, તબૂક પહોંચી તે બીમાર થઈ ગયો , અને થોડા દિવસ બીમાર રહી મરણ પામ્યો. તેની કબ્ર બનાવવામાં

આવી, દફનની રાતે બિલાલના હાથમાં દીવો હતો , હ. રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ તેને પોતાના હાથે કબ્રમાં ઊતારી ફરમાવ્યું : અય ખુદા ! હું અબ્દુલ્લાહથી ખૂશ છું. તું પણ અબ્દુલ્લાહથી રાજી થઈ જા.

અબ્દુલ્લાહ બિન મ સઊદ કહ્યા કરતા હતા કે કાશ, એ રાતે અબ્દુલ્લાહની જગ્યાએ હું કબ્રમાં હોત !

# (૦૮) નફસે અમ્મારાની હાર

હ. ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામએ ફરમાવ્યું કે એક બદમાશ ઔરતે બની ઇસરાઈલના કેટલાક નવજવાનને બહેકાવ્યા. તેઓમાંથી એક યુવાને કહ્યું કે ફલાણો આબિદ પણ આ ઔરતને જોઈલે, તો એ પણ તેના પર મરી પડે.

ઔરતે કહ્યું : વારૂ , તો હું સૌથી પહેલા એ આબિદની પાસે જઈને તેને ભટકાવીશ.

દુરાચારી ઔરત આબિદના દરવાજે આવી અને દરવાજો ખટખટાવ્યો. આબિદે પૂછ્યું : કોણ ? તેણીએ

બતાવ્યું કે હું નિરાધાર ઔરત છું. આ જ રાત મને તમારા ઘરમાં આશરો આપો.

આબિદે ઇન્કાર કર્યો , તો તેણીએ કહ્યું : થોડા વંઠેલા લોકો મારો પીછો કરી રહ્યા છે અને હું દોડતી દોડતી તમારા દરવાજા પર પહોંચી છું, જો તમે દરવાજો ન ખોલ્યો, તો તેઓ મને પકડી લેશે.

આબિદને તેણી પર દયા આવી , દરવાજો ખોલ્યો, સ્ત્રી અંદર દાખલ થઈ અને પછી તેણે પોતાની દિલફેંક અદાઓથી આબિદને બહેકાવવું શરૂ કર્યું. હલકટની લાગણીમાં આવી આબિદે પોતાનો હાથ તેના બદન પર રાખ્યો , પણ તરત જ ભાનમાં આવી ગયો.

ઊભો થયો અને આગ સળગાવી અને પોતાના એ હાથને ડામવું શરૂ કરી દીધું.

ઔરતે રાડ પાડી કહ્યું : આપ આ શું કરી રહ્યા છો ?

આબિદે કહ્યું : હલકટ લાગણીમાં આવી જઈ આ હાથે ભૂલ કરી , એટલે હું પોતે જ તેને આગમાં બાળી રહ્યો છું, જેથી કાલે દોઝખમાં આગમાં બળવાથી સલામત રહે.

આ જોઈને તેણી તેના ઘરમાંથી નિકળી ગઈ અને તેના પાડોશીઓને ખબર આપી કે તરત જ આબિદના ઘરે પહોંચો , નહિંતર તે બળી જશે. જયારે

**પાડોશીઓ આબિદના ઘરે આવ્યા તો તે પોતાનો હાથ બાળી ચુક્યો હતો.**

## (૦૯) જેને ગરમ લોઢુ નથી બાળતું

ઇબ્ને જવઝી પોતાના પુસ્તક મદહશમાં લખે છે કે એક પરહેઝગાર મિસર ગયો, અને તેણે એક લુહારને જોયો કે તે તપતા લાલચોળ લોઢાને પોતાના હાથે ભઠ્ઠીમાંથી કાઢે છે, પણ ગરમ લોઢુ તેના હાથને બાળ તું નથી.

આ અચરજ જનક દ્રષ્ય જોઈને પરહેઝગાર ઊભો રહી ગયો. અને મનમાં વિચારવા લાગ્યો કે હો ન હો, આ શખ્સ અલ્લાહની બારગાહમાં પસંદ કરાએલ છે. બની શકે છે કે આ શખ્સ મહાન લોકોમાંથી હોય. એટલે

તેણે તેની પાસે જઈ સલામ કરી , અને કહ્યું : તને એ ખુદાનો વાસ્તો, જેણે તારા હાથમાં આ કરામત આપી છે, મારા હકમાં દુઆ કર.

આ શબ્દો સાંભળી લુહાર રોવા લાગ્યો , ભાઈ આપે મારા માટે જે અભિપ્રાય બાંધ્યો છે તે ખરો નથી. હું પરહેઝગાર કે નેક ઇન્સાન નથી.

પરહેઝગારે કહ્યું : અય ખુદાના બંદા ! તો પછી તું આવુ કામ કેવી રીતે કરી શકે છે ? જે નેક લોકો સિવાય સામાન્ય માણસથી સંભવિત નથી.

લુહારે કહ્યું : ભાઈ , વાત એમ છે કે હું એક દિવસ દુકાન પર પોતાના કામમાં લીન હતો કે એક

સુંદર રૂપાળી સ્ત્રી મારી દુકાન પર આવી અને યકીન કરો કે તે ઔરત એટલી સૌંદર્યવાન હતી કે મેં એવી રૂપવંતી સ્ત્રી મારા જીવનમાં પ્રથમવાર જોઈ હતી.

તેણે આવીને મારી પાસે પોતાની ભૂખ અને ભૂખમરાની ફરિયાદ કરી અને સહાય માગી. મેં સુંદર મૌકો સમજી કહ્યું : જો તુ મારી કામતરસ બુજાવે તો હું દરેક રીતે સેવા કરવા તૈયાર છું.

ઔરતે ઘણા જોશીલા લહેજામાં જવાબ આપ્યો : ખુદાથી ડર, હું એવી સ્ત્રીઓમાંથી નથી.

મેં કહ્યું : તો પછી મારી દુકાનમાંથી બહાર નિકળી જા, ઔરત મારી દુકાનમાંથી બહાર ગઈ , પછી

થોડીવાર પછી ફરી મારી દુકાન પર આવી અને કહ્યું : તંગદસ્તીએ મારી બધી શક્તિઓ છીનવી લીધી છે , હું તારી માંગણી પૂરી કરવા તૈયાર છું. એટલે મેં દુકાન બંધ કરી, અને એ સ્ત્રીને લઈ એક ખાલી ઘરમાં આવ્યો. જયારે હું સ્ત્રીને લઈને ઓરડામાં દાખલ થયો અને કમરાને અંદરથી તાળું લગાવ્યું તો ઔરતે મને કહ્યું : કમરો શા માટે બંધ કરો છો ? મેં કહ્યું : એટલા માટે બંધ કરૂ છું કે કોઈ આપણને આ હાલતમાં જોઈ ન લે , જે આપણી શરમિંદગીનું કારણ બને.

આ સાંભળી ઔરતનું વજૂદ નેતરની જેમ કાંપવા લાગ્યું અને તેની આંખોમાંથી આંસુ વહેવા

લાગ્યા. અને મને કહ્યું : લોકોનો તો તને આટલો ડર છે, તો ખુદાથી કમે નથી ડરતો ?

મેં ઔરતને કહ્યું : તુ આટલી બધી ભયભિત કેમ છો ? અને આટલી કાંપી કેમ રહી છે ? ઔરતે કહ્યું : હું એટલા માટે કાંપી રહી છું કે ખુદા આપણને જોઈ રહ્યો છે.

પછી એ સ્ત્રીએ કહ્યું : અય અલ્લાહના બંદા ! જો તુ મને છોડી મુકે તો હું તારાથી વાયદો કરૂ છું કે અલ્લાહ દુનિયા અને આખેરતમાં તારા શરીરને આગથી બચાવશે.

ઔરતે આ વાત એટલા ગળગળા લહેજામાં કહી કે મારૂ મન મને ઠપકો આપવા લાગ્યું. મેં ઔરતને માલી મદદ કરી અને તેને રવાના કરી દીધી.

ઔરત ખૂશ થઈને પોતાના ઘરે ચાલી ગઈ.

એ રાતે હું સુતો તો ખ્વાબમાં મને એક અવાજ સંભળાણી કે તે એક શીલવંતી સ્ત્રીની આબરૂ ન લુંટી એટલે અમે તેની દુઆને તારા હકમાં કબૂલ કરી લીધી. તને દુનિયા અને આખેરતમાં આગ નહીં બાળે.

એ દિવસથી આગ મારા પર અસર નથી કરતી. એટલે હું તપતા લોઢાને ખુલ્લા હાથે પકડી લઉં છું, પણ હાથોને કંઈ થતું નથી.

## (૧૦) સુર્વણ રજની-ઘરથી રણસંગ્રામ સૂધી

હન્ઝલા બિન અબી આમિરનો સંબંધ અન્સારના કબીલા ખઝરજથી હતો. જે રાતની સવારે ઓહદનું યુધ્ધ થયું, હન્ઝલા પયગમ્બરે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની ખિદમતમાં આવ્યા અને અરજ કરી : આજની રાત્રી મિલન રાત છે. મને ઘરે જવાની રજા આપો.

આપે હન્ઝલાને ઘરે જવાની રજા આપી. અને એ જ સમયે આ આયત ઊતરી.

"મોઅમિનો તો એઓ જ છે જેઓ અલ્લાહ અને રસૂલ પર ઈમાન લાવ્યા છે , અને જયારે તેઓ રસૂલ પાસે કોઈ એકઠા થવા સંબંધમાં હોય તો રજા લીધા વિના જતા નથી. અને એ લોકો જેઓ આપની રજા માંગે છે, એ જ લોકો અલ્લાહ અને તેના રસૂલ પર ઈમાન રાખે છે. અને જયારે તેઓ પોતાના કોઈ કામસર આપથી રજા માંગે તો જેને આપ ચાહે રજા આપી દયો."

હન્ઝલા ઘરે આવ્યા , અને પત્નિ સાથે મધુરજનિ ગુજારી અને સવાર પડતા એટલી જલ્દી

રસૂલે કરીમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ પાસે આવ્યા કે જનાબતનું ગુસ્લ પણ ન કરી શક્યા.

હન્ઝલાની પત્નિએ અન્સાર કૌમના વડીલોને બોલાવ્યા, જયારે વડીલો આવ્યા તો દુલ્હને હન્ઝલાની સામે તેઓને ગવાહ બનાવ્યા કે આજ રાત અમે દાંપત્ય જીવન  માણ્યું છે. હન્ઝલા ચાલ્યા ગયા પછી તેની દુલ્હનને પૂછવામાં આવ્યું કે ત        મે અમને ગવાહ બનાવવાની શું જરૂરત હતી   ? તો દુલ્હને કહ્યું : આજ રાત મેં સ્વપ્નમાં જો યું કે આસમાનમાં એક સુરાખ છે  , અને મારો પતિ હન્ઝલા એ સુરાખમાં ચાલ્યો ગયો      , પછી સુરાખ બુરાઈ ગ યું. એટલે મને યકીન છે કે મારો

પતિ રણમયદાનમાં શહીદ થઈ જશે. જો કાલ મારે ત્યાં બચ્ચુ જન્મે તો તેને હન્ઝલાની અવલાદ સમજવામાં આવે.

મદીનાથી ઓહદ સૂધી રસ્તામાં હન્ઝલાને પાણી ન મળ્યું જેનાથી તે જનાબતનું ગુસ્લ ઊતારે , મયદાનમાં આવ્યા તો યુધ્ધ શરૂ થઈ ગ યું. હન્ઝલાએ જોયું કે અબૂ સુફયાન ઘોડા પર સવાર થઈ બન્ને લશ્કરો વચ્ચે પોતાનો ઘોડો દોડાવી રહ્યો છે.

હન્ઝલાએ અબૂ સુફયાન પર ભડવીરની જેમ હુમલો ક્યોં. હન્ઝલાની તલવાર તેના ઘોડાની પીઠ પર લાગી અને અબૂ સુફયાન ઘોડા પરથી નીચે પડી ગયો ,

તેણે દોડતા દોડતા અવાજ આપી , કુરૈશી ફૌજ , મને બતાવો. હન્ઝલા મને કત્લ કરવા માંગે છે.

કુરૈશના ઘણા સિપાહીઓ અબૂ સુફયાનને બચાવવા માટે આગળ વધ્યા. એક કાફરે તેને નેઝો માર્યો, હન્ઝલાને ઊંડો ઝખ્મ આવ્યો અને એ જ ઝખ્મ તેની શહાદતનું કારણ બન્યું , પણ ભાલાનો ઝખ્મ ખાઈને હન્ઝલાએ પોતાના કાતિલનો પીછો કર્યો અને પોતાની તલવારથી તેને કત્લ કરી નાખ્યો. ત્યારપછી હન્ઝલા પોતાને સંભાળી ન શક્યો , વધારે પડતું ખૂન વહી જવાના કારણે તેની શહાદત થઈ ગઈ.

તેની શહાદત પછી હ. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું કે મેં જોયુ કે ફરિશ્તા સુવર્ણ વાસણોથી હન્ઝલાને ગુસ્લ આપી રહ્યા છે. એટલે હન્ઝલાને ગસીસુલ મલાએકાના લકબથી યાદ કરવામાં આવે છે.

# (૧૧) કેટલિક રિવાયતો

હ. ઇમામ અલી અલય્હિસ્સલામએ ફરમાવ્યું : જો તું પૂરી ઝિંદગી રોઝા રાખે , પૂરી ઝિંદગી પૂરી રાત ઇબાદતમાં વીતાવે, અને તને રૂકન અને મકામ વચ્ચે કત્લ કરી નાખવામાં આવે તો પણ ખુદા તને તારી ઇચ્છાઓ સાથે ભેગો કરશે , ભલે પછી તે ઇચ્છાઓ કોઈપણ કક્ષાની હોય. જો તારી ઇચ્છાઓ જન્નતને યોગ્ય હશે તો જન્નતમાં જશે અને જો ઇચ્છાઓ દોઝખને યોગ્ય હશે તો તું દોઝખ માં જશે.

હ. અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામએ ફરમાવ્યું : હ. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ અમુક સિપાહીઓને જંગ પર મોકલ્યા , અને જયારે તેઓ સહી સલામત પાછા આવ્યા તો આપે ફરમાવ્યું : હું એ લોકોનું સ્વાગત કરૂ છું જેઓ ના નું જેહાદ કરીને આવ્યા અને જેઓ પર મોટુ જેહાદ કર વું બાકી છે.

આપથી પૂછવામાં આવ્યું : યા રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ! મોટુ જેહાદ કયું છે.

વીણેલા મોતી – ૨, પેજ નં. 799

આપે ફરમાવ્યું : મનની સાથે જેહાદ કર વું અને ફરમાવ્યું : સૌથી શ્રેષ્ઠ જેહાદ એ છે કે તું તારા એ મનની સાથે જેહાદ કરે જે તારા બન્ને પડખાઓમાં મૌજૂદ છે.

હ. ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામએ ફરમાવ્યું : પોતાની ઇચ્છાઓથી એવી રીતે બચો કે જેમ તમે પોતાના દુશ્મનોથી બચો છો , કેમકે ઇચ્છાઓને અનુસરવુ અને અશ્લીલ વાતોથી વધીને કોઈ કોઈનો દુશ્મન નથી.

હ. ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામએ ફરમાવ્યું : અલ્લાહે સૌથી કઠણ વસ્તુ જે બંદા પર ફરજ

કરી છે તે અલ્લાહની વધારે યાદ કરવી છે. અલ્લાહની યાદ વધારે કરવાથી મારો આશય  એ નથી કે ઇન્સાન સુબ્હાનલ્લાહે વલ્હમ્દો લિલ્લાહે વલા એલાહ ઇલ્લલ્લાહો વલ્લાહો અકબર પડે.  જો કે તસ્બીહાતે અરબા પણ અલ્લાહના ઝિક્રમાં શામેલ છે. પરંતુ અલ્લાહની યાદથી મુરાદ એ છે કે ઇન્સાન અલ્લાહને હરામ અને હલાલ વખતે યાદ કરે. જો ઇન્સાનને વાજિબ કામ કર  વું હોય તો અલ્લાહને યાદ કરે અને તેની બરકતથી પોતાની ફરજ પૂરી કરે. અને જો તેને હરામ કામનો વાસ્તો પડે તો એ વખતે અલ્લાહને યાદ કરે અને તેની નાફરમાનીથી બચે.

**હ. ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામએ ફરમાવ્યું : જે શખ્સ ગુનાહના ઇરાદા અથવા કોઈ ઇતાઅતથી ડરવા અથવા પોતાની ઇચ્છા અને પોતાના ગુસ્સા અને ખૂશીમાં પોતાના મનનો માલિક બની રહે તો અલ્લાહ તઆલા તેના શરીરને દોઝખ પર હરામ કરશે.**

***-*-***

વીણેલા મોતી – ૨, પેજ નં. 802